॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

"એને સંગે ઊગે અંતરે આનંદ સૂર"

અનાદિ મુક્ત પરમ પૂજ્ય

શ્રી સોમચંદભાઇ જીવરાજભાઇ મહેતા

જીવનદર્શન

અને

પત્રો દ્વારા ઉપદેશ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૮

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ-૩૮૦૦૧૩.

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનુ પ્રતીક



પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ કમળ દર્શાવ્યા છે. શ્રી ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલા ભગવત્સ્વરૂપના સોળ વિલક્ષણ ચિહ્નો છે

બંનેના ચરણકમળમાં નવ ચિહ્નો :

સ્વસ્તિક માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે,

અષ્ટકોણ ઉત્તર - દક્ષિણ - પૂર્વ-પશ્ચિમ - અગ્નિ - ઈશાન - નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્ કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે,

ઊર્ધ્વરેખા ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે,

અંકુશ સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે,

ધ્વજ અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય પતાકા છે,

વજ્ર ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

પદ્મ જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

જાંબુફળ ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય-સુખરૂપી રસનું સૂચક છે,

જવ અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો :

મીન સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે,

ત્રિકોણ જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે,

ધનુષ અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે,

ગોપદ ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે,

વ્યોમ ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે,

અર્ધચંદ્ર ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

કળશ ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલાં ભગવત્સ્વરૂપનાં મંગલમય ચિહ્નોને દ્રષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ સેવા-પ્રવૃત્તિઓ સદૈવ કરતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

એને સંગે ઊગે અંતરે આનંદના સૂર

અનાદિ મુક્ત પરમ પૂજ્ય

શ્રી સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતા

જીવનદર્શન

અને

પત્રો દ્વારા ઉપદેશ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૮

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ ૩૮૦ ૦૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

સંશોધન – લેખન – સંકલન કર્તા

પ્રકાશન સમિતિ

નારાયણભાઈ ઠક્કર
લાભચંદ્રભાઈ આદેશરા
રામકૃષ્ણભાઈ સોમૈયા
બિપિનભાઈ સ્વદાસ
હીરાભાઈ પટેલ
બાબુભાઈ વડોદરીઆ
કાન્તિભાઈ ગાંધી
જિતેન્દ્રભાઈ વ્યાસ

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ)

આવૃત્તિ પહેલી
પ્રત ૩૦૦૦

સંવત ૨૦૪૩ માગસર સુદ ૪
ઈ.સ. ૧૯૮૬, પાંચ ડિસેમ્બર

પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
'શ્રી સ્વામિનારાયણ જ્ઞાનભવન'
૧ સર્વમંગલ સોસાયટી
નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩

મુદ્રક :
પરેશ કાંતિલાલ ગાંધી
સર્વોદય પ્રેસ
લેન નં. ૧૧, બં. નં. ૨૨૨
સત્યાગ્રહ છાવણી
અમદાવાદ ૩૮૦૦૫૪

હીરાલાલ તરફથી
સપ્રેમ ભેટ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

સ્વામી-સેવક ભાવ

શ્રીજીમહારાજના સકામ ભક્ત બ્રહ્માથી લઈ અક્ષર સુધીની પદવીને પામે છે, અને નિષ્કામ ભક્ત પોતાની સમીપે પરમ એકાંતિક અથવા પોતાની મૂર્તિમાં રહેલા અનાદિ મુક્તની પદવીને પામે છે પણ **ભગવાન શ્રી પુરુષોત્તમ જે એકજ છે તે ભગવાનની પદવીને તો કોઈ પણ પામી શકતા નથી.** ને ભક્ત કોઈ દિવસ પોતાના સ્વામીની પદવીને ઈચ્છે જ નહિ.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કૃપા કરીને અનાદિ મુક્તને રસબસ પોતાની મૂર્તિમાં જ નિમગ્ન–લુબ્ધ રાખે છે, જેમ દૂધમાં સાકર રહે છે તેમ. છતાં પોતે સ્વામી ને અનાદિ મુક્ત સર્વે સેવક છે ને સદા સાકાર છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન એક જ છે, અને અનાદિ મુક્ત અનેક છે ને અનેક થાય છે ને અનેક થશે તે સર્વેને સુખના દાતા છે અને **અનાદિ મુક્ત સર્વે એ એકજ મૂર્તિના સુખભોક્તા છે.**

–શ્રી અબજીબાપા

અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી
અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા
શ્રી સ્વામિનારાયણ ભગવાનના
ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,
એ દિવ્ય સ્વરૂપનું સર્વોપરીપણું
સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ
મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ
કરાવનારા – આ રીતે સમગ્ર સત્સંગ
પર મહદ્ ઉપકાર કરનારા

પરમ કૃપાળુ
અનાદિ મુક્તરાજ પ. પૂ.
શ્રી અબજીબાપાશ્રીના
ચરણકમળોમાં સાદર
સમર્પિત.



અનાદિ મુક્તરાજ પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી

સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન એક એવી ગ્રંથ-શ્રેણી પ્રકાશિત – સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાંચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિના સાધન બની ન રહેતાં, માનવીય આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે. સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંત:પ્રેરણા તે માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે અને પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવું પ્રેરણાદાયી સાહિત્ય સર્જન કરવાનું છે.

માનવજાતના સાચા આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષ માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવનને સતત ઊર્ધ્વ

બનાવી આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વ સમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના **'વચનામૃતમ્'** તથા **'શિક્ષાપત્રી'**માં તત્ત્વજ્ઞાનનું જે ઊંડાણ છે તે અનન્ય છે. તદ્‌ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તાપુરુષો દ્વારા ઉત્તમ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

આ ગ્રંથોમાં સાચી સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો — પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો ને જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાત્રી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ સિદ્ધાંતો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીના પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્ય ભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીના પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના આ કાર્યમાં શ્રીજી-કૃપા ભળે એ જ અભ્યર્થના.

માગશર સુદ ચોથ, સં. ૨૦૪૩
૧૯૮૬, પાંચ ડિસેમ્બર
અમદાવાદ

નારાયણભાઈ ઠક્કર
અમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

નિવેદન

પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે અમારી મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય, તેમણે પણ અમારી ને અમારા અવતારોની લીલા સંભારી રાખવી (ગઢડા પ્ર૦ ૩). તે વચનામૃતનો અર્થ સમજાવતા અનાદિ મુક્તારાજ અબજીબાપાશ્રી કહે છે કે શ્રીજીમહારાજની લીલા સંભારવાથી તેમની મૂર્તિ સાંભરે છે, તેમજ મુક્તોની લીલા શ્રીજીમહારાજના સંબંધવાળી હોય તેથી તેમની લીલા સંભારવાથી પણ શ્રીજીમહારાજની મૂર્તિ સાંભરી આવે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન મુક્તો – ત્યાગી, ગૃહસ્થ, બાઈ-ભાઈ – ના જીવનચરિત્રો આ જ કારણથી લખાયા અને પ્રેરણાદાયી બન્યા. તે જ રીતે ત્યાર પછીના સમયમાં થયેલા સિદ્ધમુક્તોએ અનેક જીવોને શ્રીજીમહારાજને વિષે જોડ્યા, તેમના જીવનચરિત્રો પણ એવા ને એવા પ્રેરણાદાયી છે. સિદ્ધમુક્તોના જીવનચરિત્ર પણ તેમના જીવન-કાર્ય જેવા જ માર્ગદર્શક છે, તેનાથી મુમુક્ષુઓને આધ્યાત્મિક વિકાસ માટેનું બળ ને માર્ગદર્શન મળે છે, સાચું જીવન જીવવાનો આદર્શ પૂરો પાડે છે.

અનાદિ મુક્ત પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ જીવરાજ-ભાઈ મહેતા પણ એવા જ એક સિદ્ધમુક્ત હતા. તેમના પ્રેરણાદાયી જીવનથી અનેક જીવોને શ્રી સ્વામિનારાયણ ભગ-વાનનો યથાર્થ મહિમા તથા અનાદિ મુક્તની સ્થિતિની વાત સમજાઈ છે, અનુભવાઈ છે. હજારો હરિભક્તો આજે તેમના એ આદર્શ જીવનને સદાયને માટે સંભારી રહ્યા છે. સૌના મનમાં એવો ભાવ છે કે આવા સંતપુરુષ શ્રી સોમચંદભાઈનું સોળવલા

સોના જેવું શુદ્ધ અને સુગંધી પુષ્પો જેવું મઘમઘતું જીવન જો શબ્દબદ્ધ કરવામાં આવે તો મુમુક્ષુઓની નવી પેઢીઓને પણ દીવાદાંડી રૂપ બની રહે. તેમનું સમગ્ર જીવન એવું તો ઉદાત્ત હતું કે તેમાં સર્વ બોધ, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ વગેરે સાહજિક રીતે સમાઈ જતા હતા. આથી આવા સંતપુરુષનું જીવનચરિત્ર રજૂ કરતા અત્યંત આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તક તૈયાર કરતાં પહેલાં અ. મુ. પ. પૂ. શ્રી સોમચંદભાઈના પ્રસંગમાં આવેલા હરિભક્તો પાસેથી તેમના અનુભવોની માહિતી એકઠી કરવામાં આવી. સૌ હરિભક્તોએ ખૂબ ઉત્સાહથી ને પ્રેમથી પોતપોતાની પાસેની માહિતી મોકલી આપી. તેમાં સાનંદ આશ્ચર્ય એ વાતથી થયું કે પ. પૂ. સોમચંદભાઈએ લખેલા પ્રેરણાદાયી પત્રો મોટી સંખ્યામાં ઉપલબ્ધ થયા, જે આશરે ૧૧૦૦ થી વધુ છે. તે પત્રો ક્રમાનુસાર ગોઠવી તેમાં રહેલો ઉત્તમ દિવ્ય ઉપદેશ અક્ષરશ: તેમના જ શબ્દોમાં જુદો ઉતારી લીધો, જે આ પુસ્તકમાં એક અલગ વિભાગ (ખંડ ૨) તરીકે સામેલ કર્યો છે. વળી, એ પત્રો પરથી તેમના અવિરત વિચરણ વિષે સ્પષ્ટ ખ્યાલ આવે એ હેતુથી એક વર્ષના વિચરણનો આ પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે.

પ. પૂ. સોમચંદભાઈના પ્રસંગમાં આવેલા અનેક હરિભક્તો તેમજ ઊંચી સ્થિતિને પામેલા હરિભક્તોની સંખ્યા પણ એટલી બધી વિશાળ છે કે વ્યક્તિગત હરિભક્તોના નામોનો ઉલ્લેખ કરવાનું શક્ય બન્યું નથી. વળી એમના પ્રસંગમાં આવેલા હરિભક્તોએ જે પ્રસંગો લખી જણાવ્યા છે તેનો ઝીણવટથી અભ્યાસ કરતાં જણાયું કે ઘણા હરિભક્તોના અનુભવો સમાનાર્થી ને સમાન ભાવવાહી છે, તેથી એવા બધા જ પ્રસંગો વર્ણવીએ તો બિનજરૂરી રીતે પુસ્તકનું કદ વધી જાય. આથી પ. પૂ. સોમચંદભાઈના જીવન પ્રસંગો વર્ણવતા કોઈપણ હરિભક્તોના નામનો ઉલ્લેખ કર્યા સિવાય તેમનું અદ્‌ભુત

વ્યક્તિત્વ જેવું હતું તેવું રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરેલ છે, તો સૌ કોઈ હરિભક્તો આ ઉદ્દેશ બરાબર સમજી રાજી રહેશોજી. પ. પૂ. સોમચંદભાઈના જીવનમાંથી મુમુક્ષુઓને ઉપયોગી એવા બને તેટલા પ્રસંગો આ જીવનચરિત્રમાં ગૂંથી લેવાનો પ્રયાસ કર્યો છે, તે છતાં કદાચ શરતચૂકથી કોઈ મહત્ત્વનો પ્રસંગ આવરી ન શકાયો હોય તો જાણ થયેથી હવે પછીની આવૃત્તિ વખતે તે સમાવી લેવામાં આવશે.

આ જીવનચરિત્ર તૈયાર કરવાનો મૂળભૂત હેતુ પ. પૂ. સોમચંદભાઈનું જીવન શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્યતાથી કેવું ભર્યું ભર્યું, પ્રેરણાદાયી ને સમાસકર્તા હતું તે બતાવી અનેક જીવોને આદર્શ જીવન જીવવામાં મદદરૂપ થવાનો છે.

એમનું જીવન જેવું અદ્‌ભુત હતું તેવું જ તેમનું આ જીવનચરિત્રનું પુસ્તક પણ સંક્ષિપ્તમાં પ્રેરણાદાયી ને નિત્ય મનનીય બન્યું છે. તેનો આપણે સૌ લાભ લઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ અદ્‌ભુત સ્વરૂપમાં પ. પૂ. સોમચંદભાઈ સદાય રહ્યા છે તે સ્વરૂપમાં જોડાઈશું તો આ પ્રકાશનની સાર્થકતા થયેલ ગણાશે.

આ પ્રથમ આવૃત્તિ પ. ભ. શ્રી હીરાભાઈ જોઈતારામ પટેલ (ઉમા ટ્રાન્સપોર્ટ), ગં. સ્વ. પ. ભ. નર્મદાબેન હરીરામ પરધાનાની તથા પ. ભ. શ્રી બાબુલાલ ત્રંબકલાલ વડોદરીઆ–પરિવારના સૌજન્યથી પ્રસિદ્ધ કરેલ છે. વળી આવું જીવનસ્પર્શી પુસ્તક તૈયાર કરવામાં અનેક હેતવાળા હરિભક્તોએ ઉમંગપૂર્વક સચોટ માહિતી તેમજ પત્રો પૂરા પાડી સેવા કરી છે. આ રીતે પુસ્તક પ્રકાશનના કાર્યમાં મદદરૂપ થયેલા સૌ ઉપર પરમ કૃપાળુ શ્રીજીમહારાજની પ્રસન્નતા સદાય રહો એ જ અભ્યર્થના.

સં. ૨૦૪૩, માગશર સુદ ૪
અમદાવાદ.

પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અનુક્રમણિકા

ખંડ ૧	જીવનદર્શન		પા. ૧ થી ૧૨૦
		દિવ્ય શ્રદ્ધાંજલિ	૧
	૧	ઠાવકા પંડયા	૩
	૨	પ્રારંભ : જન્મ અને બાલ્યકાળ	૬
	૩	દિવ્ય અમીવર્ષા	૧૧
	૪	આનંદ લહાણી	૨૦
	૫	જ્ઞાનગંગા રેલાવી	૩૭
	૬	સદૈવ સેવક	૪૩
	૭	હૈડે હૈડે હરિજી સ્થાપિયા !	૫૩
	૮	દિવ્ય પમરાટ	૬૬
	૯	સાહિત્ય સરવાણી	૧૧૧
	૧૦	અખંડ પૂજા	૧૧૬
		દિવ્ય સંભારણાં	૧૧૯
		સ્મરણાંજલિ	૧૨૦
ખંડ ૨	પત્રો દ્વારા ઉપદેશ		પા. ૧ થી ૧૦૭
ખંડ ૩	આપણું બેસતું વર્ષ		પા. ૧૦૮ થી ૧૨૦
ખંડ ૪	વચનામૃત સારાંશ		પા. ૧૨૧ થી ૨૪૦



અનાદિ મુક્ત પ. પૂ. શ્રી સોમચંદભાઈ

અનાદિ મુક્ત પ. પૂ. શ્રી સોમચંદભાઈ

નું

જીવન દર્શન

ખંડ ૧

એને સંગે ઊગે અંતરે આનંદ સૂર

: દિવ્ય શ્રદ્ધાંજલિ :

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'મળે જીવનમુક્ત જોગિયા' — એ કીર્તનના ચોથા પદમાં કહે છે :

ધન્ય ધન્ય એ સંત સુજાણને,
જેનું ઊલટી પલટ્યું આપ;
સંત તે સ્વયં હરિ.
આપ ટળી મળ્યા ભગવાનમાં,
જેના આપમાં હરિનો વ્યાપ. ૧

જેના શીશમાં શીશ છે શ્યામનું,
જેના નેણમાં નાથનાં નેણ; ૨

જેના મુખમાં મુખ મહારાજનું,
જેના વેણમાં વા'લાના વેણ. ૩

જેના કાનમાં કાન છે કૃષ્ણના,
જેના નાકમાં નાસિકા નાથ; ૪

જેની જીભમાં જીભા જીવનની,
જેના હાથમાં હરિના હાથ. ૫

જેના હૃદયમાં હૃદય હરિ તણું,
જેના ભાવમાં પ્રભુના ભાવ; ૬

જેમ હીરો હીરા વડે વેંધીએ,
તેમ થયો તે સહજ સમાવ. ૭

એમ સંતમાં રહ્યા છે શ્રીહરિ,
માટે સંત છે સુખનું ધામ; ૮

અ. મુ. પ. પૂ. શ્રી સોમચંદભાઈ

ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન જે,
તેને રહેવાનું સંત છે ઠામ. ૯
એવા સંત શિરોમણિ ક્યાં મળે,
જેણે દેહબુદ્ધિ કરી દૂર; ૧૦
કહે નિષ્કુળાનંદ એને સંગે,
ઊગે અંતરે આનંદ સૂર. ૧૧

આ પદમાં સ્વામીશ્રીએ કહ્યા મુજબ 'જેનું ઊલટી પલટયું હતું આપ' અને 'જેને સંગે ઊગતા હતા અંતરે આનંદ સૂર' એવા સંતપુરુષ – અનાદિ મુક્ત સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતાના પાવનકારી જીવનપ્રસંગો અને તેમની દિવ્યવાણી, દિવ્ય શ્રદ્ધાંજલિ રૂપે वहुजन हिताय, बहुजन सुखाय च રજૂ કરીએ છીએ.



૧. ઠાવકા પંડ્યા

ભારતના ભાગલા પડવાની કે કોમી હુલ્લડો થવાની હજી કોઈને સ્વપ્નેય ખબર ન હતી, ત્યારે કરાંચી બંદર એ વેપારધંધાનું વડું મથક હતું, અને કચ્છ-કાઠિયાવાડ-ગુજરાત-સિંધનાં ઘણાં કુટુંબો કામધંધા અંગે કરાંચી આવી વસેલા. ઘણાં મુમુક્ષુઓ અને હરિભક્તો કરાંચીમાં આવેલા શ્રી સ્વામિ-નારાયણ મંદિરમાં દર્શન-સમાગમ કરી લાભ લેતા.

વિક્રમ સંવત ૧૯૭૯ એટલે ઈસવી સન ૧૯૨૩. કરાંચીમાં આવેલા શ્રી સ્વામિનારાયણ મંદિરની નજીકના મોટા મકાનમાં ચાલતી રાત્રિશાળામાં આજે અતિ આનંદનો દિવસ છે. નિસ્પૃહીપણે છતાં પોતાની ફરજ જાણી ખૂબ મહેનત કરી જમીન ખેડીને તૈયાર કરી હોય ને અનરાધાર વરસાદથી જમીન તરબોળ બની જાય ને ખેડનારને આનંદ-આનંદ થઈ જાય, તેવી આનંદની ઘડી આજે રાત્રિશાળામાં છે. સિંહાસનમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન સભા વચ્ચે બિરાજમાન છે. બાજુમાં, આસન ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી કચ્છ દેશમાં પ્રગટેલા અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી બિરાજ્યા છે. રાત્રિશાળામાં ભણનારા સત્સંગી વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ રીતે બેઠેલા છે. તેમના શિક્ષક તો ગરીબડા સ્વભાવના હોવાથી એક બાજુ બેસી ગયા છે. અબજીબાપાશ્રી તો અતિ પ્રસન્ન છે. સૌ વિદ્યાર્થીઓને કહે : આજ તો અમે તમારી સૌની પરીક્ષા લઈશું !

બોલો, આપણા ભગવાન કોણ ?

વિદ્યાર્થી : શ્રી સ્વામિનારાયણ ભગવાન.

અબજીબાપા : જાઓ, પાસ !
તમે કહો, તે કયાં જન્મ્યા ?

વિદ્યાર્થી : છપૈયામાં.

અબજીબાપા : જાઓ, પાસ !
ભગવાનને ભાઈ હતા ?

વિદ્યાર્થી : હા.

અબજીબાપા : કેટલા ?

વિદ્યાર્થી : બે ભાઈ. મોટા રામપ્રતાપભાઈ ને નાના ઈચ્છારામભાઈ.

અબજીબાપા : જાઓ, પાસ !
ભગવાનનાં મા-બાપનાં નામ આવડે ?

વિદ્યાર્થી : ધર્મપિતા ને ભક્તિમાતા.

અબજીબાપા : જાઓ પાસ !
હેં છોકરાઓ ! તમારા પંડયા (શિક્ષક) કોણ ?

સૌ વિદ્યાર્થીઓ : આ સોમચંદભાઈ અમારા પંડયા છે.

ત્યારે અબજીબાપાશ્રી અતિ પ્રસન્નતા બતાવી બોલ્યા : આ ગરીબડા જેવા થઈને બેઠા છે, પણ આ અમારા ઠાવકા પંડયા છે. આ પંડયાને અમે પ્રમાણ (પાસ) કર્યા છે.

રાત્રિશાળાના એ શિક્ષક શ્રી સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતાને અબજીબાપાશ્રીએ અતિ પ્રસન્નતાથી નજીક બોલાવી માથે હાથ મૂકયા, ને સોમચંદભાઈના રોમ-રોમમાં જાણે અલૌકિક આનંદના ઓઘ વળ્યા !

શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે તેમણે સંકલ્પ કરેલો કે અનંત કોટિ મનવારો ભરી-ભરીને આ જગતના જીવોને અમારી મૂર્તિના સુખે સુખિયા

કરવા લઈ જવા છે. પોતાની સાથે આવેલા મુક્તોએ પણ એ જ કર્યું છે. અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી પણ કોઈ સહેજ સેવા કરે તેટલામાં તેના ઉપર રાજી થઈ મૂર્તિના સુખમાં જોડી દે. પરીક્ષા લેવાના નિમિત્તે સાવ સરળ પ્રશ્નો પૂછી સૌ વિદ્યાર્થીઓ ઉપર પોતાનો રાજીપો ઉતારી, એ વિદ્યાર્થીમાં ધર્મના સંસ્કાર સિંચન માટે ખંતથી જોડાયેલા સોમચંદભાઈ ઉપર અઢળક ઢળી, અનંત જીવોને ભગવાનના સ્વરૂપમાં જોડવાના સેવાયજ્ઞમાં જોડી દીધા.

અનંત જીવોને શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં જોડવાના સેવાયજ્ઞમાં જોડાનારાનું જીવન કેવું હોવું જોઈએ તે માટે પણ શ્રી સોમચંદભાઈનું જીવન ઉદાહરણરૂપ છે.



૨. પ્રારંભ : જન્મ અને બાલ્યકાળ

સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના વાંટાવદર ગામમાં મુક્તારાજ સોમચંદભાઈનો જન્મ. પિતાશ્રી જીવરાજભાઈ અમરશીભાઈ મહેતા. માતુશ્રીનું નામ અંબાબા. જીવીબેન સૌથી મોટા, દિવાળીબેન તેમનાથી ત્રણ વર્ષે નાના, સોમચંદભાઈ દિવાળીબેનથી ત્રણ વર્ષે નાના.

જીવરાજભાઈની આર્થિક સ્થિતિ સાવ સાધારણ હતી. થોડો વખત કુટુંબે સહિત કરાંચી વસેલા, ને વ્યવહાર થોડો સારો થયો એટલે વાંટાવદર પાછા આવેલા. ૨૫–૩૦ કિલોમીટર દૂર ચુંપણી ગામ અજારે ખેતી માટે રાખ્યું હતું. લીંબુ, ચીભડાં, વગેરેની ખેતીમાંથી ગુજરાન ચાલે, પરંતુ ભક્તિ ને સત્સંગ સાધુ જેવો રાખતા. ચુંપણીથી માથક ૪—૫ કિલોમીટર. વાંટાવદર–માથકમાં સાધુના મંડળ બાર–બાર મહિના રહેતા. જીવરાજભાઈ એટલે જાણે સેવાની મૂર્તિ. તન-મન-ધનથી સેવામાં સદાય તત્પર રહેતા.

માતુશ્રી અંબાબા તો મુક્તારાજ ભૂરાભાઈ ગોવિંદભાઈ શાહના બેન. મુક્તારાજ ભૂરાબાપા અનાદિમુક્તારાજ અબજી-બાપાશ્રીની કૃપાથી, શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સ્વરૂપમાં રસબસ રહેનારા – અનાદિમુક્તની સ્થિતિને પામેલા સિદ્ધ મુક્ત હતા. એમના યોગથી અંબાબાને જીવમાં સત્સંગ. અંબાબાનું જીવન અતિશય પવિત્ર. આંતરિક ને બાહ્ય શુદ્ધિ – શોળેબોળે – શ્રીહરિની પ્રસન્નતા અર્થે બરાબર જાળવતા. ભક્તિના ગાઢ રંગે એવા તો તરબોળ જણાતા કે તેમના મુખ ઉપર દિવ્ય આનંદ હંમેશ તરવરતો જણાતો.

રત્ન જેવા સંતાનો તો દિવ્ય સંસ્કારે યુક્ત માબાપને જ હોય ને?

શ્રીહરિસેવા-પ્રસન્નતામાં સદાય મસ્ત માબાપને ત્યાં મુક્તરાજ સોમચંદભાઈનો જન્મ સંવત ૧૯૫૦ ના જેઠ વદ પાંચમ ને શનિવાર, તા. ૨૩ જૂન ૧૮૯૪ના રોજ વાંટાવદર મુકામે થયો, જાણે અનેક મુમુક્ષુઓની જીવનવાડી ઉપર અનરાધાર અમીવર્ષા કરનારી વાદળી સાગરમાંથી દિવ્યાકાશમાં ચઢી હોય ને?

જે જુવે તેને વહાલા લાગી જાય તેવા બાળક સોમચંદ-સુદઢ બાંધાના ને સહેજ શ્યામ શરીરના હતા. પાડોશી કાશીબા તો તેમને ખૂબ રમાડે હસાવે–ખવડાવે ને પોતાના પહેરવાના કીનખાબના કપડાંની બાંયોમાં બાળક સોમચંદભાઈના પગ નાખી, વાંસે તેની કસો બાંધી ચોરણી જેવું કરતાં તે પહેરાવી રમાડે, ઉછાળે ને ખૂબ રાજી કરે. રંગે સહેજ શામળા તેથી 'કાનુડો' કહીને સૌ વહાલથી બોલાવે!

ફૂલ ખીલતું જાય તેની સાથે તેની સૌરભ ને રંગની છટા પણ ખીલે, તે રીતે જેમ જેમ સોમચંદભાઈ મોટા થતા ગયા તેમ તેમ ભક્તિભાવ ને સત્સંગનો રંગ ખીલતો ગયો બાળપણથી જ શ્રીજીમહારાજની મૂર્તિ સામું એકી ટશે જોઈ રહે, હસે ને એમ કરતાં એ મૂર્તિના ધ્યાનમાં લીન થઈ જાય, સૌને એમ લાગે કે ઊંઘી ગયા છે! કચારેક કોઈ ટોકે કે આ શું આટલું બધું ઊંઘે છે! પણ ઊંઘમાંથી ઉઠાડે તો જાણે ઊંઘ્યા જ નથી એવા સ્વસ્થ લાગે–ઊંઘ, આળસ કે સુસ્તી તો જણાય જ નહીં.

એક વખત મૂળીથી સદ્‌ગુરુ બાલકૃષ્ણદાસજી સ્વામીનું મંડળ વાંટાવદરના મંદિરમાં આવ્યું. પિતાશ્રી જીવરાજભાઈના મનમાં થયું કે આવા મોટા સદ્‌ગુરુશ્રી પાસે વર્તમાન ધરાવી નામકરણ કરાવવું. બાળમુક્તરાજને લઈને મંદિરમાં આવી સ્વામીશ્રીને પ્રાર્થના કરી : "બાપજી! આ પુત્રને આપના હાથે વર્તમાન ધરાવીને, આપની પાસે નામ પડાવવું છે જેથી

અમો સૌને આપની સ્મૃતિ કાયમ રહે.'' સદ્‌ગુરુ બાલકૃષ્ણદાસજી સ્વામીએ શ્રીહરિસ્મૃતિએ સહીત વર્તમાન ધરાવ્યા. બાળમુક્તના મુખની કાંતિ ચંદ્રમા જેવી શીતળ અને શાંત હોવાથી સ્વામીશ્રીએ તેમનું નામ 'સોમચંદ' એવું પાડયું. સ્વામીશ્રીએ કહ્યું : ''જેમ ચંદ્રમાં ઔષધિમાત્રાનું પોષણ કરે છે તેમ આ બાળમુક્ત અનેક જીવોને ભગવાનના દિવ્ય સુખમાં જોડવાની ઉત્તમ સેવા કરશે.'' પિતાશ્રીએ રાજી થઈને એ માંગલિક પ્રસંગે સાકર વહેંચી.

સેવા ને ભક્તિભાવથી ભર્યું ભર્યું ઘરનું સમગ્ર વાતાવરણ હતું. ખેતીપ્રધાન ને વસ્તારી કુટુંબમાં સૌ કોઈ સતત કાર્યરત રહેતા, પણ કીર્તનભક્તિની રમઝટ સૌને મુગ્ધ કરે. ઘરમાં છાણ–વાસીદા. ધંટી વલોણાના બહોળા કામને લીધે બહેનોને નિશાળે જઈ લખવા-વાંચવાનું ભણતર લેવાનું ન બન્યું, પણ કીર્તનોની રસલ્હાણ એવી કરે કે સૌને આશ્ચર્ય થાય કે આટલા આટલાં કીર્તનો કેવી રીતે ને કયારે શીખીને મોઢે કર્યા હશે? પ્રેમભરી માએ સોમચંદભાઈને સેવા ને ભક્તિ ગળથૂથીમાં જ પાઈ દીધા હતા! એ ગરવી ગળથૂથી સોમચંદભાઈના રુંવાડે રુંવાડેથી સતત વહીને અનેકને રસતરબોળ કરી ગઈ!

સોમચંદભાઈની ઉંમર બે વર્ષની થઈ ને પિતાશ્રી જીવરાજભાઈ કરાંચીએ નોકરી કરવા ગયા, ત્યારે કુટુંબ કરાંચીમાં બે-ત્રણ વર્ષ રહ્યું. વાંટાવદર પાછા આવ્યા પછી સોમચંદભાઈએ પ્રાથમિક શાળામાં ભણવાનું શરૂ કર્યું. સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો, પણ તે દરમ્યાન જે શિસ્ત, ખંત અને એક નિષ્ઠાના ગુણો શીખ્યા તે તેમના સમગ્ર જીવન ઉપર છાઈ ગયેલા જણાતા.

મૂળ તો કુટુંબ ધર્મનિષ્ઠ ને ભક્તિભીનું, ને તેમાં અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીની કૃપાનજરમાં આવી ગયું તેથી સૌનું અલૌકિક પરિવર્તન થઈ ગયું. મોસાળમાં સોમચંદભાઈના

મામા ભૂરાબાપા અબજીબાપાશ્રીના યોગથી શ્રીહરિજીની કૃપા-દૃષ્ટિમાં આવી ગયેલા સમર્થ મુક્ત હતા. પોતાને નિરાવરણ દૃષ્ટિ હતી. પોતાના ઘરે રસોઈ બનતી હોય ત્યારે અગાઉથી કોઈ સમાચાર વિના આવી રહેલા મહેમાનોને અંતર્યામીપણે જાણી લઈ વધુ રસોઈ બનાવવાની સૂચના દેતા, ને જમવા વખતે એટલા મહેમાનો આવી ચઢ્યા જ હોય ! અબજીબાપાશ્રી પાસે અવારનવાર કચ્છમાં વૃષપુર જઈ જોગસમાગમ કરી, સેવાએ કરીને બાપાશ્રીને ખૂબ રાજી કરતા. બાપાશ્રી પોતે પણ પ્રસન્ન થઈ વાંટાવદર, માથક, ચુંપણી પધારેલા એ ગામના હરિભક્તો ઉપર બાપાશ્રીએ પ્રસન્ન થઈ મૂર્તિના સુખના આશીર્વાદ આપેલા. એ બધું ભૂરાબાપા ને જીવરાજબાપાના અથાક દાસત્વભાવનું પરિણામ. ગામના ને આજુબાજુના પ્રદેશના અનેક મુમુક્ષુઓને શ્રીહરિજીના પરમસુખરૂપ સ્વરૂપમાં જોડવારૂપી સેવાયજ્ઞ અવિરત ચાલતો. ભૂરાબાપાના પુત્રવધુને એકવાર ગાંડપણ થઈ ગયેલું, તે એટલી હદ સુધી કે ઓરડામાં પૂરી રાખવા પડે ! ગામના લોકોને થાય કે ભૂરાભાઈ આવા ભક્ત ને દીકરાની વહુને આવું ગાંડપણ ! સોમચંદભાઈના બેન દિવાળીબાને થયું કે બીજું તો કાંઈ નહીં, પણ ગામના લોકોને ભૂરામામાનો અભાવ આવશે તો તે લોકોના જીવનું બગડી જશે. તેમણે મામાને ત્યાં જઈ સીધી માગણી જ મૂકી : જ્યાં સુધી મહારાજને કહીને વહુને સાજી નહીં કરો ત્યાં સુધી હું અહીંથી જવાની નથી ! તે જ રાત્રે તેમની ગાયની નાની વાછરડી જેને કોઈ રોગ હતો નહીં તે દેહ મૂકી ગઈ ને પરોઢિએ ઓરડામાંથી વહુ વિનંતી કરે કે બા ! મને બહાર આવવા દો, હવે હું ગાંડી મટી ગઈ, મને સારું થઈ ગયું છે ! ભગવાને મને સાવ સાજી કરી દીધી ! ઘરનાએ જોયું તો જાણે વહુને તો જીવનભર કાંઈ પણ થયું જ ન હોય તેવી સાજીનરવી થઈ ગયેલી ? દિવાળીબા કહે : મામા ! આટલા દિવસ કેમ

રાહ જોવરાવી ? ભૂરાભાઈ કહે : તમે અરજી કરી, એટલે મહારાજે વહુના જીવને ધામમાં મૂકી દીધો ને વાછરડીનો જીવ વહુના દેહમાં મૂકી દીધો, તેથી વાછરડીનો દેહ પડી ગયો, ને વહુ સાજી થઈ ગઈ ! શ્રીજીમહારાજનો આવો અદ્‌ભુત પ્રતાપ !

કુટુંબના આવા ઉત્તમ સંસ્કાર, અને તેમાં અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીની કૃપારૂપી સુગંધ ભળી, તેથી સોમચંદભાઈની સર્વે ક્રિયામાં અલૌકિકતા આવી. સર્વે ક્રિયા શ્રીજીમહારાજની પ્રસન્નતા માટે, શ્રીજીમહારાજની સોંપેલી હોય તેવી ચીવટથી અને શ્રીજીમહારાજની મૂર્તિનો અખંડ સંબંધ જાળવીને કરવી—એ સોમચંદભાઈનું જીવનસૂત્ર બન્યું. ખેતીમાં મદદ કરતા હોય, છાણ વીણતા હોય કે બહેનોને ઘંટીએ અનાજ દળાવતા હોય—સદાય પ્રસન્નવદને, ખંતથી, ઉત્તમ કામ કરે. સવારે વહેલા વહેલા પરવારી મંદિર જાય, ત્યાં સાફસૂફી કરે, કચરા-પોતા કરે, સંતો હોય તો તેમની સેવા, ઠાકોરજીની સેવા—જે કોઈ સેવા કરવાની હોય તે પ્રીતિપૂર્વક કરે. કોઈ કામ હલકું ન ગણે, કોઈ કામમાં આળસ ન કરે, કોઈ કામમાં વેઠ ન ઉતારે, કોઈ કામ બેદરકારીથી ન કરે. નાના ભાંડરુને કીર્તનો શીખવે તે એક એક કડી અનેક વખત કહેવામાં અધીરા-આકળા ન થાય. કથા કરે, કીર્તનોની રમઝટ મચાવે, ઉત્સવમાં ભાગ લેવા ખડા પગે ઊભા રહે સોમચંદ-ભાઈની સર્વે ક્રિયા શ્રીજીમહારાજના સંબંધે કરીને દિવ્ય ભાસતી. પુત્રના લક્ષણ પારણામાંથી જણાય !



૩. દિવ્ય અમીવર્ષા

જેમને જોયા પછી બીજું કાંઈ જોવાનું બાકી રહેતું નથી, જેમને મેળવ્યા પછી બીજું કાંઈ મેળવવાનું બાકી રહેતું નથી એવા પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વયં પોતે કેવળ કૃપા કરીને સં. ૧૮૩૭માં આ બ્રહ્માંડમાં પધાર્યા ત્યારથી આત્યંતિક કલ્યાણની શરદઋતુ બેઠી. શ્રીહરિજી કહેતા : અમે તો અનંત મનવારો ભરીને જીવોને ભવસાગર તરાવીને અમારા પરમસુખ દિવ્યસ્વરૂપમાં જોડવા આવ્યા છીએ. વળી, પોતે પોતાની સાથે સિદ્ધ અનાદિ મુક્તોને લાવી તેમના દ્વારા પણ અનેક જીવોને પોતાની પાસે ખેંચી લીધા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, મુકુંદ બ્રહ્મચારી, જેવા સાધુ-બ્રહ્મચારીના આશ્રમમાં વર્તતા મુક્તો તથા પર્વતભાઈ, દાદાખાચર, ગોરધનભાઈ જેવા ગૃહસ્થાશ્રમી મુક્તો તથા મોટીબા, લાડુબા, લાધીબા જેવા સ્ત્રી મુક્તોએ અનેક મોક્ષભાગી જીવાત્માઓને શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના સુખે સુખિયા કરી દીધા. તે જ રીતે, અમદાવાદ દેશમાં સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી પછીની પેઢીમાં અમદાવાદ મંદિરના સ.ગુ. નિર્ગુણદાસજી સ્વામી તથા મૂળી મંદિરના સ. ગુ. હરિનારાયણદાસજી સ્વામી વગેરે મુક્તોએ અનંત જીવોને શ્રીહરિને વિષે જોડ્યા હતા.

વાંટાવદર ગામ હળવદની નજીક ને મૂળીમંદિર સાથે સંકળાયેલું અમદાવાદ દેશ વિભાગનું ગામ. જીવરાજભાઈ, ભૂરાભાઈ વગેરે મૂળીના સ. ગુ. શ્રી હરિનારાયણદાસજી સ્વામી તથા અમદાવાદના સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીનો

સમાગમ કરવા જતા. તેમના થકી તેમણે જાણ્યું કે કચ્છમાં ભુજથી વીસેક કિલોમીટર દૂર આવેલા બળદિયા (વૃષપુર) ગામમાં, કણબીકુળમાં અબજીભાઈ પાંચાભાઈ વેકરિયા નામના અનાદિ મહામુક્તારાજ, શ્રીજીમહારાજના સંકલ્પથી પ્રગટ થયા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમના માતુશ્રી ઉપર અતિશય પ્રસન્નતા જણાવી દિવ્ય દર્શન દઈ વરદાન આપેલું કે અમારા અનાદિ મુક્તા તમારે ત્યાં પુત્ર રૂપે પ્રગટશે. આમ શ્રીહરિજીના વરદાન—સંકલ્પથી પ્રગટેલા સિદ્ધ અનાદિ મહામુક્તારાજ દ્વારા શ્રીહરિજી અનેક જીવોને દિવ્ય અલૌકિક સુખે સુખિયા કરતા. આ વાત જીવરાજભાઈ, ભૂરાભાઈ વગેરેના જાણવામાં આવેલી, પણ તેમના દર્શનનો યોગ થયો ન હતો. પરંતુ મેઘ કાંઈ કોઈના બાંધ્યા બંધાઈ રહે? તે તો અનરાધાર વરસવા માંડે જ.

અનેક જીવોને શ્રીહરિજીને વિષે જોડવા સં. ૧૯૪૨માં અનાદિ મુક્તારાજ અબજીબાપાશ્રી ૬૦૦ માણસનો સંઘ લઈ પગપાળા તીર્થાટન કરવા ફાગણ વદ બીજ ને સોમવારે ભૂજથી નીકળ્યા હતા. અંજાર, સરકારપુર થઈ કાજરડા આવ્યા. કાજરડા ગામ રાજકોટ જિલ્લામાં માળિયા તાલુકામાં માળિયા ગામથી છ-સાત કિલોમીટર દૂર આવેલું છે. ત્યાં અબજી-બાપાશ્રી સ્વતંત્રપણે સમાધિ કરીને શ્રીહરિની મૂર્તિમાં જોડાઈ ગયા. સમાધિમાંથી જાગ્રત થવાનું ગમે ત્યારે બને ને ત્યાં સુધી સંઘ રોકાઈ રહે તે ઠીક નહીં, તેથી સંઘના કેસરાભાઈ, જાદવજી-ભાઈ, વગેરે એ ગાડું ભાડે કરી તેમાં મુક્તાશ્રીને સુવરાવી સંઘની વચ્ચે તે રખાવી સંઘને ચાલતો કર્યો. તે સંઘ ત્યાંથી વાંટાવદર આવ્યો. સમાધિસ્થ મુક્તારાજશ્રીના દર્શન માત્રથી જ વાંટાવદરના હરિભક્તોના જાણે પૂર્વ જન્મના સુકૃત ઉદય ઉદય થઈ ગયા, ને ઘાટ સંકલ્પમાત્ર સમાઈ ગયા ને શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિઓ જોડાઈ સ્થિર થઈ ગઈ! આમ ફાગણ વદ પાંચમ ને ગુરુવારથી વાંટાવદરના હરિભક્તોની વસંત બેઠી!

સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીશ્રીએ સં. ૧૯૪૮માં પોતાની દેહલીલા સંકેલી, તે અગાઉ પોતાને વિષે હેત-રુચિવાળા સર્વે સંતહરિભક્તોને બોલાવીને ભલામણ કરી કે કચ્છ-વૃષપુર ગામમાં અનાદિમુક્તશ્રી અબજીભાઈ છે તેમની સત્સંગમાં કોઈ જોડ નથી, ને શ્રીજીમહારાજનો તે અનાદિમુક્ત દ્વારે અનંત જીવોને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ છે, માટે તમે તેમના થઈ રહેજો ને એ કહે તેમ કરજો, અને શ્રીજીમહારાજની આજ્ઞામાં રહેજો.

સ્વામીશ્રીની આ ભલામણ ભૂરાભાઈને અંતરમાં ઊતરી ગઈ. મુક્તરાજ અબજીબાપાશ્રીનું માહાત્મ્ય જાણીને તેમનો અવારનવાર જોગ-સમાગમ કરવા જતા, અને તેમની અનુવૃત્તિમાં રહીને શ્રીજીમહારાજનું ભજન કરતા. અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીની કૃપાદૃષ્ટિથી ભૂરાભાઈ શ્રીહરિજીના સ્વરૂપમાં અતિશય સ્નેહે કરીને જોડાઈ ગયા, અને વ્યવહારમાંથી નિવૃત્તિ લઈને મુક્તરાજશ્રીનો સમાગમ કરીને છતે દેહે મૂર્તિનો સાક્ષાત્કાર કર્યો અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સ્વરૂપમાં રસબસ થઈ પરમ સુખિયા થઈ ગયા. તે સુખની છોળો વાંટાવદર અને આજુબાજુના ગામના હરિભક્તો ને સગા-સંબંધીઓને પણ લાગી ને સૌ પરમ યોગમાં આવી ગયા.

અનંત દીવા પ્રગટાવવાનો શ્રીહરિજીનો સંકલ્પ અબજીબાપા દ્વારા વિલસી રહ્યો હતો, ભૂરાભાઈ રૂપી દીવો પ્રગટી ઝળહળવા લાગ્યો હતો, ને સોમચંદભાઈરૂપી દીવો એ પ્રકાશે પોષણ પામી પ્રગટવા માટે તૈયાર થતો હતો !

પોતાના ભૂરામામા સાથે સોમચંદભાઈ પણ અવારનવાર વૃષપુર અબજીબાપાશ્રીના દર્શન-સમાગમે જતા.

સોમચંદભાઈનો શાળામાં અભ્યાસ ચાલતો હતો, ત્યારે તેમના બેન દિવાળીબાના લગ્ન માથકના ભગવાનજીભાઈ લવજીભાઈ મહેતા સાથે સં. ૧૯૫૯માં થયા. પરણીને દિવાળીબા

સાસરે ગયા. થોડા સમયમાં (દિવાળીબાનું) તેમનું કુટુંબ કરાંચી ગયું. પિતાશ્રી જીવરાજભાઈને પગમાં 'વા'ની અતિશય તકલીફ હતી. તેમાં એક દિવસ પડી ગયા ને બહુ વાગ્યું, ને માંદા થયા. દિવાળીબાનું અંતર વાંટાવદર ને કરાંચી વચ્ચે ઝોલા ખાય. મનોમન પ્રાર્થના-વિનંતિ તો ચાલુ જ હોય. એક વખત દિવાળીબા એની એ ચિંતામાં હતા, ને અબજી-બાપાશ્રીના દિવ્ય દર્શન થવા માંડ્યા, એમના અંતરમાં આનંદના ઓઘ વળ્યા. બાપાશ્રી બોલ્યા : "હવે અમે તમારા બાપુજીને થોડા દિવસમાં શ્રીહરિજીના સુખમાં લઈ જઈશું; અંત વખતે સોમચંદભાઈ ઓશીકે ને તમારા માતુશ્રી ખાટલાની પાંગથ બાજુ નીચે બેઠા હશે." આ બાજુ સોમચંદભાઈ કામ પ્રસંગે સરા ગયા. ત્યાં અ.મુ. મનસુખ-ભાઈએ તેમને જોયા કે તરત જ તે બોલ્યા : સોમચંદભાઈ ! તમે અહીંયા આવ્યા છો? ઘરે તમારા બાપાને મહારાજ તેડવા પધારવાના છે, માટે ઝટ ઘરે પહોંચી જાઓ! સોમચંદભાઈ ઉતાવળે ઘરે ગયા, જીવરાજભાઈના ખાટલા પર ઓશીકે બેઠા. તેમના માતુશ્રી નીચે બેઠા હતા, ને મહારાજે જીવરાજભાઈને ધામમાં મૂકી દીધાં! તે વખતે સોમચંદભાઈની ઉંમર પંદર વર્ષની હતી. (સં. ૧૯૬૫, ઈ.સ. ૧૯૦૯)

પિતાશ્રી ધામમાં ગયા પછી થોડા માસ વીત્યે સોમચંદ-ભાઈ પોતાના માતુશ્રી તથા બેન દિવાળીબાને લઈને વૃષપુર બાપાશ્રીના દર્શને ગયા. મનમાં વિચાર એવો કરેલો કે પંદરેક દિવસ રહીશું ને સેવા-સમાગમનો લાભ લઈશું. બપોર ઢળતામાં વૃષપુર પહોંચ્યા, ઉતારો કર્યો ને રાત્રિ માટે દીવો કરવાનું સાધન લેવા ગયા, ત્યાં સોમચંદભાઈને અબજી-બાપાશ્રીનો મેળાપ થયો. દંડવત્ કર્યા ને દર્શન કર્યા, ત્યાં તો બાપાશ્રીએ નવું જ ચરિત્ર કર્યું. સોમચંદભાઈને બાપાશ્રી

કહે : લો, દર્શન થઈ ગયા, હવે આવતી કાલે સવારે નીકળજો! સોમચંદભાઈ શું બોલે? વીલે મોઢે ઉતારે આવ્યા. માતુશ્રીને વાત કરી, તો માતુશ્રી વઢ્યા! હજી દર્શન તો કર્યા નથી ત્યાં જવાના સમાચાર લઈને આવ્યો! બાપાશ્રીને પ્રાર્થના તો કરવી હતી! તું સાથે હોય ત્યારે અમારે આવું જ થાય! ત્યાં તો બાપાશ્રી ઉતારે પધાર્યા. સૌએ દર્શન કર્યા. દિવાળીબા તો રડવા જ લાગ્યા. એમનું હેત જોઈ બાપાશ્રીએ આશીર્વચન કહ્યા કે બાપ-દીકરી અક્ષરધામ સુધી ભેગા રહીશું. માતુશ્રી અંબાબાને પણ રાજી થઈ આશીર્વાદ આપ્યા. સવારે ગાડું તૈયાર કરાવી બાપાશ્રી વળાવવા આવ્યા. ને ખૂબ રાજીપો બતાવ્યો.' ગાડું ચાલ્યું, પણ દિવાળીબાને બાપાશ્રી જોડે જ ચાલતા હોય તેવા દર્શન થવા માંડ્યા, ને છ માસ સુધી એવા ને એવા દર્શન થયા.

વાંટાવદર પાછા આવીને ખેતી ને કુટુંબકામમાં જોડાયા. ભૂરામામાનો સમાગમ ને શ્રીહરિના ઐશ્વર્ય-પ્રતાપની વાતો અખંડ ચાલ્યા કરે. તે અરસામાં મૂળીના સંતો વાંટાવદર મંદિરમાં આવેલા હતા. તેમના જોગ–સમાગમ માટે આજુ-બાજુના ગામમાંથી હરિભક્તો આવેલા. સવારે નાહી-પૂજા કરીને હરિભક્તો પાછા જવાના હતા. સોમચંદભાઈ સવારે નાહી પરવારી પૂજા કરતા હતા. હંમેશની જેમ માળાનો નિયમ પૂરો કરવા પૂજામાં સમય લાગે તેમ હતું. ભૂરામામા આવ્યા, ને કહે : આવા ભગવદી હરિભક્તો આવ્યા છે તે અત્યારે જતા રહેવાના છે, તેમને ટીમણ કરવાની સેવા કરવી તે માળાના નિયમ પૂરા કરવા કરતાં વધુ ફળદાયી છે. સમય ને મોકો ઓળખીને કામ કરવું જોઈએ. સોમચંદભાઈએ તરત પૂજાની સમાપ્તિ કરી અને સેવાયજ્ઞમાં જોડાયા. પંખી જેમ ઈંડું મૂકીને તેને સેવે છે, ઈંડામાંથી બચ્ચું થાય તેને ય ખોરાક લાવી મોંમાં મૂકી ખવરાવે છે, તેમ મોટા મુક્તો પણ પોતાના સમાગમમાં આવનારને સેવે છે–પોષે છે!

ભૂરાભાઈના ભાઈ ત્રિભુવનભાઈ કામધંધા અંગે કરાંચી જઈ રહેલા. તે પછી સોમચંદભાઈના મોટાભાઈ જગજીવનભાઈ કરાંચી ગયા. વીસ વર્ષની ઉંમરે સોમચંદભાઈ નોકરી-ધંધા અંગે કરાંચી ગયા, કાંતિ પ્રિન્ટીંગ પ્રેસ નામના છાપખાનામાં કામ શીખવાનું શરૂ કર્યું. એક ઓરડી રાખી નોકરીના સમય વિનાનો સમય કથા-વાર્તા-દર્શન-સેવામાં વ્યતિત કરતા. નિયમસર મંદિર જાય, કીર્તનો ગાય, રાસ-ઉત્સવમાં ભાગ લે, તેથી સૌ હરિભક્તોમાં ભળી ગયા.

તે વખતે કરાંચી મંદિરમાં એક મોટા બ્રહ્મચારી માંદા થયા. સોમચંદભાઈએ તક જોઈને તેમની સેવા ઉપાડી લીધી. રાત્રે પણ તેમની પાસે જ સૂઈ જાય. ખડે પગે સેવા કરી બ્રહ્મચારીને ખૂબ રાજી કર્યા. સેવા કરતાં થાકી જાય ને ઊંઘ આવી જાય ને બ્રહ્મચારીએ કાંઈ કામ અંગે બૂમ પાડીને તેમને જગાડવા પડે તો બીજા સૂતેલા સંતહરિભક્તોને ઊંઘમાં વિક્ષેપ થાય. આથી સોમચંદભાઈ પોતાને હાથે દોરી બાંધી તેનો એક છેડો બ્રહ્મચારીને આપે અને જરૂર પડે દોરી ખેંચીને જગાડવાની વિનંતિ કરીને પોતે સૂતે! સેવાની કેવી તત્પરતા ને સૂઝ!

કરાંચીથી થોડા વખત માટે વાંટાવદર આવ્યા, ભૂરા મામાના સમાગમમાં રહ્યા. ભૂરામામાએ જાણ્યું કે સેવા ભક્તિના પુરુષાર્થરૂપી સાધનોનું ફળ દેવાનો વખત આવી ગયો છે. બાધિતાનુવૃત્તિ ખેંચી લેવાનો સમય આવી ચૂક્યો છે. તેથી ભૂરામામા સોમચંદભાઈને કહે : શ્રીજીમહારાજ અને તેમના મોટા મુક્તોનો મહિમા જાણીએ તેટલો ઓછો છે. આજે શ્રીજીમહારાજના સંકલ્પથી બાપાશ્રી અનેકને સુખિયા કરે છે. તમે કરાંચી જતાં પહેલા બાપાશ્રીના દર્શન કરીને જાવ તો સારું! મામાની આજ્ઞાને શિરસાવંદ્ય ગણી સોમચંદ-ભાઈ ધૂપપુર બાપાશ્રીના દર્શને ગયા.

વૃષપુર જતા રસ્તામાં સોમચંદભાઈ વિચાર કરે કે બાપાશ્રીનો મહિમા બરાબર સમજ્યો છું, તે છતાંય ભૂરા-મામાએ બાપાશ્રીનો મહિમા સમજવાની વાત કેમ કરી હશે? બાપાશ્રી કૃપા કરીને આ વખતે તેમનો પૂરેપૂરો મહિમા સમજાવે તો સારું. વૃષપુર પહોંચી બાપાશ્રીના દર્શન કરી સેવામાં રહ્યા. કણભાવાળા આશાભાઈ પણ સેવામાં વૃષપુર હતા. બાપાશ્રીની વાડીમાં ખળાનું કામ ચાલતું હતું. બાપાશ્રીના પુત્રો તથા આશાભાઈ, વગેરે દાણા ઉપણતા હતા. સોમચંદ-ભાઈએ પણ ત્યાં જઈ દાણા ઉપણવા માંડ્યા. થોડીવારે બાપાશ્રી ખળામાં પધાર્યા. સોમચંદભાઈને એમ કે દાણા ઉપણવાની સેવાથી બાપાશ્રી રાજી થઈને મોજ આપશે. એથી ઉપણવાનું ચાલું રાખ્યું. બાપાશ્રી તો આવ્યા એવા રમૂજમાં આવી કહે : બાઈ, આ સોમચંદભાઈએ કામ કર્યું એટલું દહાડિયા પાસે કરાવીએ તો તેને શું દેવું પડે? બાપાશ્રીના દીકરી વાલબા કહે : બાપા! બે પૈસા તો દેવા પડે! સોમ-ચંદભાઈના સૂક્ષ્મ સાત્વિક અહંના ફુગ્ગાને બાપાશ્રીએ ક્ષણમાત્રમાં ફોડી નાખ્યો! બાપાશ્રી કહે : હવે રાખો! મારા પગમાં કાંટો વાગ્યો છે તે કાઢતા આવડશે? આવડતું હોય તો કાઢો! સોમચંદભાઈ અબજીબાપાશ્રીના પગમાંથી કાંટો કાઢવા બેઠા, પણ પગમાં કાંટો દેખાય નહિ. પાણીથી પગ સાફ કરીને જોયું તો ય કાંટો તો દેખાય જ નહિ. બાપાશ્રીને કહે કે બાપા કાંટો તો નથી જણાતો. બાપાશ્રી કહે : જરા ઝીણવટથી જુવો, દુ:ખે છે ને! આ પગમાં ન દેખાય તો બીજા પગમાં જુવો. ત્યાં તો બાપાશ્રીના ચરણના તળામાંથી તેજના વર્તુળો નીકળતા દેખાયા, બીજા ચરણમાં જોયું તો ત્યાં પણ એ જ રીતે તેજના વર્તુળો દેખાયા. શ્રીજીમહારાજ અને મુક્તોની એકતા સોમચંદભાઈના અંતરમાં ઉતરી ગઈ.

તે કહે : બાપા ! કાંટો આપના ચરણમાં નથી, પણ મારા ચૈતન્યમાં (દેહભાવરૂપી) કાંટો હતો તે નીકળી ગયો. બાપાશ્રી રાજી થઈ બોલ્યા : તો તો હચ્યો !

ઉતારે આવીને સોમચંદભાઈ બનેલા પ્રસંગનું મનન કરતા હતા, ત્યાં તો બાપાશ્રીએ દિવ્ય સ્વરૂપે તેજોમયરૂપે દર્શન દીધું. બાપાશ્રી કહે કે સોમચંદ ! આ નોટ સાચી છે, સહી સિક્કા જોવાનું કામ નથી ! બાપાશ્રીની આટલી વાતમાં તો તેમના ચૈતન્યમાં કૃપાના ધોધ વરસી ગયા અને શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના અપાર સ્વરૂપમાં રસબસ જોડાઈ રોમે-રોમ દિવ્ય સુખનો અનુભવ કરવા લાગ્યા. 'ઊલટી પલટયું આપ.' હીરે કરીને હીરો વીંધાયો, ઈયળની ભમરી થઈ, ઉત્તમ પારસના યોગે પારસ બન્યા !

શ્રીહરિમિલન પહેલાંની સરયૂગંગા ને શ્રીહરિમિલન પછીની સરયૂગંગા એક નથી. દૂરથી જોનારાને એની એ જ છે તેમ લાગે, પણ વસ્તુતઃ ભેદ છે. શ્રીહરિમિલન પહેલાંની સરયૂગંગા વિરહિણી હતી, તેનું બુંદેબુંદ શ્રીહરિજીને ઝંખી રહ્યું હતું. શ્રીહરિમિલન પછીની સરયૂગંગા 'અઢારે કોઠે ટાઢી' થઈ તેમાં સ્નાન કરનારાને પણ અંતરમાં ટાઢક થઈ જાય એવી બની, તેમ શ્રીહરિમિલનની આ ઘડી પછી સોમચંદભાઈ પહેલાંના સોમચંદભાઈ રહ્યા નહીં ! તે તો રસબસભાવે શ્રીહરિની મૂર્તિના સુખમાં જોડાઈ ગયા – તેમનું સર્વે કાર્ય હવે શ્રીહરિજીએ સ્વયં ઉપાડી લીધું હોય તેમ જણાવા લાગ્યું.

વૃષપુરથી વાંટાવદર પાછા આવ્યા. ભૂરામામા વાંટાવદર ગામની બજારમાં મળી ગયા. ત્યાં ને ત્યાં, બજાર વચ્ચે સોમચંદભાઈએ ભૂરામામાને સાષ્ટાંગ દંડવત્ કર્યા. ચૈતન્ય આડેના સર્વ આવરણો હઠાવી મૂર્તિના સુખમાં મૂકી દે એવા અનાદિ મહામુક્તની ઓળખાણ કરાવી મને ન્યાલ કર્યો એમ

બોલતા બોલતા ગળગળા થઈ ગયા. શ્રીહરિરૂપી અમૂલ્ય ખજાનો દેખાડનારા એ માર્ગદર્શક પણ બાપાશ્રીના જોગથી મહારાજના દિવ્ય સુખને પામેલા અનાદિ મુક્ત જ હતા. માર્ગદર્શકમાં પણ મહારાજ પોતે જ કર્તા છે, માર્ગદર્શક પોતે તો મૂર્તિના સુખમાં થીજેલા છે!



૪. આનંદ લહાણી

મુક્તારાજ સોમચંદભાઈ સં. ૧૯૭૫માં વાંટાવદરથી પાછા કરાંચી આવ્યા છે. પચીસ વર્ષની યુવાન અવસ્થા છે, પણ નેત્રની દષ્ટિ પલટાઈ ગઈ છે; સુદઢ શરીર, ને સહેજ શ્યામ પણ તેજસ્વી મુખમુદ્રા સૌ કોઈને આકર્ષી લે છે; મુખ ઉપર ગાંભીર્ય છે, પણ અંતરના આનંદની છોળો અંતરમાં છુપાવી છુપી ન રહેતા મુખ ઉપર વરતાઈ આવે છે; તેમની હાજરીમાત્રથી સાંનિધ્યમાં રહેલા સૌને અંતરમાં શાંતિ અનુભવાય છે. છાપખાનાની નોકરી ફરી ચાલુ થઈ જાય છે. તેમની કામ કરવાની ચીવટ, ખંત ને કાળજીથી માલિક શેઠ પ્રભાવિત રહે છે. સહકાર્યકરોને આનંદ – રમૂજ કરાવે છે ને જ્ઞાનગમ્મતથી પ્રસન્ન રાખે છે, ધીરે ધીરે છાપખાનાના કામમાં નિષ્ણાત બની જાય છે. એક – એક કરતા અઢાર માણસો એમના હાથ નીચે કામ કરતા થાય છે.

પરંતુ સોમચંદભાઈ આજીવિકા કમાવાના હેતુથી નોકરી કરવા માટે કરાંચી નથી આવ્યા. નોકરી નિમિત્તમાત્ર છે. એ તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના કારણ સત્સંગના પ્રસાર માટે કરાંચી આવ્યા છે. છાપખાનાની નોકરીના સમય પછીના સમયમાં કરાંચીમાં રહેતા હરિભક્તો પાસે કથાવાર્તા કરે છે, ને સૌને સાચા જ્ઞાનની પુષ્ટિ કરાવે છે. મોટેરા હરિભક્તોની પાસે સોમચંદભાઈ નવી નવી વાતો રજૂ કરે છે. નાના બાળકોમાં ધર્મના દઢ સંસ્કાર પાડ્યા હોય તો તેને આખી જિંદગી કામ આવે ને તેનો બેડો પાર થઈ જાય એ માટે રાત્રે – રાત્રે બાળકોને સદ્‌વર્તન, શ્રીહરિના માહાત્મ્ય, વગેરેની વાતો કરી કથા, કીર્તન, ધૂન્ય વગેરે શીખવે છે. એ વાતને સૌ હરિભક્તોએ અતિ હર્ષ ને ઉત્સાહપૂર્વક વધાવી લીધી.

આ કાર્ય માટે સોમચંદભાઈથી ઉત્તમ શિક્ષક કોણ મળે? પોતે તો એ જ કરવા આવ્યા હતા. પોતાની ઓરડીમાં જ રાત્રિશાળા શરૂ કરી.

જેમ જેમ રાત્રિશાળાની પ્રવૃત્તિ ફૂલીફાલી તેમ તેમ નોકરીની નિયમિતતા ઉપર અસર થવા માંડી. છાપખાનાનું એક કામ સમયસર થાય નહીં તો આગળના બીજા કામ અટકી પડે અને છાપખાનાના માલિક મૂંઝાય. શેઠે એવું અનુભવ્યું હતું કે સોમચંદભાઈ નોકરીમાં જોડાયા ત્યાર બાદ છાપખાનાની કાર્યક્ષમતા વધી હતી, શિસ્તબદ્ધ કામ થતું હતું, એમની હાજરીથી જાણે નવા નવા, ન ધારેલા કામો છાપખાનામાં આવતા થયા હતા, આથી સોમચંદભાઈની હાજરી એમને બહુ ઉપયોગી લાગતી. તે છતાં તેમની કામમાં અનિયમિતતા શેઠને અકળાવે. કામ પર હાજર હોય ત્યારે ઝડપભેર કામ ઉકેલે, પણ કામ પર આવશે કે કેમ તે જ નક્કી ન કહી શકાય! શેઠ મૂંઝાયા. એક વખત સોમચંદ-ભાઈને બોલાવીને કહે: તમારે અન્ય પ્રવૃત્તિ રહે છે તેથી નોકરીમાં મુશ્કેલી પડે છે. તમે એમ કરો કે તમારું કામ કોઈ બીજાને સોંપો, એટલે કામ અટકી ન પડે, તમારી નોકરી ચાલુ. તમો હાજર હો ત્યારે મદદ કરવાની. શેઠના આટલા ઉત્તમ સહકારથી સોમચંદભાઈ અતિશય રાજી થયા. તેમણે શેઠની સલાહ સ્વીકારવા માટે શરત મૂકી. તેઓ કહે: શેઠ! તમારી વાત હું એક જ શરને સ્વીકારી શકું. તે શરત એટલી કે મારો પગાર ઓછો કરો! મારાથી હું કામ કરું તે કામના પ્રમાણમાં જ પગાર લેવાય. જો એમ ન લઉં તો પ્રભુના ગુનામાં આવી જાઉં! આપના ઉત્તમ સહકાર બદલ આભાર. સાથે મારી આટલી વિનંતિ સ્વીકારો! સત્સંગપ્રવૃત્તિ કરવા માટે શ્રીહરિજીએ તેમને અનુકૂળતા કરી આપી.

હવે રાત્રિશાળાની પ્રવૃત્તિ બરાબર જામી. સોમચંદભાઈની

ઓરડીમાં સમાય નહીં તેટલા બધાં મોક્ષભાગીઓ ભેગા થવા માંડ્યા. ઓરડીની પાછળ મોટી જગ્યા મળી આવી, તે ભાડે રાખી. ત્યાં શ્રીજીની સભાની પટની મૂર્તિ પધરાવી. આ જગ્યા આત્યંતિક કલ્યાણની પાવનકારી પરબ બની રહી.

સોમચંદભાઈનું વ્યક્તિત્વ જ એવું વાત્સલ્યપૂર્ણ હતું કે જે વિદ્યાર્થી એક વાર તેમની વાત સાંભળવા આવ્યો તેને તેમના દર્શન—સમાગમ વિના ચેન જ ન પડે ! જેને જે રીતે પથ્ય પડે તે રીતે વાત કરે. રમૂજી ટૂચકા સંભળાવે. શ્રીહરિજી અને મોટા મુક્તોના જીવનના પ્રસંગોની રસલ્હાણ કરે. કીર્તન બોલવા માંડે ત્યારે જાણે મદારીની મોરલી વાગી ! વિદ્યાર્થીઓના મન ડોલી ઊઠે ! પણ એ કેવળ સાત્વિક આનંદ ન હતો, એ તો દિવ્ય આનંદનો વિરલ અનુભવ હતો. સૌને નાના-મોટા પ્રસંગોથી શ્રીહરિજીના દિવ્ય સ્વરૂપમાં જોડવાની વાત. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખી સર્વે ક્રિયા કેવી રીતે કરવી તેની અનુભવસિદ્ધ પ્રક્રિયા એ હતી. તે સાથે દરેકે દરેક વિદ્યાર્થીમાં શિસ્ત, ને સંઘભાવનાનું આયોજનપૂર્વકનું ઘડતર પોતે કરતા.

ઉત્તમ શિલ્પીના ટાંકણા—હથોડાની કારીગિરીથી પથ્થરની શીલા લલિતકલાકૃતિ બની જાય છે, તેમ સાવ સામાન્ય મુમુક્ષુના જીવનમાં સોમચંદભાઈના દિવ્ય સંસ્કાર વડે એવું પરિવર્તન આવતું ગયું કે જીવનમાં મહા મહેનતે પણ ન પમાય એવી દિવ્ય સ્થિતિ તરફ ચૈતન્યની ગતિ થવા લાગી.

ફૂલ ખીલે ત્યારે ભમરાને આમંત્રણ મોકલવું પડે નહીં ! ભમરા તો તેની સુગંધથી ખેંચાઈ જ આવે ! વિદ્યાર્થીઓના જીવનમાં પૂરાતી રંગરંગીલી રંગોળીની છાંટ વડિલો ઉપર પણ પડી. ધીરે ધીરે વડિલોને ને મોટેરા હરિભક્તોને પણ લાગ્યું કે આ કાંઈ કેવળ નાના છોકરાંઓને લાભ લેવાની વાત નથી, પણ આપણે ય અહીંથી મેળવવાનું છે.

દિવ્ય આનંદની રસલહાણમાં સૌ ભેગા મળી ગયા. સૌને અમૃતના ઓડકાર ! મોટા મોટા મુક્તો-હરિભક્તો ભેગા મળે. લાલુભાઈ, મહાદેવભાઈ, ગોરધનભાઈ, ઠાકરશીભાઈ, ગોવિંદજીભાઈ, કાળીદાસભાઈ, વલ્લભદાસભાઈ, અમરશીભાઈ, લોકામલભાઈ, હીરામલભાઈ, સાંવલદાસભાઈ, ગોપાળજીભાઈ, વાલજીભાઈ, જાદવજીભાઈ, લીલાધરભાઈ, મોહનભાઈ, અમીચંદભાઈ, તુલસીદાસભાઈ, હરિભાઈ, ઉમરભાઈ, મગનભાઈ, પ્રભાશંકરભાઈ--આદિ એકરુચિવાળા અનેક મુક્તો ભેગા મળે. રાત્રિશાળા તો આત્યંતિક કલ્યાણની સુખદાત્રી બની રહી. નિત્ય સમૈયો ! ઝીલણિયા કીર્ત્તનો ને રાસ-ઉત્સવમાં દિવ્યતા વ્યાપી જાય. પ્રસાદીના તો ઢગલા ! ફળફૂલ ને મેવા-મીઠાઈ ! હરિભક્તબાઈઓ પણ સેવાયજ્ઞમાં હેતથી જોડાય. અર્ધીરાત્રે લોટ દળાય, ચૂલા ચેતે ને પ્રસાદીની સેવા કરવા સૌ ખેંચાય પરસ્પર દિવ્ય એકતા, પ્રેમભાવ, મહિમાનું વાતાવરણ જોતાં અક્ષરધામ અને મધ્યસ્થ પ્રગટપ્રમાણ શ્રીહરિ સાક્ષાત્ બિરાજમાન છે એવા ભાવે સહિત સૌ આનંદપૂર્ણ જણાતા.

રાત્રિશાળાની સમગ્ર પ્રવૃત્તિ સોમચંદભાઈની દિવ્ય પ્રતિભાથી રંગાયેલી હતી. દોરીના એક સૂત્રથી જેમ માળાના મણકા પરોવાય છે, તેમ કરાંચીના નાના-મોટા હરિભક્તો-મુક્તો સોમચંદભાઈની દિવ્ય પ્રતિભાના સૂત્રથી બંધાયેલા હતા. સૌને એમ જ લાગે કે સોમચંદભાઈ અમારા નજીકમાં નજીકના સ્વજન છે. વ્યવહારની કાંઈ ગૂંચ હોય કે આધ્યાત્મિક કાંઈ અડચણ હોય, તો પૂછવાનું ઠેકાણું સોમચંદભાઈ. સૌને દિવ્યહેત – વાત્સલ્યથી તરબોળ કરે.

એમ કરતા સં. ૧૯૭૯ની સાલ આવી. મૂળીમંદિરના શતવાર્ષિક પાટોત્સવ નિમિત્તે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી વસંત પંચમીએ મૂળી પધાર્યા, ને અનંત જીવોને

શ્રીજીની મૂર્તિમાં જોડવા રૂપી બ્રહ્મયજ્ઞ થયો. સર્વત્ર જયજયકાર થયો. અનેક પ્રેમી હરિભક્તોના પ્રેમને વશ થઈ અબજી-બાપાશ્રી ગુજરાત-સૌરાષ્ટ્રના ગામેગામ પધાર્યા, સૌએ અપૂર્વ લાભ લીધો. તે વખતે કરાંચીના હરિભક્તોને પણ અંતરમાં તાણ થઈ કે બાપાશ્રી કૃપા કરીને કરાંચી પધારે તો અનેકને અલભ્ય લાભ મળે, ઘેર બેઠા આત્યંતિક કલ્યાણની ગંગા મળે ! તેથી કરાંચીથી અ.મુ. લાલુભાઈ, સાંવલદાસભાઈ, ગોવિંદ-ભાઈ, ગોવર્ધનભાઈ આદિ મોટેરા હરિભક્તો સાથે સોમચંદ-ભાઈ, બાપાશ્રીને પ્રાર્થના કરી કરાંચી તેડી લાવવા, અમદાવાદ આવ્યા. આ સૌ મુક્તો તો અબજીબાપાના હેતવાળા સ્વજનો. એમને રાજી કરવા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, સ્વામી દેવ-જીવનદાસજી, સ્વામી મુક્તવલ્લભદાસજી આદિ સંતમંડળ તથા દલસુખભાઈ, મોહનભાઈ તથા અનન્ય સેવક આશાભાઈ વગેરે મુક્તમંડળ સાથે બાપાશ્રી રેલ્વેમાર્ગે અમદાવાદથી કરાંચી પધાર્યા.

અમદાવાદથી ચાલતી વખતે કરાંચીના હરિભક્તો ઉપર તાર કરેલો કે બાપાશ્રી કરાંચી પધારે છે, તેથી હજારો હરિ-ભક્તો ફૂલના હાર અને વાહનો લઈને સ્ટેશને સામા આવ્યા હતા. બાપાશ્રી અને સંતોને લઈને ગાડી સ્ટેશને આવી પહોંચતા સૌએ દંડવત્ કરી, ચંદન ચર્ચી, કુંકુમના ચાંદલા કરી ફૂલના હાર પહેરાવ્યા, ને આખું સ્ટેશન હરિભક્તો તથા મુમુક્ષુઓથી ઊભરાયું. સોમચંદભાઈનાં માર્ગદર્શન નીચે નાના સત્સંગી બાળકોનું મંડળ બાપાશ્રી અને સંતોની મોટરની આગળ ગોઠવાઈ ગયું હતું, તેમની આગળ બે બાળકો "હે પ્રભુ ! ધર્મની રક્ષા કરો" એવો કાપડ ઉપર સોનેરી શબ્દોથી લખેલો વાવટો લઈને ચાલતા હતા. ઉત્સ-વિયા હરિભક્તોની મંડળીઓ ઉચ્છરંગથી કીર્તનો ગાતી હતી.

સૌના અંતરમાં હેત ને આનંદ ઊભરાતો હતો. બાપાશ્રી પણ સૌના ઉપર કૃપાદૃષ્ટિ કરતા મોક્ષની લહાણી કરતા હતા. બાપાશ્રી તથા સંતમંડળ કરાંચીમાં દસ દિવસ રહ્યા તે દરમ્યાન સૌ હરિભક્તોએ એવો તો લહાવો લીધો કે સૌના ભાગ્ય ઊઘડી ગયાં. જેમને જે જે મનોરથ હતા તે સૌ પૂરા થયા,

લાલુભાઈ, મહાદેવભાઈ, સાંવલદાસભાઈ, હીરાભાઈ, આદિ સર્વે મુક્તમંડળે બાપાશ્રીની સેવાનો અલભ્ય લાભ લઈ બાપાશ્રીને હેત કરીને ભીંજવી દીધા. બાપાશ્રીની ઘેરઘેર પધરામણી કરાવરાવી. સૌના મનોરથ પૂરા કરવા સોમચંદભાઈ બાપાશ્રીને પ્રાર્થના કરે, બાપાશ્રી પણ રાજી થઈ સૌને મોક્ષના વરદાન આપી એ પ્રાર્થના સ્વીકારે. બાપાશ્રીનું પણ એ જ કામ કે કઈ રીતે વધુ ને વધુ જીવો શ્રીહરિજીના સ્વરૂપમાં જોડાય, ને મુક્તમંડળ પણ બધાં મોક્ષભાગી જીવોને પકડી પકડી લઈ આવે. આમ મોક્ષના વાસંતી વાયરા ૧૯૭૯ના ફાગણ માસમાં કરાંચીમાં મન મૂકીને વાયા.

ઘરેઘર હરિભક્તોને લાભ આપતા એક રાત્રે બાપાશ્રી સોમચંદભાઈની ઓરડીએ પધાર્યા. આનંદના સાગરમાં પૂનમની ભરતી! એ આનંદનું વર્ણન કરવું અશક્ય છે, આનંદ ગંગાને સોમચંદભાઈએ ધરાઈ ધરાઈને પીધી. બાપાશ્રી કહે : આ ભૂરાભાઈના ભાણેજ તે અમારા ય ભાણેજ! અને આ ભાણેજની શી વાત! પોતાના બે હાથમાં સોમચંદભાઈનું માથું લઈ બાપાશ્રીએ અતિ વહાલ બતાવ્યું.

સોમચંદભાઈની ઓરડીની પાછળ જ આવેલી રાત્રિ-શાળામાં બાપાશ્રી કૃપાની લહાણી કરવા પધાર્યા, સૌ વિદ્યાર્થી-ઓની પરીક્ષાનું નિમિત્ત કરી સૌને પોતાની કૃપાના ધોધમાં ડુબાડી દીધા. અને નિસ્પૃહીપણે કેવળ શ્રીજીપ્રસન્નતા અર્થે વિદ્યાર્થીના સદ્‌સંસ્કારની ખેવના રાખનાર શિક્ષક સોમચંદ-ભાઈને આત્યંતિક કલ્યાણની પરબ ચલાવવાનું પ્રમાણપત્ર

તે રાત્રે બાપાશ્રીએ રાજી થઈને આપી દીધું ! મુક્તોને નિમિત્ત કરી અનેકનું રૂડું થાય તે માટે મહાપ્રભુ પોતાની કલ્યાણકારી લીલા વિસ્તારતા રહે છે.

માતુશ્રી અંબાબા તો આનંદથી તરબોળ હતા, પણ ઊંડે ઊંડેથી એક સંકલ્પ મોઢા સુધી આવે ને પાછો વળી જાય ! રખેને દીકરો ત્યાગી થઈ સાધુ થઈ જાય ! બાપાશ્રી અંતર્યામીપણે જાણી ગયા ને રાત્રિશાળામાં સૌને પ્રસાદનું મહાદાન દઈને પાછા વળતા અંબાબા પાસે ઊભા રહ્યા, ને કહે : બાઈ ! સંકલ્પ મ કરજો ! સોમચંદને અમારે સાધુ થવા દેવો નથી, એ તો અનાદિકાળથી સાધુ જ છે. તેને ત્યાગી થવા નહીં દઈએ. એ તો અમારી સેવામાં અખંડ વર્તે છે. પછી સોમચંદભાઈને કહે : નૈષ્ઠિકવ્રત અમે નહીં તોડાવીએ, પણ ત્યાગી મ થાજો. આ આશ્રમથી અનેકને લાભ થશે. મા ને દીકરા – બંનેને રાજી કરી બાપાશ્રી મંદિરે પધાર્યા.

કરાંચીના હરિભક્તોને દસ દિવસ સુધી શ્રીહરિજીના સુખમાં તરબોળ કરી બાપાશ્રી તથા સંતો રેલ્વેમાર્ગે અમદાવાદ પધાર્યા. સૌ હરિભક્તોના આધ્યાત્મિક વિકાસના પુરુષાર્થમાં કૃપાનો જે વરસાદ વરસ્યો તેનાથી સૌ કોઈને અહો ! અહો ! થઈ ગયું. લાલુભાઈ, મહાદેવભાઈ, વગેરે મુક્તોની સાથો-સાથ સોમચંદભાઈ અનેકવિધ રીતે સૌને બાપાશ્રીના જોગ-સમાગમનો લાભ અપાવતા.

વર્ષોવર્ષ કરાંચીના હરિભક્તોના મંડળ કચ્છમાં બાપાશ્રીના દર્શન-સમાગમ માટે જાય. સોમચંદભાઈ તો તેમાં હોય જ. બાપાશ્રીની સેવાનો લાભ લે. સાથે આવેલા હરિભક્તોને સેવાનો લાભ અપાવે, બાપાશ્રીને પ્રાર્થના કરી સૌ કોઈનું વધુ ને વધુ શ્રેય થાય તે માટે અથાક પ્રયત્ન કરે. બાપાશ્રીના યોગે કરીને સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં કેવી રીતે

જીવ જોડાય તેના પ્રયત્નમાં સોમચંદભાઈએ રાત જોઈ નથી, દિવસ જોયો નથી, ટાઢ જોઈ નથી, તડકો જોયો નથી, થાક જોયો નથી, ઊંઘ જોઈ નથી! એક જ તાન – શ્રીજીને પ્રસન્ન કરવાનું.

સં. ૧૯૮૨ (ઈ.સ. ૧૯૨૬)ના માગશર માસમાં બાપાશ્રી અમદાવાદ પધાર્યા હતા. તે અરસામાં કરાંચીમાં લાલુભાઈ બિમાર થઈ ગયેલા. તબિયત સુધરતા તેઓને બાપાશ્રીના દર્શન કરવાની અંતરમાં તાલાવેલી થઈ. તે વાત તેમણે સોમચંદભાઈને કરી. સોમચંદભાઈ તો સેવાની મૂર્તિ, તરત જ તૈયાર! લાલુભાઈને લઈને સોમચંદભાઈ અમદાવાદ આવ્યા. ત્યાં જાણ્યું કે બાપાશ્રી તો ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લો) પધાર્યા છે, તો પાછળ પાછળ નીકળ્યા. વઢવાણ, ધ્રાંગધ્રા થઈને હળવદ ગયા ત્યારે ત્યાં દર્શન થયા. લાલુભાઈના ભાવથી ને સોમચંદભાઈની સેવાવૃત્તિથી બાપાશ્રી અતિ પ્રસન્ન થયા.

સં. ૧૯૮૨ના ચૈત્ર માસમાં બાપાશ્રીએ વૃષપુરમાં સત્સંગીજીવનનું પારાયણ બેસારી મોટો બ્રહ્મયજ્ઞ કર્યો ત્યારે કરાંચીના હરિભક્તોના મંડળે સહિત સોમચંદભાઈ અગાઉથી સેવામાં વૃષપુર આવીને રહ્યા હતા. એક વખત ફૂલ લેવા વાડીઓમાં ગયા. અહીં મંદિરમાં – ઉતારે બાપાશ્રી પૂછે કે સોમચંદભાઈ કયાં ગયા? વારે વારે પૂછે અને કહે અહીં અમારા દેશમાં ચિતરા (ચિત્તા) બહુ, તે ખાણી જાય (લઈ જાય). સોમચંદભાઈ હજી આવ્યા નહીં, તો આવું બને તો અમે શું મોઢું દેખાડીએ? બધા પ્રેમલા થઈ જાઓ છો, પણ પૂછવું તો જોઈએ ને? એમ વઢતા જાય. બાપાશ્રીની આ લીલા જોઈ સૌ આશ્ચર્ય પામે. પછી તો બાપાશ્રી પોતે એમને ગોતવા નીકળ્યા! થોડી વાર થઈ ત્યાં સોમચંદભાઈ ફૂલનો મોટો ગાંસડો બાંધીને હસતા હસતા આવ્યા. બધાંએ કહ્યું કે બાપા કયારની રાહ જુવે છે. સોમચંદભાઈ બાપાશ્રી

જે રસ્તે ગયા હતા તે બાજુ ગયા. વાડીના રસ્તે બાપાશ્રી પાસે પહોંચી રસ્તામાં દંડવત્ કરવા માંડ્યા. રડતા જાય ને દંડવત્ કરતા જાય! બાપાશ્રી કહે : હવે રાખો, રાખો. તમને આટલું તો ભાન જોઈએ કે નહિ? ચિંતરા ખાણી જાત તો? તમે અજાણ્યા, તમને ખબર ન પડે! પણ પછી બાથમાં ઘાલી ખૂબ હેતથી મળ્યા, માથે હાથ મૂક્યા ને અતિશય રાજીપો જણાવ્યો. સોમચંદભાઈ માટે ઉત્તમ સંભારણું થઈ રહ્યું.

ગઢડા પ્રથમ પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં – જે હરિભક્તે અમને મન અર્પણ કર્યું હોય તેના લક્ષણનું નિરૂપણ કરતાં શ્રીજીમહારાજ કહે છે કે અમે આજ્ઞા કરીએ તો એ બુરાનપુર તથા કાશી જ્યાં મૂકીએ ત્યાં રાજી થકો જાય. સોમચંદભાઈને થાય કે ભગવાન અને ભગવાનના આવા અનાદિ મહામુક્ત અબજીબાપાને આપણે મન અર્પણ કર્યું છે, તેથી તેઓ કહે તેમ મારે રાજી થકી કરવું. તેમનો એવો ભાવ જોઈ એક દિવસ વૃષપુરમાં મુક્તરાજ બાપાશ્રીએ સભામાં પૂછ્યું કે અમારે ભુજમાં નિર્ગુણાનંદ બ્રહ્મચારી મહારાજને તાકીદના સમાચાર પહોંચાડવા છે. તે કોણ જશે? સોમચંદભાઈ તો આવા પ્રસંગની રાહ જોઈ રહેલા હતા. તરત ઊભા થઈ પ્રાર્થના કરી : બાપા! આપ આજ્ઞા કરો તો હું જાઉં. બાપાશ્રીની આજ્ઞા મળતા ભુજ જવા નીકળ્યા. તે વખતે હાલના જેવા ડામરના રસ્તાઓ, વિજળી દીવાની સગવડ વગેરે નહીં. ડુંગરાળ રસ્તામાં પગદંડીએ જવાનું. ઉતાવળા ઉતાવળા ભુજ મંદિર પહોંચી બ્રહ્મચારી મહારાજને સમાચાર કહ્યા. બ્રહ્મચારી મહારાજ કહે : રાત પડવા આવી છે અહીં, સવારે જજો. સોમચંદભાઈને મનમાં ઉમંગ તેથી થયું કે જરા ઉતાવળા ચાલીને પહોંચી જઈશ. તેથી રજા લઈને વૃષપુર જવા નીકળ્યા. ભુજ શહેર બહાર નીકળ્યા ત્યાં તો અંધારું

થઈ ગયું. થોડી વારે તો પગદંડી પણ ન દેખાય તેવું ઘોર અંધારું થયું. તેથી સોમચંદભાઈ નીચે બેસી પગદંડી ગોતવા જમીન ઉપર હાથ ફેરવવા લાગ્યા. એમ ફંફોસતા થોડું ચાલ્યા, ત્યાં એક પથ્થર ઉપર હાથ પડ્યો. એટલામાં એક માણસ ત્યાં થઈ નીકળ્યો. તેને પૂછ્યું કે આ કયું ગામ ? તો કહે : બળદિયા. આમ ભુજથી નીકળી ૨–૩ કિલોમીટર પણ ચાલ્યા ન હતા ત્યાં પાધરું બળદિયા આવી ગયું. વચ્ચે દવાખાનું કે બારાપર ગામ કાંઈ ન આવ્યું ! ઉમંગમાં ને આશ્ચર્યમાં મંદિર પહોંચ્યા ને ઠાકોરજીના દર્શન કરી બાપાશ્રી પાસે આવ્યા. બાપાશ્રી કહે : ભગત ! ઊડીને આવ્યા કે શું ? આમ રાજીપો બતાવી, મળ્યા. સોમચંદભાઈએ ધન્યતા અનુભવી.

વળી, સં. ૧૯૮૨ની જ સાલમાં આસો માસમાં બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો, તે વખતે સેવાનો લાભ લેવા સોમચંદભાઈ કરાંચીથી વૃષપુર આવ્યા હતા. અતિશય અનુવૃત્તિનું અંગ અને સેવા કરવાની સૂઝ તેથી બાપાશ્રી અવારનવાર સોમચંદભાઈ ઉપર રાજીપો બતાવે, ને મંદવાડના ખાટલે સૂતા સૂતા પણ પાસે બોલાવી માથે હાથ ફેરવે ને આનંદ આપે.

સોમચંદભાઈને રજા દીધી, પણ તેમનું મન માનતું ન હતું. વૃષપુરથી કરાંચી જવાને બદલે વાંટાવદર ગયા. મુક્તારાજ ભૂરામામાનો સમાગમ કર્યો. બંને અરસપરસ માહાત્મ્ય સમજતા. શ્રીહરિજીની મૂર્તિના આનંદના અનુભવની વાતોની રસલહાણ બંને મુક્તો કરતા. સં. ૧૯૮૩ની કારતક સુદ પુનમે સોમચંદભાઈ વાંટાવદરથી અમૃતલાલભાઈ, શિવલાલભાઈ, આદિ હરિભક્તોની સાથે ફરી વૃષપુર બાપાશ્રીના દર્શન-સેવા-સમાગમ માટે આવ્યા. મુક્તારાજ ભૂરાભાઈ તથા સરાવાળા મુક્તારાજ મનસુખભાઈએ બાપાશ્રી ઉપર પત્રો લખીને આપેલા તે બાપાશ્રી પાસે વાંચી સંભળાવ્યા. બાપાશ્રીએ અતિશય રાજીપો

બતાવ્યો. પત્રમાં શિવલલાભાઈને શરણે લેવાની પ્રાર્થના હતી. સોમચંદભાઈએ પણ પ્રાર્થના કરી. બાપાશ્રીએ ઈશ્વરચરણદાસજી સ્વામી તથા વૃંદાવનદાસજી સ્વામી—એ બંને સદ્‌ગુરુઓએ સહિત શિવલાલભાઈનો હાથ ઝાલી વર્તમાન ધરાવી, તેમના ગુના માફ કર્યા. તેમનું કાંડું ઝાલીને બોલ્યા : અનંત કોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન વિના ગુના માફ કરનાર કોણ છે ? એમ કહી બાપાશ્રીએ સોમચંદભાઈની ખૂબ પ્રશંસા કરીને કહ્યું : આ પંડ્યો અમે પ્રમાણ કર્યો છે, તે ઠાવકો પંડ્યો છે. માટે આ પંડ્યાનો ને લાલુભાઈનો જોગ કરજો ને મહારાજની આજ્ઞામાં રહેજો. હરિભક્તોએ બાપાશ્રીની અને સદ્‌ગુરુઓની ચંદન ચર્ચી ફૂલના હારથી પૂજા કરી; મગફળી, ટોપરાં, ખારેકોના હાર પહેરાવ્યા, ને હથેળીમાં કુંકુમ લઈને ભાલમાં મોટો ચાંદલો કર્યો. તે વખતે બાપાશ્રીનું નવીન દર્શન થતું હતું. તેથી સ્વામી વૃંદાવનદાસજી રમૂજે યુક્ત હિંદી ભાષામાં બોલ્યા : અવધૂત જોગી ! કહાંસે આયે હો ? ત્યારે બાપાશ્રી બોલ્યા : 'સૌને વશ કરું રે, સૌનો કારણ હું ભગવાન'—યહાંસે આયે હૈં, યહ મૂર્તિ હમેરે ખાવંદ હૈ. પછી સૌને પ્રસાદી આપતા બોલ્યા : લ્યો ! લ્યો ! આ પ્રસાદી દુર્લભ છે.

"નહિ આવે ફેરી, નહિ આવે ફેરી;
આ અવસર નહિ આવે ફેરી."

એમ કહી ખૂબ પ્રસન્નતા જણાવી.

શ્રીહરિજીની મૂર્તિમાં રસબસ રહેવારૂપી અનાદિમુક્તની સ્થિતિ તો બાપાશ્રીએ કૃપા કરીને કરાવી જ દીધી હતી, પણ જેમ વધુ રાજીપો, પ્રસન્નતા પામતા ગયા તેમ તેમ તે રસબસભાવે મૂર્તિના નવીન નવીન સુખનો અનુભવ કરવા લાગ્યા અને એથી વધુ ને વધુ રાજીપો – પ્રસન્નતા મેળવવાનો આગ્રહ પણ વધતો ચાલ્યો !

કરાંચી પાછા આવી મૂર્તિના રસના ઘૂંટડા ભરતા ભરતા અનેકને એ રસ લેતા કરવાનું કામ તો અવિરત ચાલતું જ હતું. સૌ હરિભક્તોને અંતરમાં સ્નેહનો એવો આગ્રહ કે આજ શ્રીજીમહારાજે અબજીબાપાશ્રી દ્વારા આત્યંતિક કલ્યાણનું સદાવ્રત વહેતું કર્યું છે તેથી કેમ કરીને બાપાશ્રીને રાજી કરી લેવા, કેવી રીતે તેમનો વધુ ને વધુ લાભ લેવો. કચ્છમાં જવાનું વિષમ, દરિયો ઓળંગી જવું પડે, વૃદ્ધો હોય, બાળકો હોય, ગૃહસ્થી હોય – સૌને મુસાફરીનો થાક ખમાય – ન ખમાય, અનુકૂળ પડે – ન પડે, પણ બાપાશ્રીનો લાભ લેવાની તો સૌને ખરેખરી તાણ! આથી સૌ મોટેરા હરિભક્તોએ ભેગા મળી વિચાર્યું કે બાપાશ્રી પોતે જો દયા કરીને કરાંચી પધારે, તો કૃપાની અધાઢી હેલી રેલાય. એ મુજબ સં. ૧૯૮૩ના ફાગણ માસની સુદ ૧૧ એ કરાંચીથી શેઠ સાંવલદાસભાઈ અમદાવાદ આવ્યા ને સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને સરસપુર મંદિરમાં મળ્યાં ને બાપાશ્રીને કરાંચી તેડી જવાની ને સંતોને સાથે લઈ જવાની હરિભક્તોની અંતરતમ ઇચ્છા વિષે વિનંતિપૂર્વક વાત કરી. અને તેમાં સ્વામીશ્રી જ મદદરૂપ થઈ શકે તેમ હતું. પછી સાંવલદાસભાઈ સાથે સ્વામીશ્રી પોતાના સંતો સહિત ભુજ પધાર્યા. ત્યાંથી માંડવી જવાની મોટર ભાડે કરી વૃષપુર આવ્યા. બાપાશ્રીને અતિશય દીનભાવે વિનંતિ કરી, તાત્કાલિક તૈયારી કરાવરાવી. હરિભક્તોએ સહિત માંડવી આવી બાપાશ્રી સ્ટીમર દ્વારા કૂલડોલને દિવસે કરાંચી પધાર્યા.

સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજનો મહિમા વર્ણવતા 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથ કર્યો ને છેલ્લે વધામણીનું ધોળ લખ્યું : 'આનંદ આખ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ, પુરુષોત્તમ પ્રગટી રે.' — તેમાં

અમૃતના સિંધુ ઊલટ્યા રે, રંગડાની વાળી છે રેલ;
અખંડઆનંદ આપી જીવને રે, કાપ્યાં ભારે ભવફંદ;

ખાતાં વળાવ્યાં ખોટનાં રે, ખરી કરાવી છે ખાટચ;
દુર્બળના દુઃખ કાપિયા રે, ન જોઈ જાત કુજાત;
અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝા બીજા ઝાકળ.

જેટલું રાજાનું રાજ્ય, તેટલું રાણીનું રાજ્ય ! જેવો શ્રીહરિનો પ્રતાપ, તેવો શ્રીજીઈચ્છાથી તેમના મુક્તોનો પ્રતાપ ! આત્યંતિક કલ્યાણનો ડંકો વાગ્યો : કોઈ લ્યો મૂર્તિ ! કોઈ લ્યો મૂર્તિ ! કરાંચીમાં સં. ૧૯૮૩નો ફૂલડોલનો ઉત્સવ આત્યંતિક કલ્યાણનો અમૂલો અવસર બની રહ્યો.

એ અવસરનો વધુમાં વધુ લાભ કેવી રીતે વધુ ને વધુ જીવો લે તેવી દષ્ટિ સત્સંગ બગીચાના માળી સોમચંદભાઈએ ઘણી જ ચીવટથી રાખી હતી. બાપાશ્રી તો કૃપા વરસાવવા જ પધાર્યા હતા, ઝીલનારાનેય તૈયાર કરીને જ બેઠા હતા. અનન્ય અવસર બની રહ્યો. વહેલી સવારથી માંડીને મોડી રાત સુધી સૌ બાપાશ્રીને વીંટળાયેલા જ હોય ! કથાવાર્તા, પૂજા દંડવત્, રંગ ઉત્સવ ને કીર્તન-રાસની રમઝટ, સોપો જ ન પડે ! બાપાશ્રીને ઘેરઘેર પધરાવ્યા, ઓરડે-ઓરડે ફેરવ્યા, બાગ-બગીચા વાડીઓ પ્રસાદીની કરાવી. સમૂહમાં ફોટા પડાવી સંભારણા કર્યા, ચંદનપુષ્પ-ફળફૂલ-મેવાનો પાર ન આવે. અનેરા આનંદના ઓઘ વળ્યા ! સોમચંદભાઈ એટલે સજાગ શિક્ષક ! એકે ય મુમુક્ષુ લાભ વિહોણો રહી ન જાય તેનું તાન. બાપાશ્રીએ દુખિયાના દુઃખ હર્યા. સૌના અંતર તણાઈ ગયા. પંદર દિવસ તો જાણે આંખના પલકારામાં વહી ગયા—પણ એ પંદર દિવસો કલ્પે ય ન ભૂલાય તેવી સુખની રેલમછેલ કરાવતા ગયા. એ માત્ર સાત્ત્વિક આનંદ ન હતો, એ તો નિર્ગુણ આનંદના હિલોળા હતા.

બાઈ હરિભક્તોને મર્યાદા ઘણી. બાપાશ્રી અને સંતોના દર્શનની અંતરમાં અતિશય પ્યાસ, પણ એ પ્યાસ છીપાય – ન છીપાય ને દર્શન બંધ ! બાઈઓએ સોમચંદભાઈને

વિનંતી કરી : કાંઈ રસ્તો કાઢો, ને દર્શનનો લાભ અપાવો. સોમચંદભાઈએ અજબનો રસ્તો કાઢ્યો. રાત્રિ વેળાએ બાપાશ્રી ને સંતોની ચોકમાં સભા કરાવરાવી. એવી જગ્યાએ તે ગોઠવી કે સામે મેડો, તેમાં બિલકુલ અંધારામાં બાઈઓને ચૂપચાપ બેસાડી રાખેલા. સભામાં પેટ્રોમેક્ષના ઝળહળતા અજવાળા. ત્રણ કલાક બાપાશ્રી અને સંતોના કથામૃતનો અલભ્ય લાભ સૌએ લીધો. એ દર્શન અને એ કથા – ભૂલી ન ભૂલાય.

બાપાશ્રીની એ વખતે ૮૨ વર્ષની અવસ્થા હતી, પણ હરિભક્તોના અગાધ પ્રેમ અને હેતથી ભીંજાઈને સૌને મહારાજની મૂર્તિનો આનંદ આપવામાં પોતે સહેજ પણ કમી ન રાખી. એ ખંદર દિવસમાં બાપાશ્રી રોજ માંડ બે કલાક માટે પોઢ્યા હશે, આખો વખત હરિભક્તોના સમૂહને કિલ્લોલ કરાવી મૂર્તિના સુખમાં તરબોળ કરી દીધો.

સંતમંડળને થોડા વધુ દિવસ કરાંચી રોકાવાની ભલામણ કરી બાપાશ્રી દરિયામાર્ગે માંડવી જવા બંદરે પધાર્યા. હજારો હરિભક્તો વળાવવા આવ્યા કીર્તનોની રમઝટ કાંઠે ને સ્ટીમરમાં સામસામી જામી. સૌને આ યાત્રાનું છેલ્લું સંભારણું બની રહે તે માટે બાપાશ્રી મોજમાં આવી પોતાની પાસે ભેટ આવેલા ફળોમાંથી પોતે એક એક ફળ કાંઠે ઊભેલા સંતો-હરિભક્તોના નામ દઈ-દઈને તેમના તરફ નાંખવા માંડ્યા. "લ્યો ! સ્વામી વૃંદાવનદાસજી, આ સ્વામી ઈશ્વરચરણદાસજી, પુરાણી હરિપ્રસાદદાસજી, દેવજીવનદાસજી, મુક્તવલ્લભદાસજી, આ પુરાણી ધર્મકિશોરદાસજી, આ આશાભાઈ, આ લાલુભાઈ, આ સમૈયાના અગ્રેસર સાંવલદાસભાઈ, સોમચંદભાઈ" — એમ કહી એક પછી એક ફળ નાંખવા માંડ્યા, તે જેમનું

નામ લઈ ફેંકે તે ફળ તેમના જ હાથમાં આવે. સૌ જન તે જોઈ મહદ્ આશ્ચર્ય પામ્યા.

એ ફળ તો મહારાજની મૂર્તિ પમાડવા રૂપી ફળ જ હતાં. ને ત્યાં તો વળી બીજું અદ્‌ભુત આશ્ચર્ય થયું. હજારો માણસોની હાજરીમાં તે વખતે અંતરિક્ષમાંથી ચંદનની વૃષ્ટિ થઈ. અલૌકિક આનંદથી સૌ કોઈ દિગ્મૂઢ થઈ ગયા! એ ચંદનવૃષ્ટિ તે તો શ્રીજીકૃપાની વર્ષા હતી. સૌ હરિભક્તોના માનસપટમાં મુક્તોની આ લીલા દૃઢપણે આલેખાઈ ગઈ. મુક્તોની લીલા શ્રીજીમહારાજના સંબંધવાળી હોય તેથી તેમની લીલા યાદ આવી જવાથી શ્રીજીની મૂર્તિ સાંભરી આવે છે, ને તે હરિભક્ત પરમપદના અધિકારી બની જાય છે. શ્રીહરિજીની જેમ જ શ્રીહરિજીના મુક્તોનું વિચરણ અને તેમની ક્રિયા–લીલા-ચરિત્રો અનંત જીવના પરમકલ્યાણ અર્થે જ હોય છે.

બગાસું ખાવા મોં ઉઘાડેલું હતું ને અનાયાસે સાકરનો ગાંગડો મોંમાં પડ્યો! કરાંચીના સૌ હરિભક્તોને બાપાશ્રીએ ને સંતમંડળે જે અનહદ કૃપારૂપી સાકરના ગાંગડા ખવરાવેલા તેને હજુ મમળાવતા હતા, ત્યાં સુખના બીજા ધોધનો લાભ લેવાનું આમંત્રણ આવ્યું! બાપાશ્રીએ અનંત જીવોને શ્રીજીની મૂર્તિના સુખમાં ખેંચી જવા બ્રહ્મયજ્ઞ આદર્યો. વૃષપુરમાં સં. ૧૯૮૪ના ચૈત્ર સુદ તેરશથી "સત્સંગીજીવન"નું પારાયણ બેસાડ્યું. બાપાશ્રીએ સૌને કહેવરાવ્યું કે 'આ અમારો છેલ્લો જગન (યજ્ઞ) છે, તેમાં સર્વેને સમાગમનું અઢળક સુખ આપવું છે, પછી અમે અક્ષરધામમાં જઈને બેસીશું.' કરાંચીના હરિભક્તોનો સંઘ તો બધો ય વિશ્વાસી. નાના-મોટા સૌ વચનમાં વર્તનારા. એ સૌ સુખ અને સેવાના આ અમૂલ્ય અવસર ઉપર વૃષપુર પહોંચી ગયા. લાલુભાઈ, સોમચંદભાઈ, વગેરે મુક્તોનો સૌને અનન્ય વિશ્વાસ. સેવાના કાર્યમાં ભક્તિભાવથી સૌ ડૂબી ગયાં. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના

હરિભક્તો આવ્યા; તેમજ એ બધાં પ્રદેશના વતની હરિભક્તો જે ધંધા અર્થે બંગાળ-બિહાર-ઓરિસ્સા-મધ્યપ્રદેશ-મહારાષ્ટ્ર વગેરે સ્થળોએ વસેલા એ હજારો હરિભક્તો આ યજ્ઞમાં આવ્યા હતા. યજ્ઞની પ્રસાદીની સુખડી જે કોઈ જમશે તેનો આત્યંતિક મોક્ષ કરી શ્રીજીમહારાજ પોતાની મૂર્તિના સુખમાં રાખશે. એવું વરદાન એ સમયે બાપાશ્રીએ અનહદ પ્રસન્નતા જણાવી આપ્યું. આવા આ કલ્યાણયજ્ઞમાં સોમચંદભાઈ દીનદાસભાવે સૌની સેવા કરતા જાય ને ઘેરે રાગે કીર્તનોની રમઝટ બોલાવતા જાય. આરતી થઈ રહે ત્યારે શ્રીહરિજીની છડી પોકારે. જ્યાં જ્યાં સોમચંદભાઈ જાય, ત્યાં જાણે સમૈયામાં કીર્તનનો સમૈયો ! બાપાશ્રીને પ્રસન્ન કરવાનો એકે ય મોકો જવા ન દે.

રાજકવિ માવદાનજીએ બાપાશ્રીના ગુણનું ને દિવ્યભાવનું વર્ણન કવિતામાં બોલી બાપાશ્રીને ને સભાને આનંદિત કર્યા. બાપાશ્રીનો રાજીપો જાણી સોમચંદભાઈએ પણ સ્વરચિત છંદ ગાયો જે સાંભળી બાપાશ્રીએ સોમચંદભાઈ પર અતિ પ્રસન્નતા જણાવી.

યજ્ઞની સમાપ્તિ થઈ. સૌ હરિભક્તો દિવ્ય સુખનો અનુભવ કરતા કરતા ધીરે ધીરે વિખરાવા લાગ્યા.

એક રાત્રે કરાંચીથી આવેલા હરિભક્તોને બીજે દિવસે કરાંચી જવાનું હોવાથી એ રાત્રે જ તે સૌએ બાપાશ્રીને હજારી ફૂલના હાર પહેરાવી કુંકુમના ચાંદલા કર્યા, દંડવત્ કરી પ્રાર્થના કરી ત્યારે બાપાશ્રી પણ કુંકુમ હાથમાં લઈ સૌને ચાંદલા કરતા બોલ્યા : "આ હું તમને અક્ષરધામના ચાંદલા કરું છું એમ જાણજો, તમે ટાણે ટાણે દરિયા ઉતરી-ઉતરીને અહીં આવો છો અને મહિમા જાણી તન, મન, ધનથી સેવાઓ કરો છો, તે બધું ય મારી જાણમાં છે !" એમ કહી સૌને મળ્યા ને કૃપા કરી બોલ્યા : "આ યજ્ઞમાં મહારાજે સંત-હરિભક્તો પર બહુ જ રાજીપો જણાવ્યો છે, તેથી આ બધી ય લીલા

દિવ્ય જાણી સંભારજો ને આવું ને આવું હેત મહાપથારી સુધી રાખજો.'' એમ કહી સૌના માથે હાથ મૂકી રજા આપી. તે વખતે એક કચ્છી હરિભક્તે કહ્યું : બાપા ! આ કરાંચીના હરિભક્તોને આપનો મહિમા બહુ છે, કરાંચીથી નાના મોટા જેટલા અહીં આવે છે તેટલા જાણે નવા જ લાગતા નથી. ત્યારે બાપાશ્રી કહે : મહારાજ ને મોટાની કૃપાદષ્ટિમાં આવે તે એવા થઈ જાય ! એમ કહી 'આ અમારા ગરીબડા સેવક સોમચંદભાઈ ઉપર અમે અતિ પ્રસન્ન છીએ' તેમ કહી સોમચંદભાઈનાં માથે ફરી હાથ મૂકી અતિ રાજીપો જણાવ્યો :

પછી સોમચંદભાઈ કરાંચીના હરિભક્તોના મંડળે સહિત કરાંચી આવ્યા. એમને ખબર ન હતી કે ૧૯૮૪ ના ચૈત્ર વદ તેરસની બાપાશ્રીની પ્રસન્નતા ભરી રાત્રિ એ બાપાશ્રીના મનુષ્યરૂપ દર્શનનો તેમને માટે છેલ્લો અવસર હતો. થોડા દિવસ વિત્યા, ત્યાં અબજીબાપાશ્રીએ મનુષ્ય લીલા સંકેલી લીધાના વસમા સમાચાર આવી પડ્યા. સં. ૧૯૮૪ના અષાઢ સુદ પાંચમને રોજ બાપાશ્રીએ પોતાની દર્શન લીલા બંધ કરી. સૌ હરિભક્તો ભારે હૃદયે અંતિમવિધિમાં હાજરી આપવા આવ્યા. આત્યંતિક કલ્યાણનું આ અસાધારણ સદાવ્રત શ્રીજીમહારાજે સંકેલી લીધું !

પરંતુ ઝળહળતા પ્રકાશદીપે અનેક દીવા પ્રગટાવી દીધા હતા — જેના પ્રકાશથી અનેક મુમુક્ષુઓને પોષણ મળતું હતું. સોમચંદભાઈ પણ હવે બાપાશ્રીની કૃપાથી આવા તારક-દીપક બની રહ્યા.



૫. જ્ઞાનગંગા રેલાવી

શ્રીજીમહારાજની મૂર્તિના સુખના કેફમાં સદાય મસ્તાના રહી સોમચંદભાઈ હવે કરાંચીમાં હરિભક્તોના મંડળને પોષણ આપી રહ્યા હતા. કરાંચીના સૌ મુમુક્ષુઓને એમ લાગે કે સોમચંદભાઈ તો અમારા છે, તેઓશ્રીના કારણે અમને મહામોટો લાભ મળ્યો છે. સોમચંદભાઈ એટલે સૌના આત્મીય; તો ય સૌના સેવક. સૌની ખૂબ ઝીણવટથી ખબર રાખે. સૌને મદદ કરવા સદાય તત્પર અને એક માત્ર તાન— સૌને શ્રીજીની મૂર્તિમાં જોડવાનું. બાળક જેમ અન્નથી પોષાતું જાય ને મોટું થતું જાય, તેમ હરિભક્તોનું અંગ સોમચંદભાઈના સંગ-પ્રસંગથી નિત્ય વધતું જાય. કોઈ આડંબર નહીં, કોઈ ઘટાટોપ નહીં, બસ સરળતા, ઋજુતા ને સેવાભાવ. ઘરમાં જેમ માની હાજરી જરાય જણાય નહીં, તેનો ઉદ્‌ઘોષ નહીં પણ સૌને હૂંફ તો માની જ હોય, તેમ કરાંચીના સત્સંગને માતૃવત્ સોમચંદભાઈની હૂંફ હતી.

સોમચંદભાઈ અવારનવાર કરાંચીના હરિભક્તોને સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી, વૃંદાવનદાસજી સ્વામી, ભગવત્સ્વરૂપ-દાસજી સ્વામી જેવા સિદ્ધમુક્તોના દર્શને લઈ જાય. એમના સેવા-સમાગમનો સૌને લાભ અપાવે. એવું તેમનું દયાળુ અંગ હતું.

સં. ૧૯૯૫માં સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીનું તેડું આવ્યું. સ્વામીશ્રીના દર્શન કરી પાસે બેઠા, ત્યારે સ્વામી કહે : "બાપાશ્રીનો તમે બહુ લાભ લીધો છે, બાપાએ તમને ઠાવકા પંડ્યાનું પ્રમાણપત્ર આપ્યું છે. હવે અમારી તબિયત સારી રહેતી નથી, અમારે બાપાશ્રીના જીવનના પ્રસંગો લખવાનો

સંકલ્પ છે. તે કામ તમોને સોંપું છું." સેવામૂર્તિ સોમચંદ-ભાઈને સેવાની સોનેરી તક મળી આવી. સ્વામીશ્રીની આજ્ઞા શિરસાવંદ્ય ગણી તેની તૈયારી કરી

ભગવાનની લીલાનું અપારપણું જણાવતાં સત્શાસ્ત્રો કહે છે કે સમગ્ર પૃથ્વી જેવડો કાગળ, દરિયાના પાણી જેટલી શાહી ને વૃક્ષમાત્રની લેખિની–કલમ કરીને સ્વયં સરસ્વતી લખ્યા જ કરે તો ય ભગવદ્લીલાનો પાર ન પમાય. તેમ ભગવાનના અનાદિ મુક્તોની લીલા પણ ભગવાનના સંબંધે કરીને અપર પાર છે. એનું લેખન-શોધન-સંપાદન એટલે ભગીરથ કાર્ય. જે કાર્યને વિષે જે યોગ્ય હોય તેને તે કાર્યને વિષે પ્રેરવો—એવી પુરુષોત્તમનારાયણ શ્રીહરિજીની આજ્ઞા છે. બાપાશ્રીના જીવનલેખનના ભગીરથ કાર્ય માટે સદ્ગુરુએ સોમચ દભાઈરૂપી સુયોગ્ય ભગીરથ શોધી કાઢ્યા !

એક તો પોતાને સેવાનું સંપૂર્ણ અંગ અને તેમાં પોતાને સોંપાયેલું શ્રીહરિજીના દિવ્યસુખમાં જોડી દેનારા મહા મુક્તરાજનું જીવનવૃત્તાંત તૈયાર કરવાનું હેતભર્યું કામ — એથી સોમચંદભાઈના ઉત્સાહમાં કહેવાનું જ શું હોય ? કેવળ હેત જ નહીં, અત્યંત સૂક્ષ્મ સૂઝ પણ એટલી જ ! સૌ પ્રથમ તો બાપાશ્રીના જીવન વિષેની વધુમાં વધુ માહિતી એકઠી કરવાનું કામ શરૂ કર્યું . બાપાશ્રીના અંતરંગ પરિચયવાળા સૌ હરિભક્તોની લંબાણપૂર્વક મુલાકાતો લીધી. ઝીણામાં ઝીણી હકીકતો નોંધી લીધી. બાપાશ્રીનુ વિચરણ કચ્છદેશમાં વિશેષ. ચાર મહિના સુધી વૃષપુરનિવાસી શ્રી હીરજીભાઈના પુત્ર પ્રેમજી-ભાઈને આથે લઈને કચ્છના ગામેગામ ફર્યા. વૃદ્ધ હરિભક્તો પાસેથી માહિતી એકઠી કરી. વિચારી જોઈ. ખૂટતી કડીઓ મેળવી બાપાશ્રીના ફોટાઓ ભેગા કર્યા. સં. ૧૯૯૬ (ઈ.સ. ૧૯૪૦)નું વર્ષ પૂરું થવા-આવ્યું. માહિતી ઘણી એકઠી થઈ ગઈ હતી. હવે એક સ્થાને બેસી ને સઘળી માહિતીને ક્રમબદ્ધ ગોઠવવાની

હતી, લખવાની હતી, એકસૂત્રતાથી બાંધવાની હતી. એકાંત સ્થાનની શોધમાં હતા. સાથે મદદનીશ સેવાભાવી હરિભક્તની પણ જરૂર હતી. તે અરસામાં સોમચંદભાઈના બેન દિવાળીબા પોતાના કુટુંબે સહિત કરાંચીથી પાછા માથક આવી ગયા હતા. આર્થિક વ્યવહાર સુખી હતો. ઘરના સૌને સેવા ને સ્નેહનું અંગ અસાધારણ હતું. ઘર મોટુ ને મેડીબંધ હતું. તેમાં મેડીએ કોઈનીય દખલ વિના કામ થઈ શકે તેવું હતું. શિવલાલભાઈ સેવામાં મદદ કરવા તૈયાર હતા. સોમચંદભાઈ માથક આવ્યા. અબજીબાપાશ્રીના જીવનની નાહિતીના કાગળો આખી મેડીમાં પાથરી દીધા. કયા પ્રસંગ પછી કયો પ્રસંગ – તેનો ક્રમ ગોઠવવાનું કઠીન કાર્ય પતાવી, એકસૂત્ર – એકધારી ભાષામાં તેને લખવા માંડયુ . એ જીવનચરિત્ર માહિતીપ્રધાન હતું, તે છતાં બાપાશ્રીના સમગ્ર જીવનમાં શ્રીહરિજીની મૂર્તિમાં જોડાવારૂપી સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન છવાઈ ગયું હતું. સાદી ભાષા ને સીધી વાત. રેંટિયો કાંતતી ગામડાની ડોશીને પણ તરત સમજાઈ જાય તેવી શૈલી, તે છતાં હેતના ટેભે ભરી લીધેલું સમગ્ર વર્ણન. અમૃતના ઘૂંટડા ભરાવતા હોય તેવી સમર્થ રજૂઆત. દરિયાના મોજાં જેમ પાણીમાં તરવા પડેલાને ઊંડા જળમાં તાણી જાય છે તેમ બાપાશ્રીના જીવનચરિત્રનું વાંચન કરનાર મુમુક્ષુ બાપાશ્રીના અદ્‌ભુત જીવનસાગરમાં ઊંડો ખેંચાઈ જાય છે. એ જેમનું જીવન-ચરિત્ર છે તેમનું વ્યક્તિત્વ જ એવું પ્રભાવશાળી છે; તે છતાં એ વ્યક્તિત્વનું વર્ણન એવું ચોટદાર છે કે હરકોઈ વાચકના અંતરમાં જડાઈ જાય.

સહાય સાંનિધ્યમાં રહેનારને જે વાત સહજ જણાતી હોય તે અન્યને માટે અતિ મહત્ત્વની બની રહેતી હોય છે. તે રીતે બાપાશ્રીના સાહજિક ગુણોથી માંડીને વિશિષ્ટ ગુણોનું યથાર્થ વર્ણન સોમચંદભાઈએ જીવનચરિત્રમાં કર્યું છે.

વળી, જ્યારે અનરાધાર વરસાદ પડતો હોય ત્યારે પાણીનું મહત્ત્વ જણાતું નથી, પણ જ્યારે દુકાળ કે ઉનાળો હોય ત્યારે પાણીનું મહત્ત્વ જણાઈ આવે છે. તે રીતે, જ્યારે બાપાશ્રીના અતિશય યોગમાં આવી સુખના અધિકારી થયા હોય તેમના તો અહોભાગ્ય ! પણ એ યોગ ન મળ્યો હોય તેઓને માટે આ વર્ણન અતિશય ઉપયોગી બની રહે છે, કારણ કે અબજી-બાપાશ્રીનું જીવનચરિત્ર એ આત્યંતિક કલ્યાણની અખંડ વહેતી સરવાણી છે. તેને વહેતી મૂકવાનું શ્રેય છે સોમચંદભાઈ રૂપી ભગીરથને !

બાપાશ્રીના ઉપલબ્ધ બધા ફોટા પણ તેમાં છાપ્યા છે. આમ ડબલ ક્રાઉન (મોટી) સાઈઝના એક હજારથી વધુ પાનમાં છપામેલું ને આર્ટપેપર ઉપર છાપેલા ચાલીસથી વધુ ફોટા સાથેનું 'બાપાશ્રીનું જીવનચરિત્ર' એ સત્સંગ પરત્વેનું સોમચંદભાઈનું પરમ યોગદાન છે.

અનેક મોક્ષભાગી જીવાત્માઓને શ્રીહરિજીના પરમ અદ્‌ભુત સ્વરૂપમાં રસબસભાવે ઉત્તમ સ્થિતિ કરીને જોડવા રૂપી બાપાશ્રીના ઉત્તમ સેવાયજ્ઞમાં સોમચંદભાઈ છેવટની ઘડી સુધી જોડાયેલા રહ્યા હતા. 'બાપાશ્રીના જીવનચરિત્ર'ના લખાણનું અતિ ઉદાત્ત ને અતિ પારમાર્થિક કાર્ય જે તેમણે કર્યું તે માટે સમગ્ર સત્સંગ સમાજ સદાકાળને માટે સોમચંદભાઈનો ઋણી રહેશે. ખુદ બાપાશ્રીએ પોતે આ જીવનચરિત્રના લખાણ-રૂપી સેવાનું કામ થતું હતું ત્યારે દિવ્યરૂપે બંને સેવકો — સોમચંદભાઈ અને શિવલાલભાઈને દર્શન દઈ પોતાનો રાજીપો બતાવ્યો હતો. વળી, સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીએ પણ દિવ્ય દર્શન દઈ 'અલબેલાજી આવો આજ મારે આંગણે' એ કીર્તન ગાવાનું કહ્યું હતું. આમ, સોમચંદ-ભાઈનો દાખડો તો લેખે લાગી જ ગયો હતો. એ તો આગોતરી

ભાવિ પેઢીના મુમુક્ષુઓને સોમચંદભાઈ દ્વારા આત્યંતિક કલ્યાણનો રાજમાર્ગ દેખાડવાની બાપાશ્રીની કરુણા જ હતી.

આટઆટલા પરોપકારની કામગીરી પણ એનો કોઈ દેખાવ નહીં, દંભ નહીં — એ તો એવા ને એવા સેવાની મૂર્તિ — દાસાનુદાસ.

ત્યાર પછી સં. ૧૯૯૮ની શરૂઆતમાં આ પુસ્તક છપાવવાનું કામ રાજકોટમાં ચાલતું થયું. સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીએ ગંભીર માંદવાડ ગ્રહણ કર્યો હતો. સૌને અંતરમાં એમ થયા કરે કે સ્વામીશ્રીને અતિ વહાલું આ પુસ્તક છપાઈ જાય ત્યાં સુધી સ્વામીશ્રી લીલા બંધ ન કરે તો સારું. સ્વામીશ્રી તો સ્વતંત્રમૂર્તિ ને સત્યસંકલ્પ. પણ એ પુસ્તક છાપવામાં સમય સાથે હોડ ભરવાની થઈ. તેમાં ય સોમચંદભાઈ તો સેવામાં હાજર જ ! વળી પોતે છાપખાનાના કામના અતિશય માહિતગાર. રાતદિવસ કામ ચલાવ્યું. સોમચંદ-ભાઈને પણ જાણે એ જ માત્ર કામ. યોગીઓના જેવો યોગ ને ધ્યાનીઓના જેવું ધ્યાન સોમચંદભાઈએ આ પુસ્તક છપાઈના કામમાં લગાવી દીધું : ઈચ્છા માત્ર શ્રીહરિપ્રસન્નતાની !

પુસ્તક છપાવવાનું કામ પૂરું થયું ને તાત્કાલિક કાચું બાઈન્ડીંગ કરાવી તે પુસ્તક લઈ શેઠ હીરજીભાઈ તથા સોમચંદ-ભાઈ અમદાવાદ સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી પાસે આવ્યા. પુસ્તક જોઈ સ્વામી અતિ રાજી થયા ને હીરજીભાઈને કહે : હવે અમને રાજકોટ ક્યારે લઈ જવા છે ? સંપૂર્ણપણે પથારીવશ ને તબિયતની કટોકટીભરી વૈદકીય પરિસ્થિતિ— પરંતુ હીરજીભાઈ પણ અનન્ય નિષ્ઠા, વિશ્વાસ ને સેવાના અંગવાળા. સ્પેશ્યલ ડબ્બો રીઝર્વેશન કરાવી સ્વામીશ્રીને અમદાવાદ, કટોસણ, વીરમગામ, સુરેન્દ્રનગરથી રેલ્વે માર્ગે રાજકોટ લાવ્યા. હીરજીભાઈના બંગલામાં 'બાપાશ્રીના જીવન-ચરિત્ર'ની સમૂહ પારાયણ થઈ. સ્વામીશ્રીનો સંકલ્પ યથાર્થ

રીતે પાર પડયો. રાજકોટથી પાછા અમદાવાદ પધારતા પહેલાં સ્વામીશ્રીએ સોમચંદભાઈ ઉપર અતિ પ્રસન્નતા બતાવી. સં. ૧૯૯૮ના આસો સુદ પૂનમ — શરદ્‌પૂર્ણિમાએ રાજકોટમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં પ્રથમ પારાયણ થઈ, ને પંદરમે દિવસે સં. ૧૯૯૮ના આસો વદ અમાવાસ્યા દિવાળીને દિવસે સદ્‌ગુરુ સ્વામીશ્રીએ પોતાની મનુષ્યલીલા સંકેલી લીધી !

અદ્‌ભુતમાં અદ્‌ભુત સ્વરૂપ હોય તો તે એક શ્રી સ્વામિનારાયણ ભગવાનનું છે ને તે સ્વરૂપમાં અતિ હેતે રસબસભાવે જોડાઈ જવું તે અનાદિ મુક્તની સ્થિતિ છે — ને તે જ આત્યંતિક કલ્યાણની સ્થિતિ છે. આવા આત્યંતિક કલ્યાણના માર્ગે જનારા માટે સોમચંદભાઈએ લખેલું : "અબજીબાપાશ્રીનું જીવન-ચરિત્ર" ઉત્તમ પથદર્શકની ગરજ સારે છે.



૬ સદૈવ સેવક

સ. ૧૯૫૧ની વાત છે. અનાદિમુક્તારાજ અબજીબાપાશ્રીએ અસંખ્ય મુમુક્ષુઓને શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીની દિવ્ય મૂર્તિમાં જોડવા કચ્છમાંથી અમદાવાદ – ધોળકા વગેરે ગામો તરફ વિચરણ કરવા સંકલ્પ કર્યો. પ્રથમ પોતાને વિશે અતિ ભાવવાળા મુક્તારાજ રામજીભાઈને ઉપરદળ ગામ જઈ, તેમની માંદગીમાં રાજી કરી, પોતે ધોળકા પધાર્યા. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીશ્રી તે વખતે ધોળકા મંદિરમાં મહંત હતા. તેમણે બાપાશ્રીનો અતિ પ્રતાપ ને મહિમા જાણી લઈ અતિ ભાવપૂર્વક સેવા કરી. બાપાશ્રીએ રાજી થઈને કહ્યું : સ્વામી ! તમે શું કરવા આવ્યા છો અને શું કરો છો ? અને તમે કોણ છો ? ત્યારે સ્વામી બોલ્યા અત્યારે તો કાંઈ જણાતું નથી, ને કરવાનું છે તે થતું પણ નથી. બાપાશ્રી કહે : કરોને, કેમ થતું નથી ? ત્યારે સ્વામીશ્રી કહે : તમે કરાવો તો થાય. ત્યારે બાપાશ્રી કહે : સ્વામી ! તમે તો શ્રીજીમહારાજના અનાદિમુક્ત છો, ને તમને તો શ્રીજીમહારાજે મુમુક્ષુઓને સુખિયા કરવા મોકલ્યા છે, માટે સર્વેને સુખિયા કરો — એમ કહેતામાં તો સ્વામીશ્રીને શ્રીજીમહારાજના તેજોમય દર્શન થયા ને પોતાની અનાદિમુક્તની સ્થિતિ જણાઈ આવી.

એક વખત સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીશ્રીએ બાપાશ્રીને પ્રાર્થના કરી : " જેમ સરકારે નળ નાખ્યા, વીજળીના દીવા નાખ્યા, તેમાં નાનું બાળક હોય તે નળ ફેરવે કે પાણી ચાલ્યું આવે ને ચાંપ દાબે કે દીવા થાય, એમ તમે એવી દયા કરો કે મૂર્તિને સંભારે કે તરત દર્શન થાય ! તે પ્રાર્થના સાંભળી અબજીબાપાશ્રી કહે : " પ્રલય સમયે ધ્રુવના તારા સુધી પાણી ભરાણું હોય ત્યારે કોઈ નળ નાખવાનું કહે તથા ચિદાકાશની

દૃષ્ટિ થાય ને સર્વત્ર મહાતેજ દેખાતું હોય ત્યારે કોઈ દીવા નાખવાનું કહે, તેમ તમારી પ્રાર્થના છે! આપણે તો સૌને મૂર્તિ આકારે કરી અનાદિમુક્તની સ્થિતિમાં રાખવા છે. તમારે પણ એ જ કામ કરવાનું છે. આ રીતે પછી તેમણે અબજી-બાપાશ્રીના વચનાનુસાર શ્રીજીમહારાજની પ્રસન્નતાર્થે અનેક મુમુક્ષુઓને 'ધ્રુવના તારા સુધી ભરાયેલા જળમાં ડૂબે' તેમ સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિને વિષે જોડવાનું કામ જીવન પર્યંત કર્યું. એવા આ સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી, સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીની જોડ સમા હતા.

અમૃત પીરસવાના કામે જ લાગેલા સોમચંદભાઈ પોતાના હેતરુચિવાળાને દિવ્યરસના મહામોટા સ્રોતરૂપ મુક્તો પાસે લઈ જઈ અમૃતના ભાગી બનાવતા. સદ્‌ગુરુ ઈશ્વર-ચરણદાસજી સ્વામીશ્રીએ પોતાની આ લોકનાં લીલા સંકેલી લીધી, તેથી મુમુક્ષુઓને સોમચંદભાઈ વારે વારે સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીશ્રી પાસે લઈ જઈ, તેમના જ્ઞાનગંભીર અનુભવસિદ્ધ ઉપદેશનું પાન કરાવી, મૂર્તિમાં સ્થિતિ થવા રૂપ આશીર્વાદ લેવરાવતા. એ અમૃતરસ જેમણે એક વાર માણ્યો ને જાણ્યો તેમને ફરી ફરી એ લહાવો લેવાની ઉત્કંઠા થતી. સૌ હરિભક્તો સોમચંદભાઈને ફરી વળે અને કહે: સ્વામીને અમારે ત્યાં પધરાવો, સ્વામી અમારા છે, અમને લાભ આપો! સ્વામીશ્રી ગામેગામ વિચરતા થકા અનેકને શ્રીજીસ્વરૂપમાં જોડતા ને સેવામૂર્તિ સોમચંદભાઈ સાથે જ હોય. સ્વામીશ્રી સં. ૧૯૦૪માં આ પૃથ્વી ઉપર પધાર્યા. સં. ૧૯૯૯માં દયાળુ મૂર્તિ સ્વામીશ્રી ૯૫ વર્ષની ઉંમરે પણ શ્રીહરિજીને રાજી કરવા ગામેગામ ફરી અનેક મુમુક્ષુઓને પોષતા. સોમચંદભાઈએ સ્વામીશ્રીની રુચિ બરાબર સમજી રાખેલી. તેથી સોમચંદભાઈની હાજરી એટલે સ્વામીશ્રીનો રાજીપો ને સેવા – બંને મેળવવાનો ઉત્તમ અવસર. હરિભક્તો

આ યોગને અનેરો માની સોમચંદભાઈને લઈને સ્વામીશ્રીના સમાગમ માટે આવતા.

સં ૨૦૦૦ની સાલમાં પોતાના હેતરુચિવાળા સૌ હરિભક્તોને પોતાના દર્શન – સેવા – સમાગમ – રાજીપાનું દાન દેવાનો છેલ્લો અવસર કરીને, સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીશ્રી ગામેગામ વિચર્યા. ન જોયો થાક, ન જોઈ પોતાની અવસ્થા. સોમચંદભાઈને સેવામાં જોડે રાખ્યા. વળી, કયારેક સ્વામીશ્રી મૂળી – અમદાવાદ જેવા મોટા મંદિરમાં થોડો વધુ સમય રોકાવાના હોય ત્યારે સોમચંદભાઈને ખાસ સૂચના આપી આજુબાજુના ગામોમાં મોકલી હરિભક્તોને શ્રીહરિની મૂર્તિ સંબંધી પોષણ મળે એ માટે બોલાવતા.

એમ બધે ફરી, દર્શન દઈ સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. મંદવાડ ગ્રહણ કર્યો. સોમચંદભાઈ તો સેવામાં સદાય સાથે ને સાથે. સ્વામીશ્રીની અંગસેવામાં જોડાઈ ગયા. થોડો સમય મંદવાડ દેખાડી સ્વામીશ્રીએ લીલા સંકેલી લીધી, જંગમતીર્થ બંધ થયું. શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય બગીચાને જાળવવા – પ્રફુલ્લિત રાખવા – સંવર્ધન કરવા બાકી રહેલા માળી – સંવાહકોની જવાબદારી વધી.

સંવત ૨૦૦૦ની સાલ (ઈ.સ. ૧૯૪૪) પૂરી થઈ. કરાંચીના હરિભક્તો પત્ર ઉપર પત્ર લખે છે કે સોમચંદભાઈ! હવે અમને શ્રીજીના સુખની વાતોની રસલહાણ કરવા માટે કરાંચી કયારે આવો છો? આમ સોમચંદભાઈની સ્થિતિ પારખી સદ્‌ગુરુઓએ તેમને ગામેગામના મુમુક્ષુઓની જ્ઞાન-પિપાસા છિપાવવાના સદાવ્રતમાં જોડી દીધા. ભગવાનની કૃપાની તો કાંઈ અવધિ છે? મુમુક્ષુઓ મુક્તોને શોધે એ સનાતન રીત તો સૌએ જાણી, પણ આ તો ભગવાને મુક્તોને મુમુક્ષુઓના ઘેરઘેર સામે પગલે મોકલ્યા! સદાવ્રત લેવાવાળાને સદાવ્રતના સ્થાને ય જવાનું નહીં, સદાવ્રતવાળા જ ઘેર ઘેર

પીરસવા નીકળ્યા ! કોઈ લ્યો ! કોઈ લ્યો ! એક વખત એ રસરૂપ મૂર્તિના રસનો ઘૂંટડો ભર્યો, તે એના રંગે રંગાઈ ગયા ! પણ સદાવ્રતવાળાને કેટકેટલું ફરવાનું ?

જળકમળવત્ નિર્લેપ રહીને બાઈ-ભાઈ એમ બંનેમાં – બે પડાળી સત્સંગ કરાવવાની બેવડી જવાબદારી બાપાશ્રીએ નૈષ્ઠિક વ્રતધારી સોમચંદભાઈને સોંપી હતી. તેમણે ગૃહસ્થાશ્રમીઓના ઘેરઘેર જઈને બાઈ-ભાઈ-વૃદ્ધ-જુવાન-બાળક-ગાય-ભેંસ-ઘોડા — જીવપ્રાણીમાત્ર સુધી શ્રીહરિજીની અનુપમેય કરુણા પહોંચાડી. કરાંચીને જ કેવળ સંભાળીને બેસી રહ્યો હવે ચાલે તેમ ન હતું ! તે છતાં જે જે એકવાર કરુણાદૃષ્ટિમાં આવ્યા તે સૌને સતત પોષણ દેવાનું તો ચાલુ રાખવાનું જ હતું, તેથી સોમચંદભાઈ પાછા કરાંચી આવ્યા.

પરંતુ દેશકાળ બદલાવા લાગ્યા હતા. ભારત દેશની આઝાદી આવતા પહેલાંના કોમવાદી ઓળા આખા કરાંચી ઉપર ઝળુંબતા હતા. ધન, આબરૂ, પ્રાણના નાશ સુધીનો આપત્કાળ કરાંચી બંદરે આવી પહોંચવાને હવે ખાસ વાર ન હતી. ભગવાને તો આશરે આવેલા સૌની આ લોક અને પરલોક – એમ બંનેની દેખભાળની જવાબદારી સ્વીકારી છે. સોમચંદભાઈ કરાંચીમાં હેતવાળા સૌ હરિભક્તોને ઘેરઘેર ફરી વળ્યા અને જણાવ્યું : "ભલે તમે ગમે તેટલાં વર્ષો – પેઢીઓથી અહીં કરાંચીમાં વસેલા હો, હવે કરાંચી છોડવાનું છે. વેપારધંધા સમેટવા માંડો, ઘરવખરી ભેગી કરી લો, કુટુંબ-કબીલાને મોકલવા માંડો. શ્રીહરિનો આદેશ છે કે ભૂંડા દેશ-કાળમાં તો પોતાના વતનનો પણ ત્યાગ કરી બીજે જ્યાં ઉપદ્રવ ન હોય ત્યાં જઈને વસવું, માટે ગુજરાત-સૌરાષ્ટ્ર-મુંબઈ તરફ ચાલી નીકળો."

સોમચંદભાઈનું પોતાનું કુટુંબ તો સાવ સરળ ને વિશ્વાસુ. તરત ગાંસડા-પોટલા તૈયાર કરીને કરાંચી છોડી વાંટા-

ચદર–માથક–હળવદ–ધ્રાંગધ્રા પહોંચી ગયા. કુટુંબના સૌને – અને તેમાં ય ખાસ કરીને સાંખ્યયોગી જીવીબેન અને ગૃહસ્થાશ્રમી દિવાળીબેનને – સોમચંદભાઈનો સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો હતો કે સોમચંદભાઈ સ્વામિનારાયણ ભગવાનની અનેરી મસ્તીથી ઊભરાઈ રહ્યા છે. તેથી સોમચંદભાઈએ જેમ સ્વામિનારાયણ ભગવાનની ઝીણામાં ઝીણી આજ્ઞા મન, કર્મ, વચનમાં આત્મસાત્ કરી હતી, તેવી જ રીતે કુટુંબના સૌ કોઈ શ્રીજીની આજ્ઞાઓનું અક્ષરશઃ પાલન કરવા સતત પ્રયત્નશીલ રહેતા.

દિવાળીબેનને એવી રીતે તૈયાર કરેલા કે સાસરામાં મોટું કુટુંબ, મોટો વ્યવહાર, સર્વેના સ્વભાવ પણ કડક, છતાં ય ખૂબ જ પ્રેમ અને શાંતિથી શ્રીજીમહારાજને અખંડ સંભારતા થકા કામ કર્યા જ કરે. વ્યવહારનો ભાર દેખાય ભલે, પણ અંતરમાં રંચમાત્ર અસર નહીં. ગૃહસ્થાશ્રમી છતાં સોનાનો જરાય મોહ નહિ તેથી દાગીના – અલંકારો હોવા છતાં ય પોતાને ન ખપે, તેટલું જ નહીં પણ ભભકદાર સારું વસ્ત્ર પણ ન પહેરે. ગમે તેવો શુભ માંગલિક વ્યવહારનો પ્રસંગ હોય, પણ મર્યાદિત સાદા વસ્ત્રો પહેરીને જ ઉજવી દે. દીકરીના લગ્ન હોય કે દીકરાના, પણ એક ધારી જ રીત. ગમે તેવા શુભ પ્રસંગે પણ હરખનો અતિરેક ક્યારે ય ન દેખાય. તેમજ કોઈ દેહ મૂકી જાય – જુવાન હોય કે વૃદ્ધ – રોકકળ તો શું, પણ વૃથા – શોકમાં ય ડૂબેલા દેખાય નહિ. મેરુ સરખી ધીરજ ધારણ કરી સૌને આશ્વાસન આપે, અને 'શ્રીજીમહારાજની મરજી પ્રમાણે થાય છે' એમ કહી શ્રીહરિના વચનોની સૌને સ્મૃતિ કરાવે. 'ધણીના ગમતામાં આપણે શું હાય-વોય કરવી' એમ કહી શાંત પાડે. આમ, ઉત્તમ ગૃહિણી એવાં દિવાળીબા કુટુંબમાં – પરિચયમાં આવનાર સૌમાં – વહાલા થઈ રહેલા. આ બધો પારસના સ્પર્શનો પ્રતાપ!

શ્રીહરિજીના વચનો અધ્ધરથી ઝીલવાની તત્પરતાનો પ્રતાપ!

શ્રીહરિજીની આજ્ઞાપાલનની અતિ તીવ્રતાથી રાજી થઈ સોમચંદભાઈ જીવીબેન–દિવાળીબેનની સાથે વધારે રહેતા.

સોમચંદભાઈ સદાય શ્રીહરિજીની મૂર્તિના સુખમાં રમણ કરતા, તે છતાં આબાલવૃદ્ધ—સૌ કોઈની સાથે ભળી જાય તેવી સરળતા જણાવતા. સેવાભાવમાં તો પૂછવાનું જ શું? એક વખત પોતાના બનેવીને પથરીના ઓપરેશન માટે નડિયાદ દવાખાને રાખેલા. લાગણીભરેલું મોટું કુટુંબ જેથી બધા તબિયત જોવા આવે. સૌને સત્સંગના નિયમ મુજબ ચોખ્ખું પાણી-જમવાનું જમાડી દર્દી અને હમદર્દીની સેવામાં રહેતા. કોઈ પણ કામમાં નાનપ ન જાણે. કપડાં ધોઈ નાખે, વાસણ ઉટકી નાંખે, રસોઈ બનાવવા લાગે—બેન સંકોચ પામે: ભાઈ! તમે રહેવા દો! સોમચંદભાઈ કહે: ભગવાને મને બાઈમાણસનો અવતાર આપ્યો હોત તો આ બધું કામ મારે માથે ન હોત? માટે તેની ચિંતા મૂકી કીર્તન બોલો! કીર્તનભક્તિમાં સૌને પરોવી પોતે સેવારૂપ બને.

કુટુંબના બાળકો–કિશોરો ભેગા થાય તો નિત્ય નવીન રમૂજ કરતા જાય ને સૌને શ્રીહરિનો રંગ અધિક ને અધિક ચડાવતા જાય. કીર્તનમાં મગ્ન કરે, તો કયારેક બાળકોને રાજી કરવા ચાલુ ઢાળમાં કીર્તન બનાવી કાઢી મજા કરાવે. એવું કવાલીના ઢાળનું સોમચંદભાઈનું કરેલું એક કીર્તન:

શ્રી સહજાનંદ સ્વામી

સૂર્ય સહજાનંદ પ્રગટયા અવની ઉપર જ્યારથી,
અભય વરદાને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧
બાળરૂપ સૌને બતાવ્યું છપૈયાપુરની માંહી,
દિવ્યચરિત્રોથી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨
નવયુગમાં યોગી બન્યા જોડી જડે નહિ જગતમાં,
તજી ભુવન જઈ વનમાં કર્યો શ્રીસ્વામિનારાયણ દિગ્વિજય. ૩

વનવિકટ ફરતા મહાપ્રભુ નવલખા પર્વતમાં ગયા,
નવલક્ષ યોગીમાં કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૪
પછી શ્યામ સોરઠમાં પધારી લોજની વાવે ગયા,
મુક્તાનંદ પાસે કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૫
ગુરુશ્રી રામાનંદ સ્વામી હતા ભુજંગપુરે તે સમે,
પત્ર લખાવીને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૬
આવ્યા ગુરુ અવતારી પાસે જોઈ વર્ણી વેશને,
બહુ હેતથી મળીને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૭
મહાદીક્ષા પીપલાણે લઈ રાજી કર્યા ગુરુને હરિ,
કલ્યાણધ્વજ રોપી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૮
જેતપુરે ઉન્નડ ભૂપતિ ઘેર ધર્મધુરંધર પ્રભુ,
ગુરુવચન શિર ધારી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૯
ધામે સીધાવ્યા ગુરુ પછી અગણિત જીવો તારવા,
દેશવિદેશે ફરી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૦
દર્શન સમાધિ અગમ સુગમ કરી વાતની વાતમાં,
બ્રહ્મમહોલ દેખાડી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૧
ફરી શહેર પુર બજાર શેરી પતિતને પાવન કર્યા,
કરી મુક્ત મુમુક્ષુ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૨
શ્રીપુર ઉત્તમ ધામ જે ત્યાં સ્થાપી ધર્મધુરને,
નરનારાયણ નામે કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૩
વડતાલમાં પણ એ રીતે ગાદી કરી શ્રીપતિતણી,
સમૈયા કરીને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૪
થયાં ગામે ગામ મંદિરો શ્રીહરિ બિરાજીને તહાં,
દૃષ્ટિમાં જીવો લઈ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૫
આજ્ઞા પળાવી આકરી પરમહંસ મોટા સંતને,
હરિભક્તો સાથે લઈ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૬

અદ્‌ભુત પ્રતાપી એ પ્રભુ અદ્‌ભુત કરતા કામને,
અસંખ્ય જીવોમાં કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૭
અવતારી જે અવતારના અક્ષરપતિ સર્વોપરી,
સકળ સ્વરૂપે કરી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૮
ધન્ય ધન્ય ધર્મકુંવર પ્રભુ ધન્ય ભાગ્ય જે શરણ થયા,
અખંડ સુખ આપી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૧૯
નોબત બજાવી મોક્ષની કલ્યાણ કરવા કારણે,
વર્તમાન પળાવીને કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૦
દિવ્યરૂપે સત્સંગમાં આચાર્ય સંત ને શાસ્ત્રમાં,
પ્રત્યક્ષ પ્રતિમારૂપે કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૧
મનુષ્યરૂપ અદશ્ય કરી અખંડ આ સત્સંગમાં,
મુક્તો ભેળા રહી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૨
શરદૃઋતુ સ્થાપન કરીને શ્વાંત વરસાવ્યા હરિ,
કરી જીવમાંથી શિવ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્જય. ૨૩
સત્સંગરૂપી ક્ષેત્રમાં કલ્પતરુ સમ સંત થકી,
મૂર્તિરૂપ ફળ દઈ કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૪
દિવ્ય અમૃત રસ મહીં બસ કર્યા અગણિત દાસને,
અનાદિ પદ આપી કર્યો શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય. ૨૫

આમ, બાળકોને રમાડતા–રમાડતા પણ સોમચંદભાઈનું નિશાન તો સૌ કોઈને શ્રીહરિજીમાં જોડવાનું જ!

સં. ૨૦૦૩ એટલે ઈ.સ. ૧૯૪૭માં ભારતદેશ આઝાદ થયો. અંગ્રેજો ગયા ને સત્તાના સૂત્રો ભારતીયોએ સંભાળ્યા. તે વખતે ય સોમચંદભાઈની સેવાપ્રવૃત્તિ એવી ને એવી વણથંભી ચાલુ હતી. ગામેગામ ફરતા સૌને સમજાવતા : દેશ તો આઝાદ થયો, પણ આપણે? આપણે આઝાદ થયા કે નહીં તેની સંભાળ-ચિંતા વધુ જરૂરી છે. આપણા જીવ ઉપર ફરી વળેલા આવરણો ભેદી નાખીને ભગવાન સ્વરૂપે બનવું તે જ સાચી આઝાદી છે, મુક્તિ છે! ભગવાનની

કૃપાથી ભગવાનના મુક્તોને આવરણ ભેદ્યાની ગતિ છે, તેથી મુક્તોને વિષે આપોપુ કરીએ તો આપણા આવરણ ભેદાય ને સાચા—આઝાદ થવાય. આપણને દિવ્ય ચિંતામણિ શ્રીહરિની મૂર્તિ મળી છે તેને જતન કરીને રાખવી. આપણને શ્રીહરિએ મુક્ત કર્યા છે! આમ વાત કહી સૌને સતત મૂર્તિનું અનુસંધાન રાખવાનું અંગ પાડતા.

સં. ૨૦૦૪ની સાલ ચાલતી હતી ને પોતે ગામેગામ ને ઘરેઘર ફરતા સૌને આનંદસ્વરૂપ શ્રીહરિજીના આનંદરસથી તરબોળ કરતા થકા શ્રીજીસેવામાં વ્યસ્ત છે ત્યાં વાંટાવદરથી સમાચાર આવે છે : ભૂરામામાએ મંદવાડ ગ્રહણ કર્યો છે. સોમચંદભાઈ તરત નીકળી વાંટાવદર પહોંચી જાય છે. સં. ૧૯૧૮માં પ્રગટ થયેલા ભૂરાબાપાને ૮૬મું વર્ષ ચાલતું હતું. ભૂરાબાપાનું શરીર કૃષ થઈ ગયું હતું, શ્વાસની તકલીફ હોવાથી પડખાભર સૂવાતું નહિ, હાંફ જણાય, પરંતુ મોટાનો મંદવાડ તો અનેક જીવોને સેવાનો લાભ આપી તેમના આવરણ હટાવવાનું સદાવ્રત જ છે, તે સોમચંદભાઈ જાણે છે. સૌ સગાં-વહાલાંને પત્રથી, માણસ મોકલી કે અન્ય રીતે જાણ કરાવે છે જેથી સૌ આ અંતીમ લીલાના દર્શન-સેવાનો લાભ લઈ શકે. સોમચંદભાઈ તો સેવારૂપ છે જ, પણ સૌને સેવારીતિ પોતે શીખવી લાભ અપાવે છે. સોમચંદભાઈની સેવારીતિથી ભૂરા-બાપા ખૂબ રાજી થાય છે. અંતીમ લીલા વખતે સોમચંદભાઈ ભૂરાબાપા પાસે એવા આશીર્વચન અપાવે છે કે "આ વખતે જે કોઈ હાજર રહ્યા છે ને અમારી નજરે ચડયા છે અને દૂર રહ્યા થકા સંભારે છે, પણ આવી શક્યા નથી, તે સૌનો છેલ્લો જન્મ કરી આત્યંતિક કલ્યાણ કરી, મહારાજ તેમની મૂર્તિના સુખમાં રાખી દેશે!" દીવો પ્રજ્વલિત હોય ત્યારે પ્રકાશ આપે, ને વિલીન થતાં પહેલાં તો વિશેષ રીતે પ્રજ્જ્વળીને વધુ પ્રકાશ આપે! તેમ ભેગા થયેલા સૌ કોઈ

ન્યાલ થયા. તેમને સૌને તે વખતે ત્યાં બોલાવી લેનારા સેવામૂર્તિ એવા કે કોઈને ય આભારનો ભાર ન લેવા દે. સોમચંદભાઈએ આ રીતે સર્વે પર મહદ્ ઉપકાર કર્યો.

ધ્રાંગધ્રા-હળવદ પંથકના સત્સંગીઓને તો સં. ૨૦૦૪માં બે કાળ ભેગા પડ્યા! ભૂરાબાપાએ જેઠ માસમાં ભૌતિક દેહની લીલા સંકેલી લીધી, તેની હજુ કળ વળે તે પહેલાં તો સમાચાર આવ્યા કે ધ્રાંગધ્રામાં સદ્ગુરુ ભગવત્સ્વરૂપદાસજી સ્વામીશ્રી માંદવાડ વિશેષ જણાવે છે. સોમચંદભાઈને ને સ્વામીશ્રીને અંતરની એકતા છે. શ્રીહરિજીની એક જ મૂર્તિમાં રસબસપણે સુખભોક્તા મુક્તોની એકતા તો અજોડ જ હોય ને? સ્વામીશ્રીના માંદવાડના સમાચાર સોમચંદભાઈને ગઢડા – ભાદરવા સુદ ૧૧ના જળઝીલણીના સમૈયે મળ્યા, તરત તેઓ ધ્રાંગધ્રા આવી સ્વામીશ્રીની સેવામાં રહી ગયા. સ્વામીશ્રી કહે : તમે આવી ગયા તે બહુ સારું થયું. હવે તમે મારી પાસે જ રહેજો. હેતરુચિવાળા સંતહરિભક્તોને કાગળ લખીને સ્વામીશ્રીના દર્શને તેડાવ્યા. સ્વામીશ્રી તો એટલી જ વાત કહે : આપણે તો મહારાજ જ! સૌના ઉપર કૃપાદૃષ્ટિ કરે. ભાદરવા વદ દસમે સ્વામીશ્રીએ દેહલીલા સંકેલી. (જન્મ સં. ૧૯૩૪)

શ્રીહરિની મૂર્તિના સુખે સુખિયા મુક્તો લીલા સંકેલતા ગયા, ને એ સુખના ભોગી બીજા મુક્તોને શ્રીજીનું આત્યંતિક કલ્યાણનું સદાવ્રત સતત ચાલુ રાખવાનું સોંપતા ગયા.



૭. હૈડે હૈડે હરિજી સ્થાપિયા!

કહે છે કે ભમરી ઈયળને ઝાલી લાવે છે, તેને ચટકો મારે છે, અને સતત તેની આસપાસ ગુંજારવ કરે છે—તે પ્રક્રિયાથી ઈયળનું સમૂળગું પરિવર્તન થઈ જાય છે, ને ઈયળમાંથી ભમરી બની જાય છે. ભમરીના વિકાસની આ જુદી જુદી વૈજ્ઞાનિક અવસ્થાઓ ઉપરથી સદ્‌શાસ્ત્રોએ 'કીટ-ભ્રમર-ન્યાય' — ઈયળમાંથી ભમરીમાં થતા રૂપાંતરની પ્રક્રિયા — સરસ રીતે સમજાવી છે. ભગવાન કે ભગવાનના મુક્તરૂપી ભમરી મુમુક્ષુરૂપી ઈયળને ઝાલે છે, તેને ભગવદ્‌સ્વરૂપની સાચી ઓળખાણ રૂપી ચટકો મારે છે, અને એ મુમુક્ષુને સતત સંપોષણ કરવા રૂપી ગુંજારવ કરી – અંતે તે મુમુક્ષુનું સમૂળગું રૂપાંતર કરે છે – જીવમાંથી શિવ(=મુક્ત) થાય છે, નિરાકારમાંથી દિવ્ય સાકાર બને છે, આમ મુક્તના યોગે મુક્ત થાય છે. આ સમગ્ર પ્રક્રિયા ભગવાન અને ભગવાનના મુક્તની કરુણા-ભરી અમૃત નજર નીચે થાય છે.

પંખી ઈંડું મૂકી તેને સેવે છે. તેમાંથી બચ્ચું જન્મે છે, પંખી તેનું સતત ધ્યાન રાખે છે, ખવરાવે છે, પોષે છે, અને જ્યાં સુધી તે બચ્ચું પંખીના જેવું જ 'પાંખ-ભર' થતું નથી ત્યાં સુધી તેની સંભાળ તે પંખી લે છે. તેવી રીતે પોતાના યોગમાં આવેલા મુમુક્ષુઓનું મુક્તો સતત સેવન કરે છે, પોષણ કરે છે, અને મુમુક્ષુ અંતે મુક્તના જેવા મુક્ત બને ત્યાં સુધી તેની સ્નેહાર્દ્ર સંભાળ લે છે.

મુમુક્ષુઓને મૂર્તિસ્વરૂપ કરી મૂર્તિમાં જોડી દેવા રૂપી મહાયજ્ઞમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સોમચંદભાઈને પ્રયોજ્યા હતા. સ્વામિનારાયણ ભગવાને સોંપેલું આ કાર્ય સોમચંદભાઈએ મહાપથારી સુધી અવિરતપણે કર્યું છે.

અ.મુ. સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી અને સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીના સંતમંડળ સાથે સોમચંદભાઈ ગામડે-ગામડે ફરતા. સદ્‌ગુરુઓએ દેહલીલા બંધ કર્યા પછી તેઓ અ.મુ. સદ્‌ગુરુ પુરાણી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી (મુનિ સ્વામી) સાથે ગામડામાં જઈ હરિભક્તોને રાજી કરતા. ખૂબ જ નિર્માનીપણું, સંતનો અનહદ મહિમા, કથા-વાર્તાનું અનેરું અંગ. સભામાં શ્રીજીમહારાજના અલૌકિક મહિમાની તથા દિવ્ય પ્રતાપની એવી તો વાતો કરે કે સાંભળનારાના જીવમાં રહેલી અણસમજણ સમૂળી જતી રહે, સ્વાભાવિક દોષો ટળી જાય, શ્રીહરિજીમાં હેત વધે, સત્સંગમાં સેવાભાવનું અંગ વધે, જીવમાં ખરેખરો નિશ્ચય થાય. આવી દિવ્ય વાતો સાંભળી હરિભક્તો ખૂબ જ રાજી થતા. ત્યાંથી બીજે ગામ જાય; અને જ્યાં જ્યાં જાય ત્યાં આવી એક જ ધારી અલૌકિક રીતથી સર્વે હરિભક્તોના અંતરમાં હેત ઉપજે. ફરી જોગ-સમાગમ કરવા પત્ર લખીને તેડાવવા આગ્રહ કરે. સૌના હેતને વશ થઈ વારંવાર મળી લાભ આપતા.

મૂર્તિનો સંબંધ અખંડ રાખવા અબજીબાપાશ્રીની દિવ્ય-વાણીનું સ્મરણ કરાવે : "મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ લેવું, મૂર્તિ ભૂલીને કોઈ ક્રિયા ન કરવી, મૂર્તિ સાથે હોય તો સાધન બધા સિદ્ધ થશે, મૂર્તિ ભેળું અક્ષરધામ છે, અનંત મુક્તો છે, મૂર્તિમાંથી સુખના ધોધ છૂટે છે, મૂર્તિમાં મુક્ત કિલ્લોલ કરે છે, મૂર્તિ ભૂલીને હલર-વલર ન કરવું, મૂર્તિમાં સુખમાત્ર રહ્યાં છે, મૂર્તિ સૌનું કારણ છે, મૂર્તિ સર્વત્ર છે, અક્ષરધામની મૂર્તિ, ધર્મભક્તિના કુંવર મનુષ્યરૂપ મૂર્તિ ને હાલ પ્રતિમારૂપે બિરાજતું સ્વરૂપ એ ત્રણેય એક જ છે, દેહ મૂકીને પામવા હતા તે છતે દેહે મળ્યા છે, આ સમયે શ્રીજીમહારાજ ન્યાલકરણ પધાર્યા છે, કોઈ મૂર્તિ લ્યો ! મૂર્તિ લ્યો ! અમારે ઘેર મૂર્તિનો વેપાર છે, મૂર્તિ ભૂલીને કાર્યમાં ભડાભૂટ કરવી

નહિ, કારણનું મંથન કરવું, કારણને બાઝવું, એ મૂર્તિના સુખનો આનંદ લેવો અને મૂર્તિનો વિશેષ સંબંધ રહે એમ વર્તવું, મૂર્તિનું વિશેષ બળ રાખવું એ જ સત્સંગમાં સત્સંગ છે.'' આ રીતે ચૈતન્યમાં મૂર્તિનો અખંડ આલોચ રાખવા જ સૌને ભલામણ કરતા. સત્સંગમાં ઠેરઠેર ફરી પોષણ આપ્યા જ કરે.

ગમે ત્યારે તેમના દર્શને જાવ, કાંઈક લખતા હોય, વાંચતા હોય, વાર્તા કરતા હોય, હરિભક્તોને રાજી કરતા હોય; પણ નવરા હોય, બેસી રહેલા હોય કે આરામ કરતા હોય એવા દર્શનનો લાભ તો કોઈને ય મળવો મુશ્કેલ હતો!

આજે વાંટાવદર હોય તો કાલે ધાંટીલા. ત્યાં હરિભક્તોની તાણ પૂરી કરી ન કરી ને માલણિયાદ પહોંચી જાય. ત્યાં અ. મુ. ચતુરભાઈને સાથે પધારવા વિનંતી કરે અને એ જોડ રામપુરામાં આવે. ત્યાં કથા-વાર્તા, ઉત્સવ-કીર્તન, ધામધૂમ કરી સમૈયા જેવી ઝલક લાવી દે. વળી જાય સાયલા ત્યાં થોડું-ઝાઝું પીરસી પધારે મૂળી. ત્યાં સદ્‌ગુરુ શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, સદ્‌ગુરુ ધર્મકિશોરદાસજી સ્વામી વગેરે તથા બહારગામથી પધારેલા સદ્‌ગુરુ દેવજીવનદાસજી સ્વામી, હરિકૃષ્ણદાસજી સ્વામી, આદિ નાના-મોટા સંતોને રાજી કરે. હરિભક્તોની તાણ પૂરી કરવા વિનંતી કરે. સંતોને ગામડાઓમાં સાથે તેડી જાય, અમૂલખ દિવ્ય લાભ લે, પીરસે અને તાણ કરી પીરસાવે! હળવદ, ધ્રાંગધ્રા, ટીંબા, ખોલડીયાદ, ચાણપર, માળોદ, લીંબડી, જોરાવરનગર, સુરેન્દ્રનગર, વઢવાણ, લુણસર, રાજકોટ, મોરબી, વગેરે સ્થળે – જ્યાં જ્યાં હેતવાળા હરિભક્તો હોય ત્યાં ત્યાં ફરી ફરીને તાણ પૂરી કરે.

આથમણી બાજુ વાદળ ચડ્યું હોય ને વરસતું હોય ત્યારે ઉગમણી બાજુના ખેડૂતો આથમણી નજર કરી વિચારે કે પવન ચડે ને વાદળને આ બાજુ ખેંચી લાવે તો આપણે ય

વાવણી ચાલુ કરી દઈએ, વાવેલો મોલ પણ વકરે ! કલ્પતરુ સમા આ મુક્ત અંતર્યામીપણે કોઈ હરિભક્તની તાણ જાણી ત્યાં ય પહોંચી જાય. વીરમગામ, પાટડી, જરવલા, મણિપરા, જોશીપરા, કડી, કમળાપુર, વગેરે ગામોમાં મૂર્તિ રસનો મેહ વરસાવી, વીલાતા મોલને લહેરાતો કરી દે !

દૂર દૂર પણ મેહના વાવડ સાંભળી, ખેડૂતો આતુર બને કે થોડા દિવસમાં આપણે ય વરસાદ ભેળા થઈશું ! એમ જમીયતપુરા, ઝુંડાલ, સરસપુર, દરિયાપુર, કાળુપુર, નારણપુરા, ઉસ્માનપુરા, વાડજ, પાલડી — એમ બધે ય આ સુખનું વાદળ સોમચંદભાઈ ફરી વળે. અરે ! વરસે ત્યારે વાડમાં ય વરસે. એ રીતે, રસ્તામાં જતાં-આવતાં ઝાડ, પશુ-પંખી તથા ભાવે-કભાવે દર્શન કરે તે સર્વેને ન્યાલ કરતા, તો તાણ રાખીને જે જોગ કરે તેના ભાગ્યનો પાર શી રીતે પમાય ? મુંબઈ, વડોદરા, પંડોળી, આણંદ, નડિયાદ, પીજ, શિહોર, ભોપાળ, ઝરિયા, ધનબાદ, કલકત્તા, દક્ષિણ ભારતમાં સીકંદરાબાદ, રાયચુર – આમ ચારે કોર, કયાંયના કયાંય દૂર દૂર સુધી ગામડામાં, શહેરોમાં, ઠેરઠેર ફરી શ્રીહરિજીની દિવ્યમૂર્તિના સુખની, અનાદિ મુક્તની સ્થિતિની રસલહાણી કરી સૌના સંકલ્પો પૂરા કરી, સત્સંગમાં આનંદના પૂર ઉમટાવ્યા. અતિ વર્ષાથી નદીઓ જેમ ગાંડીઘેલી થઈ ગમે તેમ ધૂમી સમુદ્રમાં પહોંચવા ઉતાવળી બને તેમ આ બધા મુમુક્ષુઓની દોટ ગઢડા, વડતાલ, છપૈયા, શ્રીનગર, ભુજ, મૂળી, વૃષપુર, વગેરે દિવ્ય ધામોમાં – આવીને ઠરે. મહાસાગરોમાં મોજાં ઊછળે એમ આનંદોત્સવ, કથા-વાર્તા, કીર્તન-રાસ-પ્રસાદીરૂપ મોજાં ઊછળે ! ભાગ લે તેના આનંદનો પાર નહિ, પણ દર્શન કરે તેનાં ય ભાગ્ય ઊઘડી જાય. વળી, પાણીના ધુમરા વળે ને જે લાગમાં આવે તે તળિયે પહોંચી જાય, તેમ ધુમરારૂપ પ્રત્યક્ષ જોગમાં આવી ચોંટી પડે તે તો છેક મૂર્તિના સુખમાં ઊંડે ઉતરી જ જાય,

સુખની ખુશબોમાં ખેંચાઈ જ જાય. એના સુખ અને આનંદની અવધિ છેટે રહેલા શું જાણે?

સત્સંગમાં કોઈ નવા હરિભક્ત હોય તો તેનું સત્સંગમાં અંગ પાકું થાય તે માટે પોતે ખટકો રાખી અવારનવાર તેની મુલાકાત લે. પત્રવ્યવહાર ચાલુ રાખે અને નજીકમાં કોઈ સારા હરિભક્ત હોય તો તેમની મુલાકાત કરાવે. અરસપરસ હેતભાવ વધારી દિવસે દિવસે સત્સંગનો ચડતો રંગ થાય તે માટે ખૂબ ધ્યાન રાખે. પત્રમાં શ્રીહરિના મહિમાના એવા દિવ્ય વચનો લખે કે તેને સત્સંગમાં આતુરતા વધે.

સોમચંદભાઈનું પત્રલેખન એટલે એમના જીવનનું દર્પણ. દર્પણમાં જેમ પ્રતિબિંબ દેખાય તેમ સોમચંદભાઈના પત્રોમાં તેમનું સમગ્ર વ્યક્તિત્વ પ્રતિબિંબિત થાય. બીજા કોઈએ લખેલા ત્રણ પોસ્ટકાડમાં સમાય તેટલી માહિતી એક પોસ્ટકાર્ડમાં લખે. ઝીણામાં ઝીણા અક્ષરે લખી શકે તેવી ફાઉન્ટનપેનની ટાંક. સહેજ પણ ખાલી જગા ન રહે, તે છતાં સુસ્પષ્ટ અને મુદ્દાસરનું લખાણ. ભગવાનના બળની વાતો, ભગવાનના નિશ્ચયની વાતો, આપણને ભગવાને કેવા ન્યાલ કર્યા છે તેની વાતો એટલી સુંદર રીતે લખી હોય કે એમ જ લાગે કે જાણે સદ્‌બોધના ભંડાર. પોતે છપાવેલા પુસ્તકોની વહેંચણી અંગે કે તેના હિસાબ અંગે કે કોઈએ કોઈ જગ્યાએ સેવા કરાવવા આપેલી રકમના હિસાબ અંગે એવું વિગતવાર ચોખ્ખું લખાણ કે કોઈ જાતની કચાશ ન રહે. સહેજ પણ સમજફેર ન થાય તેવું લખાણ. વળી, જેમને ઉદ્દેશીને પત્ર લખ્યો હોય તેમના કુટુંબના નાના-મોટા-વૃદ્ધ-પરિચિત સૌ કોઈ સ્નેહીજનોના નામ સાથે યથાયોગ્ય અભિવાદન હોય જ.

આટલા ઝીણા અક્ષરોથી મુદ્દાસર લખાણ કરેલ હોય તેની કોપી કરવી હોય તો ય કલાક લાગે! એવા પાંચ–છ

કાગળ રોજ લખતા જ હોય ! એમની જીવનચર્યા તપાસીએ તો એમ જ લાગે કે સોમચંદભાઈના જીવનની પળેપળ શ્રીહરિની ઇચ્છાથી અન્યના કલ્યાણ માટે જ નિર્માણ થયેલી હતી.

એમણે લખેલા બધાં પત્રો તો સચવાયા ન હોય તે સ્વાભાવિક છે, પણ જે પત્રો સચવાયા છે તે બધાંનો સુયોગ્ય અભ્યાસ કરવામાં આવે તો એમનું સમગ્ર જીવન તો તાદૃશ્ય થાય જ, પણ સત્સંગના અન્ય મુક્તોના જીવન અંગેની પણ ઘણી માહિતી ઉપલબ્ધ થાય. એમાં બહુમૂલો ઉપદેશ અઢળક છે, એમાં હિમતના વચનો છે, ધીરજની વાતો છે, શિખામણ છે, વાત્સલ્યનો અમી છંટકાવ છે, સમ્યક્ જ્ઞાનના ઢગલા છે. બગીચાનો માળી જેમ બાગમાંના એકેએક છોડ માટે સચિંત રહે છે, અને તેની માવજત કરતો જ રહે છે, તેમ સત્સંગ બગીચાના મુમુક્ષુરૂપી છોડને પત્રોની માવજતથી પોષવામાં સોમચંદભાઈ જેટલા સચિંત પુરુષો જવલ્લે જ મળે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરણે આવેલો એક પણ જીવ પાછો તો ન જ પડવો જોઈએ, પણ તે આધ્યાત્મિક માર્ગે નિત્યે આગળ કેમ વધતો રહે તેનો ખટકો સોમચંદભાઈના સર્વે પત્રોમાં નિતાંત જણાઈ આવે છે.

સોમચંદભાઈના પત્રોની પ્રસાદી પામેલા સૌ કોઈનું જીવન અધ્યાત્મમાર્ગના ઊંચા ને ઊંચા શિખરો સર કરતું રહ્યું છે, ને એ જ સોમચંદભાઈની સજાગ મહેનતની ફળશ્રુતિ છે. એમના પત્રોમાંથી આચમનરૂપ તારવેલ અવતરણ આ પુસ્તકમાં અલગ પ્રકરણમાં સર્વહિતાર્થે સામેલ કર્યું છે; તેના અભ્યાસ પરથી વાચકને આ બાબત જણાઈ આવશે.

સોમચંદભાઈનું સમગ્ર વિચરણ શ્રીહરિપ્રસન્નતાર્થે અનેક જીવોને શ્રીજીસ્વરૂપમાં જોડવા માટે જ હતું. કોઈ ઠેકાણે 'હાશ' કરીને બેઠા નથી, દેહને કદાપિ ગણકાર્યો જ નથી, પગના

ઢીંચણમાં વાની અતિશય તકલીફ પણ સત્સંગ સેવામાં તેને આડી આવવા દીધી નથી, રાત જોઈ નથી, ટાઢ જોઈ નથી, ઊંઘ પૂરી થઈ કે નહીં તે જોયું નથી. કે ભોજન બરાબર થયું કે નહીં તે ગણકાર્યું નથી. સદાય હસતા ને હસાવતા, આનંદની છોળો ઉછાળતા. મૂર્તિના આનંદનો આજુબાજુના સૌને કેફ લગાડે !

ગામડાઓમાં હરિભક્તોને રાજી કરવા જાય ત્યારે ઉજાગરા હોય કે થાકયા હોય છતાં એ જ કથા કીર્તન-આનંદોત્સવ. રસ લઈ હરિભક્તો ગાતા હોય ત્યારે પોતે પણ મોખરે ફરી કીર્તન ગવરાવે. ઉત્સવ પૂરો થતાં થાક જણાવી બેસી જાય. ત્યારે હરિભક્તો વિનંતી કરે કે હવે આપ આરામ કરો. આ ગામ ને તે ગામ ફરવાનું ઓછું રાખો. સોમચંદભાઈ કહે : "એક ગામમાં મંદિરમાં સંતો આવ્યા. દૂરના ગામેથી ચાલીને આવવાનું એટલે સંતો ખૂબ થાકેલા, રાત્રે કથા-વાર્તા કરીને શ્રીજીને સંભારી સૂતા હતા. પણ હરિભક્તોને સંતોને રાજી કરવાની તાણ એટલે કીર્તન ગાવા લગ્યા. સંતો સૌ હરિભક્તોની ભેળા બેસી આનંદમાં કીર્તનભક્તિમાં જોડાઈ ગયા. હરિભક્તો કહે : સ્વામી ! આપ થાકેલા છો તે મહારાજને પોઢાડો, અમે થોડી સેવા કરીએ. સ્વામી કહે : મોરલી વાગે ને ફણા ન માંડે તે મણિધર (નાગ) ન કહેવાય ! અમે શું પઈડિયા (સાદા સાપોલિયા) છીએ કે મુરલી વાગે તો ય પડચા રહીએ ? માંડો ઝીલવા ! સંતોએ એમ કહી કીર્તન ઉપાડચું ને એમ કીર્તનો બોલી હરિભક્તોને થકવી દીધા ને ખૂબ રાજી કર્યા. એમ આપણે પણ એવા સદ્‌ગુરુ સંતોના શિષ્યો છીએ. આપણા વડિલોના ચીંધ્યા માર્ગે ન ચાલીએ તો શ્રીજીમહારાજ રાજી કેમ થાય ? તમે બધાં રાજી થાઓ છો, તે ભેળા શ્રીજી-મહારાજ પણ રાજી થાય છે. આરામ કરવા ગમે ત્યાં ખૂણો શોધીને બેસું તો આ રાજીપો મળવાનો રહી જાય ને ! " બોલો

કોઈને વચનામૃત કંઠસ્થ હોય તો !'' એમ કહી અગાઉની મુલાકાત વખતે કરેલા સૂચન મુજબ હરિભક્તોએ કંઠસ્થ કરેલા વચનામૃત, નિષ્કુળાનંદકાવ્ય, બાપાશ્રીની વાતો, વગેરે બોલાવી રાજીપો ખૂબ જણાવે. કહે : તમો વ્યવહારમાં ગૂંથાયેલા તો ય શ્રીહરિને રાજી કરવા આટલી તાણ રાખો છો, તો હું તો સાવ નવરો છું, મારે પણ રાજીપો લેવા કાંઈક કરવું જોઈએ ને ! એમ કહી પોતે પણ કંઠે વચનામૃત તથા બાપાશ્રીની વાતો બોલે. કેટલી સરળતા ને કેટલી સત્સંગને આગળ ધપાવવાની ધગશ !

કોઈ હરિભક્તને અંતરથી મળવાની તાણ જાગે ને પત્ર પણ લખી ન શકતા હોય તો અંતર્યામીપણે એ તાણ જાણી ગયા હોય તેમ તેને ત્યાં પહોંચી જાય, તેના સંકલ્પો પૂરા કરે. કોઈ વિટંબણા હોય તો તે પણ દૂર થઈ જાય; આનંદ ને શાંતિમય વાતાવરણ કરી દે.

કોઈ હરિભક્તોને શ્રીજીમહારાજની પ્રસાદીના સ્થળોએ દર્શન કરવા જવું હોય ને વિનંતી કરે તો ભેળા જવા તૈયાર થઈ જાય. પોતાને શોગે-બોળેના નિયમની અતિશય દૃઢતા. પોતાના હાથે જ રસોઈ કરીને મહારાજને જમાડે. ઘણીવાર તીર્થાટનમાં સરખાઈ ન હોય તો ય અગવડો વેઠીને તીર્થ કરાવે. અને એટલા બધા ભાવથી સાથે ફરે કે શ્રીજીમહારાજ તીર્થમાં લીલા કરતા પ્રત્યક્ષ ભેળા હોય એવી અલૌકિકતાનો સૌને અનુભવ થતો. તદ્ઉપરાંત સંઘને નાવા, ધોવા, આરામ કરવાની તક આપે ત્યારે પણ શ્રીજીમહારાજની મૂર્તિનું અનુસંધાન રખાવે. પોતાને જે કાંઈ તકલીફ પડે તે પ્રત્યે તો પોતાને સદાય ગૌણતા. સંઘવાળા હરિભક્તો તેનો અફસોસ કરે તો કહે : ''આગળના સંતો ગોળા જમતા અને ભિક્ષા ન મળે ને ભૂખ્યા ન રહેવાય તો તળાવની કપોટીઓ જમીને આનંદથી ધ્યાન ભજન કરતા; લોકોનું અપમાન, તિરસ્કાર, માર સહન કરીને ય ધર્મનિયમમાં દૃઢ રહી સૌના જીવમાં ભગવાન બેસારતા.

શ્રીજીમહારાજની દયાથી અત્યારે કેટલી સાનુકુળતા છે. જ્યાં જઈએ ત્યાં આવકાર, માન, ખાનપાન મળે છે, તેા નિયમ પાળી મહારાજને રાજી કેમ ન કરીએ ? આપણે શિથિલ રહીએ તેા એ બધું ય જાણે છે.

"તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્તકી ચેારી;
ઈનકે આગે કચા છૂપાયે, જીનકે હાથમેં દેારી."

આપણી ભક્તિ એમની નજરમાં જ છે. જેટલી કરીશું તેટલા રાજી થશે, અને તેટલું સુખ આપશે." એમ કહી સાખી કહે :

"રામ ઝરૂખે બૈઠકે સબકા મુજરા લેત,
જૈસી જીસકી ચાકરી ઐસા ઉસકેા દેત,"

માટે આપણે ભજનમાં આળસને નેાતરી આપણા સુખનેા માર્ગ હાથે કરીને શા માટે બંધ કરીએ ? એમ કહી કેાઈ હરિભકતે શ્રીજીમહારાજને સ્નેહથી સંભાર્યા હેાય, ભાવથી કાંઈ સેવા કરી હેાય, હરખથી જમાડયા હેાય, હાથ જોડી મીઠા વચને રીઝવ્યા હેાય, અને તેમણે કઠણાઈ સહન કરી હેાય તે બધું તાદશ્ય ભાવ થઈ જાય એ રીતે મધુર વચનેા બેાલે ને કહે : "આવા મુક્તોની આગળ આપણે શું વિસાતમાં ?" આમ સદાય દીનતા ગ્રહણ કરી સૌને આનંદ કરાવતા. માન–મેાટપ મળે તેા તેને દૂરથી પગે લાગે. મેાટપને તેા પાછળ ઢસરડાતી જ રાખે !

એકાદશી આદિ વ્રત-ઉત્સવમાં ઉત્સવિયા સાથે પેાતે હાજર હેાય તેા એવા ઉમંગથી કીર્તન બેાલે કે શ્રીજીમહારાજ પ્રત્યક્ષપણે બિરાજમાન છે ને તેમને રીઝવવા ગાઈ રહ્યા છીએ તેવેા ભાવ સૌ કેાઈને અનુભવાય. અ. મુ. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી, આદિ મહામુક્તોના પ્રેમભર્યાં પદ બેાલી સૌને શ્રીહરિના દિવ્યાનંદમાં ગરકાવ કરી દેતા. શ્રીજીમહારાજ મળી ગયા છે

તેનો આનંદ રુંવાડે રુંવાડે ઊભરાય તેવાં કીર્તન ગાય ને સાંભળનારા સૌ કોઈને રસ તરબોળ કરી દેતા.

કાર્તિકી – ચૈત્રી સમૈયા ઉપર અમદાવાદ ને વસંતપંચમી – જન્માષ્ટમીના સમૈયે મૂળી અવશ્ય પધારે. શ્રીહરિના દર્શને આવેલા હરિભક્તો શ્રી ઠાકોરજીના દર્શન કરી સોમચંદભાઈને ખોળતા આવે, પાસે બેસી શ્રીહરિના અદ્‌ભુત પ્રતાપ, લીલા-ચરિત્ર, જ્ઞાનઉપદેશ, મહિમાની એકધારી વાત સાંભળી ખૂબ આશ્ચર્ય અનુભવતા, ને વિચારતા કે આ વાતો શાસ્ત્રોમાંથી વાંચવામાં આવે છે, બીજા ઘણાંની પાસે સાંભળીએ છીએ, એની એ જ વાતો આ સોમચંદભાઈના મુખે સાંભળતાં જે આનંદ આવે છે તે ખરેખર અપૂર્વ છે. એનું કારણ એ જ કે શ્રીજીમહારાજના પ્રત્યક્ષ સંબંધ ને અનુભવજ્ઞાનમાંથી જે વાત નીકળે તે જ સમાસકર્તા નીવડે. સાધનિક વાંચી વાંચીને વાતો તો ઘણી કરે, પણ સાંભળનારના અંતરમાં શાંતિ ન થાય. શ્રીહરિજીનો દિવ્ય સંબંધ જ સુખ ને શાંતિનું કારણ છે.

આવી રીતે હરિભક્તો પાસે આવીને બેઠા હોય ને ધીરે ધીરે વિશાળ સભા થઈ જાય, ત્યારે કોઈ હરિભક્તને પ્રેરણા કરે કે કાંઈક પ્રસાદી લાવો! કેળાં, ચીભડાં, ચીકુ, વગેરે ફળફળાદિ જે હોય તે, જેટલું મળે તેટલું લઈ આવો! આવી સભામાં પ્રસાદી લાવવાનું ભાગ્ય પ્રાપ્ત થતાં હરિ-ભક્તના હરખનું માપ ન રહે. બે-ત્રણ મણ જેટલાં ફળ લઈ આવે. તેને ગાળેલા શુદ્ધ પાણીથી ધોવરાવે, સુધરાવે, શ્રીજી-મહારાજને જમાડી સૌ કોઈને પ્રસાદી વહેંચે. એક વખત, બે વખત, ત્રણ વખત એમ વહેંચે, ને સૌને તૃપ્ત કરે! પરાણે તાણ કરીને આપે. નાના બાળકોની માતાઓ પ્રસાદી લે તેને મનમાં સંકલ્પ રહે કે છોકરાને નડશે તો? ત્યારે પોતે અંતર્યામીપણે બોલતા હોય એમ કહે: સૌ કોઈ આ પ્રસાદી જમજો, કોઈને નડશે નહિ!

સભામાં સૌને આનંદ પમાડી નહાવા જવાનું નિમિત્ત કરે. નદીમાં કે તળાવમાં કેડથી છાતી સમા પાણીમાં પહોંચી જાય. પ્રથમ પાણીમાં ડૂબકી દેવરાવે. ડોકમાં કંઠી ન હોય તો પૂછે—'આ સરનામા વિનાનો કાગળ કયાં જશે?' એમ રમૂજ કરી કંઠી પહેરવાની ભલામણ કરે. પાણીમાં ઊભા ઊભા ઊંચે સાદે તાળી પાડી ધૂન્ય બોલાવે, સૌને એક સાથે સમૂહમાં મળે અને પછી દરેકને જુદા જુદા મળે. અરસ-પરસ સર્વે હરિભક્તોના આ દિવ્ય મિલનથી રસ્તે જનાર પણ દર્શન કરવા થોભી જાય. સૌને દિવ્ય મૂર્તિના સુખમાં રસબસ રાખવાના આશીર્વાદ આપે. આમ ઝાઝીવાર સુધી આનંદ કરાવે. હેતવાળા હરિભક્તો ટીમણના ડબા લાવ્યા હોય તેમાંથી સૌને પ્રસાદી આપી ડબા ખાલી કરે!

સભામાં બેઠા હોય કે રસ્તે ચાલતા હોય ને હેતવાળા હરિભક્ત આવી મહિમા જાણી દંડવત્ કરે તો તેમને ખૂબ વઢે. દંડવત્ તો શ્રીજીમહારાજને કરવા એમ શીખવે. પોતાને કોઈ મોટા કહે તો વાત કરે: "આપણે કેવા મોટા છીએ! તો દિલ્હીનો એક બાદશાહ શેરખાં નામે હતો. તેનો એક પટાવાળો હતો તેનું નામ પણ શેરખાં હતું. બાદશાહે એક દિવસ પટાવાળાને બોલાવી ધમકાવ્યો: તેરા નામ શેરખાં હૈ? પટાવાળો કહે: સા'બ! લબરખાં, ચબરખાં, પગરખાં ઐસા મૈં શેરખાં! આપ તો ખાવંદ હૈ! આવું સુણી બાદશાહ રાજી થયા ને તેને જવા દીધો. આપણે તો શ્રીજીમહારાજના દીનદાસ સેવક છીએ."

હેતવાળા હરિભક્તોના આગ્રહથી ગામેગામ સૌની તાણ પૂરી કરવા અવાર-નવાર પહોંચી જાય. સ્ટેશનેથી ગામ દૂર હોય તો પણ ચાલીને જ જાય. વાહન કાંઈ ન મંગાવે. ઢીંચણમાં વાની તકલીફ થયા પછી હરિભક્તોના આગ્રહથી ગાડું આવે તો તેનો

ઉપયોગ કરતા. શહેરમાં સાયકલ પર બેસે અને સાથેના હરિ-ભક્ત સાયકલ દોરે ! ઢાળ ચડવાનો હોય તો પોતે પેડલ પણ લગાવે. સાઈડ આપનાર ટ્રાફીક પોલીસ જોઈને હસે. કોઈ બોલે કે માલગાડી આવી ! પોતે હસે ને કહે : આ ગાડી (શ્રીહરિ-રૂપી) માલ ભરેલી છે ! છોકરાંઓ જુવે ને આનંદમાં કહે : જુઓ ! આ કાકા સાયકલ શીખે છે. પોતે સાંભળી ને રાજી થાય ને શ્રીહરિને પ્રાર્થના કરે કે હે મહારાજ ! આ બધાનો મોક્ષ કરજો !

બેસતું વર્ષ કે આનંદનો દિવસ હોય તો હરિભક્તોને ત્યાં વણતેડ્યે પહોંચી જાય. આનંદમાં વધારો કરે ! શ્રીજીમહા-રાજની આરતી કરે, મંગળ શ્લોક બોલે, ચાંદલા કરે, મળે, નાનાં છોકરાંને માથે હાથ મૂકે, રાજી કરી પ્રસાદી વહેંચે. આનંદની લહાણી કરે ! પાડોશી સત્સંગી ન હોય પણ આવી અલૌકિક રીત જોઈ હાથ જોડી પોતાને ઘરે લઈ જાય, તે સૌને ત્યાં જઈ રાજી કરે. ભૂખ-તરસ-થાક ભૂલી જાય. એક જ તાન – સૌને શ્રીહરિમાં કેમ કરીને જોડવા ?

નવા વર્ષમાં સૌને શ્રીજીમહારાજનો દિવ્યભાવ વધે અને સૌ આનંદથી શ્રીહરિજીને સંભારે તે માટે નવીન આનંદમય કાવ્યપંક્તિ રચીને હેતવાળા સર્વે હરિભક્તોને જાતે લખી મોકલાવે. દર વર્ષે આ રીતે તેમના તરફથી નૂતન વર્ષાભિનંદન કાર્ડ મળે ત્યારે સૌ કોઈ આનંદની એવી ઊર્મિ અનુભવતા કે આપણને શુકનમાં સર્વસિદ્ધિયોગ પ્રાપ્ત થયો ! નવા વર્ષ નિમિત્તના આવા અગિયાર પત્રો મળી શકયા છે, જે આ પુસ્તકમાં અલગ ખંડ ૩માં દિવ્ય સ્મૃતિરૂપે આપ્યા છે.

સોમચંદભાઈનું સત્સંગમાં વિચરણ સાવ નિ:સ્વાર્થ ને નિ:સ્પૃહીપણે હતું. પોતે કાંઈ મોટર રાખતા ન હતા કે ન કોઈ ખાનગી વાહનમાં ફરતા હતા. ટ્રેન, બસ, ગાડાં કે ટ્રેક્ટરની મુસાફરી કરી શ્રીજીમહારાજનો સર્વોપરી મહિમા

પ્રસારવા પોતે કેટકેટલું ફરતા તે જાણવા માટે સં. ૨૦૧૬–૧૭ (ઈ.સ. ૧૯૬૦)નું એક વર્ષનું વિચરણ સાવ સંક્ષિપ્તમાં ક્રમવાર નીચે લખ્યું છે:

રામપુરા-ટીંબા-ધ્રાંગધ્રા-જોરાવરનગર-વઢવાણ-માલણીયાદ-રામપુરા-મૂળી (ઘનશ્યામ મહારાજનો અર્ધ શતવાર્ષિક પાટોત્સવ)-રામપરા-ધ્રાંગધ્રા-રાજકોટ-ગઢપુર (શ્રીહરિકૃષ્ણ મહારાજનો શતવાર્ષિક પાટોત્સવ)-અમદાવાદ-જમીયતપુરા-જૂનાગઢ-અગતરાઈ-પંચાળા-લોજ-માંગરોળ-કાલવાણી-મેધપુર-આખા-પીપલાણા-માણાવદર-જાળિયા-ધોરાજી-ઉપલેટા-ફૂણેણી-જેતપુર-રાજકોટ-મૂળી ('શ્રીજી સર્વોપરી સ્વરૂપસંગ્રહ' છપાઈ)-ધ્રાંગધ્રા-હળવદ-મોરબી-ભૂજ-વૃષપુર-ભૂજ-જમીયતપુરા-કમળાપુર-ઝુંડાલ-અમદાવાદ-આણંદ-વીરસદ-વડોદરા-આણંદ-મુંબઈ-આણંદ-ખંડોળી-વડોદરા-પાટડી-ધ્રાંગધ્રા-હળવદ-વઢવાણ-જોરાવરનગર-રામપરા-બોટાદ-અમદાવાદ-સરસપુર-ધ્રાંગધ્રા-ભૂજ-વૃષપુર-રામપુરા-દહીં-સરા-કેરા-નારાણપુર-ભારાસર-માનકુવા-સુખપુર-ધ્રાંગધ્રા-રાજકોટ-અમદાવાદ-સરસપુર (મુનિસ્વામીની આજ્ઞાથી 'અનાદિમુક્ત ચરિત્રામૃત' છપાયું તેની દેખરેખ—પ્રૂફ જોવા નિમિત્તે ચાર માસ સરસપુરમાં)-વડોદરા-ખંડોળી-વડતાલ-આણંદ-અમદાવાદ-ભૂજ-વૃષપુર-ધ્રાંગધ્રા-માલણીયાદ-ધાંટીલા-વાંટાવદર-હળવદ-ધ્રાંગધ્રા-હરિપર-રામપુરા-ખોલડીયાદ-ચાણપર-માળોદ-ટીંબા વાઘેલા-જોરાવરનગર-ધ્રાંગધ્રા-વાગડ-ગઢડા-રાજકોટ-મોરબી-હળવદ--ધ્રાંગધ્રા-માલણીયાદ-ધ્રાંગધ્રા-રામપરા-મૂળી.

આ રીતે સં. ૨૦૦૦ની સાલથી સં. ૨૦૧૯ની સાલ સુધી સતત ગામેગામ વિચરી સોમચંદભાઈએ સત્સંગને શ્રીહરિના દિવ્ય રસના પીયૂષ પાયા છે ને અનેકને મૂર્તિના સુખભોક્તા કર્યા છે.



૮. દિવ્ય પમરાટ (ખુશબો)

શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતોના જીવનવ્યવહાર એવા તો અણિશુદ્ધ કર્યા કે તેમના વર્તનથી જ અહોભાવ જાગે. પોતે કહેતા : "વર્તન વાતો કરશે." શ્રીજીમહારાજની સાથે અક્ષરધામથી પધારેલા મુક્તો પણ સેવક હોવાથી શ્રીહરિજીની મરજી મુજબ એકધારું છતાં વિવિધતાભર્યું જીવન જીવી બતાવી સૌના માટે આદર્શ પૂરો પાડતા ગયા. એ ક્રમ ચાલુ જ રહ્યો. સોમચંદભાઈ પણ પોતાના અતિ ઉત્કર્ષ જીવનવ્યવહારથી સૌ કોઈના આદર્શ-મૂર્તિ બની રહ્યા.

સોમચંદભાઈનો પહેરવેશ એકદમ સાદો. બંડી, ઝભ્ભો, ધોતિયું, ટોપી — માદરપાટ કે ગજિયા કાપડમાંથી બનાવરાવે. સાદા પણ સ્વચ્છ કપડાંનો આગ્રહ રાખે. રજોગુણ તો પાસે આવી જ કેમ શકે ? હાથમાં કાયમ માળા તો હોય જ. મોટા મોટા શહેરોમાં કે શેઠ-સાહેબો મળે તોય પોતાનો પહેરવેશ, રહેણીકરણી તો એના એ જ. શ્રીહરિજીની દિવ્યમૂર્તિના કેફમાં જ મસ્ત રહેતા, તેથી રુંવાડે રુંવાડે દિવ્ય આનંદ ઊભરાતો જણાયા કરે.

પોતાની જીવન જરૂરિયાત સાવ ઓછી. પોતાનો સામાન શણના કોથળામાં રાખતા ! સાદાનો સાદો ને શુદ્ધનો શુદ્ધ !

પોતે ભગવાં વસ્ત્રધારી ત્યાગી થયા ન હતા, તે છતાં કોઈ પણ ત્યાગીથી વિશેષ ત્યાગ પોતાના જીવનમાં સતત રાખ્યો છે. વર્ષોની એકધારી સત્સંગ સેવાને અંતે જ્યારે શ્રીહરિજીનું આખરી તેડું આવ્યું ત્યાં સુધી સોમચંદભાઈની પોતાની કહેવાય તેવી કોઈ મિલકત — રકમ કે વસ્તુઓ હતી નહીં. ન ઘર હતું, ન ખેતર હતું, ન વાહન હતું, ન રોકડ

મૂડી હતી, ન આભૂષણ હતા, ન કપડાલત્તા હતા. કાંઈ કહેતા કાંઈ પરિગ્રહ હતો નહીં. જગતના મહાન સમાજ-સુધારકો કે ત્યાગીઓથી સહેજ પણ ઊણો ઉતરે નહીં તેવો અપરિગ્રહ, તે છતાં એ બધાંથી વિશેષ સત્સંગ સેવા સોમચંદભાઈએ કરી છે. સોમચંદભાઈની સેવાની વિશેષતા એ હતી કે એમણે સૌ કોઈને ઉદાત્ત જીવન જીવવા પ્રેર્યા ને ભગવદ્‌સ્વરૂપને વિષે જોડી દીધા. શ્રી સ્વામિનારાયણ ભગવાન કહેતા કે એક જીવને ઉગારો તો એક બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય મળે, કેમકે એ જીવને ચોરાશી લાખ જાતના દેહમાં ફરવાનું મટ્યું. આ તો હજારો મુમુક્ષુ જીવોને ઉગાર્યા તે સેવાકાર્યથી વિશેષ પરોપકાર કયો? શ્રીજીમહારાજને રાજી કરવાનો વધુ અધિક માર્ગ કયો?

કેવળ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા સિવાય કોઈ પણ જાતની સ્પૃહા જેમને હતી જ નહિ એવા સોમચંદભાઈ શ્રીજી પ્રસન્નતા અર્થે સતત કાર્યરત રહ્યા છે. એમનો દૈનિક કાર્યક્રમ ભલભલાને થકવી નાખે તેવો રહેતો. વહેલી સવારે ચાર-સાડાચારથી દિનચર્યા શરૂ થાય તે રાતના બાર સુધી અવિરતપણે ચાલુ ને ચાલુ. એક સેકંડ પણ નવરાશ ભોગવી નથી. દેહ કહ્યું ન કરે તેવો થયો તોય તેને ગણકાર્યો નથી. અંતરમાં સતત એ જ રટણ : કેમ કરીને વધુ ને વધુ મુમુક્ષુઓને શ્રીજીશરણે લાવવા.

સોમચંદભાઈ એટલે એક અજોડ શિક્ષક. એવા શિક્ષકો ઓછા જ હોય કે જે એકડિયાથી માંડીને સર્વોચ્ચ પદવી સુધીના તમામ વર્ગો ભણાવે! આધ્યાત્મમાર્ગે પા પા પગલી માંડતો હોય તેવાથી માંડીને ભગવત્સ્વરૂપમાં અતિ સ્નેહે જોડાતો હોય તેવા સુધી સૌને પોતે માર્ગદર્શક હતા. સાચો શિક્ષક પોતાને થયેલું દર્શન દેખાડી-વાતો કરી બીજાને આંજી દેવા માગતો નથી, પણ પોતાની પાસે ભણનારાને પોતાને એવું

દર્શન થાય તેવા રસ્તા સૂચવે છે, અને સતત એ રસ્તે આગળ વધવા પ્રોત્સાહિત કરે છે. એ રીતે સૌ કોઈને શ્રીહરિ સ્વરૂપમાં વધુ ને વધુ લગની લાગે તે માટે સોમચંદભાઈનું સતત વિચરણ હતું.

સોમચંદભાઈનું જીવન કેવું અણિશુદ્ધ હતું તેની સહેજ ઝલક જોઈએ :

સત્સંગમાં ગામેગામ ને ઘેર ઘેર જાય ત્યાં શ્રીહરિને જમાડવા થાળ પોતાના હાથે તૈયાર કરતા. રસોઈમાં તો ફક્ત ખીચડી જ બનાવે, પણ જરૂરી સાધન — તપેલી, થાળી, વાડકા, વાડકી, ઢાંકણા, પ્યાલો, લોટો, સાણસી, ચિપીયો, સગડી — આ બધું — સાફ કરાવી તૈયાર કરાવે. હરિભક્તોને ત્યાં બહેનોને સમજાવે : "શ્રીજીમહારાજને થાળ કરવા માટે સાધનો ચોખ્ખાં રાખવાં; ઓંઠાં-જૂઠાં કચારેય ન રાખવાં; રસોઇ કરતાં શુદ્ધ હાથે જે તે ચીજને અડવું; રસોઈના ઉપયોગમાં લીધેલા વાસણો વગેરેને તેનો ઉપયોગ પૂરો થાય એટલે શુદ્ધ માટી ને પાણીથી ઉટકી નાખવાં; સગડી-ચૂલો સુધ્ધાં લીંપીને ચોખ્ખું બનાવી દેવું વગેરે શુદ્ધ ક્રિયાઓની સમજણ બહેનોને આપતા." કચારેક કોઈ હરિભક્ત શાક બનાવરાવવા આગ્રહ કરે તો એક-બે બટાટા સુધારીને ખીચડીમાં જ નાખી દે. કોઈ પૂછે કે કેમ આમ કર્યું? તો કહે : "મોઢામાં તો બધું ભેગું જ થવાનું છે ને? શાકના મસાલા શુદ્ધ જોઈએ. પોતે આખું મીઠું ગાળેલાં પાણીથી શુદ્ધ કરીને વાપરતા. દળેલું મીઠું વાપરતા નહીં. લાલ મરચું પણ આખા મરચાં લાવી ઘેર શુદ્ધ રીતે ખાંડી, કપડાંથી ગાળેલા દિવેલથી મોયેલું હોય તો જ કામમાં લે. એ જ રીતે હળદર-ધાણાજીરું ઘરે લાવી ચોખ્ખું કરી ઘરે શુદ્ધ રીતે ખાંડેલું હોય તો જ વાપરે. દૂધ કોરા વાસણમાં દોહેલું હોય, અશુદ્ધ પાણીનો જરાય પટ અડ્યો ન હોય તેવું હોય તો જ વાપરે પાણી પણ વાસણ

ઉટકી કૂવાના શુદ્ધ પાણીથી ધોઈને ગાળીને ભરેલું હોય, તેલ પણ કપડાંથી શુદ્ધ વાસણમાં ગાળેલું હોય, અને ગાય-ભેંસના દૂધના વલોણાનું સત્સંગીના ઘરનું જ ઘી હોય તે પસંદ કરતા. અનાજ પણ દાણો-દાણો કરી વીણેલું શુદ્ધ અને તેનો લોટ પણ ઘરમાં હાથની ઘંટીથી દળેલો હોય તે જ ચોખ્ખો ગણે. રસોઈ કર્યા પછી સગડી પણ માટીથી લીંપેલી, ધોયેલી જોઈએ. આ રીતે શ્રીજીમહારાજ માટે તૈયાર કરેલ થાળ શુદ્ધ ગણાય. શ્રીજીમહારાજને થાળ ધરાવી, જમતી વખતે પણ ડાબો હાથ જમવાના વાસણને ન અડાડવો. પાણી લેવા બીજી જરૂરિયાત માટે ડાબો હાથ ચોખ્ખો રાખવો. ભાતું પણ ઉપર લખ્યા મુજબ દૂધનું જ બનાવેલું હોય તો સાથે લઈ જવાય. આવી ઝીણવટ રાખી જે રસોઈ કરતા હોય તેના જ હાથની રસોઈ જમાડે. તેમ ન હોય તો હાથે ખીચડી બનાવી લે. મોટા ભંડારના રસોડે, સાધુ–બ્રાહ્મણ રસોયા હોય તો ય આવી ઝીણવટ ન જળવાંતી હોય તો ન જમે. પોતાના બહેનોને આવી રીતે તાલીમ આપેલી જેથી તેમના હાથની રસોઈ જમાડતા.

રસોઈ કરતાં કચારેક મીઠું વગેરે ભૂલી ગયા હોય ને શ્રીહરિને થાળ કર્યા પછી ખબર પડે તો પણ ઉપરથી કાંઈ ન લે. એક વખત શાકમાં દૂધી કડવી આવી ગઈ. પહેલેથી ચાખી જોયા વગર જ શાક સુધાર્યું. થાળ થઈ ગયો ને શ્રીજીમહારાજને ધરાવ્યો. પછી તો કડવું શાક પણ જમાડી ગયા, ને નહાવાનું (ઝાડા) થઈ ગયું. હરિભક્તો કહે : જાણીને આમ હેરાન શું કામ-થાઓ છો ? તો કહે : વિચાર તો કરો, થાળની પ્રસાદી લેતાં દેહ પડી જાય તો ય જવું છે તો ધણીની પાસે ને ? મહારાજને ભૂલથી ય જેવું તેવું જમાડીએ ને આપણે ભૂલ સુધારીને સારું જમાડીએ તો મહારાજની અવ-ગણના કરી કહેવાય, એમને નારાજ કર્યા કહેવાય ! ભક્તિ

એળે જાય, ખોટનો વેપાર ગણાય. ભક્તિ કરતાં દેહ મરો કે જીવો, સુખ આવો કે દુઃખ આવો.

વળી જમતાં બીજી વાતો કચારેય ન કરવી, આપણા ભેગા શ્રીહરિ જમે છે એવા ભાવે સહિત 'જમો મહારાજ!' કહી મહારાજને જમાડવા—એમ પોતે પોતાના વર્તનથી શીખવે. આ વાતની દઢતા કરાવવા સમાધિવાળા ગોરધનભાઈની વાત વિગતથી કહે :

"અ. મુ. ગોરધનભાઈ દાતણ કરતા હતા ને શ્રીજી-મહારાજે સૂતરફેણીની માટલી આપી કહ્યું : લે ગોરધન! મહારાજને સૂતરફેણી જમાડ! દાતણ બાજુમાં મૂકી ગોરધન-ભાઈ માટલીમાંથી સૂતરફેણી લઈ 'જમો મહારાજ!' કહેતા જાય ને પોતાના મુખમાં કોળિયા મૂકતા જાય, ને વળી પૂછે : હવે જમશો મહારાજ? જ્યારે શ્રીજીમહારાજે કહ્યું કે હવે પ્રસાદી જેટલી રાખજે, બધી ન જમાડી દેતો, ત્યારે માટલી પાછી આપી. વધેલી પ્રસાદી શ્રીજીમહારાજે સંઘના હરિભક્તોને આપી. સૌને થયું કે આપણે સૂતરફેણી લાવ્યા શ્રીજીમહારાજ માટે ને મહારાજે બધી વાણિયાને જમાડી દીધી! પણ ભગવાન આગળ કોણ બોલી શકે? જ્યારે વધેલી સૂતરફેણીની પ્રસાદી શ્રીહરિ ગોરધનભાઈને આપવા લાગ્યા ત્યારે કહે : મહારાજ! હજી મેં દાતણ કર્યું નથી, નાહ્યો કે પૂજા કરી નથી! સંઘને વળી સંશય વધ્યો. વાણિયો પાકો બહુ છે. આખી માટલી જમતાં દાતણ બાજુમાં મૂકી દીધું ને થોડી પ્રસાદી લેતાં બધું યાદ આવ્યું! પછી સભા થઈ, સમય થતાં બ્રહ્મચારી શ્રીહરિને થાળ જમવા તેડવા આવ્યા. મહારાજ કહે : આજે તો અમને ગોરધનભાઈએ સૂતરફેણી ખૂબ જમાડી છે માટે ભૂખ નથી, તો આજે ગોરધનભાઈને જમાડો. એમ કહી ગોરધનભાઈને સાથે લઈ જમવા પધાર્યા. પોતે જરાય ન જમ્યા ને ગોરધન-ભાઈને પાસે બેસાડી થાળ જમાડ્યો! આ લીલા સંઘે જોઈ

તો ય સંશય ન શમ્યો. ફરી સભા થઈ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા : "આ ગોરધનભાઈ સર્વ ક્રિયા અમારી મૂર્તિમાં રહીને કરે છે. બીજાને દેખાય કે બધું ગોરધનભાઈ કરે છે, પણ એ તો કાંઈ કરતા નથી. એ તો અમારી દિવ્યમૂર્તિનું સુખ જ અખંડ ભોગવે છે. એની બધી જ ક્રિયા અમે કરીએ છીએ." શ્રીહરિના મુખના વચનથી ય સંઘના હરિભક્તોને સંશય ન ટળ્યો, જેથી શ્રીહરિ કહે : એમને તો સાકર ને મીઠું સરખાં છે. સંઘવાળા કહે : મહારાજ ! વાતોથી સાચું કેમ મનાય ? નજરે દેખાડો. પછી એક થાળીમાં સાકર ને મીઠું લાવ્યા તે પણ ગોરધનભાઈ સરળ રીતે જમી ગયા. ત્યારે સૌને પ્રતીતિ થઈ કે સૂતરફેણી ખરેખર ગોરધનભાઈ નહિ, પણ ગોરધનભાઈમાં રહીને શ્રીજીમહારાજ જ જમ્યા છે. આ રીતે આપણે પણ હંમેશાં શ્રીજીમહારાજને થાળ જમાડવા, એવું સોમચંદભાઈ સૌને દઢ કરાવતા. વળી, જમતી વખતે નિ:સ્વાદપણું રાખવા કહેતા : દાળનો સબડકો એ સ્વાદ છે, તેથી સબડકા લીધા વિના જમવાનું કહેતા. ક્રિયા અને ભાવનાની શુદ્ધિ કરાવી, શુદ્ધ પ્રેમે શ્રીહરિમાં જોડવાનો અનુભવ કરાવતા. બાઈઓમાં રહેલી શિથિલતાઓ દૂર કરાવવા આ રીતે રમૂજ સાથે સત્ય દૃષ્ટાંતો સરળ ને સાદી શૈલીમાં એવી રીતે રજૂ કરે કે સત્સંગનો પાકો રંગ લાગી જાય.

સવારમાં દાતણ કરવા માટે શ્રીહરિએ 'શિક્ષાપત્રી'માં સૂચવ્યા પ્રમાણે એક બાજુ બેસવા ભલામણ કરે. દિશાએ (સંડાસ) જઈ આવ્યા પછી હાથ ધોવા માટે માટી મૂકવાનું પહેલેથી ભૂલી ગયા હોય તો ચોખ્ખી માટી આપી ડાબો હાથ દસ વખત ને બંને હાથ ભેગા કરીને સાત વખત એમ સત્તર વખત હાથ જાતે ધોવરાવે. પછી કોઈ નાહેલા હરિ-ભક્તોને અડી ન જવાય અને નાહ્યા પછી બદલવાના રૂમાલ કે ધોતિયાં મૂકેલા હોય તેને પણ અડી ન જવાય એ રીતે

ખટકો રખાવી, નળ નીચે કે ચોકડીમાં પાણીની ડોલ ભરી નહાવા જવા સૂચન કરે. બહેલા બધાં કપડાં પલાળવા ભલામણ કરે. પલાળેલું કપડું નહાવા માટે લીધેલ ડોલ કે વાસણમાં બોળ્યા સિવાય ઉપરથી પાણી નખાવી મચમચાવી નિચોવી સૂકવી નખાવે. સૂકાયેલા કપડાં ઉપર પક્ષીએ બેસીને બગાડ્યું ન હોય તો તે પણ તપાસી લઈને વાળી લેવા સૂચન કરે. નાહ્યા પછી પૂજા કરવા પૂર્વ કે ઉત્તર મુખે બેસવાની રીત સમજાવે. શ્રીહરિની દિવ્ય મૂર્તિમાં જીવાત્મા જોડી રાખીએ તો પૂર્વ ને ઉત્તર નહિતર દક્ષિણ દિશા જ છે, એવો પૂર્વ-ઉત્તરનો આધ્યાત્મિક અર્થ સમજાવે. પૂજા કરતાં આડી-અવળી વાતો કે બીજે ધ્યાન ન રખાય એવી પણ સૂચના કરે. પૂજાનું માહાત્મ્ય સમજાવવા બોટાદના શેઠ શિવલાલભાઈની પૂજા કરવાની રીતની વાત કરે. શિવલાલભાઈ પૂજા કરવા બેસે ને એકવૃત્તિએ શ્રીહરિસ્વરૂપમાં જોડાય. તે વખતે હજારો રૂપિયાનું નુકસાન થાય તેવા વેપારી સોદાની વાત હોય કે બીજી ગમે તેવી અગત્યની વાત હોય, તો પણ પૂજામાં વિક્ષેપ ન થાય તે માટે પૂજા દરમ્યાન તેમના કાને કોઈ વાત ન પહોંચાડવી તેવી સ્પષ્ટ સૂચના તેમણે આપેલી હતી.

આટલું ઝીણવટભર્યું કામ પણ ઓછામાં ઓછા સમયમાં પતાવે. નહાવું, ધોવું, જમવું વગેરે દૈહિક ક્રિયા કરવામાં એવી ઉતાવળ રાખે કે જાણે કોઈ અગત્યના કામે જલ્દી બહાર જવાનું ન હોય! કથા-વાર્તા, માળા-માનસીપૂજા વગેરેમાં એવી ધીરજ દેખાડે અને શાંતિનો અનુભવ કરાવે કે જાણે બીજું કાંઈ કામ જ નથી. હરિભક્તોને કથાવાર્તાનો લાભ લેતાં થકવી દેતા. સાંભળનારા થાકે પણ સળંગ રાત્રિની રાત્રિ પોતે ન થાકે. ઉજાગરા કે થાકને કથાવાર્તા થતી હોય ત્યાં સુધી ન ગણકારે. સભામાં કોઈ ઊંઘતા હોય તો ખટકો રખાવે, જાગ્રત કરે. કોઈના અંતરમાંથી શ્રીહરિવાતરૂપ અમૃત

ઢોળાઈ જવા ન દે. જાગ્રત છતાં બીજા વિચારે ચડેલાને પૂછે : મહારાજ શું કહે છે? એમ કહી સંપૂર્ણ ધ્યાન રખાવે. સભામાં વાત કરતાં, કોઈને અંતરમાં ઘાટ-સંકલ્પ થતા હોય તે મટાડવાની વાતો કરે જેથી અંતર્યામી છે એવું પણ લાગે. સભામાં પલાંઠી વાળીને એક સરખા જ કલાકોના કલાકો સુધી સ્થિરપણે જ બેસતા. આ બેસવાની રીત પરથી જ જોનારને લાગે કે જરૂર આ સિદ્ધ પુરુષ છે.

સત્સંગમાં મોટા સંતો જીવનવ્યવહારમાં આવી રીત બતાવતા, પરંતુ પોતે ત્યાગાશ્રમમાં વર્તતા હોવાથી ગૃહસ્થાશ્રમી સૌને એ જીવનરીતિનું સંપૂર્ણ દર્શન ન થાય, પણ સોમચંદભાઈ તો ત્યાગાશ્રમમાં ન હતા, વળી ઘરેઘર ને ગામેગામ ફરતા અને ઝીણી અણિશુદ્ધ જીવનરીતિ–સેવારીતિ બતાવતા. તેથી અનેક કુટુંબોના જીવનવ્યવહાર શુદ્ધ બન્યા. ઉપરાંત, આવી અણિશુદ્ધ જીવનરીતિને શ્રીહરિની મૂર્તિમાં જોડાવાના જ્ઞાનમાર્ગની પૂર્વશરત ગણી મૂર્તિના અખંડ અનુસંધાનને ચૂકવા ન દેતા.

મહિમા જાણીને કોઈ મોટું આસન બિછાવે તો કાઢી નાખે. સૌના માટે પાથરેલ સરખા આસનમાં જ બેસે. ભગવું કપડું, ગાદલું, વગેરે હોય ને કોઈ પાથરે, તો કહે : આ તો સંતો માટે યોગ્ય ગણાય. કોઈ કહે : તમે સંત કરતાં કયાં ઉતરતા છો? તો કહે : આ આસનની પૂજા થાય, બેસાય કે ઓઢાય નહિ. એવો મહિમા ભગવા કપડાંનો પણ જાણતા. નાના-મોટા સાધુની પણ મર્યાદા ખૂબ જાળવે. મોટા સંતનું માહાત્મ્ય જાણી એમના સાંનિધ્યમાં રહી મરજી સાચવે. સત્સંગમર્યાદા જાળવી દીનપણે હેતભરેલાં વચનોથી સંતોને પણ ખૂબ જ રાજી કરે.

શ્રીહરિની અક્ષરધામની દિવ્ય મૂર્તિ, છપૈયામાં પ્રગટ થઈ સૌને ન્યાલ કર્યા એ મનુષ્યરૂપ મૂર્તિ અને હાલ પ્રતિમા

સ્વરૂપ — એ ત્રણેયમાં એક રોમનો ય ફેર નથી, એવો મહિમા તેમના જ્ઞાન અને વર્તનમાં તરવરતો હતો. પ્રતિમા સ્વરૂપ આગળ પ્રત્યક્ષ શ્રીજીમહારાજ બોલતા-ચાલતા બિરાજમાન હોય તેવી મર્યાદા પાળતા, અને સૌને એ વિવેક શીખવતા.

જ્ઞાન, ભક્તિ, સેવા, વગેરેમાં સૌને સદાય સત્સંગમાં અગ્રસ્થાને લાગે છતાં પોતે કાંઈક મોટા છે એવા ભાવનો રંચ પણ તેમનામાં જોવા ન મળતો. નાનામાં નાના હરિભક્તની સેવા કરવાની જરૂરિયાત ઊભી થાય તો બીજાની રાહ ન જુવે, પોતે જ ઉપાડી લે. હરિભક્ત સંકોચ અનુભવે, તો કહે : હું કયાં તમારી સેવા કરું છું, આ તો તમારી ભેળા શ્રીજીમહારાજ રહ્યા છે એમની સેવા કરું છું, એ દિવ્ય મૂર્તિનો રાજીપો મને મળે એમાં તમે શું કામ સંકલ્પ કરો છે? આમ માહાત્મ્ય જણાવી સંકોચ દૂર કરે.

માંદા હરિભક્ત હોય તો તેની પાસે જઈ કથા-વાર્તા, કીર્તન–ધૂન કરી એવો તો આનંદ જગાવે કે માંદવાડનું દુઃખ ઓછું થઈ જાય. અંત અવસ્થાવાળા હરિભક્તને દિવ્ય આનંદ ઉપજાવી શ્રીહરિની મૂર્તિમાં જ જોડાઈ રહેવા શ્રીજીમહારાજ તથા મોટા મુક્તોનાં અમૃત વચનોની સરવાણી વહેતી કરી દે, અને તેનો અંત સમય સુધારી દે.

હેતવાળા હરિભક્તોને ત્યાં લગ્ન, જનોઈ, વાસ્તુ કે એવા આનંદના પ્રસંગ હોય ત્યારે ખૂબ ભાવથી સોમચંદભાઈને તેડાવવા આગ્રહ કરે, પણ સૌને પત્ર લખી શ્રીજીમહારાજની સ્મૃતિએ સહિત પ્રસંગ ઉજવવા ભલામણ કરે, દિવ્યરૂપે ભેળા છીએ એવા આશીર્વાદ આપે, આપણને શ્રીજીમહારાજે સદાય મૂર્તિમાં ભેળા રાખ્યા છે, જુદા નથી. આવો અલૌકિક દિવ્યભાવ જણાવી ત્યાં જવાનું ટાળે, પણ કોઈ માંદા હરિભક્ત

હોય અને બીજા પાસેથી તે સમાચાર મળે તો ય વગર તેડાવે પહોંચી જાય, ને કથા-વાર્તાથી રાજી કરે.

કોઈ હરિભક્તને હેત ઘણું હોય પણ સત્સંગમાં ફરી સેવા-સમાગમ, કથા-વાર્તાના જોગનો લાભ લેવાની અનુકૂળતા ન હોય તો પોતે સામે ચાલીને ત્યાં વારંવાર જાય, કથા-વાર્તાનો લાભ આપે, અને શ્રીહરિના મહિમાના ઉત્કૃષ્ટ વચનોથી તેનું પોષણ કરે.

સત્સંગીની દીકરીઓ સાસરે જાય ત્યાં સત્સંગ ન હોય તો તેની તાણ પૂરી કરવા, હરિભક્તોને લઈને તેમના ઘરે જાય. ઘરમાં કાલાં પડ્યા હોય તો તે લઈ પોતે ફોલવા માંડે તથા સાથેના હરિભક્તોને ફોલવા નિર્દેશ કરે. આમ કામ થતું જાય ને પોતે મહારાજના સંબંધની દિવ્ય ચમત્કારિક વાતો કરે. જેમને સત્સંગમાં હેત ન હોય છતાં ય પોતાનું કાલાં ફોલવાનું કામ થાય છે તે લોભે પણ કાલાં ફોલતાં ફોલતાં ફરજિયાત આવી દિવ્ય વાતોનું શ્રવણ કરતા. અમૃત અજાણે કે પરાણે પીવામાં આવે તો ય અમર કરે જ ને? ભાલ દેશમાં બળદ ખળામાં ઘઉં ખાય ને તે ઘઉં આખા ને આખા છાણમાં નીકળી જાય, પણ એનો કસ એ બળદના પેટમાં રહી જાય, એમ આવી વાતોથી સાંભળનારના જીવમાં કસ આવી જાય, બીજ બળ હોય તો ઊગી નીકળે.

કોઈ હરિભક્તને કાંઈ આપત્કાળ આવે કે શારીરિક-વ્યવહારિક કે અન્ય ઉપાધિ આવી પડે ને ભાવથી પ્રાર્થના કરે તો ઝાઝું ન બોલે, પણ પોતે અંતરથી લાગણીવશ થઈ કહે કે મહારાજ સારું કરશે! દુઃખ જડમૂળથી જાય. દયા તો સતત વહેતી જ હોય, પણ પોતામાં રહેલી શ્રીહરિજીની દિવ્ય પ્રતિભાને ઢાંકીને જ વર્તે.

ગામડાઓમાં ફરતા હોય ત્યારે રસ્તામાં જે કોઈ મળે—સત્સંગી હોય કે બિનસંપ્રદાયના હોય, સૌ કોઈ—હાથ જોડી

ભાવથી 'જય સ્વામિનારાયણ' કહે, એવો એમનો દિવ્ય પ્રભાવ હતો.

જ્યારે ગામમાં આવે ત્યારે મંદિરમાં સભા ઠસોઠસ ભરાઈ જાય. મંદિરમાં દરરોજ ન આવતા હોય, તે પણ સોમચંદભાઈની વાતો સાંભળવા આકર્ષાઈને આવતા. સંપ્રદાયના સૌ કોઈ હરિભક્તો કે સંતો પણ આ મુક્તના મુખે શ્રીહરિજીના દિવ્ય પ્રતાપની વાતો સાંભળી પ્રતિભાવ આપતા કે સોમચંદભાઈ ખરેખરા મુક્ત છે.

ઘણી વખત ગામડાંમાં પધાર્યા હોય ત્યારે હરિભક્તોને પોતાના ઘરે સોમચંદભાઈ પધારે એવો ભાવ રહે. તેમના ભાવથી ભીંજાઈને ઘરેઘર જાય. ઠાકોરજીની આરતી ઉતારે, ચાંદલા કરે, બાળકોને માથે હાથ મૂકે, રાજી કરે. એમ કોઈ કોઈ વખત તો આખો દિવસ ઘેરઘેર ફરે. પોતાની અવસ્થા કે દેહનો પરિશ્રમ જણાવવા જ ન દે. સૌને રાજી કરવાનું તાન.

સોમચંદભાઈમાં વાત્સલ્યભાવ એવો તો છલકાતો કે સૌ કોઈને એમ જ લાગે કે મારા પર તેઓશ્રી બહુ રાજી છે. કેટલાક હેતવાળા ભક્તો કહેતા : "એ વખતે અમારા માબાપ હયાત ન હતા, પણ તેઓશ્રીએ અમારા માબાપની ગરજ સારી હતી અને અમારા સુખદુ:ખમાં સદાય સાથે રહેતા અને ખૂબ આત્મીયતા અને લાગણી બતાવતા, અને અમાર સાચા માબાપ બની સદાય સુખદુ:ખમાં દીવાદાંડીરૂપ બની રહેતા." શ્રીજીમહારાજને પ્રસન્ન કરવા દીનપણે કોઈ હરિભક્ત માળા-કથા-કીર્તનાદિક સેવા કરે તો તેના પર ખૂબ જ પ્રસન્નતા જણાવે. ભક્તિ, જ્ઞાન કે સેવાનો આડંબર જણાવે તેના પર ઉપર ઉપરથી રાજીપો દેખાડે, પણ અંતરના હેતની વાત જ જુદી!

કયારેક મંદિરમાં ધૂન-ઉત્સવ કરી વહેંચવા માટે પ્રસાદીમાં મોતૈયા લાડુ બનાવરાવે. લાડુનાં પ્રસાદી લેવા સૌ કોઈ ઉમટે. મંદિરનો હોલ ને ફળિયું ને બહાર માણસોની ભીડ થઈ જાય. પ્રસાદી વહેંચનારને લાગે કે ખૂટી પડશે કે શું? પણ સર્વેને પ્રસાદી એકે એક આખો લાડુ વહેંચી દે, તો ય વધી પડે. — મંડપ બાંધવાની, ઝાંઝ-મૃદંગ વગાડવાનાં, આરતી પછી બંદૂકોના ભડાકા કરવાની, ઢોલ વગાડવાની સેવા કરનારાઓને વળી વિશેષ પ્રસાદી આપી રાજી કરે.

હેતવાળા હરિભક્તોના કોઈ કુટુંબમાં કયારેક કુસંપ થયાનું જાણે તો તે ઘરે પહોંચી જાય. શ્રીજીમહારાજ અને મુક્તોના જીવન પ્રસંગોના કેટલાય દષ્ટાંતો આપે, અને ભાઈ-ભાઈમાં, પિતા-પુત્રમાં કે સાસુ-વહુમાં કલહ હોય તો સંપ કરાવે. આમ સૌ હેતવાળાને પોતે ઠરવાનું ઠામ હતા,

હરિભક્તોની ખબર બહુ રાખે. આત્મીયતાની ભાવના જણાઈ આવે. કોઈ બીજે ગામે સમૈયે, પારાયણ ઉપર કે અન્ય ઉત્સવમાં હેતવાળા હરિભક્તો ગામેગામથી આવ્યા હોય તો તેમના ઉતારા, પાગરણ, ઠાકોરજી જમાડવાની સગવડ — બધું ધ્યાન રાખે. પોતાના હેતવાળા કુટુંબમાં રસોઈ બનાવ-રાવે અને હરિભક્તોને તેડી જઈ ખૂબ ભાવથી પીરસીને જમાડે.

અબજીબાપાશ્રીના પુત્ર અ. મુ. કાનજીબાપા જ્યારે કચ્છમાંથી સૌરાષ્ટ્ર – ગુજરાતમાં પધારે ત્યારે કે સ. ગુ. મુનિસ્વામીશ્રી, અ. મુ. મનસુખબાપા, અ. મુ. ચતુરબાપા કે એવા મોટા મુક્તો ગામડે પધારે ત્યારે સાથે રહે. હરિભક્તોને કહે : આપણા મોટા ભાગ્ય કે ભગવાનના આવા મોટા મુક્તના દર્શન - સેવા - સમાગમનો લાભ મળ્યો. લાભ બરાબર લઈ લેજો. આવું ટાણું મળવું બહુ ભારે છે, એમ કહી સર્વેને લાભ અપાવે. જેટલો હરખ કરી શકાય તેટલા હરખથી રાજી

કરવા પ્રેરણા કરે. મોટા મુક્તાને રાજી કરે, ને હરિભક્તોને સુખિયા કરે.

હેતવાળા હરિભક્તોને આળસ તજીને સત્સંગનો લાભ લઈ લેવા વારંવાર ટકોર કરતા જ રહે. દૃષ્ટાંત દઈ સમજાવે : એક બાવાજી જાત્રાએ જતા પહેલાં એક દરજીને ત્યાં પારસ-મણિ સાચવવા મૂકી ગયા. દરજી કહે : મૂકો ગોખલામાં. બાવાજી કહે : તારે જેટલા લોઢાનું સોનું કરવું હોય તેટલું કરી લેજે. છ-બાર માસે બાવાજી પાછા આવ્યા. ગોખલામાંથી મણિ લઈ ચાલતા થયા, ત્યારે દરજીને યાદ આવ્યું કે મણિનો લાભ તો લીધો નહીં ! લોખંડની કોશ લઈ પાછળ દોડયો. આને મણિ અડાડી લેવા દો ! બાવાજી કહે : હવે તો સોયને ય ન અડાડું ! આટલા દિવસ મણિ તારી પાસે રહ્યો તો ય કાંઈ ન કર્યું ? તેમ ચિંતામણિ જેવો મનુષ્યદેહ અને સત્સંગનો આ અવસર, તો ય જો કસર ન ટાળીએ તો અધૂરું રહી જાય.

વળી કોઈ વાર વાત કરે : કરાંચીમાં તેમના બાળસખા અ. મુ. ગોરધનભાઈ ભોજાણી હતા. તેઓએ એક વખત કહ્યું : "ચાલો ! આજે તમને એક મોટા યોગીરાજના દર્શન કરાવું." પછી ગામ બહાર પાંચ-છ કિલોમીટર દૂર એક બાવો બાવળના કાંટાવાળું ડાળું કાપીને તે કાંટામાં સૂતો હતો તેની પાસે લઈ ગયા અને નીચે બેસીને તેમને બે હાથ જોડીને દર્શન કરતા લોકોને બતાવ્યા. પછી વળતાં ગોરધનભાઈને કહ્યું : "જો આપણને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો યોગ ન થયો હોત તો આપણે આવા બાવાને મોટા સિદ્ધ માનીને તેને ગુરુ કરત અને તેની ચલમો આપણે ભરી આપત. બાપાશ્રીએ કૃપા કરી સાચી વસ્તુ ઓળખાવી છે તેથી બીજે ક્યાંય ભરમાતા નથી. આવું પ્રત્યક્ષ નિરીક્ષણ કરાવીને વાત સમજાવી તે એક સંભારણું કર્યું. જેથી કાયમ વાત યાદ રહે !"

વળી, હરિજનનું દૃષ્ટાંત આપે. એક સત્સંગી હરિજનને સત્સંગી જાણી ત્યાંના રાજા વગર વાંકે રોજ સાત ખાસડા મારતો. તે રાજાને દેહના અંતકાળે યમના દૂતો તેડવા આવ્યા, ને અતિ કષ્ટ થયું. તે વખતે તે સત્સંગી હરિજને મહારાજને પ્રાર્થના કરી કે આ બિચારાને જમના મારથી છોડાવો. મહારાજ કહે : અમે અમારા અપરાધીને છોડીએ, પણ અમારા ભક્તના અપરાધીને ન છોડીએ. ત્યારે તે હરિજને કહ્યું : "તમારા ભક્તને ચંદનની પૂજા ને ખાસડાની પૂજા સરખી છે. આ રાજાએ તો મારી પૂજા કરી છે ને નિત્ય મારા દર્શન કર્યા છે! માટે એ દર્શનના ફળરૂપે તેને બચાવી ધામમાં લઈ જાવ." ભક્તનો આવો સાધુ સ્વભાવ જોઈ શ્રીજીમહારાજ બહુ રાજી થઈ તે રાજાને ધામમાં લઈ ગયા. આ દૃષ્ટાંત દઈ સોમચંદભાઈ પૂછે કે આપણી સ્થિતિ એવી થઈ છે કે નહિ ?

વળી કોઈ વાર કહેતા : એક ગામથી સંતો જતા હતા ત્યાં શિકારીએ મોર માર્યો, તે સંતોએ જોયું ને દુઃખ થયું ને સંતોથી બોલી જવાયું : બળ્યું આ ગામ! તેટલા સંકલ્પથી ગામ બળવા માંડ્યું. તેથી સંકલ્પ બંધ કરી દીધો. શિકારીએ તો એક જીવની હિંસા કરી, પણ બળ્યું કહીને ગામ બળે તો કેટલા જીવની હિંસા થાય ? આપણે તો કરુણા જ રાખવી.

સંતોની સાંનિધ્યમાં હરિરસ પિરસાતો હોય ને ગામ-પરગામના હરિભક્તો પણ મહારસ માણવા આવે. થોડા દિવસે ઘરે જવાની તૈયારી કરે તો સોમચંદભાઈને એમ લાગે કે આવો રૂડો અમૃતરસ માણવાનો અવસર પ્રાપ્ત થયો ને ઘેર જવાનું મન કેમ થતું હશે ? પણ કોઈને રોકાવાનું કહે નહિ. અંતરમાં એવો આગ્રહ કે ન જાય તો સારું. શ્રીજીમહારાજના જીવન પ્રસંગની વાત કરે કે એકવાર હરિભક્તો મહારાજ પાસે થોડા દિવસ રહી ઘરે પાછા જવા તૈયાર થયા. મહારાજ કહે : આવો લાભ મૂકીને શું જવાનું ? બધી સુવિધા

ને આટલો લાભ અહીં છે, તો રોકાઈ જાવ. હરિભક્તો કહે કે ઘણા દિવસ થયા તેથી જવું પડશે. ગામ બહાર જતા સામે ગધેડો ધૂળમાં આળોટતો ને ભૂંકતો જોયો. અપશુકન થયા જાણી પાછા આવ્યા! કોઈએ પૂછ્યું : કેમ પાછા આવ્યા? મહારાજે કહ્યું છે એટલે થોડા દિવસ રહેવા. મહારાજ કહે : આ અમારે કહ્યો નથી રોકાયા, આતો ગધેડાના કહેવાથી પાછા વળ્યા છે! આમ મર્મ કરી મહારસમાં ગરકાવ થઈ જવા જણાવે.

કોઈ વખત હેતવાળા હરિભક્ત સ્ટેશન ઉપર મળી જાય. તે બહારગામ જતા હોય ને પોતે તેના ગામ આવતા હોય. પછી સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર જ ત્રણ-ચાર કલાક તેમની જોડે બેસી શ્રીહરિના દિવ્ય પ્રતાપ—આનંદની વાતો કરી સંતોષ પમાડે!

એક વખત કચ્છમાંથી અન્ય હરિભક્તો સાથે ગાડીએ બેઠા. કંડલાથી નવલખી સ્ટીમલોંચમાં, ત્યાંથી ટ્રેનમાં છેક અમદાવાદ સુધી ભગવાનની વાતોનું પુસ્તક એક ધારી રીતે વંચાવતાં વંચાવતાં અમદાવાદ સ્ટેશને પહોંચ્યા. ત્યાં પુસ્તક થોડુંક અધૂરું રહ્યું. તે ગાડીમાંથી ઉતરી પ્લેટફોર્મ પર બેસી પૂરું કરાવીને પછી સ્ટેશનની બહાર આવી છૂટા પડ્યા! એ જ રીતે કોઈ વખત પાણીમાં ય બબ્બે, ચચ્ચાર કલાક બેસારીને સત્સંગનો રંગ રેલાવે! આમ, શ્રીહરિને વિષે હેત-વાળા હરિભક્તો સાથે હોય તો ટાઢ હોય, તાપ હોય, પાણીમાં બેઠા હોય કે રસ્તા વચ્ચે, શ્રીહરિરસ રેલાવવામાં એવા તલ્લીન થઈ જાય કે સમય-સ્થાનની મર્યાદા ભૂલી જાય!

એક વખત દર્શન કરી ઉતાવળે ગાડીમાં જવાની જરૂરિયાતવાળા કોઈ હરિભક્ત આવ્યા ત્યારે સોમચંદભાઈ આખી રાતના ઉજાગરાને લીધે દસેક મિનિટથી મોઢે ઓઢીને સૂતા હતા. હરિભક્ત તો જરાય અવાજ કર્યા વગર મર્યાદાથી

પાસે બેઠા. વિચારે કે શું થશે? ગાડી મળશે? છેવટે મનમાં નક્કી કર્યું કે ગાડી જવી હોય તો જાય ને થવું હોય તે થાય, પણ સોમચંદભાઈ જાગે ને 'જય સ્વામિનારાયણ' કહે પછી જ જવું. હરિભકતે મનમાં એવો પાકો નિર્ણય કર્યો કે તરત જ પોતે બેઠા થયા! 'જય સ્વામિનારાયણ' કર્યા ને કહે: ઘેર જવું છે? ઊભા થઈ મળ્યા. હરિભક્ત હરખાતા હૈયે ઘેર ગયા!

ગામેગામ ફરતા પણ કયારેય કોઈ હરિભક્ત તરફથી સેવા ગ્રહણ ન કરે. એક વખત એક હરિભકતે સોમચંદભાઈના ઝભ્ભાના ખીસ્સામાં બે રૂપિયા તેમની જાણ બહાર મૂકી દીધા. બીજે ગામ ગયા. ખીસ્સામાં હાથ નાખતાં બે રૂપિયા મળ્યા. તરત પાછા તે જ ગામમાં આવ્યા. મીઠો ઠપકો આપી પૈસા પાછા આપ્યા, ને બોલ્યા કે અમને આંટો કરાવ્યો! કોઈએ પૂછયું કે તમારું આવવા-જવાનું ગાડી ભાડું વગેરે કયાંથી કાઢો છો? તો કહે: પહેલા હું નોકરી કરતો ત્યારની બચત બેંકમાં જમા છે, તેમાંથી વાપરું છું. એ પૈસા ખુટાડવા છે તો ય ખૂટતા નથી!

કરાંચીમાં સોમચંદભાઈ જેમના મકાનમાં રહેતા તે હરિભક્તને સોમચંદભાઈની નિષ્કામ-નિ:સ્પૃહી સત્સંગ-સેવાથી એટલો ભાવ થઈ આવ્યો કે એમને થયું કે મારે ભાઈ હોય તો તે મારી મિલકતમાંથી ભાગ માંગત. આ તો મારા ભાઈથી ય વિશેષ છે. તેથી પોતાની બચતના ૨૮૦૦૦ રૂપિયામાંથી ચૌદહજાર રૂપિયાની રકમનું સોમચંદભાઈના નામનું ખાતું ખોલાવીને તે રકમ તેમાં જમા કરાવી દઈ તે બેન્કની પાસબુક સોમચંદભાઈને આપી. પણ સોમચંદભાઈએ 'પૈસા મને મળી ગયા, મારે જયારે જોઈશે ત્યારે માગી લઈશ, મારા જ છે, મને રાજી કરવો હોય તો આ અત્યારે તમારી પાસે

રાખો, મારું વચન માનશો તો મહારાજ તમારા ઉપર ઘણા રાજી થશે,' એમ ખૂબ ખૂબ પ્રેમ ને કળથી સમજાવી એ રકમ પાછી આપી, પણ પોતે તે ગ્રહણ કરી નહીં.

એક હારભક્તે તેમને કહ્યું કે તમો મારા ઉપર બરાબર રાજી નથી ! પોતે બોલ્યા :

"કબીરા ખડા બજારમે, સબકી ચાહત ખૈર;
નહિ કિસીસે દોસ્તી, નહિ કિસીસે વૈર."

આ બધા ભાવનો ત્યાગ કરી શ્રીજીમહારાજ જે રીતે રાજી થાય એમ રહેવું !

કોઈ હરિભક્તને હેત જણાવી બાથમાં લઈ પ્રેમથી મળે તો મળનારનું હૈયું ટાઢું થઈ જાય, સંકલ્પો સમી જાય, આનંદની ઊર્મિ ઉમટે, દિવ્યભાવ પ્રગટી આવે.

સભામાં પોતે જ્યારે વાતો કરતા હોય ત્યારે તે વાત સાંભળનારને શ્રીજીમહારાજ, સંતો તથા આખાય સત્સંગ પર હેતના જ ઊભરા આવ્યા કરે, મન ફરી જાય ને શ્રીહરિને વિષે સહેજે વૃત્તિ બંધાઈ જાય. સભામાં સૌને સમજાવે કે સર્વમાં એકાદ ગુણ તો હોય જ, માટે સર્વમાંથી એક એક ગુણ ગ્રહણ કરીએ તો સદ્‌ગુણનો ભંડાર થઈ જાય, ને અકેકો અવગુણ લઈએ તો ખોટો ભાર વધે ને સત્સંગમાંથી પાછા પડી જવાય. વળી, સભામાં સમજાવે કે વ્યવહારમાં નજર પહોંચતી હોય કે રાજકારભાર કરતા હોય અથવા આખી દુનિયાના કામકાજનું સંચાલન કરતા હોય તેની ઝીણી (કુશાગ્ર) બુદ્ધિ નથી, કારણ કે બુદ્ધિનો આવો ઉપયોગ કરી પોતાનું બંધન તો વધાર્યું જ છે, પણ જે સર્વ બંધન થકી પોતાના જીવાત્માને મુક્ત કરી એક શ્રીહરિની દિવ્યમૂર્તિમાં જ જોડાવા પ્રયત્નશીલ બન્યો છે તે જ ઝીણી બુદ્ધિવાળો – ડાહ્યો છે. વળી કહે કે બહુ વરસાદ વરસે ત્યારે પાણીની કિંમત ઓછી હોય, પણ દુષ્કાળ પડે ત્યારે સારા વર્ષો યાદ આવે, એમ મોટા

પુરુષ મળ્યા હોય ત્યારે બરાબર જોગ કરી લેવો ને કસર ન રાખવી.

એક હરિભક્તાને પોતાના ઘરે લઈ જવાની બહુ તાણ હતી, તેથી એક વખત તેમના ઘરે હરિભક્તોના મંડળે સહિત પધાર્યા. જગ્યાની સંકડાશ તેથી હરિભક્તા સંકોચ અનુભવે, તો પોતે બોલે : પહેલાં વિચારવું જોઈએ કે કુબામાં હાથી સમાશે ? એમ રમૂજ કરી કથા-વાર્તા-કીર્તન-ધૂન-આરતી-થાળની રમઝટ મચાવી દિવ્ય આનંદભર્યું વાતાવરણ સર્જી દીધું.

લોકવ્યવહારની રીતે કોઈ હરિભક્તાને સૂતકને લીધે અડીને નહાવું પડે તેમ હોય તો વહેલી સવારે નહાતા પહેલાં તેમને ત્યાં પહોંચે, ફળિયામાં બેસી સહકુટુંબને શ્રીહરિના દિવ્ય પ્રતાપની વાતો કરી કારણ સત્સંગના રંગે રંગી દઈ ભાવથી ભેટે ને રાજી કરે.

અ.મુ. સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી ધામમાં જતાં એક હરિભક્તાને ઘણો જ શોક થયા કરતો, તેથી તેને મળે ત્યારે શ્રીજીમહારાજના દિવ્યભાવની વાતો કરી સત્સંગમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન ને તેમના મુક્તો પ્રત્યક્ષ છે, છે ને છે જ અને એમને જવા-આવવાપણું નથી, એવું જ્ઞાન દઢ થાય તેવી વાતો કરી વિરહ મટાડી શાંતિ પમાડી.

સોમચંદભાઈ કોઈ વાર વાત કરે કે આપણે શ્રીજી-મહારાજ, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, અબજીબાપા, વગેરેનો જોગ કરવામાંથી નવરા ન રહેવું. એ બધા અંતર્ધાન થઈ ગયા એમ જણાય, પણ દિવ્ય સ્વરૂપે સદાય પ્રત્યક્ષ છે જ. વચનામૃત વાંચીએ ને શ્રીજી-મહારાજ સભા ભરીને બિરાજમાન છે, કૃપા કરીને વાત કરે છે, ને હું એ દિવ્ય સભામાં બેઠો છું, એમ માનીએ તો શ્રીજીમહારાજનો જોગ કર્યો કહેવાય. ગોપાળાનંદ સ્વામીની, ગુણાતીતાનંદ સ્વામીની તથા અબજીબાપાશ્રીની વાતો વાંચીએ

ત્યારે તેઓશ્રી વાતો કરે છે ને હું સાંભળું છું એમ જાણીએ તો તેમનો સમાગમ થયો કહેવાય. કીર્તન સાંભળવાનું મન થાય તો બ્રહ્માનંદ સ્વામી પાસે પહોંચી જવું! નહાવા જવાની ઇચ્છા થાય ત્યારે ધેલામાં, નારાયણધરામાં, ખળખળિયામાં, સહસ્રધરે શ્રીજીમહારાજ સંતોએ સહિત અલૌકિક જળક્રિયા કરી આનંદ કરે છે, એનો લાભ મને મળે છે ને ભેગો હું પણ એ આનંદ માણું છું; જમતાં ય શ્રીજીમહારાજ થાળ જમે છે, મને પાસે બેસારી પ્રસાદી આપે છે, મૂળજી બ્રહ્મચારી તાણ કરી પીરસે છે; ખેતીનું કામ હોય તો લક્ષ્મીવાડીમાં મહારાજે મને મોકલ્યો છે ને હું કામ કરું છું; માણકીએ ચડી મહારાજ મને દર્શન દેવા પધાર્યા છે; સૂતા સૂતા ય શ્રીજીમહારાજ પોઢ્યા છે, હું ચરણ ચાંપું છું, પવન નાંખું છું ને મહારાજ પ્રસન્ન થઈ માથે હાથ મૂકે છે, બાથમાં ઘાલીને મળે છે, છાતીમાં ચરણારવિંદ આપે છે. આવો પ્રત્યક્ષ દિવ્ય ભાવ સર્વ ક્રિયામાં લાવીએ તો મોડું થયું કે પાછળ રહી ગયા કે નવો સત્સંગી છું એવું લાગે ખરું? એમ જ લાગશે કે હું તો સદાય મહારાજના ભેળો જ છું!

એક વખત મધ્ય પ્રદેશમાંથી એક શેઠનો કાગળ આવ્યો કે મારે તમારાં દર્શન કરવાં છે, તમે લખો ત્યાં હું આવું. ત્યારે પોતે સામા ચાલીને એક હરિભક્તને સાથે લઈ તેમને ત્યાં ગયા. એક અઠવાડિયું રહી શ્રીહરિના પ્રતાપની ખૂબ જ વાતો કરી તેમને રાજી કર્યા. સોમચંદભાઈ આવા નમ્ર અને દયાળુ હતા. તે ગામથી થોડે દૂર એક બાઈને શ્રી રામચંદ્રજીએ દર્શન આપેલા તેથી જમવાનો ત્યાગ કરી બે વર્ષથી તે બાઈ તપ કરતી હતી, ત્યાં ગયા અને થોડીવાર શ્રીહરિના મૂર્તિનું ધ્યાન કર્યું, કીર્તન બોલ્યા ને ધૂન કરી, તેથી સો એક માણસોનો સમૂહ ભેળો થઈ ગયો અને એક મણ ગોળ મંગાવી શ્રીહરિને ધરાવી પ્રસાદી વહેંચી, ને પ્રસાદીનું પાણી કરી માણસો તથા

ઢોર વગેરે પર નાખી શ્રીજીની સ્મૃતિ સાથે આત્યંતિક કલ્યાણના આશીર્વાદ આપ્યા. જતાં-આવતાં રસ્તાની બંને બાજુ ઝાડ વગેરે જે જે દૃષ્ટિમાં આવ્યા તેમને વિષે પણ કલ્યાણનો સંકલ્પ કરી બોલ્યા કે શ્રીજીમહારાજ તથા અનાદિ મુક્તોની મહાન કૃપાથી આ બધાનું કલ્યાણ થશે. આ કર્તવ્ય બજાવવા જ શ્રીજીમહારાજ આપણને અહીં લાવ્યા છે. અઠવાડિયા દરમ્યાન અહીં પોતે એક વખત ખીચડી જમાડતા, રાત્રે મચ્છરોનો અસહ્ય ત્રાસ હતો, ઓઢીને સૂવે તો પણ કપડાં સોંસરા કરડે અને સવારે આખા શરીરે શિતળા નીકળ્યા હોય એવા ચાઠાં થઈ જતા. શેઠશ્રીના આગ્રહ છતાં મચ્છરદાનીનો સહારો પણ ન લીધો. એવી અલૌકિક આત્મનિષ્ઠાનું દર્શન કરાવ્યું. ને મૂર્તિના સુખની લ્હાણી કરી શેઠશ્રી અને તેમના કુટુંબીજનોને તેમના દિવ્ય પ્રભાવથી ભક્તિરસમાં ગરકાવ કરી કૃતાર્થ કર્યા.

એક વખત આંખે ગરમી થતી હોવાથી માટીના પાટા બાંધી સૂતેલા હતા, ત્યારે એક હરિભક્ત દર્શને આવ્યા. સોમચંદભાઈ તો સૂતા સૂતા વાતો કરે, પણ હરિભક્તને સંતોષ ન થાય ! તે કહે : વૈદ-દાક્તરો તો બધું ય કહે, પણ આમ પાટા બાંધેલા રાખશો તો અમારું શું થશે ? સોમચંદ-ભાઈ કહે : કેમ ? તે કહે : અમારા પર અમૃત દૃષ્ટિ કરશે કોણ ? પોતે તરત પાટો છોડી બેઠા થયા ને રાજી થઈને મળ્યા અને વિદાય આપી.

એક ભાઈ પૂર્વના અતિ બળિયા સંસ્કારવાળા પણ માતાજીના પરમ ઉપાસક હતા. આ જન્મમાં તેમને હજુ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો યથાર્થ યોગ કરાવનાર કોઈ મુક્ત પુરુષ મળેલ નહીં. અંબાજી માતાની ઉપાસનાથી સર્વ સિદ્ધિ મળે છે તેવી ભાવનાથી માતાજીની આરાધના કરતા. તેમના પત્ની સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત સત્સંગી,

છતાં તેમને માતાજીને દીવો-આરતી, વગેરે કરવું પડે. તે બાઈએ સોમચંદભાઈ પાસે દીનભાવે પ્રાર્થના કરી કે એક મ્યાનમાં બે તરવાર કેમ રહેશે? સોમચંદભાઈ તો દયાની મૂર્તિ. તેમણે એ ભાઈને સમજાવ્યા તો તેમણે નિર્દંભ અને સરળ-ભાવે કહ્યું : માતાજી સર્વ કાંઈ આપવા શક્તિમાન છે, સ્વામિનારાયણ એથી વધુ સમર્થ છે? લોલેલોલ વાત ન કરો, પ્રત્યક્ષપ્રમાણ અનુભવ થશે ત્યારે વાત! સોમચંદભાઈની પ્રાર્થનાથી શ્રીજી પ્રેરણા થઈ. માતાજીએ તે ભાઈને દર્શન આપી કહ્યું કે શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, તેમનો આશ્રય કરો. હું જીવનો મોક્ષ કરવા સમર્થ નથી. તે પ્રભુ તમારાં બધાં મનોરથ પૂરાં કરશે ને મોક્ષ પણ કરશે. આવો પ્રત્યક્ષ અનુ-ભવ થતાં માતાજીની મૂર્તિ તેમના બીજા ભક્તને આપી શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરણે આવ્યા! પૂર્વના સંસ્કારો ઉદય થયા; જે કાંઈ ચૈતન્ય આડે આવરણ હતું તે સોમચંદ-ભાઈની કૃપા દૃષ્ટિથી પળમાં હટી ગયું ને શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનન્ય ઉપાસક બની ગયા. પછી તો પૈસાનાય ઢગલા થયાં, મોટરગાડી, રાચરચીલું, વગેરે બધી સગવડો આવીને ખડી થઈ ગઈ! સંપત્તિ વધી પણ સોમચંદભાઈના જોગથી એવું તો પરિવર્તન થઈ ગયું કે સંપત્તિ પોતાની માની જ નહીં. સર્વસ્વ શ્રીજીમહારાજને અર્થે અર્પણ કરવા માંડ્યું. ઉત્તમ પારસનો યોગ જ એવો અદ્‌ભુત છે ને? ઉત્તમ પારસના યોગમાં આવતા ઉત્તમ બની ગયા! સૌને માટે ઉદાહરણીય બની રહ્યા.

એક વખત અષાઢ માસમાં લુણસર જવા દલડી રેલ્વે સ્ટેશને ઉતર્યા. લુણસરથી બે ભાઈઓ ગાડું લઈને સામા આવેલા, ટ્રેનમાંથી ઉતરી સોમચંદભાઈ કહે : પૂજા લાવ્યા છો! હરિભક્તો કહે : આપણે હમણાં જ લુણસર પહોંચી જઈશું. ગાડાંમાં જતાં રસ્તામાં ગાંગીયાવદર ગામે પહોંચતાં

ઓચિંતો મૂશળધાર વરસાદ થયો. લુણસર જતાં રસ્તામાં આવતી નદીમાં ઘોડા પૂર આવ્યું ! બે દિવસ લુણસર જવાય તેમ ન રહ્યું. સામા આવેલા બેય હરિભક્તો પૂજા કર્યા વિના કેવી રીતે જમે ? તો સોમચંદભાઈએ પણ – પૂજા હોવા છતાં – તેમની સાથે બે દિવસ નકોરડા ઉપવાસ કર્યા. ગાંગીયાવદરના હરિભક્તો અકળાયા. પચાસ જેટલા હરિભક્તોએ મળી ગાડા સહિત નદી ઉતરાવી, ને લુણસર પહોંચાડ્યા. સામા આવેલા બેય હરિભક્તોએ નાહીને પૂજા કરી ત્યારે તેમની જોડે ઠાકોરજી જમાડ્યા ! આમ પોતાનું અંતર્યામીપણું, વાત્સલ્યપણું ને સૌને સંભારણું બની રહે તેવી લીલારૂપ ક્રિયા બતાવવાપણું – એકી સાથે જણાવ્યું. (જુલાઈ, ૧૯૫૬ – સંવત ૨૦૧૨)

પોતાના જોગમાં આવેલા હેતવાળા હરિભક્તોનું આ લોકના હિતનું ધ્યાન રાખતા જ, પણ તેથી વિશેષ પરલોકના હિતનું ધ્યાન રાખતા. કોઈનામાં ઉન્મતપણું ન આવી જાય, છક્કી ન જાય તેનું સદૈવ ધ્યાન રાખતા. સમુદ્રમાંથી ચકલી ચાંચ ભરી પાણી લે ને ફુલાય કે અહોહો ! કેટલું લઈ લીધું ! મોટા મગરમચ્છ તો સમુદ્રના ઊંડાણમાંથી બહાર દેખાતા જ નથી, તે ચકલી ન જાણે ! તે રીતે સૌ દાસભાવે વર્તી અલૌકિક ભાવમાં રહે એવો ખૂબ જ ખટકો રાખતા.

એક વખત સોમચંદભાઈ હળવદ હતા. અમદાવાદના હેતવાળા હરિભક્તોને સોમચંદભાઈને તેડાવવાનો સંકલ્પ થયો, તેથી મોટર લઈ સાંજે હળવદ આવ્યા. ત્યારે સોમચંદભાઈને પગે ચાલવાની અસાધારણ તકલીફ હતી ને તબિયત ઘણી ખરાબ રહેતી, તે છતાં પ્રથમ હળવદમાં એક હેતવાળા હરિભક્તને ત્યાં, તે માંદા હતા તે જાણ્યા છતાં તેમને ત્યાં જવાયું ન હતું, તેથી તેમને ત્યાં મોટરમાં ગયા. તેમને રાજી કર્યા. ત્યાંથી ધ્રાંગધ્રા પહોંચતાં રાતના ૧૨ વાગ્યા. બીજે

દિવસે સવારે તો અમદાવાદમાં પહોંચવું જ પડે તેમ હતું તેથી ધ્રાંગધ્રામાં બધાં હેતવાળાને ત્યાં ન જવાયું. ત્યારે હેતવાળા હરિભક્તનો ધ્રાંગધ્રાથી અમદાવાદ પત્ર આવ્યો કે અમે દર્શન વિના રહી ગયા. પોતે જવાબ લખ્યો કે 'મારું શરીર સારું હોત તો વળતી ગાડીમાં પાછો આવી હું મારી ભૂલ માફ કરાવી જાત, પણ મારે શરીરે ઠીક રહેતું નથી તો તમે મારી આટલી ભૂલ ઉદાર દિલ રાખીને માફ કરશો, એવી વિનંતીરૂપ પ્રાર્થના કરું છું.' કેટલો વિનમ્રતાભર્યો દયાળુ સ્વભાવ!

એક વખત પોતાના બેન બાશ્રી દિવાળીબા તેમના નાના બાળકોના તોફાનથી કંટાળી જઈને એવું બોલ્યા કે "આ છોકરાં તો લોહી પી ગયાં." આ શબ્દ સોમચંદભાઈ સાંભળી ગયા. જમવાનો સમય થયો, ત્યારે તેઓશ્રી કહે: આજે મારે જમવાનું નથી, કારણ પૂછતાં ખબર પડી, તેથી દિવાળીબાને પોતાની ભૂલ જણાઈ. તેઓ કહે: વાંક મારો છે તેથી મારે ઉપવાસ કરવો જોઈએ, તમારે નહીં. મહારાજ પાસે માફી માગું છું. હવેથી આવું કદીય નહિ બોલું. આમ વર્તનનો દોષ તો નહિ જ, પણ વાણીનો દોષ પણ ન થઈ જાય તેનું સતત ધ્યાન રખાવતા.

એક નિર્મળ-નિષ્કામી હરિભક્ત દંપતી સોમચંદભાઈને ખૂબ પ્રસન્ન કરતા. એક વખત તેમના ઘરે જઈ સોમચંદ-ભાઈએ અનાદિ મુક્તારાજ બાપાશ્રીના જીવનના કેટલાક દિવ્ય પ્રસંગો વર્ણવ્યા. ત્યારે તે બહેનને એવો ઓરતો થયો કે જો આપણે અબજીબાપાશ્રી સત્સંગમાં વિચરતા હતા ત્યારે જન્મ્યા હોત તો આપણને પણ તેમના દર્શન-સેવાનો લાભ મળત, પણ હવે શું થાય? આવા સંકલ્પ કર્યા કરતા. એવામાં એકવાર ઘરમાં કામકાજ કરતાં એકાએક તે બહેન પડી ગયા ને બેશુદ્ધ થઈ ગયા. એ વખતે સોમચંદભાઈ ઘેર પધારેલા

હતા, સૌ ધૂન કરતાં કરતાં પંખો નાંખવા લાગ્યા. થોડી વારે બહેન શુદ્ધિમાં આવ્યા ત્યારે કહે : તમે બધાં કેમ મને પંખો નાખો છો ? સોમચંદભાઈ કહે : તમે પડી ગયા ને બેભાન થઈ ગયેલા જાણીને હવા નાખીએ છીએ. ત્યારે તે બહેન કહે : હું તો કાંઈ બેભાન નહોતી ! મને તો શ્રીજી-મહારાજ અને બાપાશ્રીના દિવ્ય દર્શન થતા હતા. મને તો આનંદનો પાર ન હતો. એ બહેને સોમચંદભાઈને કહ્યું : રાજીપા ને સંકલ્પથી મારો મનોરથ પૂર્ણ કર્યો. એવો આનંદ સદાય વર્તે એવી દયા કરજો. એ બહેનનું આવું નિર્મળ અંગ જોઈ સોમચંદભાઈ ઘણા રાજી થયા.

એક વખત હરિભક્તો સાથે કચ્છમાં બાપાશ્રીની છત્રીએ દર્શને જતા, ભુજમાં એક બહેનને માંદવાડ થઈ આવ્યો, ને પેટમાં ચૂંક ને ઝાડા થઈ ગયા. બેનને એવો તો દુઃખાવો થાય કે રડવા લાગ્યા ! સોમચંદભાઈ કહે : મહારાજ મટાડી દેશે. તમારું દર્દ કોઈ લઈ લે તો કેવું ? બેન કહે એમ કોઈ કોઈનું દર્દ થોડું લઈ લે છે ? સોમચંદભાઈ કહે : હું તમારું દર્દ લઈ લઉં. ને થોડીવારમાં જ તે બહેનને ઝાડા મટી ગયા ને સોમચંદભાઈએ ઝાડા ગ્રહણ કરી લીધા. બહેનને તો નવાઈ લાગી ને સોમચંદભાઈને વારે વારે નહાવા જતા જોઈને આંખમાં અશ્રુ સાથે હસવા લાગ્યા. સોમચંદ-ભાઈ કહે : પહેલા કેવા રડતા હતા ને હવે કેવા હસો છો ? ત્યારે બહેન કહે : આપ તો સમર્થ છો. આપનો આવો દયાળુ સ્વભાવ જોઈને મારી આંખમાં આંસુ આવી ગયા ને આપના આવા પ્રભાવથી આશ્ચર્ય થતાં હસા જવાયું. આમ હંમેશ સૌને રાજી કરવાનું ને સુખી કરવાનું જ સોમચંદભાઈને તાન હતું.

કોઈ હરિભક્ત કચારેક પાણી ગાળતા બરાબર ધ્યાન ન રાખતા હોય તેમ જણાય, તો સોમચંદભાઈ રમૂજમાં કહે :

પાણી તમને એમ નહીં કહે કે હું અનગળ રહી જાઉં છું! માટે કાળજી રાખી પાણી ભરવું. તો મહારાજની આજ્ઞા બરાબર પળે ને મહારાજ રાજી થાય. સોમચંદભાઈના રમૂજ સાથે સમજણના આવા શબ્દો સાંભળી હરિભક્ત હંમેશા પોતાની ભૂલથી જાગૃત થઈ જતા.

એક વાર કોઈ હરિભક્તના ઘરે સોમચંદભાઈ પધાર્યા હતા. ત્યાં તેમના ઘરના ચોકના કૂવામાં એક નાની વાછરડી પડી ગઈ તેનો ધૂબકાનો અવાજ થયો. સોમચંદભાઈએ તે જાણ્યું. તરત ત્યાં દોડી જઈને પાસે રહીને કૂવામાંથી તેને બહાર કઢાવી. તેને વર્તમાન ધરાવ્યા ને કહ્યું : મહારાજ આને દશમે દહાડે ધામમાં તેડી જાશે. દસમે દિવસે વાછરડીએ દેહ છોડી દીધો.

કોઈ હરિભક્તને સોમચંદભાઈએ ધ્યાનની લટક શીખવેલી તે મુજબ ધ્યાન કરતા, ને શ્રીજીમહારાજના સુખનો અનુભવ કરતા. એ અરસામાં કોઈ લગ્ન પ્રસંગવશાત્ તેમને ત્રણચાર દિવસ રસોઈયા બ્રાહ્મણે કરેલી રસોઈ જમવી પડી ને પરિણામે ધ્યાનમાં મૂર્તિનાં દર્શન થતા બંધ થઈ ગયા! મૂંઝવણમાં પડી ગયા, ને એવામાં સોમચંદભાઈ આવી પહોંચ્યા. વાત જાણી વઢ્યા. કહે : "બેત્રણ દિવસ થાળ હાથે બનાવી ન શકાય? મૂર્તિનો ખપ હોય તો મહારાજની એક એક આજ્ઞા પાળવી પડે. અશુદ્ધ ને અપવિત્ર માણસના હાથની રસોઈ સાધનકાળમાં કેટલી નડે છે તે અનુભવ્યું ને!" સવારે નહાઈ પૂજા કરી સોમચંદભાઈ તે ભાઈને ઊઘાડા ડિલે ભેટ્યા, ને જાણે ચમત્કાર થયો : તેમના અંતરમાં મૂર્તિના ફરી દર્શન થવા લાગ્યાં.

એક વખત સોમચંદભાઈ સ્ટેશને જતા હતા. હરિભક્તો વળાવવા જતા હતા. સોમચંદભાઈના સામાનનો કોથળો લઈને ચાલતા ભાઈએ રસ્તામાં કોઈ ઘોડાગાડીનો ઘોડો

બેભાન થઈ પડી ગયેલો ને લોકોનું ટોળું ભેગું થઈ ગયેલું તે જોયું. તેઓ જિજ્ઞાસાથી ત્યાં જોવા ઊભા રહ્યા. સોમચંદભાઈ તો બીજા હરિભક્તો સાથે શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતા આગળ નીકળી ગયા. થોડી વારે પેલા ભાઈ સામાન લઈ સાથે થઈ ગયા. સોમચંદભાઈ કહે : ભાઈ! પાછળ કેમ રહી ગયા? તે ભાઈ કહે : ઘોડાગાડીનો ઘોડો બેભાન થઈ પડી ગયેલો તે જોવા ઊભો રહેલો. સોમચંદભાઈ કહે : તેને ઊભો કરવામાં મદદરૂપ થયા? પેલા ભાઈ તો સ્તબ્ધ થઈ ગયા. સોમચંદભાઈ કહે : બાળક્રિયા સ્વભાવનો ત્યાગ કરી ખટકો રાખી સેવા કરે તો જ મહારાજ ને મુક્તો રાજી થાય.

કોઈ હરિભક્તના ઘરે સોમચંદભાઈ સવારે પધાર્યા તો તે હરિભક્તના મોટા દીકરા નાહ્યા-ધોયા વગર છાપું વાંચવામાં મશગૂલ હતા. સોમચંદભાઈએ હસતાં હસતાં પૂછ્યું : ભાઈ! પેપરમાં શું સમાચાર છે? તે કહે : ટ્રેન અકસ્માતમાં ૭૫ માણસો મરી ગયા. સોમચંદભાઈએ ગંભીર બનીને પૂછ્યું : તેમના આત્માના કલ્યાણ અર્થે મહારાજને પ્રાર્થના કરી? પછી પોતે કલ્યાણકારી સંકલ્પ કરી બોલ્યા : સવારે વહેલા ઊઠી પ્રથમ નાહીધોઈ શ્રીજીમહારાજની પૂજા-ધ્યાન વગેરે કરવું જોઈએ. તે પછી જ વ્યાવહારિક કામકાજ કે અન્ય વાચન થાય. આમ પ્રસંગને અનુરૂપ વાત કરી જ્ઞાનોપદેશ કરી દેતા.

એક વખત કોઈ ગામમાં એક સત્સંગી છોકરાને કોઈ સાધુએ સમાધિ કરાવેલી, ત્રણ દિવસ થયા તો ય તેને સમાધિ ઉતરી નહીં. સાધુ પણ મૂંઝાયા. ત્યાં સમાચાર આવ્યા કે સોમચંદભાઈ ગાડીમાં પસાર થવાના છે. હરિભક્તો સ્ટેશને જઈ સોમચંદભાઈને વિનંતી કરી ગામમાં લઈ આવ્યા. સોમચંદભાઈએ એ છોકરાને જોયો, ત્યાં સ્વામિનારાયણ નામની

ધૂન એક કલાક કરાવી, ને છોકરો સમાધિમાંથી જાગૃત થયો. ગામમાં સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ છવાઈ રહ્યો.

કોઈ હરિભક્ત ગાડામાંથી પડી જતા સાથળમાંથી પગનો સાંધો ખડી ગયો, ને ઊભા ન રહેવાય ને ખૂબ પીડા થાય. સોમચંદભાઈ ત્યાં ગયા ને તેમનું દુ:ખ જોઈ દ્રવી ગયા. સણાથો (લાકડાનું બે પાંખડાવાળું ખેતીકામનું ઓજાર) બગલમાં રાખીને તેને ટેકે ટેકે ધીરે ધીરે ખેતરમાં મહારાજની સ્મૃતિ યે સહિત આંટો મારી આવવાનું કહ્યું. તે હરિભક્ત ખૂબ વિશ્વાસુ, તે વચન પ્રમાણે ફર્યા ને દર્દ-પીડા દૂર થઈ ગયા અને બધું ઠીક થઈ ગયું. એવો પ્રતાપ જણાવ્યો.

એક વાર અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીના પુત્ર અ. મુ. કાનજીબાપા સાથે ધાંટીલાથી હળવદ જતા હતા. સોમચંદભાઈ કહે : ગાડું જોડો. સાથેના હરિભક્તો કહે : બસમાં જઈએ. પણ સોમચંદભાઈએ ગાડું જોડાવ્યું હળવદના રસ્તે રાયસંગપર ગામ આવ્યું. ત્યાં એક વૃદ્ધ માજી શ્રીજીમહારાજ ને અબજીબાપાશ્રીના અતિ મહિમાવાળા હતા, તેમને ત્યાં દર્શન દેવા પધાર્યા. તે માજીને ઘેર બેઠા ગંગા આવી ! કાનજીબાપાએ માજીનો ભક્તિભાવ જોઈ આશીર્વાદ આપ્યા. સોમચંદભાઈ કહે ! બસમાં જાત તો આ માજીને દર્શન-સમાગમનો લાભ મળત ? આ માજીના સારુ ગાડું જોડાવ્યું હતું.

સોમચંદભાઈ એટલે આત્મનિષ્ઠાની મૂર્તિ. એક વાર દાંતમાં અસહ્ય દુ:ખાવો થયો. કોઈ હરિભક્ત કહે : દાંતના ડૉક્ટરને બોલાવી લાવું. સોમચંદભાઈ કહે : ના, કોઈની જરૂર નથી. એમ કહી પોતે પોતાના હાથે દાંતને હલાવી હલાવીને મૂળમાંથી ખેંચી કાઢ્યા. લોહી પણ ઘણું નીકળ્યું, પણ પીડાના ભાવ બિલકુલ જણાયા નહીં.

કોઈવાર સોમચંદભાઈને ટાઈફોઈડ થઈ ગયેલો. એક સેવાપરાયણ, અનન્ય નિષ્ઠાવાળા સત્સંગી ડૉક્ટરને ઘરે રહ્યા. તાવના કારણે ડૉક્ટરી રીતે નહાવાની મનાઈ, પણ પોતે તો મરક મરક હસે, ને નહાય. વળી તેમાં ઝાડા થઈ ગયા! એક તો નહાવાની મનાઈ તેમાં ૮-૧૦ વાર નહાવાનું થાય ને મુક્તારાજ નહાયા વગર ન રહે. ડૉક્ટર મૂંઝાયા. ડૉક્ટરની મૂંઝવણ જાણી સોમચંદભાઈએ માંદવાડને રજા દીધી! મોટાનો માંદવાડ કેવળ સેવા ને સમાસ અર્થે જ હોય છે એમ દેખાડ્યું.

કોઈ એક પૂર્વના બળિયા હરિભકતે બાળપણમાં સદ્‌-ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના માંદવાડ વખતે કીર્તનો ગાઈ બહુ રાજીપો લીધેલો, તેથી તેમને સત્સંગનો રંગ ખૂબ વધેલો. સોમચંદભાઈ તેમના ઉપર ખૂબ રાજીપો બતાવતા ને કહેતા : તમે તો સદ્‌ગુરુશ્રીના બંદા છો, તમે સદ્‌ગુરુશ્રીને બહુ રાજી કરી લીધા છે. એમ મોટાના રાજીપાની ફળશ્રુતિ જણાવી.

અનન્ય સેવાભાવી હરિભક્તો ઉપર તો સોમચંદભાઈ રાજી હતા જ, તેમના સગાંવહાલાંનું પણ સારું થાય તેવો સંકલ્પ કરતા. કોઈ વાર એવા એક હરિભક્તના સગાં બહારગામ ખૂબ માંદા થયાના સમાચાર આવ્યા. સોમચંદ-ભાઈએ તેમને કહ્યું : ભલે જાવ, પણ ધામમાં જતા રહ્યા હશે. હરિભકતે વિનંતી કરી કે દેહ મૂકનારને એમ રહે કે આ સમયસર પહોંચ્યા નહીં, તેથી અમે પહોંચીએ તે પછી દેહ મૂકે તો સારું. સોમચંદભાઈ કહે : ભલે, મહારાજ સારું કરશે. તે હરિભકતે તે ગામ પહોંચી એ હરિભક્તની અંતિમ ઘડીએ ભગવાનની સ્મૃતિ રાખ્યા કરવાની વાત કરી ને પાંચ મિનિટે તેમણે દેહ મૂકી દીધો.

કોઈ હરિભક્તના પત્ની માંદા થયા, ને શ્રીજીમહારાજ તથા મુક્તો ધામમાં તેડી જવા પધાર્યા. સાથે સોમચંદભાઈના દિવ્યરૂપે દર્શન થયા. તે બાઈને સોમચંદભાઈ કહે : ધામમાં તો હમણાં જ તેડી જઈએ પણ અમારા હરિભક્તને રોટલા કોણ કરી દે ? તેમને અડચણ પડે એટલે ધામમાં નથી તેડી જતા. એમ કહીને શ્રીજીમહારાજ તથા મુક્તો અદશ્ય થઈ ગયા. બાઈ સાજા થયા.

સોમચંદભાઈ પોતાના હેતવાળા હરિભક્તોને શિખવવા માટે કહેતા કે અબજીબાપાએ સદ્‌ગુરુઓને વાત કરેલી કે તમે ગમે તેવો પામર ને પતિત જીવ હોય તો ય તેનો મોક્ષનો સંકલ્પ કરજો, તેમાં શ્રીજીમહારાજ ભેળા જ છે, પણ કોઈ માયિક વસ્તુ માગે તો કહેજો કે તે કાળી વસ્તુ અમારી ઝોળીમાં નથી. સદ્‌ગુરુઓ તો આ વાત જાણતા જ હતા, પણ તેમના નામે આપણને સમજાવ્યું છે કે તમે અમારા છો તો આ રીતે વર્તજો.

કોઈ હરિભક્તોમાં મિલકતના ભાગ વહેંચાય ત્યારે સોમચંદભાઈ તે કુટુંબમાં સંપ જળવાઈ રહે તેવી રીતે ન્યાયયુક્ત વહેંચણી કરી આપે. જો કોઈ ભાઈના હિસ્સામાં રહેવાનું મકાન ન આવે તો તેને આશીર્વાદ આપી રાજી કરે. જ્યારે તે હરિભક્તને મકાન થાય ને વાસ્તુ લેવાનો પ્રસંગ આવે ત્યારે સ્વાભાવિક રીતે સોમચંદભાઈને તે પ્રસંગે હાજર રહેવા વિનંતિ કરે, પણ પોતે તે વખતે હાજર રહેવાનું ટાળે. 'કુમકુમને પગલે પધારો હરિ, કુમકુમને પગલે' એ રીતે મહાપ્રભુ તમારે બંગલે દિવ્યરૂપે પધારશે, તેવા આશીર્વાદ લખી મોકલે.

કોઈ હરિભક્ત નવા મકાનમાં રહેવા ગયા હોય ને સોમચંદભાઈને તેડાવાનો અંતરમાં બહુ ભાવ હોય, તો તે અંતર્યામીપણે જાણી જઈ, સરનામું ન જાણતા હોય તો ય

પૂછતાં પૂછતાં, અણધાર્યા પહોંચી જાય ! સૌ હેતવાળાને રાજી કરીને બળિયા કરે.

કોઈ હરિભક્તના સાસુ સત્સંગી નહીં. એક વખત સોમચંદભાઈ તે હરિભક્તને ત્યાં પધાર્યા. શ્રી સ્વામિનારાયણ ભગવાનની મોટપની વાતો કરી કરીને સત્સંગનો ગુણ અંતરમાં ઘુસાડી દીધો. થોડા વખતે તે બાઈ પોતાને ગામ માંદા થયા, અંત સમય આવ્યો. શ્રીજીમહારાજના દર્શન થયા, ને અક્ષર-ધામના સુખ અનુભવવા લાગ્યા ! તે વખતે તેમની પાસે બેઠેલા હરિભક્તોએ અંતવૃત્તિએ સોમચંદભાઈને સંભારી તેમને રાખવા પ્રાર્થના કરી તેથી શ્રીજીમહારાજ તે બાઈને કહે : જુઓ ! અહીં તો તમોને બેસાડવાની જગ્યા જ નથી ! જુવે તો બધી તેજોમય સભા ખીચોખીચ ભરેલી જણાઈ ! બાઈનો જીવ પાછો દેહમાં આવ્યો, ને થોડા વખતે સાજા થઈ ગયા.

કોઈ વાર સોમચંદભાઈ હેતવાળા હરિભક્તોની રમૂજમાં પરીક્ષા કરી લેતા. એક હરિભક્ત સોમચંદભાઈને ગામની ભાગોળ સુધી વળાવવા માટે ગયા. તેમણે માત્ર બંડી ને ટૂંકું ધોતિયું પહેરેલા. ગામની બહાર પહોંચ્યા તો ય સોમચંદ-ભાઈએ એમને પાછા વળવા ન કહ્યું. તે તો ચાલતા ચાલતા છેક રેલ્વે સ્ટેશને પહોંચ્યા. ત્યાં પહોંચી કહે : બે ટિકિટ અમદાવાદની લઈ આવો ! પેલા હરિભક્તને એમ કે હમણાં બીજા કોઈ સેવક આવવાના હશે. તે તો બે ટિકિટ લઈ આવી, બીજા કોણ આવવાના છે તેની રાહમાં આડું અવળું જોયા કરે. સોમચંદભાઈ કહે : કોની રાહ જુવો છો ? કોઈ આવવાનું નથી, આ બે ટિકિટો તો આપણાં બેની છે ! થયું ! ગાડી આવી, ને બંને જણા તેમાં બેસી અમદાવાદ ઉતર્યા. ત્યાં પહોંચી કહે : બે ટિકિટ ખંડોળીની લઈ આવો ! પેલા હરિભક્ત હતા વિશ્વાસુ તેથી તેઓ તો તરત ઉપડ્યા. થોડે દૂર ગયા ત્યારે સાદ પાડી પાછા બોલાવ્યા. કહે : એક ટિકિટ લાવો ને તમારી

એક ટિકિટ તમારા ગામની લાવો. તમો આ પહેરેલે લૂગડે કેવાક આવવા તૈયાર થઈ જાવ છો તેની પરીક્ષા કરી, ને તેમાં તમે પાસ થયા.

કોઈ હરિભક્ત માંદા હોય તકલીફ હોય તો સોમચંદભાઈ તેમની ખૂબ ખબર-અંતર રાખતા-રખાવતા. એક વખત એક હરિભક્તને ગાંઠ થયેલી ને એટલો સખત દુઃખાવો કે પડખું પણ ફરાય નહીં. કોઈ હરિભક્તે આવી સોમચંદભાઈને આ સમાચાર દીધા. તેમણે તરત કાળી દ્રાક્ષ મંગાવી તેને ઘસીને ચોપડવા મોકલાવી ને બીજે દિવસે તે ભાઈના ખબર જોવા તેમના ગામ પણ પધાર્યા.

કોઈ હરિભક્તોમાં તકરાર-કજિયા થાય તે સોમચંદભાઈને સહેજ પણ પસંદ નહીં. જો તે હરિભક્તો પોતાનું માને તેમ હોય તો તો સમજાવી સંપ કરાવે, જો ન સમજે તેમ હોય તો તેવી જગ્યાએ જવાનું જ ટાળે. એક વખત સોમચંદ-ભાઈ પોતાના બહેન સાથે એક ગામ જવા નીકળ્યા. રસ્તામાં જાણ થઈ કે ગામમાં તો આગલી રાત્રે બહુ કજિયો થયો હતો. સોમચંદભાઈ તે જ વખતે ગાડીમાંથી ઉતરી ગયા. પાછા વળવાની ટ્રેન ચાર કલાકે મળી ત્યારે તેમાં બેસી પાછા વળી ગયા, ને જે ગામ જવા નીકળ્યા હતા ત્યાં ન જ ગયા.

સોમચંદભાઈ મંદવાડમાં પણ રમૂજ કરી હરિભક્તોને હસાવતા. એક વખત એક હરિભક્ત કહે : હું તમારી સેવા માટે નવરો થઈને બેઠો છું માટે મને જરૂર પડે ત્યારે તેડાવજો. ત્યારે સોમચંદભાઈ કહે : તેડાવવા પડે તે સારું કે ન તેડાવવા પડે તે સારું ? હરિભક્તને સેવાની બહુ ઇચ્છા છતાંય એમ જ જવાબ આપવો પડ્યો કે ન તેડાવવા પડે તે જ સારું !

સોમચંદભાઈ જ્યાં જ્યાં પધારે ત્યાં સમૈયા જેવો આનંદ વર્તવા માંડે. કોઈ વાર તો હેતવાળા હરિભક્તોનો સંઘ લઈને નીકળે. તે રીતે એક વાર હળવદ પાસે ધાંટીલાથી

ટેલિફોન કરી બાજુના ગામ જેતપુર જણાવ્યું કે અમે સંઘ લઈને તમારે ગામ આવીએ છીએ, જાગતા રહેજો. ત્યાંના હરિભક્તો પણ એવા વિશ્વાસુ ને હેતવાળા કે ગામમાં વિજળીની લાઈટો નહીં, તેથી પેટ્રોમેક્સો પ્રગટાવી બાઈ-ભાઈના મંદિરોમાં સૌ રાહ જોઈને રહ્યા. સંઘ લઈને સોમચંદભાઈ પધાર્યા ને કીર્તન-ધૂનની રમઝટ અને સભામાં કથા-વાર્તાની અમીવર્ષામાં સૌ કોઈ ભીંજાઈ ગયા! સમય તો જાણે થંભી જ ગયો!

સોમચંદભાઈ એટલે હરિભક્તોને શ્રીહરિમાં આકર્ષી રાખવાનું જાણે કેન્દ્ર! તેઓ સરસપુરમાં હોય ત્યારે આજુ-બાજુના ગામના હરિભક્તો દર્શન-સમાગમે આવે તો છેલ્લામાં છેલ્લી બસના સમય સુધી તેમની પાસેથી ઊઠી ન શકે! કોઈક હરિભક્ત તો નોકરીએથી બારોબાર સમાગમે આવેલા હોય, ને સમાગમ કરી છેલ્લી બસમાં રાત્રે ઘરે જઈ ઠાકોરજી જમાડવાનું બહુ મોડું થતું હોય, તેથી રોજે એવો સંકલ્પ કરે કે આજે તો સાંજની પાંચની બસમાં ઘરે જતું જ રહેવું છે! પણ સોમચંદભાઈના દર્શન-સમાગમથી એટલી શાંતિ થતી કે એમ કરી જ ન શકે! મોડી રાત્રે જ ઘરે પહોંચી શકે.

એક વખત સોમચંદભાઈ અમદાવાદમાં બિરાજે. નજીકના ગામના હેતવાળા હરિભક્ત આવીને કહે: અમારા ગામના એક સેવાભાવી હરિભક્ત બહુ માંદા છે તો દર્શન દેવા પધારશો? આવા કામ માટે તો પોતે સદૈવ તૈયાર રહેતા હોવાથી પોતે એક પુસ્તિકાનું પ્રૂફ સુધારવાનું કામ તે વખતે કરતા હતા તે મૂકી તરત ઠાકોરજીને થાળ જમાડી, આવેલા હરિભક્ત સાથે તેમના ગામ પધાર્યા. માંદા હરિભક્ત પાસે શ્રીજીમહારાજના મહિમા અને સ્વરૂપના કીર્તનો ગાઈ તેમની વૃત્તિ ભગવાનમાં જોડી દીધી. ત્યાંથી નીકળતા સેવામાં રહેલાને

ભલામણ કરતા ગયા કે બાર વાગ્યા સુધી સેવામાં બરાબર હાજર રહેજો. તે પ્રમાણે રાત્રે બાર વાગ્યે સેવામાં રહેલા હરિભકતે સંત રસિકદાસજી કૃત 'માળા' ગાઈ. તે માળા પૂરી થઈ ને તરત તે હરિભકતે દેહ મૂકી દીધો! સોમચંદ-ભાઈએ પણ અમદાવાદમાં તે વખતે (રાતના બાર વાગ્યે) પોતાની પાસેના હરિભક્તને જણાવ્યું કે જેમની પાસે અમે આજે ગયેલા તે હરિભક્ત અત્યારે દેહ મૂકી ગયા.

એક હરિભક્તને સોમચંદભાઈને પોતાના ગામ અને પોતાના ઘરે તેડી જવાનો અંતરમાં ખૂબ જ ભાવ હતો. તેમનો ભાવ જોઈ સોમચંદભાઈએ તેમને ચાર દિવસ પછી રવિવારે સવારે ગાડું લઈને તેડવા આવવા કહ્યું. પેલા હરિ-ભક્ત પોતાના ગામ ગયા ને વરસાદ શરૂ થયો, તે સતત ચાર દિવસ વરસ્યો. પેલા હરિભક્તને તો સોમચંદભાઈને તેડી લાવવાનો આગ્રહ બહુ હતો, તેથી વરસાદ હોય તો ય ગાડા ઉપર તાડપત્રી બાંધીને પણ તેડી લાવવાનો સંકલ્પ કર્યો, પણ રવિવારે સવારે વરસાદ રહી ગયો. ગાડું લઈને તે હરિ-ભક્ત તો તેડવા ગયા. આ દરમ્યાન સોમચંદભાઈ જે ગામ હતા તે ગામના હરિભક્તો કહે આવા વરસાદમાં કોણ તેડવા આવશે! શા માટે ઠાકોરજીના થાળ વહેલા કરો છો? પણ સોમચંદભાઈ તો જાણતા હતા કે હમણાં ગાડું આવી પહોંચશે. તેઓ તો ઠાકોરજીને થાળ કરી તૈયાર થયા, ને તે હરિભક્ત ગાડું લઈને આવી પહોંચ્યા! તેમની સાથે સોમચંદભાઈ તેમના ગામ પધાર્યા. મંદિરમાં સભા થઈ. શ્રીજીમહારાજના મહિમાની ને જ્ઞાન-વૈરાગ્યની વાતોથી એવા તો સૌને રીઝવી દીધા કે તે સભા સતત છ કલાક ચાલી! ગામના હરિભક્તોને આનંદ આનંદ થઈ રહ્યો.

પોતાના હેતવાળા હરિભક્તોને સોમચંદભાઈ શિખા-મણનાં વચન કહી સતત ખટકો રખાવે. કહે: આપણે આ

લોકના ડોડ, ડહાપણ, કોઠારા, પંચાત, વગેરે મૂકીને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહેવા માંડે તેવા જ ઉપાયો હરહંમેશ કરવા ને ધ્યાન–ભજન કર્યા કરવું. "પ્રેમાનંદ ઠરીને બેઠા ઠારણે", તેમ શ્રીજીમહારાજની મૂર્તિમાં ઠરીને બેસવું, બીજે કયાંય કલ્યાણ માટે ધોડા કરવા નહિ.

સોમચંદભાઈ એવા અપરિગ્રહી હતા કે કોઈની પાસેથી કશું જ લે નહીં. કદાચ કોઈ બહુ ભાવથી કાંઈક લઈને આવે તો તેને કાંઈ ને કાંઈ દઈને તેનું સારું થાય તેમ કરે. એક વાર કોઈ હરિભક્ત સોમચંદભાઈના બહેન દિવાળીબા માટે સપાટ (પગરખાં) લાવ્યા. સોમચંદભાઈ કહે : કેટલા પૈસા આપે? તેઓ કહે : મારે સેવા કરવી છે. સોમચંદ-ભાઈએ દિવાળીબા પાસેથી પૈસા લઈ તે વખતે હાજર મુક્તોની હાજરીમાં પાછા દિવાળીબાના હાથમાં આપ્યા, ને કહ્યું કે બેય હાથમાં ભેગા કરીને પૈસા ખખડાવીને એમને આપો! આ રીતે વસ્તુ લાવ્યા તેના પૈસા ય દીધા ને સંભારણું કરી દીધું.

કોઈ હરિભક્તના ઘરે વિવાહ કે કારજ જેવા પ્રસંગે જમવા માટે ઘણા માણસો આવે તેમ હોય, ત્યારે સોમચંદ-ભાઈ શ્રીજીમહારાજની પ્રસાદીની છપૈયાની ચરણરજ તે હરિભક્તને આપે, ને કહે કે આ તમારે ત્યાં જે મિઠાઈ બને તેમાં નાખજો, જેથી જે જમે તેનો મોક્ષ થાય!

સં. ૧૯૯૯ના જન્માષ્ટમીના સમૈયે સદ્‌ગુરુ સ્વામીશ્રી વૃંદાવનદાસજી મૂળા પધાર્યા હતા. સોમચંદભાઈ સેવામાં સાથે હતા. તે વખતે સ્વામીશ્રીએ સોમચંદભાઈને આજ્ઞા કરી કે રામપુરાના હરિભક્તોને પોષણ આપવા તમારે રામપુરા જવું. સમૈયા પછી સોમચંદભાઈ રામપુરા ગયા. મંદિરમાં ઉતર્યા, સાંજે આરતી પછી હરિભક્તોની સભા થઈ. તેમાં સોમચંદ-ભાઈ સ. ગુ. ભૂમાનંદ સ્વામીશ્રીનું કીર્તન :

"કહું વાત અલૌકિક રે, સાંભળ સૈયર મારી,
મુક્તિના માર્ગની રે, ઉઘાડી દઉં બારી."

—આ કીર્તનના આઠ પદ બોલ્યા. ગામના હરિભક્તોને તો પહેલો જ પ્રસંગ હતો. પછી તો સોમચંદભાઈએ શ્રીજીમહારાજના મહિમા-પ્રતાપની વાતો કરવા માંડી ને હરિભક્તોને આનંદમાં તરબોળ કરી દીધા.

એ જ રીતે વસંતપંચમીના સમૈયે મૂળીમાં સદ્‌ગુરુ સ્વામીશ્રી શ્વેતવૈકુંઠદાસજીએ સોમચંદભાઈને સ્નેહને લીધે આગ્રહપૂર્વક ભલામણ કરી કે ગામ અંકેવાળિયા (મોટા)ના હરિભક્તોને પોષણ મળે તે માટે તમારે ત્યાં જવું. મહા સુદ સાતમે ધ્રાંગધ્રા-જસાપુર થઈ મોટા અંકેવાળિયા પધાર્યા. ત્યાં જઈ મહા સુદ આઠમથી સાત દિવસ સુધી વચનામૃત (રહસ્યાર્થ)ની પારાયણ પોતે વાંચી અને શ્રીજીમહારાજનો દિવ્યભાવ તથા અનાદિ મુક્તની સ્થિતિ સમજાવી હરિભક્તોને સુખિયા કરી દીધા. ગામના કૂવામાં – તળાવમાં, આજુબાજુના ગામે જતાં રસ્તામાં કૂવા-તળાવ-વાવમાં શ્રીજીમહારાજની ચરણરજની પ્રસાદી પધરાવી, તેનું પાણી પીવે તે સૌ જીવોનું શ્રીજીમહારાજ રૂડું કરે તેવો શુભ સંકલ્પ કર્યો ને મુક આશીર્વાદથી સૌને ન્યાલ કરી મૂક્યા. તે જ રીતે નારીચાણા-ખાંભડા-ધોળી-મેથાણ વગેરે ગામોમાં હરિભક્તોને દિવ્ય સુખના સમૈયામાં ઝીલાવ્યા.

કોઈ હરિભક્ત શ્રીજીમહારાજના કીર્તન બનાવતા હોય તો તેમને સોમચંદભાઈ પોષણ આપે, તેમના કીર્તન સાંભળી રાજી થાય, નવા-નવા કીર્તન કરવાની પ્રેરણા આપે. કોઈ હરિભક્ત વચનામૃતને કાવ્યમાં રૂપાંતર કરે છે તેવું જાણે તો તેમને બોલાવી તેમની તે કાર્ય માટે પ્રશંસા કરે, ને નવો ઉત્સાહ રેડે. સમૈયો હોય કે સભા ભરીને બેઠા હોય ત્યારે તે કવિ હરિભક્ત પાસે તેમના બનાવેલા કીર્તન ગવરાવી સભામાં હાજર રહેલા મુક્તોને સંભળાવી રાજી કરે.

જળઝીલણી એકાદશીના સમૈયે હેતવાળા હરિભક્તોને લઈને સોમચંદભાઈ ગઢડા દર્શને જતા. પોતાના હેતવાળા હરિભક્તોને અગાઉથી પત્ર લખી જણાવેલું હોય તેથી ઘણાં હરિભક્તો આ લાભ લેવા ગઢડા આવી પહોંચે. સોમચંદભાઈ પોતે મોજમાં આવી કીર્તન બનાવે ને સૌને આનંદ કરાવે. અમદાવાદથી સંઘ આવે, ને ગવરાવે :

શ્રીપુરનો સંઘ આવીયો રે,

ઝાલાવાડી પણ સાથ રે, વાલમજી વહેલા વહેલા પધારજો!

આમ કીર્તનો ગવરાવતા મંદિરે, દાદા ખાચરના ઓરડે, લક્ષ્મીવાડીએ, ઘેલા ગંગાએ — દર્શન કરવા જાય. ગાડાં જોડાવી રાધાવાવ, સદ્‌ગુરુશ્રીના સ્મારકરૂપ છત્રીઓ, સહસ્રધરો, વગેરે સ્થળે દર્શન કરે. સહસ્રધરામાં જળની ધારાઓની અંદરના ભાગમાં બેસારી સૌ હરિભક્તો સાથે સ્નાન કરે. ગળા સુધી પાણીમાં બેસારી કલાક-કલાક ધ્યાન કરે-કરાવે. સૌ હરિભક્તોને આનંદ - કિલ્લોલ થઈ જાય.

એક વખત સોમચંદભાઈ ટીંબા પધારેલા. ત્યાંના હરિભક્તના ભાઈ પાસેના ટુવા ગામ રહે. તેમને સોમચંદભાઈને પોતાના ઘરે તેડી જવાનો ભાવ હતો. સોમચંદભાઈને થયું કે તેમનો ભાવ સાચો છે, તો તેનું સંભારણું કરીએ તો તે હંમેશ યાદ કરે. તેમણે માણસ મોકલીને રામપુરા સમાચાર કહેવરાવ્યા કે આખું સત્સંગમંડળ ઝાંઝ-મૃદંગ લઈને ટુવા આવો. રાત્રે બધા હરિભક્તો ટુવા ગયા. ત્યાં કથા-વાર્તા-ધૂન કર્યા પછી તે હરિભક્તના ઘરના ફળિયામાં રાસ ગવરાવ્યા. તે વખતે ટુવાના બીજા હરિભક્તોને ભાવ થઈ આવ્યો કે સોમચંદભાઈ અમારા ઘરે પધારે તો સારું, તેથી છ-સાત હરિભક્તોના ઘરે રાત્રે જ પધાર્યા, કથા-વાર્તા-ધૂન-આરતી-થાળ કરી સૌને રાજી કરી દીધા. આમ ટુવા ગામમાં રાતના બે વાગ્યા સુધી ફરી સૌને મહારાજના આશીર્વાદથી સુખિયા કર્યા.

કરાંચીના એક અગ્રગણ્ય હરિભક્ત ભારતની આઝાદી પછી રાજકોટમાં આવી વસેલા. તેમને શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીપણાની ઉપાસના હતી, પણ અક્ષરરૂપે થઈ ભગવાનના સન્મુખપણે સાક્ષાત્કારની સમજણ હતી. તેમને સોમચંદભાઈ જોડે ખૂબ ભાવ થઈ ગયેલો, પણ મુક્તો મૂર્તિમાં સળંગ રસબસ રહીને અનાદિ મુક્તની સ્થિતિએ સુખ ભોગવે છે તે સમજણ બરાબર બેસતી ન હતી. તે હરિભક્તને ધામમાં જવાના સાત દિવસ અગાઉ શ્રીજીમહારાજ, અબજીબાપાશ્રી, વગેરેના દિવ્ય દર્શન થવા લાગ્યા. ધામમાં જવાનો એક દિવસ બાકી રહ્યો ત્યારે સોમચંદભાઈ રાજકોટ તેમના ઘરે પધાર્યા. તે હરિભક્ત તો હેતે કરીને સોમચંદભાઈને ગદ્‌ગદ કંઠ થઈ ભેટી પડ્યા. સોમચંદભાઈને થયું કે હવે છેલ્લામાં છેલ્લી — અનાદિ મુક્તની — સ્થિતિનું જ્ઞાન બરાબર સમજાવી દેવાની ઘડી આવી ગઈ છે. તેમણે તે હરિભક્ત પાસે રહી, આખી રાત શ્રીજીમહારાજના અદ્‌ભુત પ્રતાપની અને અનાદિમુક્તની અદ્‌ભુત સ્થિતિની વિગતથી વાત કરી, અને તે સ્થિતિની શ્રેષ્ઠતા સમજાવી. તે વખતે તે હરિભક્તને તે સ્થિતિ જેમ છે તેમ સમજાઈ ને અનુભવાઈ! કહે: "મારા વાલીડા! તમે મારી ઉપર ખૂબ અનુગ્રહ કરી, મારું અજ્ઞાન ટાળ્યું ન હોત તો આ જન્મે કાચું રહી જાત." સવારે સોમચંદભાઈએ જવાની રજા માંગી, તો તે હરિભક્ત કહે: હવે તમે મને નિર્ભય બનાવી દીધો છે, તેથી કાંઈ વાંધો નથી, પધારો. તે જ રાત્રે તે હરિભક્ત શ્રીજીમહારાજના સુખે સુખિયા થઈ ગયા.

એક પૂર્વના સંસ્કારી ગુજરાતી ભાઈ આફ્રિકા રહેતા હતા. ધર્મના પુસ્તકો વાંચી તેમને આસ્થા થઈ. તેમાં કચ્છી હરિભક્તો પાસેથી શ્રીજીમહારાજની તથા અબજીબાપાશ્રીની વાતો સાંભળી. પછી તેમને વચનામૃત વગેરે પુસ્તકોનો ઊંડો

અભ્યાસ કરતા અંતરમાં ખાત્રી થઈ કે સર્વોપરી ધર્મ તો શ્રી સ્વામિનારાયણનો જ છે. તેમને ભક્તિની ભારે લગની લાગી ગઈ. ભારત પાછા આવી મુંબઈ ઉતરી સીધા અમદાવાદ મંદિરમાં જઈ સાધુ દીક્ષા લેવા તૈયાર થયા. તેમના પિતાશ્રીને આ જાણ થઈ. તેઓ અમદાવાદ આવી પોતાના પુત્રને મળ્યા. મંદિરના ઓટલા ઉપર બેસી બાપ-દીકરો સાધુ થવું–ન થવું – ની ચર્ચા કરતા હતા, પિતા રડતા હતા. તે વખતે સોમચંદભાઈ મંદિરમાં હતા. તેમણે જોયું, વિગત જાણી. હરિભક્ત ખરેખરા ખપવાળા છે તેમ જાણી લઈ તેમના દિવ્ય પ્રભાવથી સાધુ ન થવા સમજાવ્યા. ઘરનો ત્યાગ કરી સાધુના વસ્ત્ર ગ્રહણ કરવાથી જ ભગવાનની પ્રાપ્તિ થઈ જતી નથી, વગેરે બોધ-વચનો કહી ઘરે જવા સલાહ આપી અને કલ્યાણના કોલ દીધા. આ પછી સોમચંદભાઈ તે પૂર્વના વૈરાગ્યયુક્ત હરિભક્તને રાજી કરવા, તેમના ભાવથી અવારનવાર તેમના ગામ – તેમના ઘરે પધારતા ને તેમને ખૂબ રાજી કરતા. વળી ત્યાંના હરિભક્તોને પણ શ્રીજીમહારાજના મહિમાની વાતો કરી સુખિયા કરતા.

સોમચંદભાઈ હેતવાળા હરિભક્તોના ગામ પધારે ત્યારે અગાઉથી સમાચાર મોકલ્યા હોય તેથી સૌ સામા સ્ટેશને આવ્યા હોય. ગાડીએથી ઉતરી સામાનનું પોટલું બાજુએ મૂકી, સૌ હરિભક્તોને વારાફરતી મળે ને આશીર્વાદ આપે, રાજી થાય. ત્યારથી શ્રીજીપ્રતાપની વાતો થવા લાગે. નિત્યનવીન ને આનંદસભર વાતો સાંભળીને હરિભક્તો ધરાય જ નહી. જેટલો વખત ગામમાં રહે તેટલો વખત દિવ્ય આનંદના મેઘ વરસે ! ગામમાંથી પાછા પધારે ત્યારે સૌ હરિભક્તો સ્ટેશને મૂકવા જાય, બધાના મુખ પડી ગયેલા હોય, પણ સોમચંદ-ભાઈ સૌને રમૂજ કરી પરાણે હસાવતા. છેવટે ગાડી આવે ત્યાં સુધી સતત શ્રીજીમહારાજ ને મુક્તોના મહિમાની વાતો થતી જ રહે. સોમચંદભાઈ ગાડીમાં બેસે ને ગાડી ઉપડે, તેમના

મુખારવિંદ ને હાથને જોતા જોતા હરિભક્તો પ્લેટફોર્મ ઉપર ઊભા હોય. ગાડી આગળ નીકળી જાય એટલે સૌ ઘરે પાછા જતા, સોમચંદભાઈએ આપેલા આનંદને વાગોળતા વાગોળતા, જાણે સૂના થઈ ગયા હોય તેમ પાછા આવે.

એક વખત સોમચંદભાઈ અને ચતુરભાઈ સંઘ લઈને છપૈયા જતા હતા. હેતવાળા એક હરિભક્તાને આવા મોટા મુક્તો તથા મોટા તીર્થનો લાભ લેવા સાથે જવાનું મન થયું. તેને સોમચંદભાઈ પરીક્ષા કરવા કહે : અમે તો હળવદથી ગાડીએ બેસશું તે અમદાવાદ થઈને સીધા છપૈયા જઈશું ને છપૈયાથી સીધા હળવદ આવશું. તમારે જો બીજા – પરોક્ષના તીર્થ કરવાની તાણ હોય તો અમારા સંઘમાં આવવા કરતા બીજાની જોડે જવું !

સોમચંદભાઈની રમૂજ સાથે વાતો કરવાની શૈલી દરેકના આંતરિક ઊર્ધ્વીકરણ માટે અસરકારક બનતી. કોઈ બાઈ હરિભક્તો હાથથી અનાજ દળવા ઘંટીએ બેસે ત્યારે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વોપરી છે, સર્વકારણના કારણ છે ને તે આપણા ઈષ્ટદેવ છે,' એમ સતત બોલાવરાવે ! ભૂલ પડે તો ટોકે ! તો કોઈ વાર બાઈ હરિભક્તોને ઘંટીએ દળવા બેસાડે ત્યારે તેમને રાજી કરવા સોમચંદભાઈ પોતે દૂર ત્યાં બેસી શ્રીજી-મહારાજના માહાત્મ્ય – પ્રતાપની વાતો કરે અને કહે : "સર્વે ક્રિયા શ્રીજીમહારાજની મૂર્તિના અનુસંધાન સાથે જ કરવી." કોઈ વાર બહારગામ જવાના હોય ત્યારે જે હરિભક્તાને ત્યાં ઉતર્યા હોય તે હેતથી રાતના મોડે સુધી જાગી ભાથું બનાવે. સોમચંદભાઈ તેમનો ભાવ ચકાસવા ને રમૂજમાં, સૂતેલા છોકરાંઓને તે વખતે ઊઠાડે, કીર્તન બોલાવે ને પૂછે : ભૂખ લાગી છે ને ? ચાલો ત્યારે જમવા ! બધું ભાથું એ બધાંને જમાડી દે !

કોઈ વાર કોઈ હરિભક્તને કહે : ચાલો, ઉતાવળથી ગાડીએ જવું છે. સ્ટેશને જાય ને ગાડી ઊપડી ગઈ હોય, તો સ્ટેશનની બહાર ઝાડ નીચે જઈને બેસે, ને સોમચંદભાઈ કહે : એ તો આ ઝાડ રાહ જોતું હતું, તેથી તેનું સારું થાય તે માટે અહીં આવ્યા છીએ. ઝાડ ભગવાનના ભક્તની રાહ જોતું હોય છે. એ રીતે ઝાડના જીવનું સારું થાય તેવો સંકલ્પ કરે.

કોઈ હરિભક્તના દીકરા કોલેજમાં ભણતા હોય ને હોસ્ટેલમાં રહેતા હોય તો સોમચંદભાઈ તે ગામ જાય ત્યારે તેમની રૂમ પર જઈ ખબર કાઢે, વાત્સલ્યથી રાજી કરે ને શ્રીજીમહારાજનું ભણતર સદૈવ ભણતા રહેવું તેવી ભલામણ કરે.

સોમચંદભાઈ કોઈ હરિભક્તના ઘરે રાતના અચાનક પધાર્યા. સાથે ચાર-પાંચ હરિભક્તો. સોમચંદભાઈ કહે : આ બધાને કાંઈક જમાડો ! હવે તે યજમાન હરિભક્તની આધ્યાત્મિક સ્થિતિ ઘણી ઊંચી, પણ આર્થિક સ્થિતિ તો સાવ દુર્બળ. ઘરનાં બહેને ઘરમાં ઘઉંનો લોટ નહિ હોવાથી હેતથી જારના લોટની સુખડી બનાવી. પણ તે બહેનને સોમચંદભાઈ માટે બહુ ભાવ હતો તેથી તે સુખડીમાં એવો તો મહારાજે સ્વાદ મૂક્યો કે તે હરિભક્તો બધી સુખડી જમી ગયા. સોમચંદભાઈ અવારનવાર યાદ કરે, પત્રમાં પણ લખે : તમારે ત્યાં સુખડી જમવા આવવું છે ! કોઈ વાર સોમચંદભાઈના બહેન જીવીબા ગળ્યાં વડાં કરીને ભાવથી જમાડે ત્યારે સોમચંદભાઈ સૌને રમૂજ કરીને કહે : ગળ્યા ઢેબરાં મારી મા મને ખવરાવતી, તેવા કેમ કોઈ નહીં ખવરાવતા હોય ?

કોઈ વખત હરિભક્તોને વહેંચવા લાડવાનો પ્રસાદ કરાવે ત્યારે સોમચંદભાઈ દરેક બાબતની જેમ લાડવા વાળવામાં પણ ખૂબ ચીવટ રખાવે. કહે : જો જો ! નાનામોટા ન થાય, નહિતર છોકરા લઢશે કે તને નાનો મળ્યો

ને મને મોટો મળ્યો ! એમ કહી ઉમંગથી સેવા કરાવે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામુક્તોમાં પરચા – ચમત્કાર રૂપી ઐશ્વર્ય હોય તે તો સહજ વાત છે. બાળકને રમવા માટે રંગબેરંગી ચૂસણિયું આપે તેથી બાળક રમે, રાજી થાય, પણ જ્યારે તે ભૂખ્યું થાય ત્યારે તો દૂધની જરૂર પડે — તેમ પરચા–ચમત્કાર જીવને રંગબેરંગી લાગે, વિશ્વાસ –શ્રદ્ધા બેસાડવામાં શરૂઆતમાં કામ આવે, પણ આધ્યાત્મ-માર્ગની ભૂખ જાગે ત્યારે તો મૂર્તિના સુખથી જ તૃપ્તિ થાય. એ રીતે સોમચંદભાઈ કયારેક અલૌકિકતાના ભાવમાં રાજીપો જણાવી કોઈ હરિભક્તની શ્રદ્ધાને પોષવા ચમત્કાર જણાવતા, પણ મહદ્ અંશે તો પ્રભાવ ઢાંકી રાખીને દીનદાસપણે રહેવાનું જ પસંદ કરતા, ને મૂર્તિના સુખરૂપી દૂધ જ પીરસતા !

એક વાર કચ્છમાં રામપુર ગંગાએ ગંગા-જમુનાના કુંડમાં સ્નાન કરતા હરિભક્તો ધ્યાન કરીને બેઠા હતા ત્યારે ચંદનમિશ્રિત પાણી પંદર મિનિટ સુધી આવ્યું, હરિભક્તો આશ્ચર્ય પામી રાજી થયા. કોઈ વાર કોઈ હરિભક્તને અંગ-સેવાનો સંકલ્પ જાણી લઈ રસ્તા વચ્ચે પગે વાનો સબાકો આવી ગયો એમ કહી બેસી ગયા, ને તે હરિભક્ત પાસે બાજુની દુકાનેથી તેલ મંગાવી પગે ચોળાવ્યું, અને તેમનો સંકલ્પ પૂરો કર્યો ! રામપુરા ગામના મંદિરની સેવા ખૂબ સારી રીતે કરતા પૂજારીની આંખે ખૂબ તકલીફ થઈ, દવાખાને દાખલ કરવા પડયા, ડૉકટરે હાથ ધોઈ નાખ્યા, આંખ જાય તેવી પરિસ્થિતિ થઈ ત્યારે મંદિરમાં સૌ હરિભકતો પાસે ધૂન કરાવી શ્રીહરિજીને પ્રાર્થના કરી. પૂજારીને આંખે સારું થઈ ગયું. શંકરના ઉપાસક એક બ્રાહ્મણને શ્રીહરિપ્રતાપની વાતો કરી, તેથી તેમને રાત્રે સ્વપ્નમાં ગઢપુર, શ્રીહરિ તથા બાપા-શ્રીના દિવ્ય દર્શન થયા ને તેઓ શ્રીહરિજીના દઢ આશ્રિત

થઈ અંતકાળે શ્રીહરિદર્શન કરી ધામમાં ગયા. કોઈ વાર ખેડૂત હરિભક્તોની પ્રાર્થનાથી વરસાદ કરાવતા, બંધ કરાવતા કે રમૂજમાં બીજા મુકત ઉપર પત્ર લખી 'આવો ત્યારે સાથે વરસાદ લેતા આવજો' કહી તેમના આગમન સાથે વરસાદ કરાવતા ! ભૂતપ્રેત – વળગાડવાળાને પ્રસાદીના પાણીથી સારું કરી દેતા, ભૂતનો મોક્ષ કરી દેતા. તો કોઈવાર માંદાને આશીર્વાદ-પ્રસાદ જમાડી સાજા કરી દેતા.

એકવાર એક હરિભક્તની કડક પરીક્ષામાંથી પસાર થવાનું બન્યું. હરિભકતે સોમચંદભાઈને પોતાની સાથે દૂર દૂર વેરાન જંગલમાં લઈ જઈ ઝાડ નીચે બેસારી કહ્યું કે તમારા શોળે-બોળેના ધર્મને સાચવીને અહીં તમને કોઈ જમાડે તો ખરા જાણું ! હંમેશની જેમ પોતાના હાથમાં માળા તો હતી, ટોપી ઉતારી આંખો બંધ કરી માળા ફેરવવા લાગ્યા. ત્યાં થોડી વારે પોપૈયાનો મોટો ગાંસડો બાંધી એક માણસ ત્યાં આવ્યો ને તેમને બંનેને આગ્રહ કરીને પોપૈયા જમાડયા ! તે હરિભક્તનો દિવ્યભાવ દઢ થઈ ગયો.

હેતવાળા હરિભક્તના અંતરના સંકલ્પથી તેમના અંત-કાળે પહોંચી જઈ સુખિયા કરતા; તો અનિવાર્યપણે જરૂરી હોય તો કોઈ હરિભક્તને ધામમાં તેડી જવા પધારેલા શ્રીહરિજીને પ્રાર્થના કરી રખાવતા પણ ખરા. કોઈ હરિભક્ત વહેલી પરોઢે અજાણ્યા ગામમાં પોતે ઊતરેલા હોય ને ઘર શોધવા ફાંફા મારતા હોય તે અંતર્યામીપણે જાણી જઈ બારણું ખોલી સામેથી બોલવી લેતા ! તો કયારેક મંદિરમાં ઉત્સવ વખતે મંદિરની બહાર ઊભા રહી આનંદ માણતા મુમુક્ષુને અંતર્યામીપણે જાણી જઈ મંદિરમાં બોલાવી આનંદ-રસમાં લીન કરી, તેમનું અંતર ફેરવી નાખી ખરેખરા હરિભક્ત કરી દીધા.

કોઈ વખત ચોમાસામાં વરસાદ ખેંચાયો, ને લોકો ચિંતા કરતા હતા. સોમચંદભાઈ રામપુરામાં કોઈ હરિ-ભક્તના ઘરે જવા માટે બજારમાં નીકળ્યા. ત્યાં કોઈ એક વાણિયા–વેપારી હતા. તેમણે તેમને 'જય સ્વામિનારાયણ' કહીને ઊભા રાખ્યા. પછી કહે : તમે મોટા પુરુષ છો, તે આ સાલ વરસાદ નથી, તો વરસાદ કરો. સોમચંદભાઈ કહે : એ તો ભગવાનના હાથની વાત છે. સાંજે ઉતારે આવીને સોમચંદભાઈ કહે : વાણિયે વરસાદની માગણી કરી છે. પછી સ્વામિનારાયણ ભગવાનની ધૂન શરૂ કરાવી. ત્યાં તો થોડી વારમાં વરસાદ થવા માંડ્યો, ને ખૂબ સારો વરસાદ થયો.

એક વખત સોમચંદભાઈ એક હરિભક્ત સાથે સાયલા પધારેલા. ત્યાંથી સાંજે છ વાગ્યે રામપુરા આવવા નીકળ્યા. લગભગ દસ કિલોમીટરનું અંતર કાપતા મોડી રાત થઈ ગઈ, પણ તે હરિભક્તે અનુભવ્યું કે અંધારી રાત હોવા છતાં આખા રસ્તે મોંસૂઝણું હોય તેવો પ્રકાશ જણાયા કરતો હતો.

એક હરિભક્તને નાની ઉંમરમાં દમનો વ્યાધિ લાગુ પડેલો. ડૉકટરોએ પણ એ દર્દમાં કાંઈ સુધારો થવાની આશા છોડી દીધી તેટલો તે રોગ વધી ગયો હતો. સોમચંદભાઈ તેમના ઘરે પધાર્યા. બધાએ બહુ પ્રાર્થના-વિનંતિ કરી. ક્ષણિક ઊંડા ઉતરી જઈ સોમચંદભાઈ કહે : આ રોગ એમને પ્રારબ્ધનો છે, તેથી મેથી ઉકાળી નરણા કોઠે રોજ પીવરાવો. મટશે તો નહીં પણ રાહત રહેશે. તે પ્રમાણે તે હરિભક્તને દર્દમાં રાહત રહેવા લાગી. તે છતાં જમવામાં જો જળવે નહીં તો દમનો હુમલો થઈ આવતો. થોડા સમય બાદ, સોમચંદભાઈ ફરી તેમને ત્યાં પધાર્યા. કથા-વાર્તા કરીને કેળાંની પ્રસાદી સૌને દેવા લાગ્યા. આ માંદા હરિભક્તે તે પ્રસાદી લેવાની ના પાડી, કહ્યું કે કેળાં ખાવાથી દમ ઉપડે છે. સોમચંદભાઈને તે વખતે દયા ઊભરાઈ આવી. તેમના વાંસામાં ને માથે હાથ

ફેરવી કહે : આજથી તારો રોગ ગયો. આ પ્રસાદી ખાઈ જા. ને રોગ ગયો. તે પછી વર્ષો વીતી ગયા, રોગ ગયો તે ગયો !

કોઈ હરિભક્તની દીકરી રમતાં રમતાં બેરીંગનો છરો (લોખંડની નાની ગોળી) ગળી ગઈ. બધાં ગભરાયા કે શું કરવું ? ને શું થશે ? સોમચંદભાઈ ત્યાં હાજર હતા. તે દિવસે ઘરમાં ઠાકોરજીના થાળમાં ફાડા લાપસી રાંધેલ, તેની પ્રસાદી હાથમાં લઈ સોમચંદભાઈ તે દિકરીને કહે : બેન ! જો તું આટલું ઓરમું જમાડી જા, તો છરો નીકળી જાય ! દીકરી વિશ્વાસુ તે જમી ગઈ, ને છરો પેટમાંથી નીકળી ગયો.

વળી, કોઈ હરિભક્તને ત્યાં સોમચંદભાઈ પધારેલા ને ઘરમાં દીકરીને તાવ આવતો હતો. સોમચંદભાઈ રમૂજથી કહે : બેન ! જો આ કીર્તન તને ગવરાવું તે તું મોઢે શીખી જા તો તાવ ઉતરી જાય ! એમ કહી :

'આજ ધન્ય ઘડી,
અક્ષરના વાસી આવ્યા અલબેલો મારે આંગણે'

એ કીર્તન મોઢે કરાવી દીધું ને તાવ ઉતરી ગયો !

કોઈ હરિભક્ત વ્યવહારે અતિ દુર્બળ હતા, પણ શ્રીહરિજી પ્રત્યે નિષ્ઠા સારી, તેથી સોમચંદભાઈ તેમને ત્યાં અવારનવાર જાય ને કહે : મૂંઝાવું નહી, મહારાજને રાખવા એ મુખ્ય સિદ્ધાંત છે. એમ કહી તે હરિભક્તના ઘરની કોઠીઓ ઉપર હાથ ફેરવે ને છાના આશીર્વાદ દે. હરિભક્તનો વ્યવહાર ખૂબ સુધર્યો ને બળિયા હરિભક્ત પણ બન્યા.

આવા આવા વિવિધ પાસા હતા સોમચંદભાઈના વ્યક્તિત્વના, તે છતાં તે વ્યક્તિત્વ જરાયે ભારેખમ ન લાગે. સદાય હસતા ને આનંદથી ઊભરાતા ! માતાના જેવું વાત્સલ્ય. રમૂજ પણ એવી જ કરાવે. સભામાં સામસામા વિભાગ પાડી

શ્રીહરિના કીર્તનોની એક કડી એક વિભાગ ને બીજી કડા બીજો વિભાગ બોલે—ને કોણ થાકે છે? કહી આનંદના ફુવારા ઉડાડે! બાળકસમ નિખાલસતા ઝળહળે! કોઈ દરજીએ ઝભ્ભા સીવવામાં લાંબી-ટૂંકી બાંયો કરી તે તેને બતાવવા ગયા, તો દરજી કહે: ભગત થયા છો ને આ શું લાંબું-ટૂંકું?! હાસ્યના ફુવારા વચ્ચે આ વાત સૌને કહે ને સમજાવે: "ભગતથી સરખા કપડાં ય ન પહેરાય!" કેવું દિવ્ય જીવન!



૯. સાહિત્ય સરવાણી

'શિક્ષાપત્રી'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે સદ્‌શાસ્ત્રના જે વચન ભગવાનના સ્વરૂપ, ધર્મ, ભક્તિ તથા વૈરાગ્યના અતિ ઉત્કર્ષપણાને કહેતા હોય તે વચન બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં (શ્લોક ૧૦૧–૧૦૨). સોમચંદભાઈને આ વાત અંતરમાં સદાયે રહેતી. શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના અતિ અદ્‌ભુત સ્વરૂપનો અનુભવ કર્યા પછી સોમચંદભાઈના રુંવાડે રુંવાડેથી એ સ્વરૂપનું પ્રધાનપણું તરવરતું. પોતાના સંસર્ગમાં આવે તેને પણ સ્વામિનારાયણ ભગવાનના મહિમાની વાતો કરીને ધરવી દે. પોતે ખૂબ જ ફરવાનું ને અનેકને શ્રીજીસ્વરૂપની સતત વાતો કરવાનું રાખેલું તો ય સોમચંદભાઈને એમ થયા કરે કે હજી વધારે ને વધારે આ વાતો કેમ પ્રસરે!

આથી, અનેક જીવોના આધ્યાત્મિક વિકાસના ઉદાત્ત હેતુથી સોમચંદભાઈએ સાહિત્ય પ્રકાશન કર્યું. અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીના જીવનચરિત્રના દળદાર પુસ્તક પછી નાની નાની પુસ્તિકાઓ રૂપે શ્રીહરિસ્વરૂપની અમૂલ્ય સાહિત્ય ચિંતામણિઓ પ્રસિદ્ધ કરી.

શ્રીજીમહારાજના મનુષ્યરૂપ વિચરણ વખતે 'દાસ' પદવીના સંતવર્ય શ્રી રસિકદાસજી હતા, તેમણે શ્રીહરિજીના પરમ અદ્‌ભુત સ્વરૂપના અંગોઅંગ, ચિહ્નો, નિત્ય લીલા, વગેરે વર્ણવી ૧૦૮ કડીની 'માળા' બનાવેલી હતી. સં. ૧૯૭૮માં અ.મુ. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય મિસ્ત્રી માવજીભાઈ કરાંચીમાં આવેલા ને તેઓશ્રી મંદિરમાં

પૂજા કર્યા પછી ઉચ્ચ સ્વરે આ 'માળા'નો નિત્ય પાઠ કરતા, અને તે સાંભળી સૌ સંત-હરિભક્તો ખૂબ રાજી થતા. એમની પાસેથી સોમચંદભાઈએ એ 'માળા' કંઠસ્થ કરેલી. આ દિવ્ય ચિંતામણિરૂપ શ્રીહરિમૂર્તિ વર્ણનનો અમૂલ્ય મેવો નાની પુસ્તિકામાં હરિભક્તો માટે પ્રસિદ્ધ કર્યો. ગામેગામ પોતે એ રીતે હરિભક્તોને શ્રીહરિસ્વરૂપના ચિંતવન તરફ દોરી જતા. (સં. ૨૦૦૯, ઈ.સ. ૧૯૫૫)

અનાદિ મુક્તારાજ અબજીબાપાશ્રીએ શ્રી સ્વામિનારાયણ ભગવાન મુખકમળ નિ:સૃત 'વચનામૃત'નું રહસ્ય ટૂંકમાં દરેક 'વચનામૃત'ને અંતે સમજાવ્યું છે તે; બાપાશ્રીએ સં. ૧૯૬૨ થી ૧૯૮૪ સુધીના સમયમાં સંત-હરિભક્તોની સભામાં કરેલી જ્ઞાનવાર્તાઓ, જે બે ભાગમાં પ્રસિદ્ધ થયેલ છે તેમાંથી તારવેલ 'રહસ્ય વાતો' તથા અનાદિ મુક્તારાજ બાપાશ્રીનું વિસ્તૃત જીવનચરિત્ર જે સં. ૧૯૯૮માં છપાયેલ છે તેમાંથી બાપાશ્રીના સ્વમુખે જુદા જુદા સમયે ઉચ્ચારાયેલ શ્રીહરિના માહાત્મ્યજ્ઞાનથી ભરપૂર દિવ્ય વચનોરૂપ 'દિવ્ય જ્ઞાનામૃત — એમ ત્રિદલીય ચિંતામણિરૂપ સંકલિત ૪૦૦ પાનનું 'અધ્યાત્મજ્ઞાન' નામક પુસ્તક સોમચંદભાઈએ છપાવી સત્સંગ સમાજની અનેરી સેવા કરી છે. (સં. ૨૦૧૪, ઈ.સ. ૧૯૫૮)

શ્રીહરિજીની પરાવાણી 'વચનામૃત', સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતો, સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરુષોત્તમ પ્રકાશ, સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીની વાતો, સ.ગુ. નિર્ગુણદાસજી સ્વામીની વાતો વગેરે સદ્ગ્રંથોમાંથી શ્રીહરિજીના સર્વોપરીપણાનો જેવો છે તેવો મહિમા સમજાવતા વચનોનો સંગ્રહ કરી એક પુસ્તિકા "શ્રીજી સર્વોપરી સ્વરૂપ સંગ્રહ" નામે છપાવી પ્રસિદ્ધ કરી. (સં. ૨૦૧૬, ઈ.સ. ૧૯૬૦)

ઉપરોક્ત ત્રિવેણી સંગમમાંથી હરિભક્તોને 'દિવ્યજ્ઞાનામૃત'ની ભૂખ વિશેષ જાગી. આથી 'અબજીબાપાશ્રીના જીવનના કલ્યાણકારી ટૂંક સંસ્મરણો' સાથે 'દિવ્યજ્ઞાનામૃત' અલગ છપાવી સત્સંગને દિવ્ય ચિંતામણિરૂપે ભેટ ધરી!

તે જ રીતે, અબજીબાપાશ્રીની વાતોના બે ગ્રંથોના સારરૂપ તે જ ગ્રંથના બીજા ભાગની ૧૫૨ મી વાર્તા છે, તે નિત્યસ્મરણ કરવા યોગ્ય છે, તેમ જાણીને તે વાર્તા નાની પુસ્તિકારૂપે છપાવી પ્રસિદ્ધ કરી. (સં. ૨૦૧૭, ઈ.સ. ૧૯૬૧)

સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી કૃત 'શ્રી પુરુષોત્તમ નિરૂપણ' શ્રી સ્વામિનારાયણ ભગવાનના યથાર્થ સ્વરૂપને વર્ણવે છે, તેને જુદુ છપાવવાની માંગ થતા, 'શ્રી પુરુષોત્તમ નિરૂપણ' નામે નાની પુસ્તિકા છપાવી. (સં. ૨૦૧૮, ઈ.સ. ૧૯૬૨)

એ જ રીતે, સંપ્રદાયના પુસ્તકોમાંથી એકત્ર કરેલ શ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલાચરિત્રો તથા સત્સંગમાં દૃઢ અંગવાળા ભક્તોના ટૂંકા પ્રસંગો તેમજ સ.ગુ.શ્રી વૈશ્નવાનંદ સ્વામી કૃત 'પુરુષોત્તમ વિવાહ' — એમ નાની પુસ્તિકારૂપે છપાવ્યું. (સં. ૨૦૧૮, ઈ.સ. ૧૯૬૨)

આ ઉપરાંત, મૂળી મંદિરના સંતોની ઉજ્જવળ પરંપરાના સિદ્ધ મુક્તો સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામી અને સ.ગુ. શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના સંસ્મરણો સાથે સ.ગુ.શ્રી ભગવત્સ્વરૂપદાસજી સ્વામીનું જીવનચરિત્ર અને ઉપદેશ છપાવી એ સદ્‌ગુરુની કૃપામાં આવેલા અનેક હરિભક્તોને રાજી કર્યા. એ સદ્‌ગુરુઓના સમાગમમાં ન આવી શકેલા મુમુક્ષુઓને તેઓશ્રીના જીવનસંસ્મરણોથી પ્રેરણા મળી. (સં. ૨૦૦૫, ઈ.સ. ૧૯૪૯)

અ.મુ. સો૦ —

તે જ રીતે વીરમગામમાં સાંખ્યયોગી બાશ્રી નાથીબાના શિષ્ય શ્રી સંતોકબાનું શુદ્ધ આચરણ, શ્રીહરિનો દૃઢ નિશ્ચય, સત્સંગની દૃઢતા, પોતે નિયમમાં વર્તી પોતાની પાસે રહેલાં સર્વે બાઈઓને એ રીતે સંપ્રદાયની મર્યાદામાં વર્તાવવાનો આગ્રહ — વગેરેથી શ્રીજીમહારાજે તેમને ધામમાં તેડી જતા અગાઉ દર્શન દઈ ધામમાં લઈ જવાનો સમય કહેલો ને અંત વખતે શ્રીહરિ દર્શન સાથે દેહ મૂકેલો. તેવા સાંખ્યયોગી બાશ્રી સંતોકબાના જીવનનો ટૂંક પરિચય પણ સત્સંગની બાઈઓને પ્રેરણારૂપ થાય તે માટે નાની પુસ્તિકા રૂપે છપાવેલો. (સં. ૨૦૧૮, ઈ.સ. ૧૯૬૨)

વળી, આ બધાં પુસ્તકો દિવાનખંડની શોભા માટે કે સ્ટોર રૂમમાં મૂકી રાખવા માટે નથી, આ તો નિત્ય સ્મરણના — શ્વાસોશ્વાસ જેટલા જરૂરી છે — તેમ જણાવી એવી રીતે હેતવાળા હરિભક્તોને વ્યવસ્થિતપણે પહોંચાડવામાં આવતા કે એકે એક પુસ્તક ઉપયોગમાં આવે. પુસ્તક/પુસ્તિકા છપાય ને ૨૦૦૦–૩૦૦૦ નકલો ૩–૪ માસમાં તો ઘરેઘર પહોંચી ગઈ હોય.

સોમચંદભાઈના જીવનમાં જે ચીવટ સહજ થઈ ગઈ હતી, તે જ ચીવટથી આ પુસ્તકોની વહેંચણી પોતે કરાવતા, તેના જે પૈસા ભેગા થાય તેનો હિસાબ તેટલી જ ચોકસાઈથી રાખતા, ને એ રકમ ને પુસ્તકોનો વધુ ને વધુ સારો ઉપયોગ થાય તે માટે સજાગતા રાખતા.

આ સાહિત્યસેવા ઉપરાંત, સદ્‌ગુરુ શ્રી કેશવપ્રિયદાસજી મુનિ સ્વામીએ જે જે પુસ્તકો છપાવ્યા — રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા યુક્ત વચનામૃત, અનાદિમુક્ત ચરિત્રામૃત, શિક્ષાપત્રી – રહસ્ય–વગેરે, વચનામૃત–ધ્યાન, — તે ઉપરાંત મૂળીના સ.ગુ.

પુરાણી શ્રી ધર્મકિશોરદાસજી સ્વામીકૃત શ્રીહરિ ઉપાસના ચિંતા-મણિ — આદિક ગ્રંથોના છાપકામમાં પ્રેસમેટર તૈયાર કરાવવી, પ્રૂફો સુધારવી વગેરે સર્વે કામમાં સોમચંદભાઈ એકચિત્તપણે જોડાઈ જતા.

આ બધાં પુસ્તકોથી સાહિત્ય સેવા તો કરી જ, પણ સોમચંદભાઈનું પોતાનું જીવન જ એક મહાન સદ્‌ગ્રંથસમું હતું. એમના જીવનનો એક એક દિવસ, એક એક કલાક, જાણે જીવનગ્રંથના પૃષ્ઠો હતાં, હરેક પૃષ્ઠમાંથી પ્રેરણા પીયૂષ પીવા મળતું. પોતાના જીવનની એકે એક ક્ષણ, એકે એક ઘડી–પળ, પોતે શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતારૂપ સેવાકાર્યમાં ન્યોછાવર કરી દીધી હતી.



૧૦. અખંડ પૂજા

સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામીએ પૂછ્યું કે આપણે સુખ લેવા આવ્યા છીએ કે દેવા? સોમચંદભાઈને સ્વામીશ્રી કહે : આપણે તો મહારાજની ઈચ્છાથી સુખ દેવા આવ્યા છીએ!

સ્વામીશ્રીની આ આજ્ઞાને શિરસાવંદ્ય ગણીને સોમચંદભાઈએ અનેક મુમુક્ષુઓને શ્રીહરિસુખની હેલીમાં ડૂબાડી દીધા હતા, તે છતાં પોતાનું સામર્થ્ય છુપાવીને જ વર્તતા.

"બડા બડાઈ ન કરે, બડા ન બોલે બોલ;
હીરા મુખસે નવ કહે લાખ અમારા મોલ."

પણ હવે સોમચંદભાઈના શરીરને અવસ્થા વરતાય છે. સીત્તેર વર્ષની ઉંમર થઈ છે. સતત ફરતું રાખ્યું છે આ શરીર; નથી જોયો થાક, નથી જોઈ ઊંઘ! શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના દિવ્ય યજ્ઞમાં આહૂતિરૂપે સમગ્ર અસ્તિત્વ સમર્પી દીધેલું છે.

શરીરમાં મંદવાડ બતાવે છે. તાવ આવ્યો, પાચન શક્તિ ક્ષીણ થઈ, ઝાડા રહ્યા. શરીર ક્ષીણ થવા લાગ્યું, અશક્તિ આવતી ગઈ. વૈદ્યની દવા સાધારણ લે. શ્રીજીમહારાજને તપ કરાવવું છે એમ કહે!

પોતાની જોડ સમા અ. મુ. ચતુરભાઈ માલણીયાદમાં ધામમાં પધાર્યા ત્યારે તેમના તેરમા નિમિત્તે અશક્ત તબિયતે

પણ માલણીયાદ પધાર્યા. ભેગા થયેલા સૌ હરિભક્તોને હર-હંમેશની જેમ શ્રીહરિસુખની વાતોના પ્રસાદથી રીઝવી દીધા. વાતો કરે તો કોઈને એમ લાગે જ નહી કે આમને નખમાંય કોઈ માંદવાડ છે! રમૂજમાં આવીને હિન્દીમાં વાતો કરતા જાય! હલવદ આવી સૌ હરિભક્તોને વિદાય આપી ત્યારે કોઈને ય એવો ભાવ ન થવા દીધો કે આ છેલ્લા દર્શન છે.

વડોદરા જિલ્લાના સાંઢાસાલ ગામે રહેતા એક પરમ ભગવદીય, સેવાભાવી ડૉકટરને ત્યાં જાત દેખરેખની વૈદ્યકીય સંભાળ, ભાવભર્યું સેવાનું અંગ અને પોતાની રુચિ મુજબનું એકાંત સ્થળ જાણી સોમચંદભાઈ સાંઢાસાલ પધાર્યા. કોઈને ય પણ કોઈ જાતનું દુઃખ હોય તો પોતે તે દૂર કરવા–મટાડવા સતત પ્રયત્નશીલ રહેતા, પણ પોતાના માંદવાડને શ્રીજીપ્રેરિત તપનો યોગ કહી તેને મટાડવાનો સંકલ્પ પણ ન કર્યો! કોઈ ભાવિક હરિભક્ત માંદવાડ મટાડવા પ્રાર્થના કરે તો તેને અળસાવે. કહે : આપણે તો શ્રીહરિના સેવક. સેવકનો ધર્મ તો ધણીના ગમતામાં રહેવાનું. "ચાકરકી મોટપ કહાં, સબ લાજ ધણીકો."

કયારેક શરીરે સારું દેખાડે, કયારેક હેતવાળા હરિભક્ત તેમની ના છતાં દર્શને આવે તો શ્રીહરિસુખની વાતેથી રીઝવી દે, તો કયારેક હિંમત દેતા પત્રો લખાવે. આમ માસ-બે માસ માંદવાડ દેખાડ્યો.

સં. ૨૦૨૦ ના માગસર સુદ ચોથ ને બુધવાર, તા. ૨૦મી નવેમ્બર, ૧૯૬૩. પરોઢિયે ચાર વાગ્યે જાગી, નાહ્યા, ધાબળી પહેરી, અને પાંચ વાગ્યે પૂજા કરવા માટે પોતાના બહેન પાસે કોથળો પથરાવ્યો ને તેના પર શ્રહરિજીને દંડવત્ કરતા શ્રીહરિજીની દિવ્ય મૂર્તિમાં–જ્યાં તેઓશ્રી સદૈવ નિવાસ કરીને

રહ્યા હતા ત્યાં – રસબસભાવે લીન થઈ ગયા, ને તે જ ક્ષણે આ લોકની લીલા સંકેલી લીધી.

મુક્તરાજ સોમચંદભાઈનું સમગ્ર જીવન શ્રીહરિજીની પૂજા રૂપે જ હતું, પૂજા કરતા જ જીવન સંકેલી લીધું ને શ્રીહરિજીની અખંડ પૂજા કરવા મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા.

શ્રીહરિજીએ પોતાના સંકલ્પથી જે લીલા અનંત જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે વિસ્તારી હતી તે, શ્રીહરિ-ઇચ્છાથી સંકેલાઈ ગઈ ! મોક્ષનું સદાવ્રત, હરતો ફરતો સમૈયો, આનંદનો મહેરામણ, મુમુક્ષુઓનું માતૃવત્ શિરછત્ર, નમ્રતાનો આદર્શ, હાલતી-ચાલતી દેરી, જંગમ તીર્થસ્થાન કે હરિગીત ગાતી જ્ઞાનગંગા – શ્રીહરિમાં સમાયા !!



દિવ્ય સંભારણાં

સોમચંદભાઈ તણાં સંભારણાં રે,
સુણી સુણી સાંભરે શ્રીજી સુખદાય. સો૦ ટેક૦
બ્રહ્મચર્ય વ્રત પાળ્યું હરિને ગમતું રે,
ઘર જેનું સત્સંગનો સમુદાય. સો૦ ૧
સંત હરિભક્તા સહુને રાજી કરે રે,
સહુ પર રાખે અખંડ દિવ્યભાવ;
હરિવર સંભારે જે હેતથી રે,
તે સંગ અંતરનો ઉછાવ. સો૦ ૨
જેને બીજી વાત જરી ગમતી નહિ રે,
વહાલા એક સહજાનંદ સુજાણ;
સત્સંગ રત્નાકર સમ લેખતા રે,
હરિ હરિજન સંગે ઓળખાણ. સો૦ ૩
મહિમા સ્વામિનારાયણ નામનો રે,
ગાતા ગવરાવતા સહુ સ્થાન;
આવે પોતા પાસે જેહ જાચવા રે,
આપે દિવ્ય મૂર્તિનું દાન. સો૦ ૪
હરિસંગ હેત ભરેલી એ મૂર્તિ રે,
જોતાં સૌને હેત ઊભરાય;
રસબસ થઈ રહ્યા હરિ મૂર્તિમાં રે,
દીનદાસ સર્વે હરિગુણ ગાય. સો૦ ૫

સ્મરણાંજલિ

સંવત બે હજારને વીસના, માગશરની સુદ ચોથ;
બુધવારે પાંચ વાગે સવારે, લીધી શ્રીજી કેરી ઓથ;
સોમચંદભાઈ તમો રે, સદા મૂર્તિમાં રમો રે. ટેક. ૧

બે બહેનોને સાથમાં લીધાં, ગયા સાંઢાસાલ ગામ;
એકાંતનો તમે આશરો લીધો, કરવા ધાર્યું જે કામ. સો૦ ૨

પત્ર લખ્યો તમે પ્રેમથી સૌને, આવશોમાં કોઈ આંઈ;
શ્રીજીમહારાજ સારું કરી દેશે, ફિકર ના કરો કાંઈ. સો૦ ૩

કોઈને લખ્યું અમે આવશું, તમારે ત્યાં જરૂરા જરૂર;
રોમ રોમે રહી મૂર્તિ ભેળા, જરી રહ્યા નહીં દૂર. સો૦ ૪

જવા ધાર્યું જ્યારે અક્ષરધામે, શ્રીહરિ દાસાનુદાસ;
નાહીને મોકલ્યા ના'વા સહુને, બેનને રાખ્યા પાસ. સો૦ ૫

શોળે ને બોળે છેક સુધી, તમે પાળ્યું કરીને પ્રીત;
ધાબળી પહેરીને ધામ પધાર્યા, વાટ જોતા જેની નિત. સો૦ ૬

વાયદો દીધો સાજા તાજા, આવશું સૌની પાસ;
દયા ન આવી દિલમાં, અમો નાખતા રહ્યા નિસાસ. સો૦ ૭

ગમતું કીધું શ્રીજીનું એક તમે, સુણ્યું અમારું ના કાંઈ;
દીનદાસ કહે રાખજો ભેળા, સદાય મૂર્તિ માંઈ. સો૦ ૮

અનાદિ મુક્ત પ. પૂ. શ્રી સોમચંદભાઈ

નો

પત્રો દ્વારા ઉપદેશ

ખંડ ૨

પત્રો દ્વારા ઉપદેશ

૧

આપણે સાધનથી મુક્ત થયા એમ ન માનવું. શ્રીજી મહારાજના કર્યા મુક્ત થયા છીએ.

૨

શ્રીજીમહારાજ અખંડ છે, અનાદિની સભા અખંડ સાથે છે. એક એક મુનિમાં અનેક મુનિના વૃંદ છે. મહા-પ્રભુ સૌને એકકાળાવિચ્છિન્ન સુખ આપે છે. મુક્ત સદાય સેવક છે. સૌના સ્વામી, સૌના નિયંતા, સૌના સુખદાતા શ્રીહરિ પુરુષોત્તમ નારાયણ છે. મુક્તોએ એ દિવ્ય મનોહર મૂર્તિના ગીત ગાયાં છે, એ ગીતને આપણે કીર્તન કહીએ છીએ. નખશીખા સુધી એ એક જ મૂર્તિનું વર્ણન કર્યું છે. જનૈયા-જનડીયું ઘણી હોય, વર તો એક જ હોય. આ અખંડ વર તે શ્રીજીમહારાજ. એ મૂર્તિને વરનારા અખંડ સોહાગી. આપણા અહોભાગ્ય જેથી આ કૃપાળુ ન્યાલકરણ મળ્યા. ખોટનાં ખાતાં કાઢી નાખ્યાં અને અખૂટ ખજાનો આપ્યો. અખૂટ ખજાનો બીજો નહીં, શ્રીહરિ સહજાનંદ સ્વામી મહા-પ્રભુ. "ખરચ્યું ન ખૂટે, એને ચોર ન લૂંટે, દામની પેઠે એ ગાંઠે બાંધ્યું ન છૂટે." મોટું નાનું ને ગુણ ગાવા મહાપ્રભુના! એ તો અક્ષરકોટિ સુધી કે મુક્તકોટિ સુધી કોઈ ગાઈ શકતા નથી. છેવટે 'અપાર, અપાર' કહી ચરણમાં નિવાસ કરે છે. ચરણ કહેવાય તોય રસબસ ભાવે મૂર્તિ જ. જુદા જુદા અંગની વાત તો દેહભાવ હોય ત્યાં સુધી છે. દિવ્યભાવમાં તો ચૈતન્યને સાકાર કરી રસબસ ભાવે મહારાજ પોતાની દિવ્ય મૂર્તિના સુખભોક્તા કરે છે. એ સુખના અનુભવનારા અપાર અપારપણું કહે છે, સમજે છે ને સમજાવે છે. શ્રીહરિ

વચનામૃતમાં કહે છે કે એ મૂર્તિનું એક ક્ષણવાર સુખ ભોગવ્યું હોય તો જાણે કોટાનકોટિ કલ્પ સુધી સુખ ભોગવીએ છીએ. એ દિવ્ય સુખમાં અખંડ રહેવા આપણે અખંડ અવિનાશી શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાન ભેળું રહેવું. દેહભાવ કાઢી મૂર્તિ આપી છે. આપણે મૂર્તિ જ છે, મહારાજ જ છે, એવું મનન કર્યા કરવું. મૂર્તિ મૂકવી નહીં ને નિશાન ચૂકવું નહીં. એક મૂર્તિનાં જ ગીત ગાવા. બીજા નામ વચમાં શા માટે નાખવાં? સત્સંગ બધો દિવ્ય જાણવો, ખામી જણાય તે આપણી જાણવી.

૩

શ્રીજીમહારાજે ઘણી દયા કરી, એટલે સત્સંગમાં જન્મ આપ્યો, પોતાની ઓળખાણ કરાવી. લાલાબાબુએ તો સાત કરોડ વાપરી નાખ્યા હતા પણ મહારાજની ઓળખાણ એ ધન ખરચતા ન થઈ, પણ સંતો સાથે અત્તરની શીશી મોકલાવી હતી તે અત્તર મહારાજે સૂંઘી પ્રસાદીનું કર્યું, પછી સંતોને નાકે આંગળી વડે ચોપડી બોલ્યા :

"બીજા ભેખ થાશે ધૂળધાણી,
રહેશે તમારા મુખનું પાણી."

એક અત્તરની શીશી અંગીકાર કરી એટલે મહારાજ મળ્યા, સત્સંગમાં જન્મ આવ્યો, પણ સાત કરોડનું ફળ એટલું થયું નહીં. આવી વાત આપણને હાથ આવી છે.

૪

સૂરજ પાસે તેજ માંગવું ન પડે, એ તેજના ભંડાર છે, તેમ મહારાજ આવે એટલે મોક્ષ આવી ગયો, કેમકે

"મોક્ષપતિ કુંવર ભક્તિધર્મના રે લોલ,
હરિકૃષ્ણ નારાયણ નામ, પ્રભુ પ્રગટ થયા છે આ સમે રે લોલ."

સ.ગુ.શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતમાં છે કે શ્રીજીમહારાજ

પોતાના આશ્રિતને સુખ આપવા પધાર્યા છે. તેથી એ મૂર્તિ ને એમના વચન રાખતાં મોક્ષ માગવો પડે તેમ નથી.

૫

આપણે એવો અભ્યાસ પાડવો કે મહારાજ વિના કયારેય એકલા ન રહેવું.

મહારાજ દિવ્ય છે, તેમના જેવું આ લોકમાં કોઈનું રૂપ નથી, કોઈનું એવું સામર્થ્ય નથી. એવા ભગવાન આપણને દયા કરીને મળ્યા છે, પણ આપણી આંખોમાં આ લોકનું આવરણ હોય તેથી જેમ છે તેમ દેખી શકાતું નથી. આપણા આવરણવાળા દેહથી તેજોમય મહારાજ જોઈ ન શકાય તેથી દયાળુ ભગવાન મનુષ્ય જેવા થયા, એવી જીવ ઉપર ભગવાનની દયા છે.

૬

અક્ષરધામની ભૂમિ સર્વત્ર તેજોમય છે. એ સ્થાનમાં તેજોમય મહારાજ અને મુક્ત બે જ વસ્તુ છે. મહારાજને ફરતા મુક્તો બેઠા છે. બધાને એક સરખા દર્શન થાય છે, સુખ એક સરખું આવે છે. એ સભાને પરમ એકાંતિક નામે ઓળખાવેલ છે, અને બીજા મુક્તો મહારાજની મૂર્તિના આકારે સાથે રહ્યા છે, તેમને અનાદિ મુક્ત કહેલ છે, એ મુક્તો દેખાતા નથી, એ મુક્તોને મહારાજ જ દેખાય છે, એટલે તેમને મૂર્તિરૂપ કહેવાય છે. શ્રીજીમહારાજ ને આ અનાદિ મુક્તો રસબસભાવે ભેળા જ રહે છે, જેથી ઓતપ્રોત, તદ્રૂપ, તલ્લીન એમ કહી બાપાશ્રી સમજાવે છે. આ અનાદિ મુક્તને સર્વે ઠેકાણે મહારાજ દેખાય છે.

૭

આપણે મનન કરી મહારાજની દિવ્ય મૂર્તિમાં જોડાવું. જેમ સિંહાસનમાં મૂર્તિ પધરાવે પછી જ્યારે ત્યાં દૃષ્ટિ કરીએ

ત્યારે દર્શન થાય તેમ મોટાએ આપણા ચૈતન્યમાં શ્રીજીમહારાજ-ની મૂર્તિ પધારવી દીધી છે, તેથી પ્રતિલોમ દૃષ્ટિથી એ મૂર્તિ આકારે દૃષ્ટિ રાખ્યા કરવી.

૮

આપણે મુદ્દો રાખવો. મુદ્દો શું ? તો મહારાજની મૂર્તિ. આપણે સત્સંગમાં એ કરવા આવ્યા છીએ. મૂર્તિ સિદ્ધ થઈ તો બધું ય થયું. મૂર્તિ વિના બીજું કાંઈ નજરમાં જ ન આવે એમ કરવું. શ્રીજીમહારાજે આપણા ચૈતન્યને મૂર્તિરૂપ સાકાર કરી દિવ્યમૂર્તિમાં રાખેલ છે. આપણા ચૈતન્યના આધાર તો મહારાજ જ છે, એમ વર્તવું એ જ મનુષ્યદેહનું ફળ છે.

૯

મૂર્તિના સુખથી ભર્યા રહેવું. મોટા મુક્તો એ દિવ્ય સુખનો આહાર કરે છે, એ દિવ્યસુખ રૂપ અમૃત જમે છે, એ સુખનાં પારણાં કરવા, એ સુખને ઝીલવું, એ સુખરૂપ અમૃતમાં નહાવું.

બાપાશ્રીએ રમૂજ કરતાં કહ્યું કે અમારા દાંત સર્વે પડી ગયા છે, પણ અમારે કોઈ જીવને પડવા દેવો નથી !

૧૦

મને માંદવાડ છે પણ શરીરમાં છે. ચૈતન્યમાં તો આનંદ વર્તે છે. મોટા મુક્તને આ લોકનું કાંઈ હોય નહિ, તોપણ દેહભાવને લીધે જે કાંઈ બતાવે તે મહારાજની મરજીથી જાણવું.

૧૧

સુવાસિનીબાઈએ શ્રીજીમહારાજ નાના હતા ત્યારે મનુષ્ય લીલાથી મોહ પામી એક ધોલ મારેલી, તે ઘણા વખતે સાંભરી, તેથી એક દિવસ રોવા લાગ્યા, અને કહ્યું કે હું ભક્તિમાતાને અક્ષરધામમાં શું જવાબ દઈશ ? જેને મોટા મોટા અવતારો વંદે છે તેવા સર્વોપરી ભગવાનને મેં ધોલ

મારી ! એ વિચારે પસ્તાવો કરી મહારાજ પાસે ગુનો માફ કરાવવા પ્રાર્થના ક ત્યારે મહારાજ કહે : તે તો તમે બહુ સારું કામ કર્યું હતું, કારણ કે હું ભગવાનપણું ભૂલી ગયો હતો પણ તમે મને ધોલ મારી ત્યારથી કોઈ દિવસ ભગવાન-પણું ભુલાતું નથી. હવે ધોલ માર્યાનું ફળ શું ? તો હું નાનો હતો. ત્યારથી મેં જે જે મોટા કામો કર્યા, અનંત જીવનો મોક્ષ કર્યો, મોટા મોટા જગન કર્યા, મોટા મોટા ધામ બાંધ્યા, તેમાં અસંખ્ય જીવોનો મોક્ષ થયો તેનું જે ફળ થાય તે ફળ હું તમને આપું છું. આવો મહારાજે રાજીપો બતાવ્યો. એમ અવળાનું સવળું કરી પોતાના મુક્તને રાજી કર્યા. તેમ આપણે પણ પ્રાર્થના કરવી.

૧૨

મહારાજે એક વાર ઓખાઈ જોડા પહેર્યા, જાડો સૂંથણો પહેર્યો, ઘેરવાળું કેડિયું પહેર્યું, માથે દક્ષિણી પાઘડી બાંધી, ભાલમાં ચંદનની આડ ને વચ્ચે કુંકુમનો ચાંદલો, કાને ટીપણું ખોસ્યું, ગળામાં ફકીર પહેરે છે તેવી તસ્બીની માળાઓ પહેરી, એક હાથમાં માળા લીધી ને બીજા હાથમાં બંદૂક લીધી, ને સભામાં પધાર્યા ! સૌને કહે : અમે કોના જેવા લાગીએ છીએ ? પછી સૌ વિચારી રહ્યા, પણ કોના જેવા કહેવા એ સમજાણું નહિ. પછી તો એક વૃદ્ધ સંત ઊઠ્યા કે મહારાજ ! તમ જેવા તમે એક, કોઈ તમારા જેવા નહીં. આવા વચનથી મહારાજ બહુ રાજી થયા.

૧૩

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે મહાસમુદ્રમાં સો વરસ સુધી વહાણ ચાલ્યું જાય, પછી આગલો કાંઠો ન દેખાય, તેમ પાછલો કાંઠો પણ ન દેખાય, એને તો જ્યાં જુએ ત્યાં જળ જ દેખાય, તેમ મહામુક્તોને એક શ્રીજીમહા-

રાજની મૂર્તિ જ દેખાય છે. સ્થાવર-જંગમ જ્યાં જુએ ત્યાં મૂર્તિ દેખે છે.

૧૪

આ લોકમાં મહારાજ વિના બધુંય અસત્ય છે. બાપા-શ્રીએ મૂર્તિ વિના 'વાની' કહી છે. સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામીએ મૂર્તિ વિના 'રાખ' કહી છે. સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ મૂર્તિ વિના 'શેલી' કહી છે. શેલી, વાની ને રાખ ત્રણ એક જ છે. બધી રાખ જ છે. માટે મહારાજ ને મોટા રાખને મુકાવી મૂર્તિ રૂપી દિવ્ય ચિંતામણિ આપે છે.

૧૫

સત્સંગમાં સત્સંગ ઓળખવો, એમ મોટા મુક્તો કહે છે. તે શું ? તો શ્રીજીમહારાજ જેવા બીજા કોઈ નહિ, અને તે જેવા ધામમાં છે તેવા જ અત્યારે મૂર્તિરૂપે દર્શન દે છે, અને એમના મુક્ત છે તે પણ જેવા અક્ષરધામમાં છે તેવા જ અહીં છે. આ બે સિવાય ક્યાંય હેત ન રહે તેવી ચોખ્ખી સમજણ કરવી.

બાપાશ્રી કહેતા કે મૂર્ત, મુક્ત ને ધામ એ ત્રણનું આપણે કામ છે, અને તે સદાય ભેળા છે. આત્માની ધામ સાથે એકતા કર્યા પછી આપણો ચૈતન્ય મહારાજના ધ્યાનથી સાકાર થાય છે, ત્યારે મૂર્તિ, મુક્ત ને ધામ એ ત્રણ સાથે જ સમજાય છે. એવું મનન થાય પછી બહારવૃત્તિએ જોવાની તાણ ન રહે, એ સત્સંગમાં સત્સંગ સમજાણો કહેવાય. દેહ મૂકીને ધામમાં જવું છે તેને બદલ હવે એમ મનાય છે કે આપણે મહારાજ ભેળા સદાય ધામમાં જ છીએ.

૧૬

ટપાલને અઠવાડિયું થાય તો જાણે ઘણા દિવસ પસાર થઈ ગયા એમ લાગતું હોય તો મૂર્તિ ભૂલી બહારવૃત્તિ શું કામ

કરવી પડે ? અનંતકોટિ મુક્ત જેમ મૂર્તિરૂપે સદાય વર્તે છે તેમ અનાદિ મુક્તની સ્થિતિમાં જ રહેવું,

૧૭

શ્રીજીમહારાજ અને તેમની દિવ્યસભા પાસે આપણે સૌએ દાસભાવે વર્તવાનું છે. શ્રીજીમહારાજ જેવા સર્વોપરી ભગવાન અને એ મૂર્તિમાં રસબસ ભાવે રહેલા અનંત અનાદિ મુક્ત તેમ જ અક્ષરધામની સભા પાસે–આ લોકમાં રહેલા દેહભાવવાળાને એ સભાના દર્શન–સ્પર્શનો લાભ ક્યાંથી મળે ? આ તો

"નરવિગ્રહ ધર્યો કરુણા કરી રે લોલ,"

"હું તો તમ કારણ રે આવ્યો ધામ થકી ધરી દેહ,"

"આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,"

આ રીતે શ્રીહરિ પોતે તથા મહામુક્તોએ આપણને એ દિવ્ય-સભામાં ભેળવવા આ બધું કર્યું છે. શ્રીજીમહારાજ તો એક સંકલ્પમાત્રે અનંતને સુખિયા કરી મૂકે તેવા છે. અક્ષરધામમાંથી એક મટકું માર્યું એટલે ઓગણપચાસ વર્ષ સુધી આ લોકમાં નૌતમ લીલા બતાવી. તેને લખાણથી મોટા મુક્તો સમજાવે છે, છેવટે 'અપાર, અપાર' કહી અટકે છે.

આપણે તો દિવ્ય ચિંતામણિ શ્રીહરિની મૂર્તિ તેને જતન કરીને રાખવી, આ લોકમાં પણ એમની મરજી પ્રમાણે બધુંય થયા કરે છે. "મારી મરજી વિના રે કોઈથી તરણું ન તોડાય." ભક્ત એમ સમજે છે કે મારા સ્વામીનું કર્યું સર્વે થાય છે : "સ્વામી રક્ષક મારા સઘળે, એમ ભક્તને વરતે સદાય."

૧૮

આપણને તો બાપાશ્રીએ કૃપા કરી મુક્ત કર્યા છે. મૂર્તિમાં રહેલા મુક્તને ઓળખાવ્યા છે. જેમ શ્રીજીમહારાજ સદાય દિવ્ય સાકાર છે તેમ મહામુક્તો પણ તેવા જ દિવ્ય સાકાર છે.

૧૯

દિન પ્રતિદિન સત્સંગનો ચડતો રંગ રાખવો. શ્રીજી-મહારાજે અક્ષરધામમાંથી આ લોકમાં પોતાની દિવ્યસભાએ સહિત દર્શન આપ્યા, અને એ સભા મૂર્તિ સાથે જ છે. અક્ષરધામમાં મુક્તોની સભા તેજોમય ફરતી બેઠી છે, મૂર્તિમાં પણ રસબસભાવે અનંત મુક્ત છે. મૂર્તિ ભેળા મુક્તો છે. તે બહાર આવતા જ નથી. જેમ દેહ અને જીવ સાથે જ છે તેમ મહારાજની મૂર્તિ આકારે આકાર, દિવ્ય તનુએ સદા દિવ્ય સાકાર અનાદિ મુક્તો છે. તેવી સમજણ તે અનાદિની સ્થિતિની છે. પરમ એકાંતિકને દિવ્ય સાકારપણે સન્મુખ દર્શન છે, તે પણ મૂર્તિ આકારે મુક્તો છે.

૨૦

આપણે તો શ્રીજીમહારાજને જ્યાં ને ત્યાં ધારવા. મૂર્તિ ભૂલાય નહીં એવો આગ્રહ રાખવો. એક વૃત્તિએ વ્યાવહારિક કામકાજ કરવું, પણ બીજી વૃત્તિ તો મૂર્તિમાં જ રહે તેવો ખટકો રાખવો.

૨૧

જેમ બાહ્યવૃત્તિમાં ચૈતન્યને દેહ ભૂલાતો નથી તેમ અનાદિ મુક્તની સમજણમાં ચૈતન્યને મૂર્તિ ભૂલાય નહીં. જ્યાં દેહનો દેખાવ છે ત્યાં પ્રતિલોમપણે મૂર્તિ ધારતાં એમ થઈ જાય કે હું તો મહારાજની મૂર્તિ ભેળો જ છું, દેહભાવ તો અજ્ઞાન-કાળે હતો, હવે તો શ્રીજીમહારાજે મારા ચૈતન્યને પોતાની મૂર્તિના દર્શને મૂર્તિ જેવો દિવ્ય સાકાર કરી મૂર્તિ ભેળો જ રાખ્યો. દેહ મૂકીને જે મહારાજને પામવાનું હતું તે દેહ છતાં સમજણ કરાવી. આપણને એમ થાય કે મૂર્તિ દેખાતી નથી, તો સન્મુખ દેખાય છે તે જ મૂર્તિને પ્રતિલોમ ધારવી ને એમ જાણવું કે અનંત કોટિ બ્રહ્માંડના આધાર શ્રીજીમહારાજ મારા આધાર કેમ ન હોય? આપણે મૂર્તિઓના દર્શન

કરીએ છીએ ત્યારે ચિત્ર–પ્રતિમા–ધાતુ કે કાષ્ટાદિક પ્રતિમામાં આ લોકનાં ભાવ દેખાય છે, પણ અક્ષરધામના પતિ આ મહારાજ છે એવો ભાવ રાખવોજોઈએ. ધામમાં છે તે જ મૂર્તિ આ છે, ધાતુ-પાષાણ કે ચિત્ર ભાવ આવે તો અપરાધ થાય, એ રીતે સદાય આપણે દેહભાવ વિસારી દેવાનો છે. દેહભાવ તો અજ્ઞાને કરીને માની લીધો છે. મહારાજ કહે છે કે તમે તમારી પોતાની જાતને ધામરૂપ, બ્રહ્મરૂપ માનો. બ્રહ્મ એ મહારાજની મૂર્તિનું તેજ. એ ધારણા સમજણમાં થાય ને મનાય, પણ દેખાય તો જ્યારે ધામમાં પહોંચાય ત્યારે. દૃષ્ટાંતથી મોટા સમજાવે છે કે કોટિ રવિ-ચંદ્રની કાંતિ ઝાંખી થઈ જાય એવું એ તેજ :

"તેજ તેજ જ્યાં તેજ અંબાર,"

"તેજોમય તન તેનો" — એવા ધામરૂપ, મહાતેજરૂપ આપણે પોતાના ચૈતન્યને માનવાની આજ્ઞા છે. પરમકૃપાળુ બાપાશ્રીએ 'બ્રહ્મ'નો અર્થ ઠેઠ મૂર્તિ સુધી પહોંચાડ્યો છે કે બ્રહ્મ ભગવાન. તે ભગવાનની મૂર્તિનો આકાર ચૈતન્યમાં ધારવો, ચૈતન્ય મૂર્તિમાં જ છે, હું તો અનાદિ મુક્ત જ છું. મહારાજ જેમ ધામમાં અખંડ છે તેમ મારો ચૈતન્ય દિવ્ય-ભાવે મહારાજના જેવો સાકાર થઈ તે મૂર્તિમાં રસબસ થઈ અખંડ નિવાસ કરી રહ્યો છે–મહારાજે દયા કરી એટલે આ વાત સમજાણી. હવે તો અખંડ તેનું અનુસંધાન રાખવું.

૨૩

કારખાનામાં કામ કરનારા મીસ્ત્રીઓને પણ સમજાવવું કે સહજાનંદ સ્વામી ભગવાન છે અને છેલ્લી વખતે એ એક જ કામમાં આવે છે. આ લોકમાં પણ ક્ષણે ક્ષણે તેમનું કામ પડે છે, અને એથી જ એ આપણું સર્વે સુખ છે, તેથી શ્રી હરિકૃષ્ણમહારાજની મૂર્તિને સંભારવાનો ખટકો રાખવો.

શ્રીજીમહારાજ નિજાશ્રિતની રક્ષામાં છે. એમનું પ્રગટપણું અનંતજીવના કલ્યાણને અર્થે છે, તે માટે આપણે દરેક ક્રિયામાં એમને સાથે રાખવા. એ મૂર્તિનો સંબંધ રાખતા મોટા મુક્તો પણ સહેજે રાજી થાય છે. મોટા મુક્તને શ્રીજી-મહારાજના દિવ્ય સુખનો આનંદ વર્તતો હોય એટલે આ લોક ને લોકના ભોગ-સુખ સામી નજર ન હોય : "મુક્તાનંદ કહે હરિ-હરિજનની ગતિ છે ન્યારી, એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી." દેહભાવવાળાને મોટા મુક્તનો જેમ છે તેમ મહિમા જાણવામાં આવતો નથી, તેથી બાપાશ્રીએ વાતોમાં મોટા મુક્તની સ્થિતિનું વર્ણન ઘણું કર્યું છે. સત્સંગમાં ચાલો ચાલ અને એકાંતિક ભાવવાળા પણ હોય એટલે તેમની ગતિ પ્રમાણે તે મહારાજને વર્ણવે, પણ જે સિદ્ધમુક્ત છે, પરમ એકાંતિક અને અનાદિ મુક્ત છે તેમને તો મૂર્તિ વિના બીજું નજરમાં જ નથી. આપણા દરેક શાસ્ત્રમાં મોટા મુક્તોના સામર્થ્ય, સ્થિતિના લખાણ છે તે વિચારીએ તો ખબર પડે કે તેમની દૃષ્ટિમાં એક શ્રીજીમહારાજ જ છે. બાપાશ્રીના કૃપાવચનમાં આ બધું છે. "આપણે એક છોગલાવાળા સ્વામિનારાયણ ભગવાનનું કામ છે. એ એક રહે એટલે હયો : શ્રીજીમહારાજ આજ સત્સંગમાં પ્રગટ બિરાજે છે, આજ્ઞા લોપે તેને ચાબૂક મારે છે; આપણને શ્રીજીમહારાજ ન્યાલકરણ મળ્યા છે; અક્ષરધામના ધામી શ્રી પ્રગટ પુરુષોત્તમનો ચાંદલો આવ્યો એ કેવડી વાત! આપણે એક શ્રીજીમહારાજનો રસ લેવો; શ્રીજીમહારાજે આ સમયે મોક્ષનું સદાવ્રત ચલાવ્યું છે; મોક્ષની દૃષ્ટિમાં ને રાજીપામાં આવ્યા હોય તે મૂર્તિ વિના રહી શકે નહીં; મોટાના જોગથી મહારાજનો સાક્ષાત્કાર થાય છે; જંઈનો વેપાર ને લાખનો લાભ એવું મહારાજના મુક્તનું છે; તેમના જોગે શ્રીજીમહારાજની પ્રસન્નતા સહેજે થઈ જાય છે; સત્સંગમાં બધા શ્રીજીમહારાજની કૃપાએ સુખિયા છે; મુંબઈ જેવા પ્રવૃત્તિવાળા શહેરમાં પણ

અક્ષરધામ જેવું મંદિર એ કેવડી દયા કહેવાય? માટે સદાય આનંદમાં રહી મૂર્તિનો સંબંધ રાખવો; આપણે એ મૂર્તિના આધારે છીએ; આપણને મહારાજે ન્યાલ કર્યા છે; આપણા ચૈતન્યને આકર્ષણ કરીને મૂર્તિમાં રાખેલ છે; આપણા ચૈતન્યને એક મૂર્તિનો જ આધાર છે; અનંત કોટિ મુક્તના સ્વામી, અનંત અવતારના અવતારી, અનંત આત્માના આત્મા, અનંત પ્રાણના પ્રાણ, સર્વોપરી સર્વકારણ શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાન—એમને આશરે આપણે છીએ; એ એક જ આધાર છે; આટલી દૃઢતામાં બધુંય આવી ગયું; કથા-વાર્તા, ધ્યાન-ભજન-ભક્તિ બને તેટલાં કર્યા કરવા, કામકાજ કરતાં પણ મૂર્તિનું અનુસંધાન રહે એવો ખટકો રાખવો.

૨૪

સત્સંગીને મહારાજે આવકમાંથી દશમો–વીશમો ભાગ કાઢવા કહેલ છે તે પ્રમાણે આજ્ઞા પાળવા મોટા મુક્તો કહેતા અને તે પ્રમાણે વર્તાવતા. હવે એ ઉપદેશ ગૌણ થતો જાય છે. ભગવાનનો ભાગ હોય તો જરૂર બરકત થાય, એમ મોટા સંતો કહેતા. રૂા. ૧૦૦ આપે પછી પાંચ એમના ભાગના આપી દેવા તેમાં શું? પણ એ વખતે ગણતરી થાય છે; આવી બુદ્ધિ મહારાજનાં વચન પાળવામાં આડી આવે છે, એમ મોટા મુક્તો કહે છે. માટે જેને વ્યવહાર નિર્ગુણ કરવો હોય તેણે ભગવાનના વચને ભગવાનનો ભાગ કાઢવો જોઈએ. શ્રીહરિ દયાળુ છે, એને તો આપણું કાંઈ જોઈતું નથી, એ તો અનંત બ્રહ્માંડમાં સૌનું પોષણ કરે છે, પણ આ તો આપણા લાભ સારુ મહારાજ અલ્પ સેવા અંગીકાર કરે છે. બાકી તો અખંડ મૂર્તિરૂપ રહેવું એ મોટી આજ્ઞા છે, મૂર્તિનો સંબંધ સળંગ રહેતો હોય તો સહેજે બધું નિર્ગુણ થાય. જેમ હીરે હીરો વીંધાય, અગ્નિને પ્રસંગે કાષ્ટ અગ્નિ-રૂપ થાય તેમ મૂર્તિના અખંડ સંબંધથી ચૈતન્ય બ્રહ્મરૂપ—

મૂર્તિરૂપ થઈ જાય છે. માટે એક મૂર્તિનું જ મંથન કરવું. મોટાને એ એક જ કરાવવું છે કેમકે પોતે અખંડ મૂર્તિ ભેળાં રહે છે, અને વારેવારે એમ જ કહે છે. સુખ મૂર્તિમાં જ છે, બીજે રોગી વાની ઊડે છે, માટે મૂર્તિ ભૂલીને હલરવલર ન ન કરવું. સાધન કરવામાં પણ મૂર્તિ સાથે હોય તો ફળરૂપ થાય. શ્રીજીમહારાજે તથા સંતોએ આપણને શીખવવા બધું કર્યું છે, એમના ચરિત્રો તો કેવળ કલ્યાણકારી છે, તેમાં આજ્ઞા-વચનથી વિશેષ પ્રસન્નતા થાય છે.

૨૫

આપણે વ્યવહારમાં રહી મોક્ષ સિદ્ધ કરવો છે, એ અનુસંધાન કાયમ રાખવું. આગળના મુક્તોએ આપણને પોતાના વૃત્તાંત બતાવી દીધાં છે. આ લોકમાં જે કામ માટે આપણે આવ્યા છીએ તે પૂરું કરી લેવું. વડતાલની સભામાં વડોદરાના શાસ્ત્રીઓએ શ્રીજીમહારાજને કહ્યું કે, "મહારાજ! તમે મોટા માણસને ચમત્કાર દેખાડો તો ઘણો સમાસ થાય." તેના ઉત્તરમાં મહારાજ કહે : "અમારે મોટા માણસ સાથે ઝાઝું બને નહીં કેમકે તેને રાજ્યનો ને ધનનો મદ હોય અને અમારે ત્યાગ ને ભક્તિનો મદ હોય તેથી કોઈ કોઈને નમી દે તેવું કામ નથી. અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યમાં સુખ નથી." આ વચન શ્રીજીમહારાજે વડતાલના ૧૬મા વચનામૃતમાં કહ્યાં છે. એ અનુસંધાન આપણે રાખીએ તો મૂર્તિના ધ્યાનમાં કાંઈ બાકી રહેતું નથી, એમ સમજાય. સ.ગુ. શ્રીગોપાળાનંદ સ્વામી કહે છે કે અમે તો મૂર્તિ વિના કાંઈ દેખતા નથી. સ.ગુ. શ્રીગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમે તો મૂર્તિ ભૂલીએ તો તાળવું ફાટી જાય. અ.મુ. પર્વતભાઈએ તથા અ.મુ. બાપાશ્રીએ તો મૂર્તિ વિના કાંઈ

દેખતા નથી એવા સમ ખાધા છે. તેથી એ માર્ગ સનાતન છે, ને અનાદિ છે.

૨૬

અનાદિની સભામાં મહારાજ વિના બીજી વસ્તુ જ નથી. મૂર્તિ જ છે એવું મનન કરવા બાપાશ્રી તથા મોટા મોટા મુક્તોની આપણને સૌને આજ્ઞા છે. આપણે દેહરૂપ માનીએ તેમાં કાંઈ ન મળે, પણ ધામરૂપ કે મૂર્તિરૂપ માનીએ તો ભગવાનથી જરાયે અંતરાય રહે નહિ. બાપાશ્રી તો મૂર્તિ-રૂપ રહેવાની સમજણ કરાવે છે અને એવી કૃપા પણ કરી છે. એવા મોટા જોગમાં આપણે આવ્યા તેનો કેફ જરૂર રાખવો. પૂર્ણ પુરુષોત્તમ એવા સર્વોપરી ભગવાન શ્રીજીમહારાજ તથા તેમના અનાદિ મહામુક્તોની પ્રાપ્તિ આપણને થઈ તેનો આનંદ ને કેફ રાખવો. આપણા જોગમાં જે જે આવે તેમને પણ એ કારણ મૂર્તિના મહિમાની ને પ્રાપ્તિની વાતો કરવી. તેમના વચનમાં સાવધાની રાખવી. આટલું કરતાં કરતાં દેહ છતાં કૃપાની ચૈતન્યમાં હા થઈ જાય. શ્રીજીમહારાજે મારા ચૈતન્યને દિવ્ય સાકાર, પોતાની મૂર્તિના આકારે અનાદિ મુક્ત કરી, મૂર્તિમાં રસબસભાવે રાખેલ છે. એ વાતની દૃઢતા થાય તેવાં જે જે વચનો હોય તેને વધુ મનન કરવાં. સત્સંગમાં મુમુક્ષુ, ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક, અનાદિ એ બધી સ્થિતિની વાતો સમજાવાય છે. શાસ્ત્રોમાં લખાણ પણ એવા પ્રકારનાં છે. તેથી જેના જેવા અંગ હોય તેને તેવી તેવી વાતે પોષણ થાય. વર્ષાઋતુમાં જળ વરસે છે ત્યારે જેવા જેવા બીજ હોય તેને તેવું તેવું પોષણ થાય છે. તેમ આપણને શાસ્ત્રો તથા સત્પુરુષ પોષણ કરે છે. તે માટે પાત્ર થવાની મોટા ભલામણ કરે છે. મહારાજ કહે છે કે અમારાથી લાખ ગાઉ છેટે હોય પણ અમારા પાસે છે અને અમારા ખોળામાં બેઠો હોય તોય લાખ ગાઉ છેટે છે. આ વચનથી સમજાય

છે કે મહારાજને ઉત્તમ સ્થિતિ કરાવવી છે અને તે માટે દિવ્ય સભા સાથે લાવ્યા. આપણને એમની પ્રાપ્તિ થઈ. વળી, ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ સ્થિતિની વાતો બધી સમજાવી. આપણી ભૂલો હોય તે પણ જણાય છે. આપણે શું કરવાનું છે તેનો પણ ખ્યાલ બરાબર આવે છે. છતાં પાત્રતાની ખામીને લીધે એ સ્થિતિનું કાયમ અનુસંધાન રહેતું નથી. તો પણ એવી હિંમત રાખવી કે મહારાજ તથા તેમના લાડીલા મુક્તોના પ્રતાપે આ બધું થઈ જશે, અને જે દિવ્ય સુખમાં ઉત્તમ મુક્તો જોડાઈ ગયા છે એ સુખ આપણને મળશે જ. અત્યારે અંતરપડદો રાખ્યો છે, પણ દયા કરી તે પડદો તાણી લેશે ત્યારે અનાદિ મહામુક્તના જોગ–સમાગમ –સેવાના લાભનું ફળ મળ્યું સમજાશે. જેને જેને મોટા મુક્ત મળ્યા છે તેને મહારાજનો સંપૂર્ણ મહિમા સમજાય છે, ધામરૂપ કે મૂર્તિરૂપે વર્તાય છે, ભગવાનનો પરોક્ષભાવ મટી પ્રત્યક્ષભાવ વર્તે છે, અવરભાવ–પરભાવની વાત એમનાથી અજાણી રહેતી નથી. આ બધો લાભ આપણને મળ્યો છે, તેથી સદા આનંદમાં રહેવું.

૨૭

આપણે શ્રીજીમહારાજની મૂર્તિનો આનંદ રાખવો. ભગવાનનું બળ મોટા ભયથી રક્ષા કરે છે. એક હરિભક્તને બહુ ભીંડ હતી, તેનો વ્યવહાર અટકી પડે તેવું હતું અને બીજો માર્ગ સૂઝતો ન હતો, ત્યારે તે હરિભક્તે સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી પાસે પ્રાર્થના કરી કે સ્વામી! હવે તમે રાજી થઈને મદદમાં ભળો તો ઠીક, નહિ તો દ્વેષી માણસોને કહેવાનું થશે. ત્યારે સ્વામી 'ભક્તચિંતામણિ'ની એક કડી બોલ્યા :

"શું થાશે બિચારા શ્વાનથી, છે પ્રભુ અમારી કોર."

બાવાઓ અને અજ્ઞાની જનો સંતોને દુઃખ દેતા ત્યારે રક્ષા

માટે આ કડી બોલાયેલી છે. આ બે લીંટી સ્વામી ફક્ત બોલ્યા એટલામાં તો એવી રક્ષા થઈ કે તેમને જે જે અડચણો હતી તે બધી દૂર થઈ ગઈ. આ રીતે મહારાજ આપણી રક્ષામાં છે. હાથ ડોકની રક્ષા કરે છે, પાંપણ આંખની રક્ષા કરે છે, માબાપ બાળકની રક્ષામાં રહે છે, તેમ શ્રીજી-મહારાજનાં આશ્રિતને એ દયાના સાગર ક્ષણે ક્ષણે રક્ષા કરે છે. પરચા પ્રકરણ બધાં રક્ષાનાં જ છે. અક્ષરધામમાંથી મહારાજ ને મહારાજના મહામુક્તો ભક્તના મનોરથ પૂરા કરવા, તેમને લાડ લડાવવા ને તેમનું રક્ષણ કરવા નરતનુ ધરે છે. એવા શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાનની મૂર્તિ જેવું બીજું કાંઈ જ નથી. તેથી એ મૂર્તિને આગળ રાખી જે કાંઈ કરીએ તેમાં એ સાથે રહે છે.

૨૮

ધ્યાનથી વિશેષ સમાસ થાય અને તે નવધા ભક્તિના ફળરૂપ છે. પ્રતિલોમપણે ધ્યાન થાય ત્યારે ભગવાનનું સમીપ-પણું રહે છે, આત્માપણાનું અનુસંધાન રહ્યા કરે છે, શ્રીજી-મહારાજ તથા તેમના સંત-હરિભક્તોનું દિવ્યપણું સમજાય છે, અને આ બધું થતાં ધ્યાનની રુચિ વધતી જાય છે. પ્રતિમાભાવ–મનુષ્યભાવ ટળી પ્રત્યક્ષભાવ તથા દિવ્યભાવની દઢતા થાય છે. ધ્યાનની રુચિ છે તે વૃદ્ધિ પમાડવાનો ખટકો રાખવો.

૨૯

શ્રીહરિને તત્ત્વે સમજવા ત્રેસઠમું વચનામૃત છે. મહિમા સમજવા પ્રથમનું વચનામૃત છે. મધ્યના તેરમા વચનામૃતમાં તો પોતે જ મહિમા સમજાવેલ છે. પંચાળાનું પહેલું, ચોથું ને સાતમું તેમાં પણ દિવ્યભાવનું જ મનન કરાવ્યું છે.

૩૦

બાપાશ્રી કહે છે કે તમને ન્યાલકરણ મળ્યા છે, તમારે

તો જીતનો ડંકો વાગી ગયો છે. આથી કેટલો મહિમા કહેવાય? આપણે તો સારરૂપ શ્રીહરિની મૂર્તિ મુખ્ય રાખવી. એના આધારે છીએ એમ જાણી આનંદમાં રહેવું. આ લોકની મોટપ તો ગમે તેટલી હોય પણ એ મોટપે કામ ન થાય. મહારાજ તથા તેમના લાડીલા મુક્ત રાજી થાય એટલું જ મોક્ષને અર્થે છે. શ્રીજીમહારાજ તથા બાપાશ્રી એટલું જ સમજાવે છે. આપણને દિવ્ય સત્સંગ સમજાણો એ આપણાં અહોભાગ્ય! શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના પ્રગટપણામાં આપણે આવી ગયા જેથી મોક્ષની વાતો સુગમ થઈ ગઈ છે, કેમકે લાખો કરોડો જન્મ ધરતાં ય મહારાજ ન મળે તે આપણને મળ્યા: "ન ગઈ ગંગા ગોદાવરી કાશી,
ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી,"
એવું થયું છે. બાપાશ્રી દૂર દેશથી આવનાર ભક્તોને પૂછતા કે તમારે કચ્છમાં આવતાં કેટલું ખર્ચ થયું? પછી પોતે જ કહેતા કે અક્ષરધામમાં મહારાજ પાસે પહોંચવું હોય તો કેટલે ખર્ચે પહોંચાય? મહિમા સમજાવવા આવા વચનો છે.

૩૧

શ્રીજીમહારાજ ભક્તવત્સલ છે, એમના ચરણકમળમાં આપણો નિવાસ છે: "જેને જેનો આશરો, તેને તેની લાજ." આપણને ઘણી બહુ મોટા મળ્યા છે, એમના પ્રતાપે આપણને સુખ ને શાંતિ છે.

૩૨

એક રે'ણીવાળા અને કોમળ સ્વભાવવાળાને શ્રીહરિ સહાય કરે છે. ધીરજ જુવે. કસોટી કઠણ છે, તે માટે શૂળીનું દુઃખ કાંટે મટાડે છે. પ્રારબ્ધ કઠણ હોય તો ય માફ કરી દે છે કેમકે કૃપાના સમુદ્ર છે. ભક્તના દુઃખ જોઈ શકતા નથી. "કોઈને દુખિયો રે દેખી ન ખમાય," એવો સહજ સ્વભાવ છે. એવા શ્રીજીમહારાજની આપણા પર અમૃત નજર છે,

આપણા શિરે અભયહાથ છે. ઔષધીનું પોષણ ચંદ્રમા આકાશમાં રહ્યા થકા કરે છે તેમ અક્ષરધામરૂપ તખ્તમાં બેઠા થકા અમૃત વરસાવી સુખિયા રાખે છે. તેથી એ મૂર્તિનું બળ રાખી આનંદમાં રહેવું. નાજા જોગિયાના ગોઠણ ભાંગવાની વાત થઈ કે શ્રીહરિ આગલી રાત્રે પરોઢમાં ત્યાં પહોંચ્યા. દરબાર વાસુર ખાચરને મળી તેવો દંડ દેવાનું સૌને માટે બંધ કરાવ્યું. આવા દયાના સાગર શ્રીહરિ પાસે પ્રાર્થના કરવી. આપણાથી આટલું થાય, બીજું તો એ સમર્થ ધણીના હાથમાં. ખરાભક્ત તો દૈહિક રક્ષા માગતા જ નથી, છતાં મહારાજ ભક્તની વહારે ચડી તેમની સહાયતા કરે જ છે. માટે એમની જેમ મરજી તેમ આપણે આનંદ રાખવો :

"દુર્જનિયાને દૂર ઘણા છો રે,
પ્રેમી જનનાં પ્રાણ છો જી રે, તમે હરિ હૈયાના હાર છો."

અ. મુ. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની આ પ્રસાદી છે. પરમ કૃપાળુ, પરમ દયાળુ, શરણાગતવત્સલ, નિજજનના જીવનપ્રાણ, ભક્તવત્સલ, કૃપાસિંધુ, ગરીબનિવાજ આવા અનેક વચનોથી મોટા મોટા મુક્તો પ્રાર્થના કરે છે, તે જ રીતે આપણે પણ પ્રાર્થના કરવી.

૩૩

આપણા ઉતાવળિયા સ્વભાવ તે ઘડીકમાં અકળાઈ જઈએ, મૂંઝાઈએ, પણ સંકલ્પ કર્યાથી કાંઈ બને નહીં, પરંતુ ધણી ભળે કે તુરત અનુકૂળતા થઈ જાય. આ બધી મહાપ્રભુ તથા તેમના લાડીલા મુક્તોની કૃપાનું જ કારણ છે. આપણે તો પૂર્વના અનાદિ મહામુક્ત સદ્‌ગુરુઓ જેમ મહારાજને રાજી કરવાના પ્રકાર બતાવી ગયા છે તેમ મૂર્તિ સાથે રાખીને બધું કરવું. કાર્ય સત્સંગમાં ખરી શાંતિ મળતી નથી. ખરું સુખ તો કારણ સત્સંગ મહારાજની દિવ્યમૂર્તિમાં છે. એ મૂર્તિનો આનંદ ને ખુમારી રાખવાનું બાપાશ્રી કહે

છે : "કોઈ મૂર્તિ લ્યો ! કોઈ મૂર્તિ લ્યો ! અમારે ઘેર મૂર્તિનો જ વેપાર છે." આ પ્રમાણે બાપાશ્રી તથા સદ્‌ગુરુઓએ આપણું પોષણ કર્યું છે તેથી અખંડાનંદ રહે તેમ જ રહેવું.

૩૪

દેશકાળ આવે ત્યારે પણ કર્તા તો મહારાજ છે, જેથી રાજી રહેવું. સ્વામીશ્રી કહે છે કે ખાંડણિયામાં માથું મૂક્યું પછી હળવા હળવા ઘા દેજો એમ કહેવાથી દુઃખ ઓછું ન થાય ! તેમ આપણે મહારાજના વેચાણ થયા એટલે એમની મરજી એ જ આપણું પ્રારબ્ધ, એમ માની જેમ એ સૂઝાડે તેમ તેમને આગળ રાખી સર્વે કાર્ય કરવાં.

૩૫

આપણે ગુમાસ્તાની રીતે રહેવું. ધણીને રાજી કરવા કામ ખટકેથી કરવા. જે જે કરવું તે એમની પ્રસન્નતા રૂપ થઈ જાય, એવો ખટકો રાખવો.

૩૬

સુખ સમજણમાં ને શ્રીજીમહારાજની મૂર્તિમાં છે. અનંત મુક્ત અનાદિકાળથી એ સુખમાં તૃપ્ત થતા નથી. આપણે પણ એ સુખની લાલચ છે, જેથી બનતા સાધન કરીએ છીએ. મોટા મુક્ત પાસે ગરજુ થઈએ છીએ, વચનમાં વર્તવા સાવધાન રહીએ છીએ.

૩૭

દેશકાળ કઠણ હોય ત્યારે મહારાજ તથા દિવ્યસભા સામું જોઈએ તો "આ કાંઈ છે જ નહીં" એવું લાગે. આમ સમજણ રાખવી.

૩૮

બાઈઓએ ભેગાં મળી કથા, વાર્તા રૂપ બ્રહ્મયજ્ઞ કર્યા કરવો. મહારાજના જશ ગાવા, ચરિત્ર સંભારવાં, ધ્યાન-ભજન

કરવું. એ જેવું બીજું અધિક કાંઈ નથી. માટે સૌએ ખટકો રાખવો.

૩૯

શ્રીહરિ જેમ રાખે અને જ્યાં રાખે ત્યાં રાજી રહેવું. સદાય એવું અનુસંધાન રહે કે "શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, શ્રીજીમહારાજ છે." આવો ભાવ વર્તે. મુક્તાસ્થિતિમાં પ્રગટ મૂર્તિ જોયા કરવી, એથી અધિક કાંઈ નથી. આ લોકનું બધું અવરભાવમાં જણાય છે તેથી હરખ-શોક વગેરે જણાય, પણ પરભાવમાં વરતાય તો મૂર્તિ જ છે. પૂર્વના મુક્તો અખંડ સુખમાં નિમગ્ન થકા મૂર્તિમાં રસબસ રહી આનંદ કરતા. તેમના લખાણ તથા ચરિત્ર-પ્રતાપ વિચારતાં એક શ્રીહરિના દિવ્યસુખે જ સુખિયા જણાય છે. આપણે એમના ભેળું બેસવું છે. એ દિવ્ય સુખ ભોગવવું છે જેથી એ મૂર્તિને રાજી કરવા બનતું કરીએ છીએ. સાથે સાથે બાપાશ્રી જેવા અનાદિ દિવ્ય સ્વરૂપ મળ્યા જેથી તેમની કૃપાએ આ સુખ સહેલું થયું છે. આગબોટ–વહાણના બળે સમુદ્ર તરવો સહેલો છે, તેમ ઉપાસનામાં મહારાજ તથા અનંત મહામુક્તોની સહાય છે. એમની કૃપાનું આ કલ્યાણ છે, તેથી જે જે મોટા મુક્ત આપણને પ્રગટ મળ્યા છે, તથા જે જે શ્રીજીમહારાજ સાથે સખાભાવે, દાસભાવે, સુખમાં ગરકાવ રહેતા, જે સદાય મૂર્તિ ભેળા જ છે, એવા મહામુક્તોની કૃપા ને મહારાજનો આધાર – તેનાથી આ બધું સહેલું છે. આમાં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના શરણનું બળ છે. મધ્ય પ્રકરણના ૯મા વચનામૃતમાં કહ્યું છે કે પોતાને મળ્યું જે સ્વરૂપ તેને સર્વ અવતારનું કારણ, અવતારી જાણવું. તે બળ મોટા ભયથી રક્ષા કરે છે. આવા વચનનો સદાય ખટકો રાખવો.

૪૦

જ્યાં છીએ ત્યાં મહારાજ ને અનંતકોટિ મુક્ત સાથે

ને સાથે છે. બધાય આપણી સહાયમાં છે. સૌની આપણા પર અમૃતદૃષ્ટિ છે, એમ જાણી કયારેય પોતાને દુઃખી ન માનવું.

૪૧

મારી વિશેષ ભલામણ એ છે કે સવાર-સાજ ટાઈમ મળે તો પા-અર્ધો કલાક વચનામૃતનું તથા બાપાશ્રીની વાતોનું મનન જરૂર કરવું. વૃક્ષને પાણી મળે તો નવપલ્લવીત રહે, તે રીતે આપણે 'શ્રીજીમહારાજ તથા બાપાશ્રીની' દિવ્ય વાણીરૂપ અમૃતનું પાન કરવાની ટેવ પાડી દેવી, જેથી એ દિવ્યમૂર્તિની અમૃત નજર રહ્યા જ કરે. મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે 'મારી વાણી તે મારું સ્વરૂપ છે' એટલે મૂર્તિના દર્શને જેમ ચૈતન્યમાં દિવ્યભાવ આવે છે તેમ તેમના વચન રૂપ અમૃતપાનથી ખરું બળ આવે છે, તેથી આ લોકનાં કોઈ આવરણ નડી શકે નહિ.

૪૨

અ. મુ. ચતુરભાઈ બધાયને મંત્ર આપે છે કે "મારા ચૈતન્યને શ્રીજીમહારાજે મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, એક શ્રીજીમહારાજ છે." આવી રીતે આપણે મનન કરી મૂર્તિનો સંબંધ અખંડ રાખવો. બાપાશ્રી પ્રથમ કાગળ લખતા ત્યારે

"જળ સ્નેહી મીન અને ચંદ્ર સ્નેહી ચકોર;
હરિ મેરે હારલકી લકડી, પકડી સો પકડી."

એટલે મૂર્તિ જીવનરૂપ કરી રાખવી, આવો સિદ્ધાંત બાપાશ્રીનો છે. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી પણ એટલું જ કહેતા જે "મહારાજ જ ! એક મૂર્તિ જ !" આ રીતે ચૈતન્યને મૂર્તિનો અખંડ આલોચ રાખવો, જેથી અખંડ આનંદ વર્તે.

૪૩

બાપાશ્રી તો મૂર્તિમાં રહી મૂર્તિના દર્શન કરવા ભલામણ કરે છે. બંને સદ્‌ગુરુઓએ પણ એ જ રીતે પોષણ કર્યું છે. અ. મુ. ભૂરાભાઈ, મનસુખભાઈ, ચતુરભાઈ તથા શેઠશ્રી

બળદેવભાઈ તથા અ. મુ. મણિલાલભાઈ, અ. મુ. નાગજીભાઈ વગેરે સ્થિતિવાળા મુક્તો, બાપાશ્રીએ સમજાવેલ આ જ્ઞાન તથા અનાદિની સ્થિતિને અનુસરી, મૂર્તિના સદા એક સરખા દર્શન કરવા કહે છે. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીના પ્રસાદી રૂપ અમૃતવચનોમાં પણ એ જ જ્ઞાન મુખ્ય છે. આપણને આશીર્વાદ એ જ રીતના મળેલા છે. છેલ્લી સ્થિતિ, છેલ્લી પ્રાપ્તિ, છેલ્લું પદ આ એક અનાદિની સ્થિતિ છે. જ્યારથી આપણને બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ મળ્યા ત્યારથી આ એક જ વાત દૃઢ કરવા કહે છે. આપણે પણ વાતોમાં આ એક જ વાત મુખ્ય લાવીએ છીએ. બાપાશ્રીની વાતો જેવું જ્ઞાન સહેલું અને મહિમાથી ભરેલું, એકી સાથે અનાદિની સ્થિતિને પુષ્ટ કરે એવું, બીજે જોવામાં ઓછું આવે છે. અ. મુ. સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી તથા અ. મુ. સ.ગુ.શ્રી સ્વરૂપાનંદ સ્વામી જેવા સમર્થ મુક્તોએ સર્વોપરી જ્ઞાનના ભંડાર ખુલ્લા મૂકવા માંડ્યા પણ પાત્ર જોવામાં ન આવતા ખૂણો ખંચેર્યો ! તે જ્ઞાન બાપાશ્રીએ જેમ કોઈ લા'ણી કરે તેમ વાપર્યું, તેથી જ બાપાશ્રી કહે છે કે " કોઈ લ્યો ! કોઈ લ્યો ! અમારે ઘેર મૂર્તિનો વેપાર છે, બીજો વેપાર કોઈ કરશો નહીં. આ કરો, આ કરો, બીજું સર્વે પડ્યું મૂકો. પગલા – પદાર્થ પણ કામ નહીં આવે, મૂર્તિ રાખો તો બધું એ આવ્યું." આમ પૂર્વના સદ્‌ગુરુઓએ આપવા ધારેલ જ્ઞાન બાપાશ્રીએ છૂટથી રેલાવ્યું છે. તેથી આપણે પૂર્ણકામ છીએ.

૪૬

મહારાજે મારા ચૈતન્યને અનાદિમુક્તની પંક્તિમાં મૂકેલ છે, હું અનાદિ મુક્ત છું, મને મહારાજે કેવળ કૃપા કરી ભેળો રાખેલ છે. આમ મૂર્તિનો સંબંધ હવે અખંડ રહેવાનો. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીની વાતોમાં પહેલી વાત છે કે અનાદિનો અર્થ શું ? હું આમ હતો અને આમ થયો એમ

નહીં, હું તો અનાદિ મુક્ત જ છું. બાપાશ્રીની કૃપાએ આપણને મૂર્તિ મળી છે. ચૈતન્યને મૂર્તિમાં રાખેલ છે તેથી અહોનિશ એ મનન કરવું કે મહારાજની મૂર્તિમાં જ મારો ચૈતન્ય છે. આમ દરેક ક્રિયામાં ચિંતવન કરવાની ટેવ પાડી દેવી. આપણે આ લોકમાં વ્યવહાર સિદ્ધ કરવા માટે નથી આવ્યા, પણ મૂર્તિ સિદ્ધ કરવા માટે આવ્યા છીએ. આવો જોગ મહારાજે આપ્યો છે, હવે તો એવું જ અનુસંધાન રાખ્યા કરવું કે હું તો સદાય મૂર્તિરૂપ છું. મારા ચૈતન્યને મહારાજનો અખંડ સંબંધ છે,

"હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી,"

દરરોજ ગાઈએ છીએ. આવા વચનનોનું મનન કરવું. આ કામ પરમકૃપાળુ બાપાશ્રીએ કર્યું છે તે કેવળ કૃપા કરી કર્યું છે. ચિંતામણિ, કલ્પતરુ, પારસમણિ એવી ઉપમાએ મહિમા સમજાવે છે પણ મોટા મુક્ત એ ઉપમાથી સમજાવવા રાજી નહીં કેમકે એ કોઈ ઉપમા મહારાજને ઘટે નહીં. એવા સર્વોપરી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીએ આપણને પોતાના કર્યા એથી અધિક પદવી કઈ છે? આપણે તો શ્રીહરિની દિવ્યમૂર્તિનો આનંદ લેવો.

૪૭

સદ્‌ગુરુ પુરાણી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી હાલ તો દિવ્યભાવની વાતોથી સૌને ન્યાલ કરે છે. તેમની લટક સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીના જેવી છે. વાતોમાં રસબસભાવ, તદ્રુપ, તલ્લીન, સળંગ, ઓતપ્રોત, એવા મહારાજ અને અનાદિ મુક્તના મહિમાના વચનો આપ્યા જ કરે છે. દોઢ મહિનો અહીં થવા આવ્યો પણ વાતો તો અનુભવની નવીન થયા જ કરે છે. કોમળ પણ એવા, ઉદારતા પણ એવી. આપણ સૌ માટે બાપાશ્રીએ સદ્‌ગુરુની રીતે જ મૂર્તિનું

સુખ પમાડનારા આવા મહામુક્ત સત્સંગમાં રાખ્યા છે. તેમની સાથેના હેતથી આપણા પણ અહોભાગ્ય છે.

૪૮

મહાપ્રભુની લીલા અજબ છે. અકળ કળા કોઈથી કળાય તેવી નથી. મોટા મોટા મંદવાડ જણાવે છે તેમાં હેતુ સેવાનો હોય છે તેથી અનેકનાં મોક્ષ થાય છે. પરમ દયાળુ બાપાશ્રીનો મંદવાડ લીલારૂપ, તેવો જ તેમના હેતવાળા મુક્તોનો — કેસરાબાપા, ધનજીબાપા, દેવરાજબાપા, દેવજીભાઈ, ભૂરાબાપા, લાલુબાપા, નાગજીભાઈ, ભોગીલાલભાઈ, ધનજીભાઈ આદિ મહામુક્તોનાં મંદવાડની રીત પણ અલૌકિક. આપણે સૌએ એ જોઈ. તે જ રીતે સદ્‌ગુરુઓની લીલા — સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, સદ્‌ગુરુ વૃંદાવનદાસજી, સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી, સદ્‌ગુરુ હરિનારાયણદાસજી, સદ્‌ગુરુ ભગવત્સ્વરૂપદાસજી, સદ્‌ગુરુ બાલકૃષ્ણદાસજી, બ્રહ્મચારી નિર્ગુણાનંદજી આદિ મહામુક્તો — જેમના દર્શનમાત્રે મોક્ષ થાય – તેમણે પણ નોખી નોખી લીલાઓ મંદવાડ પ્રસંગે જણાવી અનેકના મોક્ષ કર્યા છે. આપણને આ મહામુક્તોનો દિવ્યભાવ સમજાણો તે પણ એમની દયા. આ બધા મુક્તો મૂર્તિના સુખભોક્તા ને આપણા મોક્ષના સહાયક છે. પોતે મૂર્તિના સુખભોક્તા બનીને આપણને મૂર્તિમાં રહેવાની દૃઢતા કરાવી છે. દયાળુ બાપાશ્રીની કૃપાનું તો વર્ણન કોણ કરી શકે ?

૪૯

શ્રીજીમહારાજે આ બ્રહ્માંડમાં અનેક જીવોનો દૃષ્ટિમાત્રે મોક્ષ કર્યો. સંકલ્પમાત્રે અનેક પ્રકારના ઐશ્વર્ય – ચમત્કાર જણાવ્યા. અક્ષરધામની સભા પૃથ્વી પર બતાવી. એમના પ્રતાપે સદ્‌ગુરુઓએ પણ એવું જ સામર્થ્ય જણાવ્યું. અનેકને સર્વોપરી પુરુષોત્તમ નારાયણનો મહિમા જણાવી દિવ્યભાવની

દઢતા કરાવી. મહામોટા યજ્ઞો કર્યા. મંદિરો એવા જ બાંધ્યા. મૂર્તિઓ પણ એવી જ પધરાવી. દિવ્યશાસ્ત્રોમાં એવો ચમત્કાર લાવ્યા કે એ શાસ્ત્રથી સદાય મોક્ષનો માર્ગ ચાલ્યા કરે. આ બધું આપણા ભાગ્યમાં આવ્યું છે તેથી કૃતાર્થ — પૂર્ણકામ થયા છીએ અને ગાઈએ છીએ કે :

"કીડી કુંજરનો મેળાપ જીવન જાણું છું,
કયાં અમે ને કયાં આપ જીવન જાણું છું."

અનાદિ મુક્તની મહાન સ્થિતિની પ્રાપ્તિ કરાવવા શ્રીજીમહારાજના સંકલ્પથી અનાદિ મુક્ત બાપાશ્રીનું પ્રાકટય થયું. તેમાં આપણે ફાવ્યા. હવે તો મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તી સુખિયા રહેવું. આજ્ઞામાં ફેર પાડવો નહીં. સંત-હરિભક્તોને વિષે દિવ્યભાવ રાખવો એટલું જ કરવાનું છે. બાપણે એવું મનન કરવું કે, "હું અનાદિ મુક્ત છું. મૂર્તિના રોમ રોમનું સુખ ભોગવું છું. મહારાજે કૃપા કરી પોતાની મૂર્તિમાં તદ્રૂપ — તલ્લીન — રસબસભાવે મને રાખેલ છે."

૫૦

અ. મુ. નારાયણભાઈ તમને બાપાશ્રીના પ્રસાદી વચન લખે છે :

બાપાશ્રી કહે છે કે "અમોએ તમોને મૂર્તિમાં રાખ્યા છે. અનાદિ મુક્ત મૂર્તિના સુખમાં સળંગ રહ્યા થકા રોમ રોમના નવીન નવીન સુખ લીધા કરે છે. તેમને સુખની હદ નથી. સુખનું અપારપણું છે. આવા આશીર્વાદ વચનનું અનુસંધાન સદાય રાખ્યા કરવું. બાપાશ્રીની પ્રાપ્તિ બાપાશ્રીની કૃપાથી થઈ છે. પોતે કહે છે કે તમને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે. તમને મુફ્તો મળ્યો છે. તમારે પ્રત્યક્ષ વાદળી છૂટી પડી છે. તમને સ્વામિનારાયણ ઢૂકડા થયા છે. આ સમે શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે. ન્યાલકરણ ભગવાન આજ

સૌને ન્યાલ કરે છે. એ જોગમાં તમે આવી ગયા છો.'' આવા વચનોનો અભિપ્રાય ચૈતન્યમાં ઉતારી અખંડ મૂર્તિરૂપ વર્તવું.

૫૧

પરોક્ષની રીતે પુરાતન સ્થાનો હોય તેમાં આપણા મંદિરો-સંતો જેવું કયાંથી હોય ! આ તો સર્વોપરી ભગવાન પધાર્યા. ધામની સભા લાવ્યા. નવીન રીત ચલાવી. શાસ્ત્રો પણ એવાં લખાવ્યા, પાળ્યું ને પળાવ્યું. તેથી બીજા બધાં ન્યૂન દેખાયા. હવે આપણામાં પણ ગૌણતા જણાવા લાગી છે. મહારાજના અભિપ્રાય પ્રમાણે ચાલવામાં કારસો આવવાથી આવું બને છે. વચમાં પરમકૃપાળુ બાપાશ્રીએ અનાદિની સ્થિતિ સમજાવી, પમાડી અને બાપાશ્રીએ પોતાના દર્શનથી અનેકનાં આત્યંતિક મોક્ષ કર્યા. એ લાભ આપણને મળ્યો. પરમકૃપાળુ બાપાશ્રી કહે છે કે તમારે અનેક જીવોના આત્યંતિક મોક્ષ થાય એવી રીતે મૂર્તિમાં રાખ્યાની રીતમાં રહેવું. મારો ચૈતન્ય મૂર્તિમાં છે; અનેક અનાદિ મુક્ત સાકાર રહ્યા થકા મૂર્તિના સુખમાં ગુલતાન રહે છે. તેમ જે જે જોગમાં આવે તેને એ સ્થિતિ અને સુખભોક્તાની વાત સમજાવવી. આત્યંતિક મોક્ષના સંકલ્પ કરવા આવી કૃપા કોઈ અવતારમાં થઈ ન હતી. આ તો અવતારી મહાપ્રભુએ 'આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી', એવું સદાવ્રત ચલાવ્યું. તેમાં આપણે ફાવ્યા. પરોક્ષના સ્થાને દરિયા કાંઠે જઈએ કે પૃથ્વીના છેડા સુધી જઈએ, વિષ્ણુલોકમાં જઈએ કે પુરુષના ધામમાં જઈએ, વાસુદેવ–અક્ષર જેવા ઉત્તમ સ્થાને જઈને વિચારીએ તો પણ અક્ષરધામ ને અનાદિની સભા જેવું સુખ બીજે કયાંથી હોય ! માટે આવી પરભાવની વાતોનો વિચાર કરતાં બહુ મોટી પ્રાપ્તિ આપણને થઈ છે. મૂર્તિ મંગળકારી, દિવ્ય-વિગ્રહ, સભા દિવ્ય, ધામ દિવ્ય, મુક્તો દિવ્ય—એમની

લીલા વિસ્તાર પણ દિવ્ય. આ પ્રાપ્તિ આપણને બાપાશ્રી તથા સદ્‌ગુરુઓની કૃપાથી થઈ છે, તેનું અખંડ સ્મરણ, ચિંતવન, મનન કરવું.

૫૨

મોટા મુક્ત બેઠા હોય ત્યાં સુધી સત્યુગ કહેવાય. આવા મુક્તની છાયામાં માયા દબાઈ રહે. મોટાને તો એક મૂર્તિ જ જીવન હોય, આપણે બહાર દૃષ્ટિએ ઉપલા વિચાર કરીએ કે આમને માંદવાડ છે, આવું દુઃખ ને દર્દ છે, છતાં પોતે તો મૂર્તિના સુખે સુખિયા હોય.

"મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ ન્યારી,
એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી."

ઉપરથી મનુષ્ય જેવા દેખાય પણ એ દિવ્ય છે. એમનું જીવન કેવળ જીવોના આત્યંતિક મોક્ષને અર્થે હોય છે. આવા મોટાની કૃપા આપણા પર થઈ એ તો બહુ મોટી વાત. "ક્યાં જીવ, ક્યાં જગદીશ! જાણો એ જૂજવી રીત છે રે," એવું આપણા માટે થયું છે.

૫૩

સદ્‌ગુરુ દેવજીવનદાસજી સ્વામીને અશક્તિ વધુ પ્રમાણમાં છે. અનાજ પંદર દિવસ થવા આવ્યા મુદ્દલ લેવાતું નથી, છતાં શરીરમાં કોઈ પ્રકારની ઉપાધિ નથી. ધ્યાનસ્થ પુરુષ ધ્યાનમાં ઉતરી જાય તેમ અખંડ એક સ્થિતિ બતાવે છે. કોઈ કોઈ વાર જાગ્રત જણાય ત્યારે 'જય સ્વામિનારાયણ' કહે, માથે હાથ મૂકે, એમ કરે છે. સૌને સ્વામીશ્રીના માંદ-વાડમાં નવીનતા લાગે છે. શ્રીજીમહારાજ તથા તેમના મુક્તોની દિવ્ય લીલા છે. એમનું માહાત્મ્ય આ લૌકિક દૃષ્ટિએ સમજાય નહીં. જેમણે શ્રીજીમહારાજ વિના બીજું કાંઈ રાખ્યું નથી તેમને મૂર્તિનું જ અનુસંધાન હોય. મૂર્તિ આકારે રહેનારને મૂર્તિનો આનંદ અને દિવ્ય સુખ હોય. મુક્ત ને મહારાજ

અરસપરસ છે. બાપાશ્રીએ વાતોમાં આ મર્મ ઘણાં વચનોથી સમજાવ્યો છે, પણ આ લોકમાં મનુષ્યભાવ જણાવે તે સમજ્યા પછી સદાય દિવ્યભાવ વર્તે. સ.ગુ. ઈશ્વરચરણદાસજી સ્વામી, સ.ગુ. ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, સ.ગુ. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, સ.ગુ. વૃંદાવનદાસજી સ્વામી જેવા મહાસમર્થ મુક્તોએ પણ પોતાના જીવનમાં જુદા જુદા પ્રકારની મંદવાડની લીલા બતાવી અનેકના આત્યંતિક મોક્ષ કર્યા છે. મુક્તોની સાથે શ્રીજીમહારાજનું દિવ્ય સ્વરૂપ હોય એટલે બધી ક્રિયા મહારાજની પ્રસન્નતારૂપ થાય. એ સેવામાં મોટી મોજ મળે. આપણે આવો દિવ્યભાવ સમજ્યા એ મોટાની તથા મહારાજની કૃપા વડે, નહિ તો 'ક્યાં જીવ ને ક્યાં જીવન!' અનંત આવરણ એ મૂર્તિ સુધી પહોંચવામાં છે, તે બધાં આવરણો દૂર કરી પોતાના દિવ્ય મુક્તોએ સહિત પોતે આ લોકમાં દૃષ્ટિગોચર થયા એ તો કેવળ કૃપા. દેહધારીને દિવ્ય મૂર્તિની ભેટ ક્યાંથી થાય? તેમાં પણ

"થયા મનોહર રે મોહન મનુષ્ય જેવા,
રૂપ અનુપમ રે નિજજનને સુખ દેવા."

એ નિત્ય પ્રત્યે બોલીએ છીએ. આવું દિવ્ય સુખ આપણને પ્રાપ્ત થવામાં એ મનોહર દિવ્ય મૂર્તિની જ કૃપા છે. આપણા અહોભાગ્ય થયા કે બાપાશ્રી ઓળખાણા. તે જ રીતે મૂર્તિના સુખભોક્તા સદ્ગુરુઓ ઓળખાણા, આપણને પોતાના કર્યા, નવા નવા સુખ આપ્યા, અનેક કલ્યાણકારી ચરિત્રો બતાવ્યા, પોતાના કહી બોલાવ્યા, રમાડ્યા, જમાડ્યા. આ બધું આપણને મૂર્તિનું સુખ આપવા કર્યું. કથા વાર્તારૂપ બ્રહ્મયજ્ઞ તો અખંડ થતા પણ મહામોટાં યજ્ઞો કરી આપણને સૌને પોતાને ઘેર તેડાવ્યા. સૌને સુખડી, શીરા જમાડી આત્યંતિક મોક્ષના કોલ આપ્યા. મૂળીના પાટોત્સવમાં તો ન ભૂલાય એવો પ્રતાપ બતાવ્યો. ભૂજ, મૂળી, અમદાવાદ, ગઢપુર જેવા

ધામમાં કચ્છી સંઘે સહિત વિચરી, મહારાજના પ્રસાદી સ્થળોમાં મહારાજની દિવ્ય સ્મૃતિઓ કરાવી સૌને સુખિયા કર્યા. અનેકને જમાડયા, માથે હાથ મૂકયા, છાતી સરસા ચાંપી મળ્યા. વળી પોતે જ વાતો કરે કે "આ મળવું બહુ મોંઘું છે. અક્ષરધામમાં જાય તે મળે. આ તો આ લોકમાં મહારાજે દયા કરી એટલે મળાય છે. આપણે ધુણીપાણી ભેળા કર્યા હશે." આવા અનેક વચનો કહી મહિમા સમજાવતા. આપણને એ દિવ્ય લાભ મળ્યો તે કાંઈ સાધારણ વાત નથી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે મહારાજ પ્રગટ થયા તે વખતે જેનાં જન્મ થયાં તેના ભાગ્યનું વર્ણન કોણ કરી શકે? તેમ આપણા જન્મ સમયમાં બાપાશ્રીનું પ્રગટપણું થયું એટલે અલૌકિક દિવ્ય લાભ સહેજે મળ્યો. બાપાશ્રી કહેતા કે મહાપ્રભુના લાડીલા મળ્યા એટલે આપણા દારિદ્રય કપાઈ ગયા. આવો લાભ આપણને મળ્યો છે. આત્યંતિક મોક્ષના આશીર્વાદ મળ્યા છે, તે સંભારી સદાય આનંદમાં રહેવું. મૂર્તિમાં રાખ્યા છે એ આશીર્વાદમાં તો બધું ય આવી ગયું. કાંઈ બાકી ન રહ્યું, એવી કૃપા થઈ છે. આવી પ્રસન્નતાનું બળ રાખી સદાય આનંદમાં રહેવું.

૫૪

દેહના માબાપનું હેત આ લોકના સ્વાર્થનું ગણાય, ત્યારે આવા મોટા સંતનું હેત તો ઠેઠ મૂર્તિના સુખમાં લઈ જવાનું હોય.

૫૫

ગઢપુરમાં શ્રીજીમહારાજ જાણે પ્રત્યક્ષ બિરાજતા હોય એવા દર્શન થાય છે. શ્રી વાસુદેવનારાયણના ઓરડા, અક્ષર-ઓરડી, અને ગોપીનાથજીનું મંદિર, રાધાવાવ, લક્ષ્મીવાડી, ભક્તિબાગ, ઘેલો, ખળખળિયો, નારાયણ ધરો, સહસ્ર ધરો — એ બધાં સ્થાન દિવ્યરૂપ ભાસે છે. ગઢપુરમાં શ્રીજીમહારાજ

ઘણું રહ્યા, એ રમણરજમાં રહેવાનું ભાગ્ય જેમને થયું છે તે તો દેહ છતાં જ કૃતાર્થ બને છે.

૫૬

અ. મુ. મનસુખબાપાના અંતર્ધાન થવાના સમાચાર આપણા સૌને દુઃખદ લાગે જે, આવા મહામુક્ત દુર્લભ થયા. મોટાની સ્થિતિ પારાવાર હોય છે. સાદા ઘણા હતા. નાના સાથે નાનાની રીત રાખે અને મોટા સાથે મોટાની રીતે બધુંય કરતા. નાના-મોટાની સેવા સ્વીકારતા. સુખદુખની રાવ બાપાશ્રી પાસે પહોંચાડતા, આશીર્વાદ દેતા, વઢતા–વખાણતા, પણ સૌને વહાલપથી રાજી કરતા. નાના બાળકની પણ એમના હૃદયમાં યાદી રહેતી. આવા સર્વદેશી, કૃપાની મૂર્તિ, અનાદિ મુક્તારાજની આપણને મહાન ખોટ પડી. એ તો અહીં હતા તો પણ મૂર્તિના સુખમાં જ હતા. આપણને સુગમ હતા તે હવે અગમ થઈ ગયા. શ્રીજીમહારાજની કૃપાદષ્ટિ પોતાના આશ્રિત પર સદાય છે તે ભેળી એમની કૃપા છે જ છતાં આપણને મોટી ખામી આવી.

૫૭

"જ્ઞાન વિના દુઃખ પામત દુનિયા,
માયા ઘોર અંધારમેં."

આવું સદ્‌૦ મુક્તાનંદ સ્વામીએ લખ્યું છે. તે પ્રમાણે ઘણે ઠેકાણે જણાય છે. મોટા કહેવાતા હોય ને માંહી ઝાઝો માલ ન હોય. બાપાશ્રી કહે "એવાનું ય આપણે સારું કરવું. આપણે તો અધમ જીવને ઉદ્ધારવા છે, તેથી નજરે ચડ્યો તેને પણ ઠેઠ પહોંચાડવો છે." શ્રીજીમહારાજ અને અનાદિ મુક્ત કેવળ કૃપાસાધ્ય છે. આપણે તો કૃપા સાધ્યમાં આવી ગયા. જો બાપાશ્રી અને સદ્‌ગુરુઓ ન મળ્યા હોત તો આપણને પણ આવું અનાદિનું જ્ઞાન ન સમજાત. આ તો કેવળ કરુણા કરી. તે દરરોજ ગાઈએ છીએ :

"આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી,
મુક્તાનંદ કહે મુક્તિ સુગમ કરી સિદ્ધિ."

તેથી મહારાજની મૂર્તિનું અનુસંધાન રાખી સદાય આનંદમાં રહેવું.

૫૮

આપણને શ્રીજીમહારાજ તથા બાપાશ્રી અને સદ્‌ગુરુઓ મળ્યા, મનાણા, તેમણે આપણને પોતાના કર્યા, તેમાં બધું ય છે. મહારાજની મૂર્તિ સાથે અખંડ આશીર્વાદ છે, અભય વરદાન છે કેમકે પોતે ન્યાલકરણ છે. એ દિવ્યમૂર્તિનો મહિમા અપાર અપાર છે. કોઈથી પાર પમાય તેમ નથી. તેવી અલૌકિક દિવ્યમૂર્તિના પ્રતાપે તમો ને અમો સુખિયા છીએ અને હવે પછીના શરણે આવનારાઓ પણ સુખિયા રહેશે. આપણને જેટલો મૂર્તિનો સંબંધ તેટલો આનંદ રહે. જ્ઞાને કરીને તો મૂર્તિમાં જ છીએ. આપણને બળ એ સમર્થ ધણીનું છે. અત્યારે એ રીતે જ આનંદ ને સુખ છે એમ જાણીને મહારાજની દિવ્યમૂર્તિનો સંબંધ વધુ રહે તેમ ખટકો રાખવો.

૫૯

મહારાજની મૂર્તિમાં નકરું સુખ જ છે. દિવ્ય મનોહર શ્રીજીમહારાજ અક્ષરધામરૂપ તખ્તમાં અખંડ બિરાજે છે. એ મૂર્તિ ભેળા અનંત અનાદિ મુક્ત રસબસભાવે સુખ લીધા જ કરે છે. સિંહાસનને ફરતા ધામરૂપ તેજોમય સ્થાનમાં અનંતકોટિ મુક્ત સન્મુખ જોઈ રહ્યા છે. શ્રીજીમહારાજ દરેકને સન્મુખ ભાસે છે. "સૌને સન્મુખ ભાસે રે, સૌના સામું જોઈ રહ્યા." શ્રીજીમહારાજ સૌને અકળિત છે. સુખ પણ કળાય એવું નથી. જ્યાં તેજ તેજનાં અંબાર છે, સૌના તેજોમય અંગ છે, એ દિવ્યસભા પરમ એકાંતિકની અને દિવ્યસભા અનાદિની, જેનું શબ્દે કરીને વર્ણન થઈ ન શકે.

એવા અનંતકોટિ મુક્તે સેવ્યા થકા શ્રીજીમહારાજ સૌને દિવ્ય-સુખમાં ગુલતાન રાખે છે.

૬૦

આ દેહનો અવધિ પૂરો થતાં શ્રીહરિના આશ્રિત આ દિવ્યધામમાં અને દિવ્યમૂર્તિના સુખમાં પહોંચે છે. આપણા અહોભાગ્ય કે આ લોકમાંથી આપણને મહારાજે કાઢી દિવ્ય સત્સંગ જે પોતાની દિવ્યસભા ને દિવ્યમૂર્તિમાં રાખ્યા. બાપાશ્રીએ આ બધો અનુભવ પ્રત્યક્ષ કરાવ્યો. અક્ષરધામમાં શ્રીજીમહારાજ દિવ્યસભામાં બિરાજી મહામુક્તોને દિવ્યસુખ પમાડે છે તે જ મનુષ્યરૂપે પ્રગટ થઈ આ લોકમાં દૃષ્ટિ-ગોચર થયા હતા. એવી રીતે શ્રીજીમહારાજના સંકલ્પથી બાપાશ્રીએ કચ્છમાં પ્રગટ થઈ અનેકને ન્યાલ કર્યા. કરુણાનો સમુદ્ર રેલાવ્યો, ઘેર ઘેર ફર્યા, અનેકને તાર્યા – ઉદ્ધાર્યા, મૂર્તિના સુખમાં રાખવાના આશીર્વાદ આપ્યા, જાત-કુજાત જોઈ નહિ, કેવળ કરુણા રસ રેલાવ્યો ! એવા બાપાશ્રીના પ્રગટપણામાં આપણો જન્મ થયો એ પણ ધન્ય ભાગ્ય ! ડાહ્યા - ચતુર - શાણા ગણતરી કરતા રહ્યા અને આપણા જેવા સાધારણ પર અઢળક ઢળ્યા, હાથ ઝાલ્યો, પ્રત્યક્ષ ભેટ્યા, માથે હાથ મૂક્યા, કોઈને તેજોમય દેખાયા, કોઈને પરચા પૂર્યા, કોઈને ધામમાં તેડવા શ્રીજીમહારાજ સાથે આવ્યા ને કેટલાકને તેજોમય દર્શન આપી પૂર્ણકામ કર્યા.

૬૧

શ્રીજીમહારાજે આ ભૂમિ પર પધારી સહુને આ લોકમાં અક્ષરધામનો અનુભવ કરાવ્યો, જીવનરૂપ બાપાશ્રીએ અનાદિ મુક્તની સ્થિતિ સમજાવી. એ સ્થિતિ અનેકને પમાડી. સદ્‌ગુરુઓએ વચનામૃતનું દોહન કરી રહસ્ય સિદ્ધાંત સમજાવી સૌને શ્રીહરિનો પરભાવ સમજાવ્યો. આ કૃપાનો લાભ આપણને

પણ મળ્યો. દિવ્યમૂર્તિ બાપાશ્રીના દર્શન - મળવું - સેવા - સમાગમ - પ્રસન્નતા–કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ – એ લાભ સાધનથી મળે નહિ, શ્રીહરિની કૃપા થાય તો જ એવી પ્રાપ્તિ થાય.

૬૨

શ્રીજીમહારાજ તો કૃપાના સમુદ્ર એટલે કૃપાએ પૂરું કરતા હોવાથી લખે છે કે અમારા દર્શન કરશે, અમારો ગુણ લેશે, અમારો વાયરો અડશે તે બધાનું મારે કલ્યાણ કરવું છે. એવાં કૃપામય વચનોથી આપણે કૃતાર્થ થયા છીએ.

"ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી."

દરરોજ બોલીએ છીએ, તે મોટાં મુક્તાના સિદ્ધાંત વચન છે. બહાર-દૃષ્ટિવાળાને બહારના જોગથી આવા દિવ્ય વચનોનું માહાત્મ્ય સમજી શકાતું નથી. તેથી મહારાજ પોતાની સાથે મહામુક્તો લાવ્યા, તેમણે આવા વચનોનો દિવ્યરસ આપણા ચૈતન્યમાં રેડ્યો છે. ભાલના બળદને આખા ઘઉં ખવરાવે છે અને તે આખા ઘઉં પાછા કાઢી નાખે છે તોય તેનો કસ જાતો નથી તેમ મહારાજે અને બાપાશ્રીએ પોતાના આશ્રિતને અમૃતરસ પાયો છે અને હજુ એ કૃપા ચાલે છે તેથી જોગવાળાને દિવ્ય-ભાવે આવું પોષણ થયા કરે છે. આવી કૃપાથી તમો, અમો તથા સર્વે સુખિયા છીએ.

૬૩

લાલાબાબુએ સાત કરોડ રૂપિયા સદાવ્રતમાં વાપરી નાખ્યા તો ય સત્સંગના ઘેર અવાણું નહોતું, પણ તેની ફક્ત અત્તરની શીશી મહારાજ પાસે સંતો લાવ્યા તે મહારાજે અંગીકાર કરી, પોતે તેમાંથી અત્તર સૂંઘ્યું, પછી એ પ્રસાદીનું અત્તર સંતોની નાસિકાએ ચરચ્યું. તેનું મહાફળ થતાં સત્સંગમાં જન્મ આવ્યો. આમ સત્સંગમાં જન્મ આવવો તે દુર્લભ

છે. સત્સંગમાં જન્મ આવે કે તુરત અભયવરના ભાગ્યવાન થાય.

૬૪

મહારાજે સંતો તથા હરિભક્તોના મોક્ષને અર્થે દૃષ્ટાંત દઈ વાત કરી છે કે રાજાએ યુદ્ધમાં જીત મેળવી અને લશ્કરના આગેવાનોને ઈનામ આપવાનું કહ્યું. ત્યારે તે આગેવાનો કહે : અમે જ્યાં જ્યાં જીત કરી તે મહાજનની સહાયથી કરી, કેમકે તેમણે અમને જમવાની તથા જોઈતી સામગ્રી પૂરી પાડી જેથી અમે સારી રીતે લડ્યા. તેથી અમને મદદ કરનારને પહેલાં ઈનામ આપો. તેમ બાઈઓ જે જે કરે છે તે પોતાના પતિની સહાયથી કરે છે. તે બધું મહારાજની નજરમાં છે તેથી બાઈઓને મોજ મળશે તે સાથે જ કે તેથી અધિક મોજ સહાય કરનાર ગૃહસ્થ હરિભક્તોને પણ મળશે. એમ બંને આત્યંતિક મોક્ષના સરખા ભાગિયા છે. બાપાશ્રીએ તો પોતાપણું જ કઢાવી નાખ્યું છે તે એમ કે મહારાજને કર્તા જાણવા.

૬૫

બાપાશ્રી આપણને એટલું જ સમજાવે છે કે સૌને દિવ્ય જાણો, મૂર્તિરૂપ જાણો. બહાર દૃષ્ટિમાં જગત છે ને અંતરદૃષ્ટિમાં ભગવાન છે. અને અનાદિ તો મૂર્તિસ્વરૂપ છે. તેમની દૃષ્ટિ તો મૂર્તિ આકારે જ છે.

સદ્. બ્રહ્માનંદ સ્વામીની પ્રાર્થનામાં છે કે

'મારું સર્વે આવ્યું છે મજરે
દેખો છો અમૃતની નજરે'

આવી અમૃત નજર મહારાજ તથા બાપાશ્રીની આપણા પર થઈ છે આથી અધિક કાંઈ જાણવા-પામવાનું નથી.

૬૬

મોટા ધામોમાં સમૈયા વખતે મહારાજ જાણે પ્રત્યક્ષ

દર્શન દેતા હોય તેવું લાગે છે. સમૈયામાં હેતવાળા મુક્તોના સહેજે દર્શન થાય તે માટે શ્રીજીમહારાજે આવી ગોઠવણ કરી છે.

આપણે મોટાના અભિપ્રાય જોઈએ છીએ તથા તેમના લખાણ વિચારીએ છીએ ત્યારે સૌનો એક જ અભિપ્રાય થાય છે કે મૂર્તિ રાખો, મૂર્તિનો દિવ્યભાવ સમજો. અક્ષર-ધામની મૂર્તિ ને પ્રતિમા બેયનો સરખો મહિમા સંતો તથા બાપાશ્રી સમજાવે છે. દિવ્ય સમૂહમાં એ લાભ સહેજે લેવાય.

૬૭

અમો વડતાલ આવ્યા તેથી લાભ ઘણો મળ્યો. સમૂહ બહુ મોટો ભરાયો હતો. બંને આચાર્યો પધારતાં સૌને લાભ મળ્યો. મંદિરની અદ્‌ભુત શોભા, સંત હરિભક્તોનો સમૂહ અને શ્રી લક્ષ્મીનારાયણ દેવ અને શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નતા સૌ પર વધુ જણાતી હતી. અભિષેક વગેરેનાં દર્શનને લીધે વધુ લાભ થયો. રજત મહોત્સવમાં બંને આચાર્યોએ ભાગ લીધો હોવાથી શ્રીહરિની પ્રસન્નતા બહુ થઈ. મુંબઈ, સુરત, વડોદરા વગેરે તથા બીજા ગામડાના હરિભક્તો તરફથી આચાર્ય મહારાજને ભેટો અર્પણ થઈ તે ધર્મધુરંધર આચાર્ય મહારાજે શ્રી લક્ષ્મીનારાયણ દેવને અર્પણ કરી હતી. શ્રીહરિને પ્રસન્ન કરવાના આશયથી મોટેરા હરિભક્તોના વ્યાખ્યાનો થયા હતા. ટૂંકમાં આ સમૈયો આનંદ-સ્મૃતિ રહે તેવો હતો. શ્રીજીમહારાજે ઉત્સવ-સમૈયા સ્મૃતિ રહેવા સારુ કર્યા છે. સિદ્ધ મુક્તને તો કારણ મૂર્તિમાં બધું છે, એટલે એમને તો કાંઈ વિશેષ નથી તો પણ આ દિવ્ય સભાના દર્શનથી, તેમને દિવ્ય જાણવાથી મહારાજ રાજી થાય. આપણને બાપાશ્રીએ અનાદિની સ્થિતિ સમજાવી તેમાં તો મહારાજ ભેળા અનંત મુક્તો છે, બધાં મૂર્તિ આકારે છે. આપણે એવું મનન કરવાનું છે, એમાં જ્ઞાન, ધ્યાન, સ્થિતિ, પ્રાપ્તિ

બધું સાથે છે. આવા અનુસંધાન માટે એવા મોટા મુક્તાના જોગની જરૂર છે. એ જોગ મૂર્તિ સાથે છે. બાપાશ્રી કહે છે કે વાચ્યાર્થમાં પડચું રહેવું નહિ, લક્ષ્યાર્થ કરવો. શ્રીજીમહારાજની પ્રાપ્તિથી અધિક કાંઈ નથી. એ મૂર્તિનું દિવ્યસભાએ સહિત ચિંતવન, અનુસંધાન રહે તેવો ખટકો રાખવો.

૬૮

કોઈ આપણને નુકસાન કરી ગયો તે પણ સંભારશે કે મારી ભૂલ થઈ ગઇ પણ આ લોકો બધા સારા હતા, સ્વામિનારાયણ ભગવાનના કૃપાપાત્ર હતા, એટલો કોઈવાર પસ્તાવો કરશે તો તેનું પણ મહારાજ સારું કરશે, પણ ભાગ્ય હોય તો જ એ વાત બને છે, આપણે તો તેના પણ સારા સંકલ્પ કરવા. બાપાશ્રીની વાતોમાં જીવને નાદાન કહેલ છે. તે નાદાન તો એવા જ હોય. આપણા સંતોએ કેટલાય અજ્ઞાનીના દોષ જોયા નથી તેમ આપણે એવાનાં પણ સારા સંકલ્પ કરવા. મહારાજની રીત એવી છે.

"જન અવગુન પ્રભુ માનત નાંહીં,
દીનબંધુ અતિ મૃદુલ સ્વભાવ."

એ સનાતન રીત છે, જીવના વાંક ગુહ્ના જુવે તો કોના કલ્યાણ થાય ! તે માટે બહુ જ ઉદારતા મહારાજે વાપરી, સૌના ખોટનાં ખાતાં વાળી નાખ્યાં; "અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો." એમ ભક્ત ઉપર કૃપાનો સમુદ્ર રેલાવ્યો છે. આ લોકમાં તો અનેક પ્રકારના જીવો દેખાય છે છતાં મહારાજ તથા મોટાના સંકલ્પ તો જીવોને ઉદ્ધારવાના જ છે. આપણને આવા કૃપાના સાગર શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ મળ્યા, તેમનું પ્રત્યક્ષ દર્શન, દિવ્યસભાના દર્શન તે ન બનવાનું બની ગયું છે. દેહ છતાં એ પ્રાપ્તિ થઈ. જેને દેહ પડચા પછી મળાય, તે છતે દેહે મળ્યા, અઢળક ઢળ્યા, એમની અમૃત નજરે આપણે સુખિયા છીએ.

૬૯

અનાદિ મુક્ત મહારાજની મૂર્તિમાં ઓતપ્રોત, તદ્રૂપ, તલ્લીન, રસબસ છે, એમાં સંપૂર્ણ સિદ્ધાંત આવે છે. અનંત અનાદિ મુક્તના સ્વામી શ્રીજીમહારાજ. અનંત મુક્ત રસબસભાવે એ મૂર્તિમાં સુખ લીધા જ કરે છે. સહજાનંદ સ્વામી તો અજોડ. એમની સરખામણીમાં એ એક જ. બીજી રાણીઓ ને આ રાજા. અનેક ઉપમાઓથી સેવકો ગુરુનો મહિમા સમજાવે છે તે ભલે હોય પણ આ વાત સંપૂર્ણ છે.

૭૦

આપણે ભેળા થયા છીએ મહારાજને રાજી કરવા. એ કામમાં ખટકો સૌએ રાખવો. આપણે બાપાશ્રીના વચન પ્રમાણે એક ગોત્ર છીએ. મૂર્તિમાં તો ભેગા છીએ જ.

૭૧

આપણો હાથ શ્રીહરિએ ઝાલ્યો અને મૂર્તિમાં રાખ્યા છે એ દૃઢતા ખરી છે. પરમકૃપાળુ બાપાશ્રી કહે છે કે અમે તો સૌને મૂર્તિમાં રાખવા આવ્યા છીએ, અમારે એ એક જ કામ છે કે મૂર્તિ આપવી. તેથી કહે છે કે કોઈ મૂર્તિ લ્યો ! કોઈ મૂર્તિ લ્યો ! અમારે ઘેર એ એક વેપાર છે. આવા કૃપાના સમુદ્ર બાપાશ્રીના વચનની દૃઢતા રાખી, પ્રસન્નતાના સાધન, ધ્યાન, વગેરે કર્યા કરવું, મોટાના બોલ ફરે નહીં. સત્યયુગમાં પણ માણસો ધારતા તેમ થતું ત્યારે આ તો મહારાજના સંકલ્પથી પ્રગટ થયેલા તે એમના વચન પ્રમાણે જ થાય. આપણને સત્સંગમાં સત્સંગ મળ્યો છે તે શ્રીજીમહારાજની મૂર્તિ મળી છે, એને દિવ્ય ચિંતામણિ કહેવાય. પ્રથમના પહેલા વચનામૃતમાં આ વાત મહારાજે પોતે જ કરી છે. સર્વકારણના કારણ સર્વાધાર, સર્વના સ્વામી, સર્વ દિવ્યના દિવ્ય, અવતારના અવતારી, અનંત મુક્તના સ્વામી એવા જે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા તેથી અધિક

(જાણવા–પામવાનું) કાંઈ નથી. અત્યારે પ્રતિમાભાવ એમની મરજીથી દેખાય છે, જેમ પ્રથમ મનુષ્યભાવ જણાતો તેમ. મૂર્તિનો અખંડ સંબંધ રાખ્યા કરવો. આપણા પર એમની અમૃત નજર છે, એમના મહામુક્તની કૃપા છે. આપણો એવે સ્થળે જન્મ થયો કે બધું સહેજે બની ગયું. હવે તો એમની મરજી પ્રમાણે સદાય આનંદમાં રહેવું. આજ્ઞા-ઉપાસના બેમાં સાવધાની રાખવી. પ્રાપ્તિમાં પૂર્ણ માનવું ને શ્રીજીમહારાજની પ્રસન્નતાને અર્થે જે કાંઈ બની આવે તે કરવું. મહારાજ કહે છે કે "અનંત જન્મના સુકૃત ઉદય થવાના હોય, જેનો આ જન્મે જ આત્યંતિક મોક્ષ થવાનો હોય, તેને આ અમારી મૂર્તિની પ્રાપ્તિ થાય છે." તે તો આપણા ભાગ્યમાં લખાઈ ગયા છે. આપણે મહારાજના ને મહારાજ આપણા, જેથી સદાય આનંદ રાખવો.

૭૨

આપણે શ્રીજીમહારાજના છીએ અને એ આપણા છે. તેથી જેમ માબાપને છોકરાંઓ વહાલા હોય તેમ મહારાજને આપણે વહાલા રહેવું. આપણું જીવન એ છે. "ગિરધારી રે ગિરધારી, મારે નિર્ભે અખૂટ નાણું ગિરધારી." એ આપણું જીવનધન છે, આત્યંતિક મોક્ષ એ મૂર્તિથી જ છે. એ જેમ કરશે તેમ ઠીક જ કરશે. અનંતકોટી બ્રહ્માંડની એમને ફિકર છે તો આપણા પર તો અમૃત નજર હોય જ.

૭૩

આપણા બધા ઉપર શ્રીજીમહારાજ, મહામુક્તો, બાપાશ્રી આદિ દિવ્ય સ્વરૂપોનો રાજીપો થતાં આપણે પૂર્ણકામ થયા છીએ. ઓછી-વધુ ભક્તિ થાય, વ્યાવહારિક ક્રિયાઓમાં કોઈ વાર ભૂલાય છતાં જે નિશ્ચય થયો છે કે મહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખેલ છે તે અનુસંધાન ભૂલવું નહીં. વચનામૃતમાં મહારાજ કહે છે કે "ભગવાનના સ્વરૂપનું જ્ઞાન

જેને થયું હોય અને તે જ્ઞાન-ભક્તિના સુખનો પોતાના જીવમાં અનુભવ એક વાર યથાર્થ થયો હોય તો તેની વિસ્મૃતિ કયારેય થાય નહીં.'' વળી, મહારાજ કહે છે કે જેમ ચમત્કારી મંત્ર હોય કે ચમત્કારી ઔષધી હોય તેમાં સહેજે ચમત્કાર હોય છે. તે તો દૃષ્ટાંત, ને સિદ્ધાંતમાં સર્વકારણ મહારાજની મૂર્તિ મળી તેથી અધિક જાણવા-પામવાનું કાંઈ રહેતું નથી. એ મૂર્તિ મળી, એ મૂર્તિનો મહિમા સમજાણો, એમના અનાદિ મહામુક્તો ઓળખાણા, એમનો આપણા પર રાજીપો થયો, એમણે કેટલીય વાર આશીર્વાદ આપ્યા, પોતાના કર્યા, એ વિચારતાં તો સદાય આનંદ આનંદ વર્તે, સદાય કૃતાર્થપણું મનાય. આ રીતે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો મહિમા વિચારી આઠે પહોર મૂર્તિનો આનંદ રાખવો. બધાય એમને લઈને છે. બાપાશ્રી કહે છે કે ''મૂર્તિ મુખ્ય રાખવી. મૂર્તિ ભૂલવી નહીં. આપણે એક છોગલાવાળા સ્વામિનારાયણ રાખવા, એ રહે તો હયો.''

૭૪

મહારાજ કહે : અમે કાંકરીએ ચોરાસી કરી ને શ્રી નરનારાયણ દેવની શ્રીનગરમાં પ્રતિષ્ઠા કરી તેમાં લાખો માણસોનો મેળો થયેલો. તે પ્રવૃત્તિ વિસારી દેવા ગણેશ ધોળકાની રાણયમાં ગયા ને અંતઃવૃત્તિ રાખવા માંડી, પછી એમ થયું કે અમે તો કાંઈ કર્યું જ નથી. અમે દિવ્ય મૂર્તિ-અનંત અનાદિ મુકતે સહિત સદાય અક્ષરધામમાં જ છીએ. માટે પ્રવૃત્તિ વિસારવા અંતઃવૃત્તિએ મહારાજ સભાસહિત જોવા. પરમકૃપાળુ બાપાશ્રી કહે છે કે : 'એક છોગલાવાળા સ્વામિનારાયણ રહે તો હયો.' મૂર્તિ એ મુદ્દો છે, તે મુદ્દો રાખવો. મૂર્તિ વિના રોગી વાની છે. મૂર્તિ પરમ ચિંતામણિ, કલ્પતરુ અને મહામોંઘી વસ્તુ છે. તે મૂર્તિ અનેક બ્રહ્માંડમાં કોઈને ન મળે તે આપણને ''સહેજે મળ્યા સહજાનંદ, પુરુષોત્તમ પ્રગટી રે'', એવું સુગમ

થયું છે. શ્રીહરિ અનેક પ્રકારે નિજાશ્રિતને સુખિયા રાખે છે. આ લોકનું સરખું હોય તો આપણને સાનુકૂળ થાય, જેથી મહારાજ ઠીક થાય તેમ રાખે છે. અ. મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા શ્રીજીમહારાજના સંકલ્પથી જીવોને દૃષ્ટિગોચર થયેલા. એ મહાઅનાદિ સ્વરૂપોએ જીવોને દૃષ્ટિમાત્રે સુખિયા કર્યા. શ્રીજીમહારાજનું સર્વોપરી જ્ઞાન પ્રવર્તાવ્યું. પરમ કૃપાળુ બાપાશ્રીએ પણ સૌને મૂર્તિરૂપી અભય-દાન આપ્યું. મહારાજ અને મહારાજના મુક્ત એ બંને દિવ્યરૂપો સૌના આત્યંતિક મોક્ષ કરવા આ બ્રહ્માંડમાં પધાર્યા. એમના દિવ્ય ચરિત્રોનાં ગ્રંથો લખાયા છે. તેમના વૃત્તાંતો બહુ જ ચમત્કારી, કોઈ તેમની સરખામણી કરી ન શકે. જેમ સહજાનંદજી સૂર્ય એક જ, તેમ અનાદિ મહામુક્તોની સભાની જોડમાં કોઈ ધામની સભા આવી ન શકે. સૂર્યની પેઠે ચંદ્ર પણ આકાશમાં સર્વોત્તમ, તેની તુલ્ય બીજા તારાથી ન થવાય, એવા અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ અને એમના લાડીલા મુક્તોની આપણને પ્રાપ્તિ થઈ. એમણે આપણને પોતાના કર્યા, તેથી વધુ શું છે? કાંઈ નથી. આપણા કુટુંબમાં સૌને આ શ્રીહરિની એક સરખી ઓળખાણ છે. બધાને એમ જ કે વહેલા મહારાજનું દિવ્ય સુખ કેમ આવે! નાના–મોટા પર મહારાજ તથા મોટા મુક્ત રાજી થયા છે તેમનું આ ફળ છે. બાપાશ્રી કહે છે કે આપણે ધુણી–પાણી ભેળા કર્યા હશે. અનંત જન્મના સુકૃત ઉદય થયા હોય તેને આ પ્રાપ્તિ થાય છે. ક્યાં મહારાજ! ક્યાં જીવ! એ ન બનવાનું બની ગયું. જીવમાંથી શિવ એટલે મુક્ત કર્યા. મૂર્તિમાં રાખી અખંડ સોહાગી કર્યા. હવે તો એવું જ મનન કરવું કે "શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, હું અનાદિમુક્ત છું." બાપાશ્રીનો આ રહસ્ય અભિપ્રાય છે. શ્રીજીમહારાજના સંકલ્પથી બાપાશ્રીનું પ્રગટપણું થયું. તેમાં ચોરાશી વર્ષ સુધી નરનાટકમાં અનેક

ચરિત્રો બતાવ્યા. સત્સંગમાં ગામે ગામ ફરી અનેકને શ્રીહરિનો સંદેશો પહોંચાડ્યો. આઠ તો મોટા યજ્ઞો કર્યા, જેમાં હજારો સંત હરિભક્તો આવતા, સૌના આત્યંતિક મોક્ષનો જ સંકલ્પ કે આ યજ્ઞમાં જે કોઈ જમશે તેમનો આત્યંતિક મોક્ષ થશે. આવા મહાન કાર્યથી અનેક જીવોને શ્રીજીમહારાજના દિવ્ય સુખમાં પહોંચાડ્યા. આ બધાં કાર્ય થતાં જાય તે સાથે મૂર્તિના દિવ્ય સુખની, મૂર્તિમાં રહેલા અનાદિ મુક્તની વાતો પણ થતી જાય, જેથી સમાગમ કરનારા સંત–હરિભક્ત તથા બાઈઓમાં ઘણાં જાણી ગયા કે બાપાશ્રીનું પ્રગટપણું અનાદિમુક્તની સ્થિતિ સમજાવવા, એ સ્થિતિ પમાડવા અર્થે છે. જે જાણી ગયા તે માણી ગયાં. જેમ મહારાજ દિવ્ય તેમ તેમના મહામુક્તો પણ દિવ્ય છે, સનાતન અને તેજોમય છે, સત્ય સંકલ્પ છે. આવી વાતોનું જાણપણું એમના રાજીપાથી જ થાય છે. દિન-પ્રતિદિન શ્રીહરિના ઐશ્વર્ય-ચમત્કાર-પરચા-પ્રતાપ વધુ ને વધુ સમજાતા જાય છે. અ. મુ. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમે મૂર્તિ ભૂલીએ તો તાળવું ફાટી જાય. એવા અખંડ સ્થિતિવાળા સદ્‌ગુરુએ જીવોને ન્યાલ કરવા, અભય કરવા પોતાના કલ્યાણકારી ચરિત્રો કરવા ઉપરાંત મહારાજના સર્વોપરી-પણાની અનંત વાતો કરી. એવી જ રીતે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા બીજા અનેક મુક્તોએ એ એક જ કાર્ય કર્યું છે. પોતે તો મૂર્તિના સુખે સુખિયા હતા છતાં મહારાજના સંકલ્પથી અનેકને ચરિત્ર-પ્રતાપ ને સર્વોપરીપણાની, આજ્ઞા–ઉપાસનાની વાતોથી પૂર્ણકામ કર્યા. કૃપામાં આવનારને મનાવી દીધું કે જેને દેહ મૂક્યા પછી પામવા હતા તે તો દેહ છતાં મળ્યા. આ કાર્ય બીજાથી બને નહીં. એટલા માટે મહારાજ અને મહારાજના મળેલા—બે જ મોક્ષના દાતા ગણાયા છે.

'શોભે અખંડ એવાતન જોડ,
માથે બત્રીસ ભમરીનો મોડ.'

બત્રીસ ભમરી એટલે કલ્યાણકારી સંતના બત્રીસ લક્ષણ. શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિના પ્રતાપે આપણે પણ ન્યાલ છીએ :

'જાઉં ધર્મકુંવરને વારણે રે લોલ,
ભવ બૂડતાં ઝાલી મારી બાંય.'

એવું આપણને થયું છે. બાપાશ્રી કહે છે કે, "તમને સ્વામિનારાયણ ઢુકડા થયા છે, તમને ન્યાલકરણ મળ્યા છે, તમારા ખોટના ખાતાં વાળી નાખ્યા છે, તમને પ્રત્યક્ષ વાદળી છૂટી પડી છે, તમારે જીતનો ડંકો વાગી ગયો છે, તમારા કાળ, કર્મ ને માયા નાશ કરી નાખ્યા છે, તમને મૂર્તિમાં રાખ્યા છે, અક્ષરધામના ધામી શ્રી પુરુષોત્તમ નારાયણનો ચાંદલો આવ્યો એ કેવડી વાત! આજ એ મહાપ્રભુ અઢળક ઢળ્યા છે," આવા અનેક કૃપાના વચનોથી બે ભાગ લખાણા એટલી વાતો છપાણી તો પણ જેને ગાયનો વાઘ થઈ ગયો છે તે લાભ લઈ શકતા નથી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ વાત દૃષ્ટાંત આપી સમજાવી છે કે બ્રાહ્મણને કોઈએ ગાય આપેલી તે ત્રણ-ચાર માણસે વાઘ છે, વાઘ છે કીધું તેથી ગાય મૂકી દીધી. પણ બુદ્ધિ નહીં, નહિ તો વિચાર કરે કે શિંગડાં-પૂંછડું ને આંચળ વાઘને ન હોય! પણ જેના પર મહારાજ અને મોટા મુક્ત રાજી થયા હોય તેમને જ આવી દિવ્ય પ્રાપ્તિ મળે છે. આપણે અનેક જન્મ ધર્યા પણ ટાણું આવી ગયું. શ્રીજીમહારાજ અને સદ્‌ગુરુઓના સમયમાં હોઈશું, પણ પોતાપણું કાંઈક રાખ્યું હશે, તો પણ કૃપામાં આવેલા બીજીવાર આવે તોય બળિયા હોય કેમકે શ્રીજીમહારાજનું વચન છે કે આ જ્ઞાન વૃત્રાસુરની પેઠે જાય નહીં. એવું આ જ્ઞાનનું માહાત્મ્ય છે. નારદ, સનકાદિક ને બ્રહ્માદિકની સભામાં નિરંતર આ જ વાત થાય છે, તે અનેક ઘાતની યુક્તિ લાવીને પ્રગટ ભગવાન ને પ્રગટ સંતને જ

કલ્યાણના દાતા બતાવે છે. અનેક આજ્ઞાઓ પળાવીને, શુદ્ધ ઉપાસના સમજાવીને, મોટા અનાદિનો જોગ-સમાગમ કરાવી ને મહારાજના દિવ્ય સુખની પ્રાપ્તિ કરાવવી છે. આવો લાભ આપણને મળ્યો એટલે કૃતાર્થ થયા :

"ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જગ્ય જો."

તે લાભ આપણને મળ્યો. એ આનંદમાં રહેવું. બહારવૃત્તિમાં પ્રદેશ ગમે તેવો ભલે હોય, પણ અંત:વૃત્તિએ તો ચિદ્‌ઘન તેજનો રાશિ જે પુરુષોત્તમનું ધામ જ્યાં તેજ તેજનાં અંબાર છે, તે મધ્યે દિવ્ય સાકાર સનાતન મૂર્તિ બિરાજે છે, તે મૂર્તિ ભેળા અનંત અનાદિ મુક્તો છે, તે જ રીતે અનંત પરમ એકાંતિકની સભા છે. સદાય સાકાર દિવ્ય તેજોમય એ મહાપ્રભુએ આપણા ચૈતન્યને દિવ્ય સાકાર કરી મૂર્તિમાં રાખેલ છે એ દઢતા કાયમ રાખવી. ચાલોચાલ અને કાર્ય-સત્સંગથી આવું મનાતું નથી. આ પ્રાપ્તિ તો કેવળ કૃપાની છે. બાપાશ્રી કહે છે કે "આપણને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે. આપણે એક મૂર્તિને બાઝવું, મૂર્તિ ભૂલીને હલર-વલર ન કરવું, મૂર્તિમાં બધું ય છે, મૂર્તિ ન્યાલકરણ છે. આ વાતનો આલોચ રાખવો. મહારાજ સાથે હોય એટલે બધે ય સુખ. દિન-પ્રતિદિન સત્સંગનું બળ વૃદ્ધિ પમાડવું." સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજની પ્રાર્થના કરી છે કે :

"કયાં અમે ને કયાં આપ, જીવન જાણું છું;
કીડી કુંજરનો મેળાપ, જીવન જાણું છું.
તમે મેર્યા મુજ પર કીધી, જીવન જાણું છું;
મારી બૂડતા બાંય ગ્રહી લીધી, જીવન જાણું છું.
તમે બિરદ પાળ્યું પોતાનું, જીવન જાણું છું;
શીદ શંકા મનમાં આણું, જીવન જાણું છું.

મારે અચળ તમારો આશરો, જીવન જાણું છું;
દોયલા દિનમાં ખરખરો, જીવન જાણું છું.

મારી મરણ ટાણાની મૂડી, જીવન જાણું છું;
વળી ભવસાગરની હૂંડી, જીવન જાણું છું.''

આવા અનેક વચનો 'હરિ સ્મૃતિ' રૂપ ચિંતામણિમાં છે. મોટા મુક્તોએ જે જે વચનો આવા કહ્યા છે તે આપણને મહિમા સમજાવવા કહ્યા છે. શ્રીજીમહારાજની દિવ્ય સભામાં બેસારી અખંડ સુખ પમાડવા એમના બધાં કાર્ય છે. નાના બાળકમાંથી મોટા કરવા જેમ જીવને જનેતા જેવું કોઈ નથી, તેમ આત્યંતિક મોક્ષ કરવાના અનેક પ્રકાર સમજાવવામાં અનાદિ મહામુક્ત જેવું કોઈ નથી. એમની કૃપાથી મહારાજની પ્રસન્નતા તુરત થાય છે કેમકે એમણે શ્રીહરિને વશ કરી લીધા છે. વચનામૃતરૂપી દિવ્ય ગ્રંથમાં મહારાજ અને મહારાજના મુક્ત બંને કલ્યાણકારી છે, એવું દરેક પ્રશ્નઉત્તરના વિવેચનમાં સમજાવેલું છે. આવા મોક્ષના દાતા મહાપ્રભુ અને તેમની દિવ્ય સભા ભેળા સદાય રહેવું. એમનો અખંડ દિવ્ય ભાવ રાખવો. શ્રીજીમહારાજ અખંડ, સનાતન ને દિવ્યં છે, તેમ જ ધામની સભા પણ દિવ્ય છે. શ્રીહરિએ દિવ્યભાવની જેતલપુરમાં વાત કરી કે :

''આ સભામાં આપણા સૌનાં તેજોમય તન છે,
છટા છૂટે છે તેજની જાણે પ્રગટ્યા કોટિક ઈંદુ છે.

એટલું જો સમજશો તો કરવું તમારે કાંઈ નથી,
મળ્યા છે જે તમને તે પાર છે અક્ષરથી.''

વળી, પોતે જ સમજાવે છે કે ''આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ નથી, તમે સર્વે ત્યાં જ બેઠા છો, એમ હું દેખું છું.'' આવા વચનનું મનન, નિદિધ્યાસ કરતાં એ શ્રીહરિના વચન યથાર્થ જણાય. મહારાજની દયા અપાર છે, એમની કૃપાથી

જ આત્યંતિક મોક્ષ થાય છે, એ અનુસંધાન રાખવાથી સદાય આનંદ આનંદ વર્તે.

૭ખ

અવરભાવમાં વ્યવહારકાર્ય ગમે તે કરીએ પણ પરભાવ સામી નજર રાખવી. અક્ષરધામમાં જે મહારાજ દિવ્ય તેજોમય છે, તે જ મહાપ્રભુ તેજ-ઐશ્વર્ય બંધ કરી મૂર્તિરૂપે દર્શન દે છે. જેવા ધામની સભા દિવ્ય છે, તેવા જ સત્સંગમાં સંત હરિભક્ત દિવ્ય છે, એમ જાણી આપણું મોક્ષરૂપ કાર્ય સિદ્ધ કરી લેવું. મહારાજ અને મહારાજનું અક્ષરધામ તથા દિવ્ય સભા સદાય છે, છે ને છે જ. સર્વાધાર હોય તે સર્વત્ર હોય. આવો પરભાવ દઢ કરવો. મહારાજના વચનામૃત, સદ્ગુરુઓની વાતો તથા બાપાશ્રીનાં વાતોનું મનન કરવું. કલ્યાણને અર્થે અનેક ગ્રંથો મોટાએ રચ્યા છે. તે ચરિત્રસાગરમાંથી જેટલું ચાંચમાં બળ હોય તેટલું લેવું, પીવાય તેટલું અમૃત પીવું, ઉડાય એટલું ઉડવું. સર્વ દિવ્ય ચરિત્રો – ઉપદેશ વચન બધાં આપણા અર્થે છે. તેમાં જે પ્રકરણ આપણા અંગમાં મળતું આવે તે લેવું અને બીજું બીજા ભક્તોને અર્થે છે એવો નિર્ણય મહારાજે સમજાવ્યો છે. આપણા ઉપર તો શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે જેથી મળ્યા ને મનાણા. આવો વિચાર કરતાં એ મૂર્તિ મુખ્ય રાખવી. શ્રીજીમહારાજની સરખામણીમાં કોઈ નથી. અજોડ અદ્વિતીય મહાપ્રભુ આપણને મળ્યા છે. અવતાર અનંત, મુક્ત અનંત, ઐશ્વર્યાર્થી અનંત પણ મહારાજ તો એક જ :

"જોવા રાખી નહીં જોડ, પુરુષોત્તમ પ્રગટી રે."

એવી પ્રાપ્તિ આપણને છે. મહારાજે કૃપા કરી સૌને પોતાની દિવ્ય મૂર્તિના સુખ ભોક્તા કર્યા છે, એ સત્ય છે અને સત્ય રહેશે.

૭૬

ભાગ રાખ્યાનું તો મહારાજે પોતે જ લખ્યું છે કે "અમારા અંગમાં તમારો ભાગ છે," તેથી જ આપણા અહોભાગ્ય છે. જેને શ્રીજીમહારાજ મળ્યા, મહા અનાદિ મુક્તોની કૃપાનો લાભ મળ્યો તેને તેથી અધિક કાંઈ મળવાનું રહેતું નથી. જીવને આ લોકના ફેર ચડી જાય છે ત્યારે આવી પ્રતિષ્ઠાનો આનંદ મળતો નથી.

૭૭

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના વચન છે કે "આ તો અનંત ભગવાનના ભગવાન છે. જીભ ઝાલી રાખીએ છીએ; જેમ છે તેમ કહીએ તો અધી સભા તો ઊઠી જાય એવું સૌને ભારે પડે તેમ છે!" આપણને તો આવા ઘણા મહિમાના વચનો પડ્યા એટલે હવે ખમાય છે. આપણા ભાગ્યનો પાર ન કહેવાય, કેમકે દેહ મૂક્યા પછીની પ્રાપ્તિનો નિર્ણય દેહ છતા કરીએ છીએ. અને મનાયું પણ એવું છે કે દેહ મૂકીને જેને પામવું હતું તે છતી દેહે મળ્યા છે.

૭૮

'ભક્તચિંતામણિ'માં એક વાક્ય એવુ છે કે "ભણેલા ભૂલ્યા ભગવાનને, અભણે ઓળખ્યા અવિનાશ." એ વચન પ્રમાણે કાશી વગેરેના પંડિતોને મહારાજ ઓળખવા દુર્લભ થયા, અને માનકુવાના નાથા સુથાર જેવા ગાંડાએ ઘોડી પાવા તળાવમાં જતાં બુડાણો જાણી મહારાજે ઘોડીને લાંબો હાથ કરી ઘોડી સહિત તેને બહાર કાઢતા જોઈ, એણે રાશ ઉગામી કહ્યું, "હું ભગવાન છું એમ કહો નહિ તો મારું છું", ત્યારે મહારાજે હા પાડી કે મારીશ નહીં, હું ભગવાન છું. [આ તળાવ રામપુર (કચ્છ) નજીક છે.] આ રીતે સહેજમાં તેણે ભગવાનને ઓળખી લીધા. આમ ભગવાન દુર્લભ – સુલભ છે.

૭૯

અહીં ને ત્યાં મૂર્તિ એક જ છે. મુક્તો બધા સાથે છે. આપણે એ દષ્ટિ રાખીએ તો મહારાજનો અભિપ્રાય સમજવામાં સુગમતા થાય. મહારાજ કહે છે કે તમે અમારી મૂર્તિ તેજમાં ધારો, તેજ એ અક્ષરધામ છે, તે રૂપ તમારા આત્માને માનો એટલે કોઈ વાતની તાણ ન રહે, પછી ભલે મુંબઈ હો કે ધનબાદ હો. શ્રીહરિ ગઢપુરમાં રહ્યા થકા સમજાવે છે કે, "મારી મૂર્તિના દર્શન કરો છો એટલે તમે ધામમાં જ છો, આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ દેખાતું નથી, તમો પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું." એ રીતે આપણે મૂર્તિનો સંબંધ રાખવાનો છે. અ.મુ. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, "શ્રીજીમહારાજ જેને મળ્યા તેને એક પગલું અહીં છે ને એક પગલું અક્ષરધામમાં છે." અ.મુ. બાપાશ્રી કહે છે કે, "આંખ્યું વીંચીને બેઠા ને મૂર્તિમાં પેઠા." અ. મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કહે છે કે, "મને તો મહારાજ વિના કાંઈ દેખાતું નથી, પણ તમે સમજી શકતા નથી એટલે શંકા કરો છો કે તમે અમારા સાથે વાતો કરો છો તો દેખતા તો હશો જ ને! આ રીતે બહાર દષ્ટિથી મહારાજ તથા મોટાનો રહસ્ય સમજાતો નથી, પણ સો વર્ષ હજાર વર્ષે કે લાખ વર્ષે સમજે છૂટકો છે. આવા મહારાજના વચન છે. આપણે મહારાજ ભેળા છીએ એ સમજણ કરવી તો સદાય આનંદ વર્તે.

૮૦

અ. મુ. ભૂરાભાઈ બાપાશ્રી પાસે વૃષપુર જતા ત્યારે વધુ એકાંત પ્રસંગે બાપાશ્રીને રાજી કરતા: મને કયારેક રહસ્ય વાત કહેતા કે "બાપાશ્રી કલાકો સુધી મૌન દર્શન દેતા હોય તો પણ મને સંકલ્પેય ન થાય કે બાપાશ્રી કાંઈક વાત કરે તો ઠીક" ભૂજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજી સ્વામીને શ્રીહરિકૃષ્ણ

મહારાજે ભૂજના મંદિરમાં મૂર્તિ રૂપે દર્શન દઈ કહેલું કે અત્યારે અમે અનાદિમુક્ત દ્વારે વૃષપુરમાં સૌને સુખ આપીએ છીએ. તે વાત મને બ્રહ્મચારીએ કહી હતી, તે પછી મને એમ થયું કે હરિકૃષ્ણ મહારાજ બાપાશ્રી દ્વારા સુખ કેવી રીતે આપતા હશે? જ્યાં એવો સંકલ્પ થયો ત્યાં બાપાશ્રીએ કહ્યું કે 'ભૂરાભાઈ, મહારાજ આજ સત્સંગમાં અનાદિ મુક્ત દ્વારે સૌના મનોરથ પૂરા કરે છે. તમો કેટલા રૂપિયા ખરચી અહિંયા આવ્યા?' ત્યારે ભૂરાભાઈએ કહ્યું કે 'બાપા, પચ્ચીસેક રૂપિયા થાય.' ત્યારે બાપાશ્રી કહે : 'આટલા રૂપિયામાં અક્ષરધામમાં દર્શન કરવા જવાય? અત્યારે અનાદિ મુક્ત દ્વારે શ્રીજીમહારાજ સૌને સુગમ થયા છે. અમે તો સૌને મહારાજની મૂર્તિ આપીએ છીએ. અનાદિ મુક્તને તો શ્રીજીમહારાજ એક જ છે. બીજી વસ્તુ તેમને મતે નથી. પછી કહ્યું કે 'અમે વાતો નથી કરતા તેથી તમે મૂંઝાતા તો નથી ને?' ત્યારે ભૂરાભાઈ કહે : 'બાપા અમારે વાતોનું કામ નથી, અમારે તો મૂર્તિનું કામ છે.' ત્યારે કહે : 'અંત:દૃષ્ટિએ વર્તશો તો મૂર્તિ જરાય છેટી નથી." એ પ્રસન્નતા જણાવ્યા પછી તેમને સદાય પ્રત્યક્ષ ભાવ વર્તતો. તેમની ક્રિયામાં જ્યારે જોઈએ ત્યારે મૂર્તિ જ પ્રધાન જણાતી. બીજી વાત કોઈ કરે તો ગમે નહિ. પોતે બાપાશ્રીના આશીર્વાદની છ વાતો વધુ વંચાવતા. એમની ઇચ્છાથી તે વાતોની નાની ચોપડી છપાવેલી. તે વાતો પ્રથમ ભાગની વાતોમાંથી ૬, ૯૧ અને ૧૬૭ તથા બીજા ભાગની વાતોમાં ૩૩, ૬૬ અને ૬૭ છે. તે વાંચી મનન કરવાથી 'આમાં કેવળ આશીર્વાદ આપ્યા છે' એમ સમજાય. આ પ્રમાણે મોટાની રુચિ જણાય છે.

૮૧

સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીની થોડી વાતો છપાયેલી છે અને તે મૂર્તિના સારરૂપ મનન કરવા યોગ્ય છે. સદ્‌ગુરુ

ઈશ્વરચરણદાસજી સ્વામીએ 'વચનામૃત'નું રહસ્ય બાપાશ્રી પાસે જાણી સત્સંગને એ લાભ આપ્યો, જેથી આપણે 'વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ગ્રંથ' વાંચીએ છીએ.

૮૨

કાર્ય સત્સંગમાં જેઓ માને છે તેને આ કારણ સત્સંગ સમજાતો નથી. અ. મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને શ્રીજી-મહારાજે પોતાની જગ્યાએ સોંપણી કરી એવા મહાસમર્થ, શ્રીહરિના રહસ્યની વાતો કરતા ત્યારે 'ગોપાળિયું જ્ઞાન' કહી કેટલાંક લાભ લેવાને બદલે મોટાનો અપરાધ કરતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'અમારા ઘર બેલું (પથ્થર) નાખેલ, અને ભેળા થઈ નિંદા પણ કરતા.' એ બધી માંહેલા ને બહારલા કુસંગની રીત છે. સૂર્યને ધૂળ ઉડાડવાથી સૂર્યને હાનિ નથી. તેમ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે જે :

"જેમ ગજ જાય બજારે ખસી,
શ્વાન મરે રે ભસી રે ભસી,
એ ગજને નહિ શંકા કશી."

આગળના સદ્‌ગુરુઓએ જીવ ઉદ્ધારવા અનેક ઉપાય કર્યા.

"કેવળ પરમાર્થને કારણે, પધાર્યા પૂરણકામ."

એ રીત સંતોએ બતાવી તે વખતે અનેક અજ્ઞાની જનોએ સંતોને કષ્ટ આપવામાં ઓછું રાખ્યું નહોતું છતાં અત્યારે શ્રીજીમહારાજની સભામાં એ સંતોના આપણે દર્શન કરીએ છીએ. એ સંતોનો પરમ દયાળુ બાપાશ્રી મહિમા સમજાવે છે કે આ સંતો બધા મૂર્તિરૂપ હતા. મૂર્તિરૂપ છે અને મૂર્તિનો રસ લઈ તે સત્સંગમાં પ્રવર્તાવે છે. દશ્યરૂપે વિચરતા ત્યારે મનુષ્યભાવને લીધે કેટલાકને એવો દિવ્યભાવ સમજાતો નહીં. અત્યારે દિવ્યભાવ સમજાય છે ત્યારે અદશ્યરૂપે વિચરે છે, પણ એ સભા અખંડ છે, સનાતન છે, દિવ્ય છે. બાપાશ્રી કહે છે કે જેમ શ્રીજીમહારાજ અનાદિ છે, તેમ મુક્ત પણ અનાદિ

છે, ભજીને થયેલા નથી. ભજીને થયેલા કહીએ તો શ્રીજીમહારાજ કોઈવાર એકલા હોવા જોઈએ, પણ શ્રીજીમહારાજ તો સદાય અનાદિ તથા પરમ એકાંતિક મુક્તોને સુખમાં ગરકાવ રાખે છે. જેમ શ્રીજીમહારાજનો મહિમા અપાર છે તેવી જ રીતે અનાદિનો મહિમા વર્ણવાય છે, પણ વ્યક્તિગત જુદો મહિમા કહેવાની રીત નથી, એટલે બાપાશ્રીની વાતોમાં અનાદિની સ્થિતિનો મહિમા ગૂઢાર્થમાં લખ્યો જણાય છે : 'મૂર્તિમાં મુક્ત રસબસ ભાવે સુખ લીધા જ કરે છે, કયારેય તૃપ્ત થતા નથી, એ મુક્તોને મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ.' બાપાશ્રી પ્રત્યક્ષ વાતો કરતા ત્યારે આવું રહસ્યજ્ઞાન સમજાતું નહોતું. એ વખતે તો બાપાશ્રી ભેળું રહેવું, બાપાશ્રીની ચેષ્ટાનું મનન કરવું, તે સ્વાભાવિક થયા કરતું, અને તે એમ જ થાય. સદ્‌-ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પાસે શિષ્ય સમૂહ મહિમાથી ખેંચાયા જ કરતો. ચમક હોય ત્યારે લોઢાં ખેંચાય. તેમ, બધાય મુક્તામાં ઓતપ્રોત મૂર્તિ એટલે જેટલો મહિમા જાણે તેટલો લાભ. પણ આ મુક્તો શું કહે છે? શું સમજાવે છે? એ પારખતાં આવડે તો સર્વે મુક્તો શ્રીજીમહારાજની મૂર્તિ જ બતાવે છે. બાપાશ્રીના રહસ્યજ્ઞાનનો અભિપ્રાય તેમના રહસ્ય જાણનારાઓ પાસેથી સમજીએ તો આપણને એમ જ લાગે કે શ્રીજીમહારાજે પોતાનો અભિપ્રાય સમજાવવા આવો દિવ્યખેલ કરી અનેકના આત્યંતિક મોક્ષ કર્યા છે.

૮૩

'જહાં દેખું તહાં રામજી બીજું કાંઈ ન ભાસે રે.' એ રીતે શ્રીજીમહારાજે અનેક રૂપ બતાવી જીવોના આત્યંતિક મોક્ષ કર્યા છે. અનાદિ મુક્ત તો મૂર્તિમાં જ છે, બહાર નીકળતા જ નથી (એક રહસ્ય એ), અને (બીજી રીતે) શાસ્ત્રોક્ત દૃષ્ટિએ અનુક્રમે બધુંય લખ્યું છે તે પણ સત્ય જ છે. એક સમુદ્રને કિનારે ઊભો હોય અને વર્ણન કરે અને

એક સો વર્ષ સુધી સમુદ્રમાં વહાણ ચાલી ગયા પછી જળમય દૃષ્ટિ થઈ હોયને વર્ણન કરે, તેવું છે. આપણે બધાય કહીએ છીએ : અ.મુ. પર્વતભાઈ આમ બોલ્યા : હે મહારાજ ! મને લોકો એમ કહે છે જે તમને સાઠ વર્ષ થયા, પણ મેં તમારી મૂર્તિ વિના બીજું કાંઈ દીઠું જ નથી. તે મહાન સ્થિતિની વાત છે. નહિ તો મેઘજી નામે તેમને દીકરો હતો અને ખેડ કરતા, છતાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ એમની સ્થિતિ વિષે લખ્યું કે :

" એક હરિજન પર્વતભાઈ, અચરજકારી છે;
સદા રહે મૂર્તિ માંહી, અચરજકારી છે. "

એમ બાપાશ્રીના રહસ્ય અભિપ્રાયમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા ઘણ એ જ સ્થિતિમય હતા, આપણે એ સભાને આવી સ્થિતિના માનીએ તો આપણી એવી સ્થિતિ થાય.

૮૪

પણ શાસ્ત્રમાં ઘણા શબ્દો સાધનકાળના છે તે જીવોને સમજાવવા લખ્યા છે, અને આજ સુધી તેનું જ મનન કર્યું છે તેથી એવા દૃષ્ટાંતો તથા એવું સમજાવનારા સાધનદશા-વાળાના જોગથી ઉત્તમ સ્થિતિ અનાદિની તેનું મનન થતું નથી, તેથી એ સ્થિતિ ક્યાંથી પમાય ? શ્રીજીમહારાજને અક્ષરધામના પતિ જાણવાથી અક્ષરધામમાં જવાય પણ ગોલોકના પતિ, વૈકુંઠના પતિ જાણવાથી ન જવાય, એની મોટા સદ્‌ગુરુઓના વચનથી ઘણા વખતે હા પડી છે, તેમ પૂર્વના મુક્તોને અનાદિ ન માનીએ ત્યાં સુધી આપણે અનાદિની સ્થિતિ પામી શકીએ નહીં. બાપાશ્રી કહે છે કે વાચ્યાર્થમાં પડ્યું રહેવું નહીં, એટલે એવી સ્થિતિવાળાને જાણવા ને ઓળખવા. મોટાને એવા જાણતા એવી સ્થિતિ પમાય છે. મહારાજે અનાદિ દ્વારે બધું કર્યું છે. મુક્તોને તો

મૂર્તિ વિના કાંઈ હતું જ નહિ. એ વાતની ધેડ્ય કયારે બેસે? આપણને મૂર્તિનો સંબંધ અખંડ રહે તો. એટલા માટે શ્રીજીમહારાજે રૂમાલ દેખાડી તલવાર કહેવરાવી. જો તલવાર મનાય તો બેસો નહિતર ઊઠી જાઓ. આમાં શું જાણવાનું છે તો શ્રીજીમહારાજના વચનથી જ બદ્ધ-મુક્તાપણું છે.

"વચને પ્રવૃત્તિ, વચને નિવૃત્તિ, વચને બદ્ધ-મુક્તા કહીએ;
તે વચન શ્રીહરિ મુખના સુખદાયક સર્વે લઈએ."

શ્રીજીમહારાજ ગઢડામાં વાત કરે અને કહે: 'આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ નથી, તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો, એમ હું દેખું છું.' એ વખતે એમ વર્તે કે આપણે ગઢડામાં છીએ અને મહારાજ કહે છે કે અક્ષરધામમાં બેઠા છો તે કેમ મનાય? તો ગઢડા વિના આધે ગતિ થાય નહિ, અને અંત:વૃત્તિ કરે તો તેજમાં પોતે બિરાજે છે તેવાં દર્શન થાય. એ વખતે મોટાના જોગવાળા આવું રહસ્યજ્ઞાન અધ્ધરથી ઝીલતા તો મહાફળ મળતું. તે ઉપર બાપાશ્રીની વાત સમજવા જેવી છે કે "સ્વાંત નક્ષત્રમાં છીપ તે જળ અધ્ધરથી ઝીલે તો લાખ લાખના મોતી પાકે અને પડી પડી ઝીલે તો ફટકિયા મોતી થાય છે તેમજ થાય." પછી એમ કહ્યું કે "આ અમારા વચન અધ્ધરથી ઝીલે તો કાંઈના કાંઈ ફળ થાય. અમે તો એવો સંકલ્પ કરીએ છીએ કે બધોય સત્સંગ આબાદ અક્ષરધામમાં ચાલ્યો આવે, બધાય અનાદિની સ્થિતિ ભોગવે." આવા વચનનો મર્મ સમજાય તો પોતાને અનાદિની સ્થિતિની દઢતા થાય. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી લખે છે કે શ્રીજીમહારાજે સોરઠવાસીને પોતાનું સુખ આપવા અમને રાખ્યા છે, તે અમારે મહારાજનું સુખ આપવું છે. એ રીત બાપાશ્રીએ પોતાના કાર્યમાં ઘણીવાર જણાવી છે, પણ કેટલાકને સુખ લેતાં ન આવડ્યું ને રહી ગયા તેને શ્રીજીમહારાજ ફરીવાર જોગમાં લાવ્યા છે. સદ્‌ગુરુ

વૃંદાવનદાસજી સ્વામીની વાતમાં છે કે 'વિવાહના ધોળ ગવાય ત્યારે રાજાના ઘેર વિવાહ હોય તોય એ જ ગવાય, ને ગરીબના ઘેર હોય તોય એ જ ગવાય, પણ સૌ સૌના નિશાનમાં ફેર.' તેમ ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક એ બધાં આવા ગહન શબ્દોના અર્થ પોતાની સ્થિતિ પર સમજે અને એ રીત જ છે જેથી કોઈ સમજે -- ન સમજે તેનો ધોખો સ્થિતિવાળાને ન રાખવો, એમ લખ્યું છે.

૮૫

સત્સંગમાં નાના-મોટા સૌનો સમાવેશ મહારાજે કર્યો છે. જેમ ઘરમાં નાના-મોટા હોય છે, પણ સૌને માબાપ સાચવે છે, તેમ શ્રીજીમહારાજ સૌ કોઈને સાચવે છે, પોષણ કરે છે, અભયદાન આપે છે, જેમ જેમ પચતું જાય તેમ તેમ જમાડે છે. સૌને નિર્ભય કરવા છે, મૂર્તિના સુખથી કોઈને જુદા રાખવા નથી, તેથી પોતે જ કહે છે કે "તમો અમારા આશ્રિત થયા છો તે અમારે હેતની વાત કહેવી જોઈએ. 'તેજમાં મૂર્તિ છે તે અમે પોતે જ છીએ', 'તમારા સારુ અક્ષરધામમાંથી આવ્યા છીએ', 'અનાદિની સ્થિતિ કૃપાએ કરીને કરીએ છીએ.''

૮૬

અનાદિ મુક્તને મૂર્તિ વિના બીજો રસ નથી, 'વા'લા એ રસના ચાખણહાર છાશ તે નવ પીયે, એ રીતે મહામુક્તો મૂર્તિના સુખ વિના કાંઈ ઈચ્છતા નથી. બાળાશ્રીની વાતોમાં છે કે એવા મહામુક્તો અપાર સુખમાં ડુબ્યા જ રહે છે. એમને મૂર્તિ વિના કાંઈ છે જ નહિ. કલ્પે કલ્પ વીતી જાય તો પણ એ સુખમાંથી તૃપ્ત થતા નથી. આવા વચનોથી અનાદિની સ્થિતિનો કિંચિત્ અનુભવ થાય. માટે આવા પરભાવના વચનનું વધુ મનન કરવું. આપણે મૂર્તિમાં છીએ એમ વાચ્યાર્થમાં નહિ પણ લક્ષ્યાર્થમાં સમજવાનું છે.

બાપાશ્રી કહે છે કે જીવ, ઈશ્વર, માયા વગેરેને અનાદિ કહેવામાં જીવ અચકાય નહિ, પણ અનાદિ છે એને અનાદિ કહેતાં અચકાય છે! જેમ ભગવાન ક્યારે થયા? એ પ્રશ્ન પૂછાય જ નહિ, તેમ અનાદિની સ્થિતિનું પણ એમ જ જાણવું. મોટા સદ્‌ગુરુઓએ મર્મમાં ઘણા શબ્દો લખ્યા છે, સમજાવ્યા છે, પણ પાત્રતામાં ન્યૂનપણું, તેને લઈને સત્સંગમાં મહારાજ તેને ફરી ફરી લાવ્યા કરે છે. બાપાશ્રીના પ્રગટપણા વખતે આ જ્ઞાન તથા સ્થિતિનું સુગમપણું થયું તે પણ તેમની કૃપાએ જ થયેલ છે. મોટા સંતો અને શ્રીજીમહારાજ દૃષ્ટિમાત્રે નિરાવરણ કરી દેતા, સમાધિ કરાવી ધામનો અનુભવ કરાવતા, એવું ઘણું લખાયું છે, પણ ધામ અને મૂર્તિ છેટે નહિ. જેમ કોઈ રાજા અન્ય વેશમાં હોય તેને રાજાનું જ્ઞાન થતાં દૂર-નજીક રહે નહિ, તેમ શ્રીજીમહારાજની મૂર્તિ ધામમાં છે તે જ ભક્તિધર્મને ઘેર છે અને તે જ સિંહાસનમાં મૂર્તિરૂપે દર્શન આપે છે. આ ત્રણેય સ્વરૂપમાં રોમનો ફેર નથી, એમ બાપાશ્રી સમજાવે છે. એ જ રીતે જ્યાં મૂર્તિ છે ત્યાં જ અનંત અનાદિ મુક્તો ભેળાને ભેળા જ છે, ક્ષણમાત્ર જુદા રહેતા નથી. રસબસભાવ, તાણો-વાણો, ઓત-પ્રોત, તદ્રૂપ – એવા દૃષ્ટાંતથી સમજાવે છે. એનો અર્થ એ છે કે સદાય ભેળા રહે છે. દૃષ્ટાંત કોઈ મળે નહિ એટલે વૃક્ષમાં રસ હોય તેમ અનાદિ મુક્ત મહારાજની મૂર્તિ ભેળા જ છે; દૂધમાં સાકર હોય તેમ છે, ઓતપ્રોત છે. આ સિવાય અનેક દૃષ્ટાંતો આથી ન્યૂન સ્થિતિના લખાણા છે. એ દૃષ્ટાંતથી આવી સર્વોત્તમ સ્થિતિ સમજાય કે પમાય નહિ. આ તો શ્રીજી-મહારાજે બાપાશ્રી દ્વારે કેવળ કૃપા કરી છે, એમ જાણવું. બીજા દૃષ્ટાંત – સિદ્ધાંત મૂર્તિ સુધી પહોંચી શકતાં નથી. એટલે મોટા મુક્તોએ અનવધિકાતિશય, અપાર, અગમ્ય, અગોચર, કારણના કારણ, સારના સાર, પ્રાણના પ્રાણ,

આત્માના આત્મા, સર્વાધાર, સર્વોપાસ્ય, કારુણ્યમૂર્તિ – એવા એવા વચનોથી સહેજ ખ્યાલ આપ્યો છે.

" અગમ અગાધ સ્વરૂપ અગોચર, વદત નેતિ કરી વેદ;
પ્રગટ પ્રમાણ હરિ પુરુષોત્તમ, સાધુ જાનત ભેદ."

" મોટો મહિમા રે જગમાં હરિજનનો."

" બ્રહ્માનંદ કહે રે એવા હરિજનની બલિહારી."

શ્રીજીમહારાજ કહે છે કે એવા સત્સંગી વૈષ્ણવ છે તે જ અમારી નાત છે, એવા સત્સંગી ભેળું સદાય રહેવું છે. મધ્યના ૪૮ મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે 'અમારે કોઈ રીતે દેહ ધર્યાનું નિમિત્ત નથી તો પણ સંતના મધ્યમાં જન્મ ધરીને રહીએ' આવા વચનો શ્રીમુખના છે. તેમાં અનાદિની સ્થિતિ થતાં ભગવાનનું પ્રગટપણું સદાય રહે છે તેમ જણાવ્યું છે.

" સૂરજ સહજાનંદજી રે આપે થયા છે ઉદ્યોત."

ત્યાં બીજા કોઈની ગતિ નથી. એટલે " ગરુડ ઊડી શકયો નહિ, પછી અમે એકલા જ ઊડયા ને સર્વેથી પર એવું જે ધામ ત્યાં ગયાં, ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, મારે પગને અંગૂઠે કરીને અનંત બ્રહ્માંડની પૃથ્વી ડગાવું તો ડગવા માંડે. મારે તેજે સર્વે તેજાયમાન છે." આવા ભગવાન જે મહાપ્રભુ શ્રીહરિ સહજાનંદ સ્વામી મહારાજ તેમણે આ બધું ય સમજાવ્યું છે. અનાદિથી એકાંતિક સુધીના સર્વે ભેદ સમજાવ્યા. આપણે તો છેલ્લી પ્રાપ્તિ અને છેલ્લો મુદ્દો અનાદિનો જાણવો. તેમાં બધું ય આવી જાય છે. ખરો આત્યંતિક મોક્ષ આ એક જ છે. ત્યાર પછી ઉત્તરોત્તર સ્થિતિમાં જેવી સ્થિતિ તેવું સુખ.

૮૭

બાપાશ્રી સમજાવે છે કે આવી દિવ્યસભાનો જોગ અખંડ રાખવો કેમકે આ સભા અક્ષરધામનો દરવાજો છે, એટલે જીવને અનાદિ મુક્ત કરી મૂર્તિનું સુખ પમાડે છે. ધ્યાન,

ભજન, કથા, વાર્તામાં મૂર્તિનું અનુસંધાન રાખવાનું કહે છે. આપણે દરેક ક્રિયામાં એ તાન રાખવું.

૮૮

સત્સંગ તો સૌ કરે છે, પણ સત્સંગમાં સત્સંગ ઓળખવો જોઈએ. શ્રીજીમહારાજ તુલ્ય બીજા અવતાર કોઈ ન કહેવાય. આવા સર્વોપરી, સર્વકારણ શ્રીસ્વામિનારાયણ ભગવાને આપણો હાથ ઝાલ્યો છે. એમના આપણે થયા છીએ ત્યારથી આપણા ધન્ય ભાગ્ય છે. અનંત જન્મના સુકૃત ઉદય થયાં હોય ને જેનો છેલ્લો જન્મ થવાનો હોય તેમને આ ભગવાનની પ્રાપ્તિ થાય છે.

૮૯

પૂર્વેના મુક્તોનું બળ આપણા દિવ્યશાસ્ત્રોમાં લખાણું છે, તેમને આ સર્વોપરી ભગવાનનો કેફ હતો અને આ મૂર્તિના બળે લોક, ભોગ સર્વે તૃણવત્ કરી નાખ્યા હતા. મૂર્તિના સંબંધે અનંત ઐશ્વર્ય પ્રાપ્ત થયેલાં પણ તે સામે નજર જ નહીં. આવા મહામુક્તોએ ખીલવેલો સત્સંગરૂપ બગીચો આપણે અત્યારે જોઈએ છીએ. ગામે ગામ મહિમા વધતો જ જાય છે. સૌ હેતે સહિત ગાય છે કે :

'અમૃતના સિંધુ ઊલટ્યા રે,
રંગડાની વાળી છે રેલ, પુરુષોત્તમ પ્રગટી રે.'

નિર્ભયની નોબત ને જીતનો ડંકો વાગી ગયો. જેના ભાગ્યમાં આ ભગવાન આવ્યા તેના અહોભાગ્ય! આવી પ્રાપ્તિનો સદાય આનંદ રાખવો.

૯૦

આપણે શ્રીજીમહારાજને રાજી કરીએ તેમાં બધાં આવી જાય, પણ મોટા મુક્ત શ્રીજીમહારાજના હજૂરી પૃથ્વી ઉપર પ્રત્યક્ષ વિચરતા હોય ત્યારે તેમની પ્રસન્નતામાં મહારાજ વધુ રાજી થાય છે. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ નિર્ગુણદાસજી

સ્વામી આદિ સદ્‌ગુરુઓએ તેમના બોધવચનમાં ઘણે ઠેકાણે આ રહસ્ય સમજાવેલ છે. અ. મુ. અબજીબાપાએ પણ પોતાની વાતોમાં મહારાજ તથા મુક્તોનો મહિમા ઘણો સમજાવેલ છે કેમકે મોટા પુરુષને આવરણ ભેદ્યાની ગતિ છે. એટલે મુમુક્ષુને શ્રીજીમહારાજ પાસે પહોંચાડવામાં એમની સહાયતા લેવી પડે છે. મચ્છરથી કેટલું ઉડાય! પણ ગરુડની પણ ગરુડની પાંખમાં બેસતાં કાંઈ પણ પ્રયાસ વિના ઉડાય! તેમ મોટા પુરુષને વિષે આત્મબુદ્ધિ રાખતા આત્યંતિક કલ્યાણ રૂપ કાર્ય બહુ સુગમ થાય છે :

"મુક્તાનંદ કહે હરિ–હરિજનની ગતિ છે ન્યારી."

"માયાનો જન તો જ મટે જો હરિજન શરણે જાય;
બ્રહ્માનંદ કે વાર ન લાગે તરત જીવ શિવ થાય."

અ. મુ. બાપાશ્રી કહે છે કે મહાપ્રભુના લાડીલા મળ્યા એટલે આપણા દારીદ્ર કપાઈ ગયા. આ રીતે બધા મુક્તોના અભિપ્રાય જણાય છે. શ્રીજીમહારાજ પોતે પણ એમ કહે છે કે અમારા સંત બ્રહ્મસ્વરૂપ વર્તે છે, એવા સંત મોક્ષમાર્ગમાં ખેવટિયા છે. એવા સંતને પૂજ્યાથી હું પૂજાઉં છું, એમને સેવ્યાથી મારી સેવા થઈ માનું છું. આ રીતે આત્યંતિક મોક્ષ થવામાં શ્રીજી-મહારાજ તથા મોટા મુક્ત બેની દરેક સમયે જરૂર રહે છે. આપણને એ વાત બરાબર સમજાણી છે, તેથી સદાય આનંદમાં રહેવું. અક્ષરધામના ધણી શ્રી પુરુષોત્તમ નારાયણ આપણા ભાગ્યમાં આવ્યા, આપણા કપાળે એમનો ચાંદલો થયો, આપણા પર એ કૃપાળુની અમૃતનજર પડી, આપણા પર તેમના સદાય અભય હાથ છે—એથી અધિક જાણવા–પામવાનું કાંઈ નથી

૯૩

સદ્‌ગુરુ સચ્ચિદાનંદ સ્વામી પાણી પીએ અને મહારાજની તરસ છીપે એવું આપણે સાંભળ્યું છે. શ્રીજીમહારાજની મૂર્તિ સાથે એકતા રાખનારને મહારાજ કયારેય વિસારતા નથી

પરમકૃપાળુ બાપાશ્રી કહે છે કે શ્રીજીમહારાજ પોતાના ભક્તની રક્ષા કરે છે, એમના મનોરથ સત્ય કરે છે, એક રોમમાં અસંખ્ય બ્રહ્માંડ ઊડે છે એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ અલ્પ જેવા જીવની ટાણે રક્ષા કરે છે, તેથી જ દીનબંધુ કહેવાય છે, ગરીબનિવાજ કહેવાય છે. અનેકની રક્ષા એ રીતે કરે છે. અ. મુ. ઝીણાભાઈ મૂર્તિ ધારીને ચાલ્યા આવતા હતા, માર્ગનું અનુસંધાન ન રહ્યું, વચમાં કૂવો હતો, એક જ પગલું ભરે તો કૂવામાં પડે, તે વખતે શ્રીજીમહારાજ ગઢપુરની સભામાં બિરાજતા હતા ત્યાં ઓચિંતાની કમકમાટી આવી. ચકોરની પેઠે જોઈ રહેનારા ભકતે પૂછયું : મહારાજ ! આ શું થયું ? "અમારા ઝીણાભાઈ કૂવામાં પડી જાતા હતા તેમની રક્ષા કરી." એથી જ બાપાશ્રી કહે છે કે શ્રીજીમહારાજ સત્સંગની વહારે ચડયા છે, આપણા પર અઢળક ઢળ્યા છે, આપણને ન્યાલ કરવા આવ્યા છે, એટલે આપણા ખોટના ખાતા વાળી નાખ્યા છે, આપણા પર અમૃત નજર કરી છે. એવી રીતે સદાય શ્રીજીમહારાજને જાણીએ તેમાં બધું આવી જાય છે.

૯૨

શ્રીજીમહારાજને પોતાના ભક્તો બહુ વહાલા છે, અક્ષર-ધામમાંથી પોતાના પ્રેમી ભક્તોને લાડ લડાવવા આ લોકમાં દર્શન આપે છે. એવું સંભારી એ મૂર્તિનો આનંદ સદાય રાખવો.

૯૩

અનાદિની સભા કહેવાય છે પણ એ મુક્તો બધા મૂર્તિ ભેળા જ છે. મહારાજની પૂજા ભેળા એ સદાય પૂજાય છે. મહારાજની પ્રાપ્તિ થતાં એ સભા પ્રાપ્ત થઈ ગઈ. એટલે પરમ કૃપાળુ બાપાશ્રીના અમૃત વચનોનો જ્ઞાનબોધ એ એક જ વાત પર છે કે શ્રીજીમહારાજ ભેળા અનાદિ મુક્તો છે તે તો મૂર્તિના દિવ્ય સુખમાં તૃપ્ત રહે છે, સુખમાં

લુબ્ધ થકા મૂર્તિમાં એકતાર જોડાઈ રહ્યાં છે, સુખમાં થીજી રહ્યાં છે, સુખમાં કિલ્લોલ કરે છે, અપાર ને અપાર સુખ અનુભવે છે, સ્વતંત્ર થકા એ દિવ્ય સુખનો આહાર કરે છે, કયારેય એ સુખનો પાર પામતા નથી. આવી ઉત્તમ સ્થિતિ અનાદિની તેને પમાડવા બાપાશ્રી દ્વારે શ્રીજીમહારાજે સંત્સંગ પર કરુણા કરી છે, અને એ જોગમાં જે જે આવી ગયા તેને આ વાત મનાણી છે, જેથી સદાય પૂર્ણકામ રહે છે. સત્સંગમાં અનેક વાર આપણે આવ્યા હોઈશું પણ આ વખતે ઘણો લાભ મળ્યો છે. બાપાશ્રી કહે છે કે તમે ધુણી-પાણી ભેળા કર્યા હશે. મોટા મુક્તોએ પણ

'અગમ સુગમ થયું સોય, પુરુષોત્તમ પ્રગટી રે',

એમ જ મનાવ્યું છે. અ.મુ. મનસુખભાઈને આનંદનો ઊભરો આવતો ત્યારે કહેતા કે

'અઢળક ઢળ્યા આ વાર, વા'લો મારો,
અઢળક ઢળ્યા આ વાર.'

૯૪

અનાદિ મુક્તોને પણ શ્રીહરિ અપાર, અપાર ને અપાર જ રહે છે. જે શ્રીહરિ 'અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે', એવા મહારાજ તો એક જ. 'જોવા રાખી નહીં જોડ, પુરુષોત્તમ પ્રગટી.' આવા મહારાજે આપણને મૂર્તિમાં રાખ્યા એ વાત 'ન ભૂતો ન ભવિષ્યતિ' બની છે.

૯૫

શ્રીજીમહારાજની સભા દિવ્ય મનાય તો ચૈતન્ય દિવ્ય થઈ જાય. મહારાજે હીરે હીરો વિંધવાના વચનામૃતમાં અનેક વાત સમજાવી પુરુષોત્તમ આકારે રહેવાથી સંપૂર્ણ થવાય એમ બતાવ્યું. એમની આંખે એમને જોવા. પોતાને પુરુષોત્તમ માનવું. આ જ્ઞાન શ્રીજીમહારાજનું છે, તેમના અનાદિ મુક્ત-

મુક્તાનું છે તે આપણને સહેજે મળ્યું છે. એમનો પ્રાદુર્ભાવ અને આપણો જન્મ એ બેય ભેગું થઈ ગયું એટલે મુદ્દો હાથ આવ્યો.

૯૬

આવું જ્ઞાન સાંભળે છે તો પણ સાધનવાળાને જોગે મૂર્તિનું દિવ્ય સુખ લઈ શકતા નથી. બાપાશ્રી કહે છે કે આ હીરો દિવ્ય છે, તેના માલમી હોય તેને ખબર પડે. ક્યાં મહારાજ ! ક્યાં અનાદિ ! આ તો ન બનવાની વાત બની ગઈ છે. આજ તો રોકડું કલ્યાણ છે. વચનામૃત શ્રીમુખ વાણી છે, બધાય વાંચે છે, પણ પોતાની સ્થિતિ પ્રમાણે એ દિવ્ય વચન સમજાય. માટે પાત્ર થવાની ભલામણ મહારાજ તથા અનાદિ વારે વારે કરે છે. મહારાજે પોતાનું દૃષ્ટાંત આપી વાત કરી જે કાંકરીએ મોટો યજ્ઞ કર્યો, લાખો મુમુક્ષુઓને એ દિવ્ય દર્શન થયા, પણ અમે તો એ પ્રવૃત્તિ વિસારવા માટે ચાલી નીકળ્યા, તેમાં શ્રીહરિના આશ્રિતોને શિખડાવ્યું કે બધું વિસારી મારી મૂર્તિમાં જોડાવું. સત્સંગમાં અનેક પ્રકારની આજ્ઞાઓ છે તેમાં બધી પ્રવૃત્તિ વિસારી મહારાજની આવી રહસ્ય ને સિદ્ધાંતવાળી આજ્ઞા પાળવી જેમાં બધું ય આવી જાય.

૯૭

પૂર્વેના મુક્તો પાસે મહારાજે સાધન ઘણા કરાવ્યા. આ વખતે મૂર્તિરૂપ રાખી સાધન કરાવ્યા જેથી સાધન બધા સિદ્ધ જેવા બની ગયા.

૯૮

રોટલો ને શેરડી ભેળા જમાતા નથી, એમ સંતો કહે છે તે સાચું છે એમ જાણી શ્રીહરિના અમૃત વચનોનું અનુસંધાન રાખી વખતોવખત શ્રીહરિના દિવ્ય સ્વરૂપના ચિંતવનનો અભ્યાસ વધારવો.

૯૯

મહામુક્તોએ દિવ્ય જ્ઞાન આપી એ કારણ, નિર્ગુણ મૂર્તિનો મહિમા – રહસ્ય અભિપ્રાય સમજાવ્યો એ દિવ્ય જ્ઞાન આપણા ચૈતન્યમાં રેડયું તેણે કરીને કૃતાર્થ થયા છીએ.

'ધન્ય ધન્ય દહાડો આજનો, ધન્ય મુહૂર્ત ધન્ય વાર;
બ્રહ્માનંદના વાલમે મારો, સુફળ કર્યો અવતાર.'

એવું સુખ આપણને મળ્યું છે તેનો આનંદ રાખવો.

૧૦૦

ક્રિયાસાધ્ય એકલી કામ નથી કરતી, કૃપાસાધ્યથી જ આત્યંતિક જ્ઞાન ને આત્યંતિક મોક્ષ થાય છે. સાધન બધાંય ઉપકરણ છે જેથી જો એ શ્રીહરિની પ્રસન્નતા અર્થે તથા મોટાની પ્રસન્નતાર્થે થાય તો એ ને એ સાધન ભક્તિરૂપ – મોક્ષરૂપ થઈ જાય છે. આ બધામાં મહારાજ અને મોટાની કૃપાનજર સામું જોવું જોઈએ. શ્રીજીમહારાજ તથા નૃસિંહાનંદ સ્વામી ગિરનારમાં વિચરતા હતા, તે વખતે મહાભાગ્યવાન એક બાવો દંડવત્ કરતો ગિરનારને પ્રદક્ષિણા કરે. તેને મહારાજે કહેવરાવ્યું કે અમને એક દંડવત્ કરે તો આત્યંતિક મોક્ષ કરીએ.' નૃસિંહાનંદ સ્વામીએ સમજાવ્યું પણ એ બાવો બોલ્યો : 'સામા આવે તો કરું, કેમકે મારે એવો નિશ્ચય છે', ત્યારે મહારાજે કહ્યું : 'અમારા સામે આવીને એક જ દંડવત્ કરે તો એનો દાખડો લેખે આવી જાય. આત્યંતિક મોક્ષ કરી દઈએ.' બીજી વખત પણ ન માન્યું. આવી રીતના સાધનવાળા રહી જાય. ભગવાન દયાળુ છે, પણ લોઢું પારસના જોગ વિના પારસ કયાંથી બને! આપણે તો એ પારસના સંબંધે જ મોક્ષ માન્યો છે. બાપાશ્રી વાતોમાં કહે છે કે ઉત્તમ પારસથી પારસ બને એવા શ્રીજીમહારાજનો આપણને સંબંધ થયો છે. એ મૂર્તિના બળે આપણું જે કાંઈ છે તે છે.

૧૦૧

બીજા અનેક પ્રકારે રાજી કરવા પ્રયત્ન થાય પણ મૂર્તિના ધ્યાનમાં, મૂર્તિના સંબંધમાં સહુથી અધિક પ્રાપ્તિ છે. એ આપણો અનુભવ છે.

૧૦૨

અનેક જન્મના સંસ્કારવાળાથી પણ આ કામ સહેલું થતું નથી, એ તો સંસ્કાર સાથે મૂર્તિના સંબંધવાળા મહામુક્તો મળે ત્યારે આ કામ સહેલું જણાય છે. આગળ ને અત્યારે આ ખરો નિર્ણય છે. મહારાજે મધ્ય પ્રકરણના ૨૧મા વચનામૃતમાં કલ્યાણને અર્થે ભગવાન અને મહામુક્ત સાધુ બે જ બતાવ્યા છે. બીજા સાધન સહાયરૂપ ખરા, પણ :

"મોક્ષપતિ તો કુંવર ભક્તિ ધર્મના, હરિકૃષ્ણ નારાયણ નામ."

એ કારણમૂર્તિના સુખભોક્તા મુક્ત પણ એ જેવું જ કલ્યાણ કરે છે, કારણ કે તેમને કર્તાપણું મહારાજનું છે.

૧૦૩

મહારાજે મહામોંઘી દિવ્ય ચિંતામણિ આપી છે. આ લોકમાં નથી, અક્ષરધામમાં છીએ—મૂર્તિમાં છીએ, એ સમજણ દૃઢ કરાવી છે, જેથી સદાય :

'અમૃતની એલીયું ને આનંદના મેહુલા છે.'

શ્રીહરિના સ્વરૂપનો આનંદ, એમના મુક્તની કૃપાનો આનંદ, એ દિવ્યાનંદ, પરમાનંદ, કેવળ સુખાનંદ છે. તેથી મહારાજ અને મહા અનાદિનો અખંડ સંબંધ જોડી લઈ તેનું મનન કરી આનંદમાં રહેવું.

૧૦૪

બીજા જ્ઞાનમાં મૂર્તિથી પૃથક્ વૃત્તિ રહી જાય છે અને અનાદિની સ્થિતિમાં 'રસબસ હોઈ રહી રસિયા સંગ' એ પૂરું સમજાય છે.

૧૦૫

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને કોઈએ પૂછયું : સ્વામી ! તમને ભગવાન ભૂલાય કે નહિ? ત્યારે સ્વામી કહે : તું તારો દેહ ભૂલે તો હું મહારાજને ભૂલું.

૧૦૬

એવું મનન કરવું કે હું તો સદાય મહારાજની મૂર્તિ સાથે જ છું. ચૈતન્યને અને મહારાજને અખંડ મેળાપ થયો.

૧૦૭

દેહભાવ હોય ત્યાં સુધી તો મહારાજ આપણને સમજણ વિનાના કહે છે. તે શ્રીમુખ વચનામૃતના વચન છે કે "જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે. આઠે પહોર આત્માનું ચિંતવન કરે અને ઘડીક દેહરૂપ થઈ સ્ત્રીનું ચિંતવન કરે તેને ગોબરો જાણવો." તેથી હવે તો આત્મારૂપે સદાય વર્તવું. જેમ 'બ્રહ્મ'નો અર્થ બાપાશ્રીએ 'ભગવાન' કર્યો ને સમજાવ્યો તેમ 'આત્મા'નો અર્થ પણ 'ભગવાન' એમ કરેલ છે. તે વચન સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના 'હરિસ્મૃતિ'માં

"તમે છો આત્માના આત્મા, જીવન જાણું છું;
તમે છો પ્રાણના પ્રાણ, જીવન જાણું છું."

આમ સર્વ આત્માના આત્મા, પ્રાણના પ્રાણ મહારાજ છે, તે આત્મારૂપ એટલે મહારાજની મૂર્તિરૂપે રહેવું. કોઈ એમ કહે કે એમાં સેવકભાવ કેવી રીતે રહે? તે સમજણ વિના કહે છે કારણ કે મહારાજની મૂર્તિનું અખંડ ચિંતવન કરનારાઓ મહામુક્તોનો તેમજ સત્સંગમાં નાના-મોટાનો મહિમા જાણે છે. વળી એ સર્વેના આધાર શ્રીજીમહારાજ તેમને પામવા સારુ દાખડા કરતો હોય તે દાસભાવ ભૂલી સ્વામીપણું કયારેય પોતામાં લાવે ખરો? ન જ લાવે. એટલે એ વાત અજાણ માણસોની છે. અ.મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી,

ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમે તો મહારાજ વિના કાંઈ દેખતા જ નથી અને દરેક ક્રિયા થાય છે તે તો મહારાજ કરે છે.

૧૦૭

મોટા મુક્તને દેહ નથી, એમને તો મૂર્તિ જ છે. આપણે સિંહાસનમાં મહારાજના દર્શન કરીએ છીએ તેમ એ ચૈતન્યને મૂર્તિ આધારે જુવે છે. તે

"એક હરિજન પર્વતભાઈ, અચરજકારી છે;
સદા રહે મૂર્તિમાંઈ, અચરજકારી છે."

એ મહામુક્તની સ્થિતિ ને સમજણ છે. આપણે એ મુક્તની પંક્તિમાં બેસવું છે. શ્રીજીમહારાજ કહે છે કે બ્રહ્મરૂપ માનવું, મૂર્તિરૂપ માનવું, અક્ષરનું સાધર્મ્યપણું પામવું, પુરુષોત્તમનું સાધર્મ્યપણું પામવું. એમ કહે છે, સમજાવે છે તો પણ દેહભાવ ન રહે તે રીતે ભજન-સ્મરણ થાતું નથી, એવો દેહભાવ દઢ થઈ ગયો છે. તેથી હવે ચાલોચાલ સત્સંગનું અંગ ફેરવી મોટામુક્ત જે સ્થિતિમાં વર્તે છે, જે સ્થિતિમાં રહેવાનું કહે છે, સમજાવે છે, તે સ્થિતિનો અનુભવ કરવા મૂર્તિના સંબંધે સહિત સદાય વર્તવું. પોતાનું સ્વરૂપ દેહને ન મનાય તે માટે શ્રીમુખવાણી વચનામૃત તથા સદ્‌ગુરુઓની વાતો વાંચવી. બાપાશ્રીની વાતોમાંથી પોતાનું અંગ વૃદ્ધિ પમાડવું, અને એમ દઢ કરવું કે હું તો અત્યારથી જ અનાદિ મુક્ત છું. મહારાજ તથા અનાદિ મહામુકતે મારા પર કૃપા કરી પોતાનું સ્વરૂપ સમજાવ્યું છે, એ જ મારા આત્માના આધાર છે. આ સમજણની દઢતા થતા વચનામૃત તથા મોટા મુક્તોની વાતોમાંથી સમજાય છે કે આ વચનામૃત તથા આ વાત સાધનિકની શિક્ષા માટે છે, આ એકાંતિક ભક્તની છે, આ પરમ એકાંતિકની અને પરભાવની છે, અને આ અનાદિ મુક્તની સ્થિતિની વાત છે. સત્સંગમાં તો સાત ધામના

મુક્તો આવ્યા હોય, નવા આદરવાળા હોય. તે બધા માટે મહારાજે જુદી જુદી રીતે વાત કરી હોય. મોટા વેપારીને ત્યાં બધી જાતનો માલ હોય. જેવા ગ્રાહક તેવો તેને આપે. મુક્તાનંદ સ્વામી કહે : મહારાજ! તમે કહો છો કે આત્મ-નિષ્ઠા, વૈરાગ્ય, અહિંસાધર્મ, શ્રદ્ધા, બ્રહ્મચર્ય આ પાંચ વાના વિના અક્ષરધામમાં ન જવાય, અને તેડવા તો અનેકને આવો છો. ત્યારે મહારાજ કહે : સ્વામી! તેડવા તો આવું છું, પણ કયાં મૂકું છું, તે જાણો છો? આ રીતે જોઈએ તો મહારાજને જેવા છે તેવા જાણવા-સમજવા જોઈએ જ, નહિ તો સમજણ કરવા ફરી આવવું પડે.

૧૦૮

મહારાજ એક જ ભગવાન છે, બીજા બધા અવતાર તથા મુક્ત તો તેમના આજ્ઞાધીન છે. માટે શ્રીજીમહારાજના આશ્રિતોને સર્વોપરી એક મહારાજને સમજવા, તે વિના કોઈનો ભાર ન રહે તેવી સમજણ દેહ છતાં કરી લેવી. ભાઈ આત્માનંદ સ્વામી ૧૧૭ વર્ષ રહ્યા, પણ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સર્વોપરીપણાની વાત સમજાવી ત્યારે ખબર પડી. આવા લખાણથી આપણે એ ભૂલ રહેવા ન દેવી, ને અખંડ મૂર્તિના આધારે રહેવું. ઘરમાં આવી સમજણ થવા 'વચનામૃત' તથા 'વાતો'નું મનન કરાવવું ને એ એક જ વાત દૃઢ કરાવવી.

૧૦૯

ભલામણ કરવા-જેવી વાત તો શ્રીહરિની દિવ્યમૂર્તિમાં રાખવાની વૃત્તિ, તેને જતન કરીને વારંવાર પુષ્ટિ કરવી. સદાય તે મનોહર દિવ્ય મહારાજના સ્વરૂપરૂપી માળામાં રહેવું. સુખ તે ભોગવવા. આ લોક તેમાં વિઘ્નકારી છે. અનંતરૂપે વિઘ્ન કરે દેહરૂપે, માબાપ – ભાઈ – ઘર–સ્ત્રી–પુત્ર–વ્યવહાર–લોક–

મોટાઈ–આજિવીકા વગેરે રૂપે. વળી પંચ વિષયના અનંત પદાર્થો 'હૃદયપ્રકાશ'માં જણાવેલા છે. તેને મૂર્તિમાં રહેવા માટે વિઘ્નરૂપ જાણીને દેહે વ્યવહાર કરતા થકા મનથી નિર્વાસનિક રહેવું. વાસના તો શ્રીજીની પ્રગટ મૂર્તિની. તેના લાડીલાને સેવવા તો પણ તેની પુષ્ટિ માટે, પ્રસન્નતા માટે એ કરવાનું.

૧૧૦

દાણા થાય ને દાણા તજાય તે તો સાવ ન શોભે તેવી સ્થિતિ ગણાય. ઘરમાં છોકરાં ભૂલ કરે તેને પણ જેમ બને તેમ યુક્તિએ સમજાવી તેવા અલ્પ ગણાતા કાર્યને શ્રીજી તથા મોટાની પ્રસન્નાતાના વિરોધરૂપ ગણી તજાવવા જોઈએ. હંસ ને બગ દેખવામાં બરાબર, ચારામાં ફેર, તેમ કાગડા–કોયલનું શબ્દમાં સમજાય, રૂપમાં નહીં, તેમ ભક્ત–અભક્તમાં ફેર દેશકાળે સમજાય શૂળીએ ચડાવે ને મહારાજ પાસે ઊભા દેખાય તોય મને કેમ છોડાવતા નથી તેવો સંકલ્પ કરવા સુધીની છૂટ નથી. જે તેમના થઈ રહ્યા હોય તેને; બીજાને તો મનગમતી ભક્તિ કરવાની હોય, તેની ભક્તિ ક્યાં ભગવાન અંગીકાર કરે છે? માટે આપણે શૂરવીરપણું રાખવું. મહારાજ પાસે તો એ જ માગવું : હે બાપ દયાળુ! તમારી જેમ મરજી હોય તેમ આ લોકમાં અમને રાખજો, પણ તમારી મૂર્તિ ને મુક્ત તેમાં મનુષ્યભાવ ન આવે તેવી દયા કરજો, એમ માગવું. આ લોકમાં તો લાકડાના લાડુ છે. તે રીતમાંથી આપણને મહારાજે ઉગારી પોતાની ઓળખાણ કરાવી છે તો તેને સંભારી સુખિયા રહેવું.

"સગાં કુટુંબી સર્વે સંગાથે, હેતડલું પરહરવું રે;
કોઈથી ન ડરવું, કાનુડા કેડે ફરવું."

તેમ મોટા મોટા તે મહાપ્રભુજીને વર્યા, તેમ આપણે હાલતા-ચાલતા, ખાતા-પીતા, વેગ લગાડી દેવો.

૧૧૧

શ્રીજીમહારાજ આપણને આ લોકમાં જેમ રાખવા ઘટે તેમ રાખે, તેની મરજી વિના સૂકું પાંદડું ફરતું નથી, ને તેમની મરજી આપણે માનવી જોશે, માટે જેમ તે રાખે તેમ રાજી રહેવું.

૧૧૨

સત્સંગનું વલણ થાય તો તે જીવને મહારાજ તથા મોટાની ઓળખાણે સુખ મળે, પણ જીવને તેવાં ભાગ્યનો અવર થાય ત્યારે જ તેવી વાતો ગમે. તો, આ બ્રહ્માંડમાં જેને જેવાં ભાગ્ય હશે તેવો જોગ મળશે.

૧૧૩

બાપનું દ્રવ્ય દીકરાનું, એમ શ્રીજીએ આપણને પ્રગટ પ્રમાણ સુખડાં આપ્યાં છે તેમાં સદાય રહેવું ને તેનો મહિમા કહેતા જેના હૈયામાં સમાય તેને કહેવો, બીજો રાખવો આપણી પાસે. એક જૂનું ભજન પરોક્ષમાં ગાય છે :

વીરા ! પાત્ર પરખ્યા વિના સંગડો ન કિજીયે,
હીમનો ઠરેલ એક ઉંદર હતો,
તેને હંસે પાંખમાં લીધો;
શશીયર ઊગ્યો ત્યારે પાંખ પ્રજાળી,
પાંખ કાપી અળગો થયો.

એવી રીતે પાત્ર ન હોય તેને આ સર્વોપરી પુરુષોત્તમ છે ને તમે તેમ જાણો એવી આગ્રહની વાત કરવાનું તાન ન રાખવું. તે તો શ્રીજી પૂર્ણકામ દયા કરે તો જ સમજાય તેમ છે, તે જાણી રાખવું.

૧૧૪

શ્રીજીમહારાજ કહે છે કે દેહ ક્ષણભંગુર છે, પણ આપણે મોઢે બોલતા જઈએ છીએ તેવું જીવમાં સમજી શકતા નથી. મમતમાં એ છેલ્લી ઘડી તો સાંભરતી જ નથી.

આપણે તો શ્વાસ ચાલે છે ત્યાં સુધી એમને જ મુખ્ય રાખવા. મહારાજ વિના આ લોક-પરલોકમાં કોઈ સુખદાયી નથી.

૧૧૫

મહારાજની ને મોટાની કૃપાનો પાર નથી. તે કૃપાના સાગર છે, તેનો જો વિચાર આવે ને મહિમા સમજાય તો વિસાર્યા વિસરે નહીં, તેવી એ દિવ્યમૂર્તિ છે. એવા આપણને ઓળખાણા, તેમણે આપણો હાથ ઝાલ્યો, ટાણે ટાણે રક્ષા કરે એ કાંઈ સાધારણ વાત ન કહેવાય. આપણે પણ સદાય એમને ભેગા ને ભેગા જ રાખવા ને આપણે જન્મસંગાથી એ જ રાખવા. આ લોકની રક્ષામાં તો ઝાઝું ન મળે, પણ જીવને માયામાંથી કાઢી મૂર્તિમાં રાખવા રૂપી ઉપકાર કરવા બીજો કોણ સમર્થ છે? જીવ શરણે આવે એટલામાં અનંત જન્મના કર્મ શ્રીજીમહારાજને ચરણે. આવા અનંત કાળના કર્મ બાળવાનું સદાવ્રત શ્રીજીમહારાજે ઉઘાડ્યું. કોઈ અવતારમાં આટલી દયા વાપરી લખાણી નથી. આ અવતારે તો "જોવા રાખી નહીં જોડ, પુરુષોત્તમ પ્રગટી" એવું કર્યું છે.

૧૧૬

મૂર્તિનો સંબંધ અખંડ રાખવો. શ્રીહરિ તથા બાપાશ્રીની અમૃત નજર સૌ પર છે તેમાં ય પોતાના શરણાગત ઉપર વધુ છે.

ઘેર નિયમસર વચનામૃત, બાપાશ્રીની વાતો વગેરેનું મનન કરવું. નિવૃત્તિ મળે કે મૂર્તિ લઈ બેસવું, એટલે ચિંતવન કર્યા કરવું. જૂના સંત-હરિભક્તોને માળા, માનસી-પૂજા, ધ્યાન, ભજન, સેવાના અંગ વધુ હોવાથી બળવાન વધુ જણાતા, અને એવા જ તેમના કાર્ય જણાયા. કોઈને વચન આપે તે પણ સિદ્ધ થતા. તે સૌને મહારાજનો સંબંધ

રાખવા પર બહુ નજર હતી. એ રીતે આપણને બાપાશ્રી પણ કહે છે : "મૂર્તિ રાખો ! મૂર્તિ રાખો ! બીજું બધું ય પડચું મૂકો." પગલાં–પદાર્થ પણ મૂર્તિ વિના કામ કરતા નથી, એમ બાપાશ્રીએ લખ્યું છે, માટે આપણે મૂર્તિનું ચિંતવન વધુ રાખવું. ઘરમાં પણ આવી જ ભલામણ કરવી.

૧૧૭

શ્રીજીમહારાજ તથા મહામુક્તોએ દિવ્યભાવ પમાડવા અનેક પ્રકરણો કરી બતાવ્યા. એવા પુસ્તકો આપણે ત્યાં છે પણ એ પુસ્તકો મોટા મુક્તના પ્રસંગે જેવા સમજાય છે તેવા પોતાની મેળાએ સમજાતા નથી, તેનું કારણ આપણી અપૂર્ણ સ્થિતિનું છે. થોડું ભણેલા મોટા પુસ્તકો વાંચવા, વિચારવા ઈચ્છા કરે પણ તે નકામી. વચનામૃતમાં મહારાજે મોટાનો મહિમા સમજવા તથા તેમના જોગે ભગવાનની પ્રાપ્તિ કરવા ઘણું સમજાવ્યું છે. બાપાશ્રીની કૃપા પણ એવી જ છે એટલે આપણને બે ભાગની વાતનો લાભ મળ્યો છે. આપણે કહીએ કે મોટાનો જોગ કચારે થાય ? એમ તો આપણાથી કહી શકાય તેવું નથી, કારણ અ. મુ. સદ્‌ગુરુ ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, અ. મુ. સદ્‌ગુરુ શ્વેતસ્વામી જેવા મોટાએ આપણને પોતાના કર્યા છે, છતાં આપણે ઉપર ઉપરનો લાભ મેળવીએ છીએ. હાથ મૂકે, બોલાવે, મળે, વઢે, વખાણે–આ બધું થતાં આપણે સંપૂર્ણ માની બેસીએ છીએ. પરંતુ મહારાજની મૂર્તિનું અખંડ અનુસંધાન રાખવું.

૧૧૮

મોટાનો મન, કર્મ, વચને જોગ કરીએ, કૃપા લઈએ તો ઘાટ-સંકલ્પની રાવ-ફરિયાદ રહે નહીં. મન, કર્મ, વચને એમની સાથે એકતા કરીએ તો લાભ ઘણો થાય. આ તો મોટાના જોગની સહજ વાત જણાવી. બાકી તો આગળની

સભા અને અત્યારની સભા અનાદિ મુક્તાની, બધી આપણી સહાયમાં રહે એવા બનવું જોઈએ.

૧૧૯

વ્યવહારમાં રહ્યા તેને કામ કર્યા વિના કેમ ચાલે? કામ તનથી થાય, મન મૂર્તિમાં રખાય. વચનામૃત તથા બાપાશ્રીની વાતોથી આત્મા-પરમાત્માનું મનન થાય. મૂર્તિનું વધુ ચિંતવન થાય તો આ બધું સહેલ છે. આપણે દરેક વખતે ફરિયાદ કરીએ છીએ કે અમારે આમ થાય છે, તેમ થાય છે; ત્યારે એવું કેમ નથી બોલતા કે અમારા બહુ મોટા ભાગ્ય છે, અમે શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિમાં છીએ, સભા ભેળી જ છે.

અ.મુ. ચતુરભાઈને માથે કેટલો વ્યવહાર છે? છતાં એમના બોલ કયારેય ઢીલા બોલાયા સાંભળ્યા નથી. જ્યારે જોઈએ ત્યારે મૂર્તિમાં રાખ્યાની જ વાતો. મૂર્તિની વાતો જ મુખ્ય લાવે. જાણે એમના ભેળા મહારાજ તથા બાપાશ્રી હોય! એમ એમની વાત પરથી જણાઈ આવે. કોઈને ચરણરજ આપે, કોઈને આશીર્વાદ આપે, મેં તો એમના સમાગમમાં આવું ઘણું જોયું છે. અમે છપૈયે ગયા હતા, એ જ રીતે કચ્છમાં તથા ગામડામાં, ગઢપુર, મૂળી જેવા ધામમાં, અમદાવાદ-વડતાલ વગેરે જ્યાં જ્યાં સાથે હોઈએ ત્યારે ઊઠતા-બેસતા, ના'તા-ધોતા, પૂજા કરતા કે કથા-વાર્તામાં મૂર્તિનું મુખ્યપણું જ જણાયા કરે. આવા જોગથી ઘાટ-સંકલ્પ બદલાઈ જાય. બીજા ઘાટ-સંકલ્પને બદલે મૂર્તિ ને મુક્તના ઘાટ થઈ જાય. ચંદનના વૃક્ષના સંબંધે સુગંધ જ વર્તે.

૧૨૦

સદ્‌ગુરુ ભગવત્સ્વરૂપદાસજી સ્વામીને આપણે બધાએ સેવ્યા અને અમદાવાદમાં રહેતા ઠક્કર ડોકટરના ભાઈ નારાયણભાઈએ સેવ્યા. આપણે કેમ એમના જેવી અંતર્દૃષ્ટિ

રાખી શકતા નથી? તેનું કારણ આપણે પોતે જ છીએ: ઉપરની પ્રસન્નતાએ પૂર્ણ માની બેઠા. એમને તો પોતાની સ્થિતિમાં વધુ ને વધુ કૃપા મેળવી. અત્યારે તેઓ પણ કહે છે કે સદ્‌ગુરુ ભગવત્સ્વરૂપદાસજી સ્વામીની કૃપાનો આ પ્રતાપ છે. અને આપણે કહીએ છીએ ઘાટ-સંકલ્પ કેમ થાય છે! એ ઘાટ સામે લડાઈ લેતા નથી. લડાઈ લેવામાં આત્મામાં બળ જોઈએ, પાછી વૃત્તિ જોઈએ, ધ્યાન-ભજનનો આગ્રહ જોઈએ, મોટાની સહાયતા જોઈએ, પોતાને જાણપણું જોઈએ. જેમ ઘરમાં કોઈ બિલાડું, કૂતરું આવે તો તુરત ઊઠીને દોડીને કાઢી મૂકીએ છીએ, જો ગાફલતા રાખીએ તો નુકસાન થાય એમ જાણીએ છીએ તો એ કામમાં કોઈની સહાયતા માગતા નથી. એમ જેને બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ મળ્યા, તેમણે તો મોટાની કૃપા મેળવી બહુ બળિયા થઈ જવું જોઈએ, જેથી સદાય આનંદમાં રહી શકાય.

૧૨૧

કૃપા કરી બળવાન બનો, નિર્ભય બનો સદાય મૂર્તિના આનંદમાં રહેવાય તેવો જોગ રાખો. મહારાજ, બાપા, સદ્‌ગુરુ તથા મહામુક્તો બધાં આપણી સહાયમાં છે, આપણી સામું જોઈ રહ્યા છે. અમૃતનજર રાખી અભયવર આપણને આપે છે. આપણા સારુ અક્ષરધામથી આ લોકમાં દર્શન દે છે. તેથી સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીના કીર્તનમાં પોતે કહ્યું છે કે 'હું તો તમ કારણ રે, આવ્યો ધામ થકી ધરી દેહ.' આ વચનોથી આપણે મૂર્તિનો અખંડ સંબંધ રાખી મહિમા જાણી, કૃપા મેળવી, પૂર્ણકામ રહેવું. ન થતું હોય તે કરવું તે શું? તો મહારાજ તથા મહામુક્તનો વધુ ને વધુ સંબંધ. આખા દિવસમાં કેટલીવાર મૂર્તિમાં વૃત્તિ રહે છે તેનો ખટકો રાખવો. ધ્યાન-માળા, માનસીપૂજા, કથા-વાર્તા, વગેરેમાં આળસ ન રાખવી.

૧૨૨

આનંદનું મૂળ મહારાજ છે એ વાત મુખ્ય રાખવી. બાપાશ્રી કહે છે કે મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે, મૂર્તિ સુખનો સમુદ્ર છે. તેથી એમ જાણવું કે જ્યાં જ્યાં આનંદ જેવું છે તે બધું મૂર્તિનું જ છે.

"ચાકરકી મોટપ કહાં?
સબ લાજ ધણી કેા."

આપણે શ્રીજીમહારાજના દામ વિનાના દાસ છીએ, માટે એ આપણી રક્ષામાં છે, રક્ષા કરે છે ને કરશે. 'જેને જેનેા આશરેા તેને તેની લાજ,' એવું સદાય રાખવું.

૧૨૩

બાળકને ભય લાગે ત્યારે મા-બાપ પાસેથી દૂર ન ખસે, તે રીતે શ્રીહરિના આશ્રિત સંકટમાં મહાપ્રભુ પાસે જ રાવ કરે.

મૂર્તિને સંભારવાનું તેા ગમે ત્યાં બને. આપણે ખટકેા રાખવેા. જ્યાં જઈએ ત્યાં મહારાજને સંભારવા. આપણા સામું શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે. એમની પેાતાના આશ્રિત પર અમૃત નજર છે. જ્યાં સંભારિએ ત્યાં મહારાજ દેખાય. આપણે જેમ હેત હેાય તેને સંભારીએ તેા હજાર ગાઉ પર હેાય તેાય સાંભરે છે તેમ આપણા મેાક્ષકર્તા ભગવાન શ્રીહરિ ઘનશ્યામ મહારાજને સંભારી સુખિયા રહેવું.

૧૨૪

મેાટાના રાજીપામાં મહારાજની મૂર્તિ છે. ઋતુ પ્રમાણે ફળ આવે તેમ અનાદિ મુક્ત મનુષ્યરૂપે દેખાતા હેાય તેનેા જોગ, સમાગમ અને સેવા મળે તેા મેાક્ષની ઋતુ ગણાય... મેાટાના જોગ વિના આવું મનન થતું નથી તેથી આનંદ વર્તાતેા નથી.

૧૨૫

બાપાશ્રીએ મહારાજની સાથે મોટા અનાદિનો મહિમા ઘણો લખ્યો છે કારણકે તેમને મહારાજ જીવનરૂપ હોય છે. મનુષ્યની રીતે વર્તતા હોય ત્યારે એવો મહિમા જાણી શકાતો નથી, જો જણાતો હોય તો આપણને પરમ કૃપાળુ બાપાશ્રી મળ્યા, સદ્‌ગુરુઓ મળ્યા, સ.ગુ.શ્રી ઈશ્વર સ્વામી, સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી, સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામી, સ.ગુ.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી, સ.ગુ.શ્રી શ્વેતસ્વામી, સ.ગુ.શ્રી ગુણાતીત સ્વામી, સ.ગુ.શ્રી ભગવત્સ્વરૂપ સ્વામી, સ.ગુ.શ્રી દેવજીવન સ્વામી, સ.ગુ.શ્રી ધ્યાની સ્વામી, સ.ગુ.શ્રી હરિપ્રસાદ સ્વામી તથા અ.મુ. ભૂરાભાઈ, નાગજીભાઈ, મનસુખભાઈ, નાગરદાસભાઈ આદિ તથા અ.મુ. કાનજીબાપા, મનજીબાપા. કેસરાબાપા, દેવરાજબાપા વગેરે ઘણા મહામુક્તોનાં દર્શન કર્યા પણ આ સર્વેનો જેમ છે તેમ મહિમા સમજી શકાતો નથી. પૂર્વે મોટા થઈ ગયા તેનો મહિમા કહેતા એમ થાય છે કે બહુ સામર્થ્ય જણાવ્યું, અનેકને મહારાજના દિવ્ય સુખે સુખિયા કર્યા. એમના દિવ્યભાવના લખાણો જોતાં ગમે તેવા હોય તો પણ તાજુબ થઈ જાય. મહારાજ તથા બાપાશ્રી પરોક્ષ થઈ ગયા જે મુક્તો તેના જેવો પ્રત્યક્ષ દેખાતા મુક્તનો મહિમા સમજાવે છે પણ એ બેઠા હોય એ ટાણે એવું માહાત્મ્ય જાણી શકાતું નથી. કીર્તન ગાઈએ :

'આજ સખી આનંદની એલી'
'મારે આનંદનો દિન આજ'
'ન ગઈ ગંગા ગોદાવરી કાશી,
ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી.'

એ ટાણે જરા અમલ જણાય, પણ મહારાજ કહે છે તેમ આઠે પહોર આનંદ વર્તે તેવું થતું નથી, તે થવું જોઈએ.

૧૨૬

આપણે સદાય અહીં રહેવાનું નથી એમ બધા જાણીએ છીએ પણ ગોઠવણ વધારે અહીંની થાય છે. "ત્યાં" ને "અહીં" મોટા મુક્તને નથી, તેથી એ તો મૂર્તિની જ વાતો કરે છે. પામવાની વાતો કરતાં પામી રહ્યા છીએ એ સમજાવે છે. તેથી, અ.મુ. ચતુરબાપાનો આપેલો મંત્ર અખંડ સ્મૃતિ-રૂપ કરવો જોઈએ : "શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, શ્રીજીમહારાજ છે." આ મંત્રનું બરાબર સમજીને મનન થાય તો આપણે મહારાજના અનાદિની પંક્તિમાં ગણાઈએ. બાપાશ્રી આ લોકમાં પધાર્યા તે આ કામ માટે. તેમણે બીજાં અનેક કામ કર્યાં પણ મૂળ સિદ્ધાંત મૂર્તિમાં રાખી અનાદિની પંક્તિમાં બેસારી દેવા. અનાદિને મતે એક મહારાજ છે, તેમ આ મંત્રમાં પણ પોતે મૂર્તિરૂપ થઈ મૂર્તિમાં રહ્યો ને મહારાજ એક જ તેને રહ્યા. આ સ્થિતિ આપણે ચતુરબાપાની જાણીએ અને તેમના સમજાવેલ મંત્રમાં આટલું તેમને કરાવવું છે એમ સમજાય તો બધું ય સમજાણું.

૧૨૭

મહારાજ તથા મોટા મુક્તને આપણુ બીજું કાંઈ જોઈતું નથી, તે તો ભાવના ભૂખ્યા છે. સત્સંગમાં ઘણા હરિભક્તોમાં તથા બાઈઓમાં શ્રીજીમહારાજ તથા મોટાને વિષે હેત હોય તે સુખિયા જણાય છે, તેમને દેહ છતાં આનંદ, અને ધામમાં જાય તો ય આનંદ વર્તે છે. જીવને ને ભગવાનને ભેળું થાય તેવું નથી, તો પણ મહારાજે દયા કરી આ લોકમાં મનુષ્યરૂપે દર્શન આપ્યા, અનેક સંતો ધામમાંથી લાવ્યા અને દિવ્ય ચરિત્રો કરી જીવોને મૂર્તિ સન્મુખ ખેંચ્યા, મહિમા જણાવ્યો, સંતોએ શાસ્ત્રો લખ્યા, એટલે અક્ષરધામની વાતોની આ લોકમાં અનેક જીવોને ખબર પડી. કેટલાયને સમાધિઓ

કરાવી, ધામમાં લઈ જતા ને લાવતા. મહારાજ ધામમાં પધાર્યા પછી બાપાશ્રી પ્રગટ થયા, તેમણે પણ ઘણા દિવ્ય ચરિત્રો કર્યા, પછી મોટા મોટા જગન કરી, સુખડી-શીરા જમાડી, જમનારને તથા દર્શન-સેવા કરનારને મૂર્તિમાં રાખવાના વરદાન આપ્યા. આવા જોગમાં આપણે આવી ગયા તેથી અ. મુ. મનસુખબાપા, ચતુરબાપા જેવા ઓળખાણા, દિવ્યભાવે સેવાઓ થઈ એ આપણા મોટા ભાગ્ય. આ વાત બહુ મોટી છે. અક્ષરધામમાં ને મૂર્તિના સુખમાં સાધનથી ન જવાય. એ વાતમાં તો મહારાજ, બાપાશ્રી કે અ. મુ. ભૂરાબાપા, મનસુખબાપા, ચતુરબાપા જેવાનું કામ પડે, કારણ કે એ ભોમિયા.

૧૨૮

ભક્તને ભગવાનની સહાય છે તેથી ભક્ત નિર્ભય બને છે. માટે એ મહાપ્રભુ જેમ રાખે તેમ રાજી રહેવું. 'મારો સેકન્ડ ક્લાસ કેમ! મારે તો ફર્સ્ટ જોઈએ' — વિદ્યાર્થીએ એમ વિચાર ન કરવો. અભ્યાસ કરવા છતાં એમ બને તો ભગવાનની મરજી જાણી રાજી રહેવું.

આપણને મોટાએ આશીર્વાદ આપ્યા છે તેનું બળ રાખવું.

'ચાકરકી મોટપ કહાં? સબ લાજ ધણીકેરા.
જેને જેનો આશરો તેને તેની લાજ.'

આજ સુધી આપણી રક્ષા કરે છે ને કરશે. આપણે એમના સામી નજર રાખવી. કર્તા નિયંતા મહારાજ છે, એવો વિચાર રાખી બધા સંજોગોમાં રાજી રહેવું.

૧૨૯

દુઃખમાં સુખ છે, પણ સુખમાં દુઃખ વધુ છે. લાખો રૂપિયાવાળા તથા આ લોકની બીજી સંપત્તિવાળા ભગવાનને સંભારી શકતા નથી.

ભગવાન આપણા છે તે દિવ્ય ચિંતામણિ છે, પારસ-મણિ છે. તે મળવાથી બધુંય મળ્યું. આ ચિંતામણિ વિનાના બધા રાંક છે, ભિખારી છે. કાલે આંખો બંધ થતાં ભિખારી જ છે અને આપણે તો ભગવાનની રાણીઓની જગ્યાએ છીએ.

૧૩૦

મહારાજનું છે તે બધું આપણું છે. અક્ષરધામ આપણું છે. ધામના ધણી આપણા છે. ધામના મુક્ત આપણા છે. અનંત કોટિ બ્રહ્માંડમાં એમનું રાજ છે. એ રાજાધિરાજ મહારાજા તેમણે એ દિવ્ય તેજોમય મૂર્તિમાં આપણને રાખ્યા છે. આપણે એ મૂર્તિ જોયા કરવી. એમના વિના કાંઈ છે જ નહિ. એ એક જ સત્ય છે, બીજું સર્વે મિથ્યા છે. એક ભગવાન શ્રીજીમહારાજ. તે વિના બીજું કાંઈ સાચું નથી. એકડા ઉપર જેટલા મીંડાં કરો તેટલાં વધારે થાય. એકડો જુદો કાઢી લો એટલે મીંડાંનું કાંઈ મળે નહિ. તેથી આપણને અલભ્ય લાભ મળ્યો છે. રત્નચિંતામણિ આપણને મળી છે.

૧૩૧

આપણી ફરિયાદ કે પ્રાર્થના – વગર કહે-વગર લખે, શ્રીજીમહારાજ જાણે છે.

'કોઈને દુખિયો રે દેખી ન ખમાય'

એવા દયાળુ છે. એમની દયાથી બધું ઠીક થાય છે ને થશે.

૧૩૨

બાળક મૂંઝાય ત્યારે માવતરની ડોકે બાઝી પડે તેમ આપણે શ્રીહરિને અરજ કરીએ છીએ. તે આપણું સારું જ કરશે.

૧૩૩

શ્રીજીમહારાજ મૂંગાને વાચાળ બનાવે છે, પાંગળાને પર્વત ચડાવે તેવી શક્તિ આપે છે. જીવોના આત્યંતિક મોક્ષ

કરે છે. શરણાગતને અમૃત નજરે જુએ છે. આવા કૃપાળુનો આપણે અચળ ભરોસો રાખી સદાય આનંદમાં રહેવું. ચાકરને તો ચાકરી કરવાની અને ધણીને મોજ આપવાની સદાય હોય છે, એટલે ધણી જેમ રાખે તેમ આનંદમાં રહેવું.

૧૩૫

કોઈ ધારે ભલે પણ ભગવાન ભળે ત્યારે જ કામ સિદ્ધ થાય. અનંત બ્રહ્માંડના કારખાના છે તે શ્રીજીમહારાજના એક સંકલ્પથી ચાલે છે.

'જેના ભ્રકુટિ વિલાસમાંય રે, કોટી બ્રહ્માંડ ભાંગે ને થાય રે.'

આવા સમર્થ પ્રભુના આપણા પર અભયહાથ છે તેથી આનંદમાં રહેવાની ટેવ પાડવી ને એમ જાણવું કે આવા કૃપાના સાગર પ્રભુએ મારો હાથ ઝાલ્યો છે, પોતાના કર્યા છે. આવા વિચારોથી ઘણું બળ આવે છે. આપણા જીવન ને આધાર જે કહીએ તે એ મહાપ્રભુ છે.

'મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય,'

એ સૂત્ર આપણા માટે છે. તે દીવાદાંડી સામું જોતા રહેવું.

૧૩૬

પરીક્ષા આપવા જવું ત્યારે શ્રીજીમહારાજ ને બાપાશ્રીને સાથે રાખવા, એટલે મૂર્તિમાં રહેનારા મુક્તો સાથે રહેશે.

આપણે મહારાજના છીએ અને મહારાજ આપણા છે, એ વાતમાં બહુ બળ છે. એ જે કરશે તે ઠીક જ કરશે. આપણે શું કરીએ! 'બધું એ કરશે.'

'જેને જેનો આશરો, તેને તેની લાજ;
કરગરીને શું કહું, જાણો છો મહારાજ.'

આપણા માટે આટલું બસ છે.

૧૩૭

આપણા માટે શ્રીજીમહારાજ જ છે. ગ્રામ્યજીવન આપણા શહેરીજીવન એ બંને સ્થળોએ આ એક જ મૂર્તિ છે. એમના

વિશ્વમંદિરમાં શોકનું સ્થાન નથી, નિરાશા નથી, દુઃખ કે કલેશ નથી, એટલે આશ્વાસનના શું શબ્દ લખવા ? શ્રીહરિ આનંદ સ્વરૂપ છે. તેમના મુક્તો પણ એવા જ છે, એમનો આનંદ અખંડ છે.

૧૩૮

મુંબઈ જેવું શહેર અને ગમે તેવું ગામડું તે બંનેની સરખામણી કઈ રીતે થાય ? છતાં બંને જગ્યાએ સરખું લાગે એમ રહેવું જોઈએ. શ્રીજીમહારાજે પોતાના જીવનમાંથી આપણને આ બોધપાઠ શીખવાડ્યો છે. વડોદરામાં સયાજીરાવ મહારાજે શ્રીજીમહારાજની પધરામણી કરી ત્યારે બે ગાઉ સુધી રોશની કરાવી, વાજાં વગડાવ્યાં અને ભારે ધામધૂમ કરી હતી. શ્રીહરિએ એ વખતે પોતે હાથી ઉપર સ્વારી કરેલી. તે જ મહારાજ વઢવાણ તાબાના લીંબલી ગામમાં દાતણ વેચનાર સગરામ ભગત વાઘરી તેને ઘેર રાત રહ્યા, ઠંડી પડતી હતી પણ તેને ઘેર ઓઢવાનું કાંઈ નહિ તેથી તેના દીકરાની વહુની સાડી ઓઢી હતી. આ બંનેમાં કેટલો તફાવત હશે ? પણ વાઘરીના કુબામાં એટલા જ ઉમંગથી મહારાજ રાત રહ્યા હતા. આ આપણા માટે ઉદાહરણ છે. આવું વિચારીએ તો આનંદ થાય.

૧૩૯

દરેક ક્રિયા વખતે શ્રીજીમહારાજને યાદ કરવા. એ ગરીબ-નિવાજ છે, સુખના સાગર છે, ભક્તવત્સલ છે, નોધારાના આધાર છે, દીનબંધુ છે, તેથી આપણે ધીરજ રાખવી, મહારાજ મદદમાં બેઠા છે. લોકવાણી છે કે 'હિમતે મર્દા તો મદદે ખુદા.' આપણે પણ કીર્તનમાં ગાઈએ છીએ :

'જો હોય હિમત રે, નરના ઉરમાંહી ભારી;
દઢના જોઈને રે, તેની મદદ કરે મોરારી.'

મહારાજે હજારો ભક્તોની દુઃખથી રક્ષા કરી છે અને કરે છે.

૧૪૦

શ્રીજીમહારાજની રહેમ નજર છે તો મહારાજ બધુંય ઠીક કરી દેશે. આપણે તો મહારાજને એટલું જ કહેવું કે "મહારાજ નજર રખીયો." ત્યારે મહારાજ કહે "અચ્છા."

શ્રીજીમહારાજ અંતર્યામી છે. તેમને કહેવાથી જાણે એમ નથી. આપણા મનના સંકલ્પ હોય તે બધુંય જાણે છે. તેથી હિંમત રાખવી.

૧૪૧

શ્રીજીમહારાજ આપણા છે અને આપણે એમના છીએ.

મહારાજની પ્રસન્નતામાં મનના વિચારો ભેળવીને સંકલ્પો ન કરવા.

આપણા ઉપર મહારાજની દયા ઘણી છે અને ઘણી રહેશે. આપણા ભગવાન બહુ જ દયાળુ છે તેથી આપણી દરેક વખતે સહાયમાં છે. ભક્તવત્સલ ને કૃપાસિંધુ છે.

૧૪૨

સવારસાંજ સમય મળે ત્યારે એમની મૂર્તિ સામું જોઈ આનંદ પામવો – એમની લીલા સંભારવી. અક્ષરધામમાંથી આપણા માટે આવ્યા છે. છપૈયામાં પ્રગટ થઈ, ગઢપુરમાં ઘર માની રહ્યા. કાઠિયાવાડ પર બહુ જ રાજીપો જણાવ્યો એ કાઠિયાવાડની ભૂમિ મહારાજને લઈને દિવ્ય થઈ ગઈ કાઠિયાવાડમાં રહી અધમ જેવા જીવનો પણ ઉદ્ધાર કર્યો સૌરાષ્ટ્ર, ગુજરાત વગેરે દેશના ગામોમાં પણ વિચરણ કર્યું તે વખતે હવાઈ જહાજ કે મોટરો, ટ્રેન, બસના સાધનો ન હતા તેથી માણસો ઉપર બેસી ગામે ગામ સૌને દર્શન આપ્યાં. જેનો પ્રેમ જોયો તેના ઘરે જમ્યા – રમ્યા, અનેક પ્રકારની લીલાઓ કરી. આ બધું શાંતિ અને રાજી મળવાનાં કારણ છે.

૧૪૩

માંદવાડ તો તપ ગણાય. આગળ મોટા મોટા સંતોએ ઘણા તપ કર્યા છે. આપણે તો શ્રાજીમહારાજની મરજી પ્રમાણે રહેવું, સુખદુ:ખમાં લેવાવું નહીં, તો શ્રીજીમહારાજ રાજી થાય.

૧૪૪

તમે લખો છો કે સેવકને ૧૫ વર્ષ થયા છે, ૧૬ વર્ષ થતાં વ્યવહાર બધો એમને સોંપી ભગવાન ભજવા છે, તો લખવાનું કે મોટા મુક્ત ઘડી પછી શું થશે તે શ્રીહરિ જાણે એમ જીવે છે. કર્તા મહારાજ છે, એમની મરજીમાં આપણે સુખ માન્યું છે. એ આપણા ને આપણે એમના, એ કરે તે ખરું. તેથી આગળથી નિર્ણય કરવામાં કાંઈ વિશેષ નથી!

૧૪૫

જ્ઞાનની સ્થિતિમાં તો પૃથ્વી બધી પ્રભુના ચરણ હેઠે બિરાજે—"નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ, અક્ષરના વાસી વા'લો આવ્યા અવની પર." એવું છે.

૧૪૬

આપણે દરરોજ ગાઈએ છીએ : "અડસઠ તીર્થ ચરણે, કોટિ ગયા કાશી," એ બરાબર છે. અડસઠ તો શાસ્ત્રમાં લખેલા છે, પણ મહારાજના ચરણમાં તો અનંત તીર્થ છે, આ મૂર્તિ સર્વોપરી છે, તેથી તેના દર્શન થતાં કાંઈ બાકી રહે તેવું કયાં છે? મહિમા વચન એવા છે કે અનંત તીર્થ, અનંત અવતાર, અનંત મુક્ત ને ધામ એ બધાયનો પ્રકાશ ભેળો કરીએ તો ય શ્રી પુરુષોત્તમ નારાયણના એક રોમ જેટલો ય ન થાય. એવા મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણને પોતાના કર્યા, અનાદિ મુક્તો મળ્યા, મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ મળ્યા અને હજુ મળ્યા જ કરે છે, એવા અવસરમાં આપણે આવી ગયા તે આપણો ફેરો ફાવ્યો. જેને દેહ મૂકીને પામવાના હતા તે છતી દેહે મળ્યા. નિરભેની નોબત ને જીતનો ડંકો

વાગ્યો. આત્યંતિક કલ્યાણના કોલ આપ્યા. ખોટના ખાતા વાળી નાખ્યા, ને રંગડાની રેલ્યું વાળી, સોનાનો સૂરજ ઊગ્યો, અમૃતના મેહ વરસ્યા. આવું પ્રથમ બોલતા હતા તે બધું ય થઈ ગયું.

૧૪૭

મૂર્તિ મેળવવા લાખો પ્રકારના યત્ન કરવા પડે તેમ શાસ્ત્રમાં લખાણ છે. આપણને મહારાજે વગર મહેનતે કૃપા કરીને દિવ્ય સુખ પમાડ્યું છે. મૂર્તિના આધારે સુખ. મુક્તો પણ મૂર્તિના આધારે, એટલે "સહેજે મળ્યા સહજાનંદ, પુરુષોત્તમ પ્રગટી રે", એમ સહજ સ્વભાવે આત્યંતિક મોક્ષનો લાભ મળ્યો છે.

૧૪૮

સાધન કરતા કૃપાનું કામ જબરું છે. તેથી બાપાશ્રી કહે છે કે તમને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે, તમારા પર શ્રી સ્વામિનારાયણ ભગવાન અઢળક ઢળ્યા છે, તમને અલભ્ય લાભ મળ્યો છે, તમારે જીતનો ડંકો વાગી ગયો છે, તેથી રાજાધિરાજ ને સર્વેના સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણ ઓળખાણા. સત્સંગના ફળરૂપ એ દિવ્ય મૂર્તિ છે, સદાય તેજોમય છે. આવી દિવ્ય મૂર્તિના જોગે પરભાવમાં પહોંચાય. મહારાજના અનાદિ મુક્તોનું પણ એક જ કામ છે કે જીવને અનેક પ્રકારે મૂર્તિના સુખમાં લઈ જવા, અનાદિ મુક્ત તો કહેવાય, પણ કામ મહારાજ જ કરે, કેમકે એવા મુક્તને મતે એક મૂર્તિ જ છે. બાપાશ્રી કહે છે કે તમારે આજ શરદઋતુ આવી છે, તમારે અમૃતનું નોતરું આવ્યું છે, તમને ન્યાલકરણ મળ્યા છે. ક્યાં જીવ ને ક્યાં ભગવાન! એ ન બનવાની વાત બની ગઈ છે. આવા અનેક વચનોથી આપણે પૂર્ણકામ છીએ. પ્રગટ પ્રાપ્તિ વિના જીવમાંથી જીવપણું જતું નથી અને અનાદિ મુક્ત થવાતું નથી. આવું રહસ્ય

બાપાશ્રીના અનેક વચનોમાં ઓતપ્રોત જણાય છે. આવા વચનો અદ્ધરથી ઝીલતા આત્યંતિક મોક્ષરૂપ મહામોંઘી પ્રાપ્તિ મનાય છે.

"દુર્બળના દુઃખ કાપિયા રે,
ન જોઈ જાત કુજાત, પુરુષોત્તમ પ્રગટી રે."

"હવે હું તો પૂરણ પદવીને પામી,
ભાંગી મારી જન્મોજન્મની ખામી."

"મારે આનંદનો દિન આજ રે,
પ્રભુ પ્રગટ્યા કલ્યાણને કાજ રે."

આવા રહસ્ય વચનોનો મર્મ સમજાય છે. સદ્‌ગુરુઓના વચનોમાં આનંદના ઊભરા જણાયા છે. તેનું કારણ પણ એ જ કે સૌ મૂર્તિના સુખે સુખિયા હતા. અત્યારે પણ જેમને મૂર્તિનો આનંદ છે તેમને બીજા બધાં વચન નાના લાગે. છકી પણ ન જવાય, કારણ સદાય મૂર્તિનો સંબંધ, તેથી એ ધણી વિના બીજું કાંઈ નજરમાં જ ન હોય. તેને બીજું ગમે જ નહીં. રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય. પદવીમાં પણ શ્રીહરિ સાથે સ્વામી–સેવકભાવ. આવી કૃપાનો લાભ મૂકી બહારવૃત્તિ રાખી મહારાજના વચનમાં જે નથી વર્તતા તેમને મોટી ખોટ આવે છે. સત્સંગમાં આ વાતનો ખટકો રાખવો તો મહારાજ તથા મોટાની કૃપા આપણા કલ્યાણમાં કામ આવે. બાપાશ્રી કહે છે કે આજ્ઞા લોપે તો મોક્ષ ન થાય, તો તો વૂઠે મે' એ કાળ પડ્યા જેવું થાય. માટે આપણે એ વાતની દૃઢતા કરી આજ્ઞા-ઉપાસના રૂપ દોર પર નજર રાખી સદાય સાવધાન રહેવું.

૧૪૯

માયા ઝેરનું ઝાડવું છે. તેના ફળ-ફૂલ-ડાળ-પાંખડા–

૧. વરસાદ.

રસ એ બધું ઝેર; અને ભગવાન ને મુક્ત અમૃતરૂપ. તેમનો જેટલો જોગ-સંબંધ તે બધું અમૃતમય:

"અમૃતના સિંધુ ઊલટ્યા રે, રંગડાની વાળી છે રેલ,
પુરુષોત્તમ પ્રગટી રે."

"કોઈ કહે હરિ હો ગયે, કોઈ કહે હોવનહાર;
મુક્ત કહે પ્રભુ પ્રગટ બિન, સબ ભટકત સંસાર."

આમ જેને સમજણ કે જ્ઞાન નથી તેનાથી કોઈને સમાસ ન થાય. આપણા ભાગ્ય તો બાપાશ્રી તથા સદ્‌ગુરુ મળ્યા ત્યારથી ઉઘડ્યાં છે. એટલે કારણમૂર્તિ શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનો દિવ્યભાવ સમજાણો.

૧૫૦

બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ બાપાશ્રી પાસે એક વખત રમૂજ કરી કહ્યું: "બાપા! આપ અંતર્યામી છો તેથી બધું જાણો છો, એટલે મને ખરેખરું કહેજો. શાસ્ત્રમાં એવા લખાણ છે કે મોટા ઋષિમુનિઓ મોટી જટાઓ વધારતા, પંચાગ્નિ ધૂણી તાપતા, તપ એવા કરતા કે માથે રાફડા વળી જતા, તોપણ ભગવાન મળતા નહીં, એવું સાંભળ્યું છે. અને મેં તો કાંઈ તપ કર્યું નથી, વ્રત કર્યા નથી, હજી મારી દાઢીયે પૂરી વધી નથી ત્યાં તો મને ભગવાન જેમ છે તેમ ઓળખાયા. એમના અનાદિ મુક્ત મળ્યા, આવડું મારું શું પુણ્ય?" ત્યારે બાપાશ્રી કહે: "એ તો ભગવાન જાણે કાં એમના અનાદિ મુક્ત જાણે!" એમ રમૂજ કરી. મહારાજ ને મોટા અત્યારે સુગમ થયા છે, તેથી સૌ આનંદમાં રહીએ છીએ ને ગાઈએ છીએ કે:

"તપ રે તીર્થમાં હું કાંઈ નવ જાણું
સહેજે સહેજે હું તો સુખડાં રે માણું."

અત્યારે ભગવાન ને મોટા સોંઘા થયા છે તેથી સુખિયા છીએ.

૧૫૧

સાધનિક હજારો હોય પણ તેથી સિદ્ધ મુક્ત જેવું કામ થાય નહિ.

ભગવાનને તો સૌને એક સરખી સ્થિતિ ને એક સરખું સુખ આપવું છે, પણ મળે કયારે? તેમના વચન અદ્ધરથી ઝીલે ત્યારે. લાખ લાખના મોતી ને ફટકિયા મોતીમાં ફેર કેમ પડયો? તેનો વિચાર એકાંતમાં કરો તો સમજાય. બહારવૃત્તિએ તો બારને બાર ચોવીસ વર્ષે પણ ન સમજાય.

૧૫૨

મહારાજે બધાને અનાદિ મુક્ત કર્યા છે, બહુ મોટી પદવી આપી છે.

"રાંક ટાળીને રે કીધાં અમને રાજવી રે,
દીન ટાળી કીધા છે દાતાર."

એ ભણતર હજુ કયાં ભણ્યા છો? ભણ્યા હશો તો ગણ્યા નહિ હો? આપણા પર શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે, આપણને ન્યાલકરણ મળ્યા છે, એવું બોલીએ છીએ તે સમજ્યા વિના બોલાય છે કે સમજીને? આપણને તો મૂર્તિના પ્રતાપે.

"અમૃતના સિંધું ઊલટયા રે, રંગડાની વાળી છે રેલ;
નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત."

આવું ગાતા ગાતા ગળું બેસી ગયું તોય તેનો કેફ આવ્યો કે કેમ? તેનો હૃદયમાં તપાસ કરવાનો આ સમય છે.

૧૫૩

વ્યવહારમાર્ગમાં રહી વ્યવહારથી જુદા રહેવું, ત્યાગવૃત્તિનો દેખાવ નહીં ને ત્યાગી જેમ રહેવું, એ મહારાજની દયા વિના બનતું નથી.

કથા-કીર્તનમાં મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને બધું કરવું જેથી રહેલું ખજીને પડે. બહારવૃત્તિમાં કહેવા–સાંભળવાનું થાય

પણ મૂર્તિમાં વૃત્તિ રહે નહીં, અને મૂર્તિમાં વૃત્તિ ન રહે તો ફળ કાંઈ ન થાય, દેહસ્વભાવ ટળે નહિ, ખરું જ્ઞાન થાય નહિ. આ ત્રણે બાબત મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૨, ૨૩ ને ૨૪મા વચનામૃતમાં સમજાવી છે, તેનું મનન કરવું.

૧૫૪

વાંચતા હું વાંચું છું એમ સમજાય તો તે કથા નાની ગણાય, પણ શ્રીજીમહારાજ બોલે છે, મોટા મોટા સંતો તથા હરિભક્તો પ્રશ્ન પૂછે છે, તેના શ્રીહરિ પોતે ઉત્તર કરે છે— એવી દિવ્ય સભામાં આપણે બેઠા છીએ એમ જાણીએ તો દેહભાવને ઘસારો લાગે, પોતાને મુક્તપણું મનાય. શ્રીજી-મહારાજના વચનામૃતો એવા મોટા મુક્ત માટે છે એમ જાણી આવી દિવ્ય કથા વાંચવી.

૧૫૫

આપણા સાચા મા-બાપ તો મહારાજ છે. તેમના સામી સુરતા રાખવી. મૂર્તિ સંભારી બધું કામ કરવું.

મોટામાં મોટું નિયમ એ છે કે મહારાજને ઘડીએ વિસારવા નહીં.

કાઠીઓને મહારાજે શીખડાવ્યું છે કે "હું ને મારો ઠાકોર" તેમ મહારાજ ને આપણે—બે જ, એટલે મહારાજ આપણી ભક્તિ જોઈ રાજી રાજી થાય.

મોટાને ઓળખ્યા પછી જેવા તેવાની વાત સાંભળી અંતરમાં ગોટા ન ઘાલવા.

કામકાજ થઈ રહે કે તરત મહારાજને લઈને બેસવું.

૧૫૬

હેત કરવા જેવા એક શ્રીજીમહારાજ છે, અને તેમના મુક્ત પણ છે, છતાં મહારાજ જેવું કોઈને વિષે હેત ન રાખવું, તેમ મહારાજ ભલામણ કરે છે.

જેને મહારાજનો ખરો રાજીપો લેવાની ઉતાવળ હોય તેને બીજાં નામ, બીજાં રૂપ, બીજાં વખાણ – તેમાં ખોટી થાવું નહીં, અને સર્વેમાંથી વૃત્તિ તોડી એક મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડવી.

૧૫૭

બહારના દેખાવમાં મૂર્તિનું સુખ ન આવે. સુખ માટે તો મૂર્તિનો સંબંધ જેમ બને તેમ વધુ રાખવો. વૃક્ષમાં ફળ આવે તેમ નમે. ભક્તમાં જેમ મહારાજના ગુણ આવે તેમ નમ્રતા વધે.

૧૫૮

ચંદ્રમા આકાશમાં રહે છે પણ પૃથ્વી પરની બધી ઔષધિઓનું પોષણ કરે છે, તે ઔષધિ એટલે વૃક્ષ, લતા, ફળ, ફૂલ વગેરે. તેને ખબર પડતી નથી, પણ મનુષ્ય આ વાત સમજે છે, તેમ દેહભાવમાં વર્તાતું હોય ત્યાં સુધી શ્રીજીમહારાજની આપણા પર અમૃત નજર છે તેની ખબર પડતી નથી, એ તો જ્યારે મુક્ત થાય ત્યારે સમજાય છે.

૧૫૯

સાધારણ હોય કે દેહના સંબંધવાળા હોય તેના સાથે કામ પૂરતું કામ રાખવું. પણ માંહી ને બહાર મહારાજના કૃપાપાત્ર હોય તેનો સંબંધ રાખવો. આ લોક, ભોગ સર્વે મોક્ષમાર્ગમાં વિઘ્ન કરે તેવા જાણી અરુચિ રાખવાં. સાચામાં સાચા શ્રીજીમહારાજ છે તે સર્વોપરી સૌના શિરતાજ છે, તેમને જીવનરૂપ કરી દેવા, માનસીપૂજામાં એ મૂર્તિનો સંબંધ વધુ રહે એટલે એ માર્ગે તેમને સંભાર્યા કરવા તો પ્રગટ જેવું સુખ આવે.

૧૬૦

રસબસ જેવા બીજા દૃષ્ટાંત નહીં, મહારાજ જેવા બીજા ભગવાન નહિ, અનાદિ જેવી બીજી કોઈ સ્થિતિ નહિ.

મહારાજે મોટપ લખી ત્યારે કહ્યું : જેટલું રાજાનુ રાજ્ય તેટલું રાણીનું રાજ્ય. આ દૃષ્ટાંતમાં સ્વામી અને સેવક એ વસ્તુ જુદી છે તેમ અનાદિ મુક્ત અને ભગવાન ઓતપ્રોત રસબસ સાથે રહે છે, તોય દાસ એ દાસ અને સ્વામી તે સ્વામી.

૧૬૧

મોટાની સહાયતા વિના જીવને કારણ શરીર રૂપ માયા મૂકાતી નથી, એટલે વજ્રસાર જેવી શાસ્ત્રમાં લખી. તે કારણરૂપ માયા ભગવાન અને મુક્ત મળ્યા વિના કોઈ રીતે જીવને છોડે તેવી નથી.

૧૬૨

અનંત મુકતો શ્રીજીમહારાજને આધારે છે, અક્ષરધામ પણ મૂર્તિને આધારે છે.

લાખ વર્ષ સુધી તપ કરે, વ્રત કરે, પણ મહારાજ ને મોટા મુક્તના રાજીપા વિના મૂર્તિનું સુખ ન મળે, એમ જાણી એમની પ્રસન્નતાના સાધન કરવા, દાસપણું રાખવું. શ્રીજી-મહારાજને ધર્મ વહાલો છે, તેથી ધર્મમાં દૃઢતા રાખવી.

૧૬૩

એકાંતિકપણું ક્યારે આવે છે ? તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સિદ્ધ કરે તો. એકાંતિક થયા પછી પરમ એકાંતિક-પણું ને અનાદિની સ્થિતિ મહારાજ ને મોટાની દયાથી આવે છે. આવી દુર્લભ પ્રાપ્તિ આપણને થઈ છે તેથી મૂર્તિરૂપે વર્તાય તો જ મહારાજ ને મોટા મુક્ત રાજી થાય.

૧૬૪

વાચ્યાર્થમાં બધું બોલાય-લખાય ત્યાં સુધી ભગવાન પ્રમાણ કરતા નથી. લક્ષ્યાર્થમાં થાય ત્યારે તેમના અવયવ શીતળ શાંત થઈ જાય. વ્યવહારમાં રહે પણ મહેમાન કોઈને

ત્યાં ગયા હોય ને રહે તેમ રહે. મોટા મુક્તના આવા લખાણ છે, જેથી આપણે ઢાળ ફેરવીને સુખિયા રહેવું.

૧૬૫

અહીં ને અક્ષરધામમાં જે મૂર્તિ શ્રીજીમહારાજની છે તે તો એ એક જેવા એક જ. બીજા રસબસ રહેનારા કે સામું જોઈ રહેનારા અને ઐશ્વર્યથી અનેક છે. એ સર્વકારણ મૂર્તિના સુખભોક્તા સેવક (તેમનું પદ દાસનું જ) અને શ્રી સહજાનંદ સ્વામી ભગવાનનું પદ સ્વામીનું જ. એટલે નદીઓ કોઈ વાર સમુદ્ર ન કહેવાય. સમુદ્રમાં એકત્વભાવે વર્તે છતાં જુદી જણાય. નદી તે નદી જ અને સહજાનંદ સિંધુ તે સિંધુ જ. આત્યંતિક મોક્ષરૂપ મોતી આ સમુદ્ર એટલે સિંધુમાં જ પાકે. બીજા તો તેમના પાસંગમાં ય આવે નહિ. અનંત નદીઓ મળે તો ય સમુદ્ર ન કહેવાય, છતાં સમુદ્ર રૂપ ગણાય, તે તો એ સિંધુની અતિ મોટપ કહેવાય. મહારાજે મધ્યના ૬૭મા વચનામૃતમાં આ અભિપ્રાય સમજાવ્યો છે.

૧૬૬

શ્રીજીમહારાજ કહે છે કે અનંત મુક્ત થઈ ગયા ને થશે પણ મારો પાર પામવા કોઈ સમર્થ નથી ને થશે પણ નહીં.

જ્યારે સત્સંગ થયો હોય ત્યારે સૌના રાજીપાની કેવી ગરજ હોય છે? તેવી ને તેવી ધામમાં જઈએ ત્યાં સુધી ગરજ રાખવી તે ખરું દાસપણું કહેવાવય.

૧૬૭

"દેહભાવમાં જણાય દુઃખ, મૂર્તિ આકારે વરત્યે સુખ.
સુખમાં ઉતરે સુખ જ થાય, અંતરમાંહી સ્નેહ ઉભરાય.
મૂર્તિમાં છે દિવ્ય આનંદ, સુખ આપે છે આનંદ કંદ.
એના સામી દૃષ્ટિ થાય, પ્રાપ્તિ અલૌકિક તો સમજાય.
મૂર્તિમાં છે મુક્ત અનેક, સૌના કારણ સ્વામી એક.
આશ્રય એનો જે જન કરે, મૂર્તિમાં રહી ધ્યાન જ કરે.

તેને લખવાનું નહિ કામ, ભેળા જાણે પૂરણકામ.
પૂરણ પદવા પામ્યા એહ, એને સમજણ આવી તેહ.
પ્રગટ મળ્યા જેને બહુનામી, ભાંગી જન્મોજન્મની ખામી.
પ્રગટ મૂર્તિ પ્રગટ મુક્તા, દિવ્યભાવે જોવાની જુક્તા.
આંહીની ઉપમા લાગે ખોટી, વાત મળી જેને બહુ મોટી.
તેના સરીયા સર્વે કાજ, જેને મળિયા શ્રી મહારાજ.
લૌકિકમાં અલૌકિક વાત, મૂર્તિ પામ્યા જે સાક્ષાત્.
સુરતી જેની ગગને ચડી, તે તો ભૂલે કેમ એક ઘડી.
અન્યને જુવે નહીં એહ, પામ્યા પ્રાપ્તિ પૂરણ તેહ.
પૂરણ પ્રાપ્ત પૂરણકામ, સદાય સાથે શ્રી ઘનશ્યામ.
મૂર્તિ મનોહર મંગળકારી, તેજોમય છે ભવભયહારી.
એ મૂર્તિમાં રહેવું ગમે, બીજું તનમન ચિત્ત ન ભમે.
ચૈતન્ય તો મૂર્તિમાં રહે, મુક્તા અનાદિ તેને કહે."

૧૬૮

વાચ્યાર્થ ને લક્ષ્યાર્થ એક થાય, દિવ્યભાવમાં સદાય વરતાય તેવો ખટકો રાખવો.

પરોક્ષ કરતા પ્રત્યક્ષની વાત મોટી છે ને મોટી રહેશે, પણ પ્રત્યક્ષવાળાને 'બંદર દિવસે કાગળ લખતા રહેજો' એમ લખવું ન પડે. 'વહેલા આવજો' એમ લખવાથી પણ શું? પ્રત્યક્ષમાં બધું ય છે. પ્રગટ સૂર્યથી પ્રકાશ થાય છે.

૧૬૯

જીવમાંથી મુક્તા સ્થિતિ દૃષ્ટિમાત્રે પમાડી તેનું કારણ ભગવાન દયાના સમુદ્ર છે, તેમની જીવો પર કેવળ કૃપા છે, પણ જીવને એવો ખટકો રહેતો નથી, તેથી દેહ-ઈંદ્રિયોને વશ થઈ સમર્થ ધણીની આજ્ઞા લોપે છે, તેથી મોક્ષ સુગમમાંથી અગમ થઈ જાય છે. કથા-વાર્તામાં આવા ઘણા દાખલાઓ આપણે વાંચીએ છીએ. ખટકો રાખવાની બીજાને વાતો કરીએ છીએ, પણ જીવે ઘણાકાળ વિષયના વલખા કર્યા છે, તેથી

એના એ માર્ગે વળીને જન્મ ખુવાર કરી નાખે છે. મહારાજની દયાનો વિચાર કરીએ તો તેમને રાજી કરવા ઊભા સૂકાઈએ, દરિયામાં દોટ દેવાનું કહે તો કરીએ, અગ્નિમાં પડવાનું કહે તો પડીએ, તો ય થોડું છે.

૧૭૦

આપણે કયાંથી આવેલા છીએ અને મહારાજે કેવી મોટી પદવી આપી છે તેનો વિચાર કરવો. આપણને મૂર્તિ આપી છે. મૂર્તિના સુખભોક્તાનો સંબંધ કરાવ્યો છે જેથી ભગવાન ભજવાનો ખટકો બહુ વધારે રાખવો.

૧૭૧

જૂના સંત-હરિભક્તો હતા તેમને એક જ તાન હતું કે ઘડીવાર મહારાજને વિસારવા નહીં, આજ્ઞામાં સાવધાની રાખવી. એકબીજાનો અવગુણ ન આવે, તેવો ઘણ ખટકો રાખતા. તો તેઓ બહુ બળિયા જણાતા. આપણને પણ એવો જ વખત મળ્યો છે.

૧૭૨

આપણે સદાય મૂર્તિનો આનંદ રાખવો. નિશાન મૂર્તિનું ન હોય ને ગમે તેવું બળમાં બોલે પણ કાંઈ વળે નહિ, ને કાંઈ લખે તો લખતાં ય આવડે નહીં. મોટાએ દૃષ્ટાંત દીધું છે : મોર કળા પૂરે ત્યારે આગળ સારું લાગે પણ વાંસે શોભે નહીં, તેમ જેને મહારાજની મૂર્તિ વિના બીજે હેત રહે છે તેને મોટી ખોટ આવે છે. સત્સંગમાં કેટલાય દેખાવ કરે છે, મોટા થઈ બેસે છે, પણ તેના અંતરમાં સુખ નથી હોતું. આપણા તો અહોભાગ્ય છે કે મહારાજ તથા મોટાના રાજીખામાં આવી ગયા છીએ, તેથી રાત દિવસ મહારાજને સંભારી સુખિયા રહેવું.

૧૭૩

તમો 'સહજાનંદ ભુવન'માં રહો છો, તેમ ચૈતન્યને સહજાનંદ રૂપ ભુવનમાં રહેવાનું થાય એટલે ખરો આનંદ

આવે, આત્યંતિક મોક્ષ મનાય, જવા-આવવાની, ભેળા થવાની બધી તાણ પૂરી થઈ જાય. પણ જીવને બહાર-વૃત્તિનો અભ્યાસ ઘણો થયેલ હોવાથી એ રીતે રહી શકાતું નથી. 'વચનામૃત' ને મોટા મુક્તાની વાતોમાં ઘણુંય સમજાવ્યું છે તે વારંવાર વાંચીએ છીએ પણ પાછું તે પ્રમાણે અનુસંધાન રહેતું નથી. આમાં બહારવૃત્તિ નડે છે. જીવને દેહમાં ઓતપ્રોત થઈ જવાણું છે તેને બદલે મહારાજની મૂર્તિમાં ઓતપ્રોત થવું, એ તો નેવાના પાણી મોભે લાવ્યા જેવું છે, છતાં મોટા મુક્તાની પ્રસન્નતાને લીધે એમ વરતી શકાય છે. ખટકો જોઈએ. જેમ શ્રવણ, મનન, નિદિધ્યાસ પછી સાક્ષાત્કાર થાય છે, તેમ મોટાના આશીર્વાદ ને રાજીપાથી મૂર્તિ પમાય છે. બાપાશ્રીની વાતોનું મનન થાય તો આ બધું સહેલું છે, કેમકે તેમણે કૃપા કરી આશીર્વાદ આપ્યા છે. મહારાજનો મહિમા સમજાવી ચૈતન્યને શુદ્ધ કર્યો છે, અનાદિ મુક્તાની સ્થિતિ સમજાવી છે, મૂર્તિરૂપ વર્તાય એવા આશીર્વાદ આપ્યા છે, એટલે આપણા અહોભાગ્ય છે.

૧૭૪

બાપાશ્રી કહે છે કે મૂર્તિના સુખનો એક ઝબકારો થાય તો પણ માયા કે બ્રહ્માંડ કોઈ આવરણ કરી શકે નહિ, છતાં આપણા સુખને અર્થે શ્રીજીમહારાજે તેજ, ઐશ્વર્ય, સામર્થ્ય બધું ઢાંકી રાખ્યું છે. તે આપણે નિત્ય નિયમમાં દરરોજ ગાઈએ છીએ કે 'થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા.' 'નરવિગ્રહ ધર્યો કરુણા કરી રે લોલ'—એટલે મનુષ્યરૂપ ને પ્રતિમારૂપ એમાં કેવળ કરુણા જ છે, પણ આપણને દર્શન વખતે એ રીતે જોવાની દૃઢતા રહેતી નથી એટલે 'મારું ધામ રે અક્ષરઅમૃત જેનું નામ' 'અતિ તેજોમય રે રવિશશિ કોટિક વારણે જાય,' 'અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત તેજના સમૂહમાં

શ્રીજી' એટલું જ આપણે કરવાનું છે. એમાં બધો ય રાજીપો – આશીર્વાદ છે.

૧૭૫

તમો આશીર્વાદ માટે લખો છો તો જેઓ શ્રીજી-મહારાજના વચનમાં વર્તે છે તેને અખંડ વરદાન અભય હાથથી મહારાજ આપી જ રહ્યા છે : સદા સુખી રહો ! સુખી રહો ! એવો એ મહાપ્રભુનો સંકલ્પ છે. તેજોમય દર્શન આપે તો ય એ છે અને મનુષ્યભાવમાં પણ એ છે. ધામમાં જે મૂર્તિ છે તે, મનુષ્યરૂપ છે ને પ્રતિમારૂપ છે. તેમાં જેટલી વૃત્તિ રહે તેટલું સુખ.

૧૭૬

નેત્રવૃત્તિએ ગ્રહણ થાય પણ જ્યારે મૂર્તિ સ્વરૂપે એટલે પુરુષોત્તમરૂપે પોતાના ચૈતન્યને મનાય, ચૈતન્યમાં મહારાજ જ રહે, ત્યારે ચૈતન્ય પણ સાકાર મૂર્તિમાન સુખભોક્તા અનાદિ મુક્ત જેવો મનાય, ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાય. અનાદિ મુક્તના ભાવમાં મહારાજ વિના બીજી વસ્તુ જ નથી. એટલે વધુમાં વધુ મૂર્તિના સંબંધેયુક્ત પોતાને માનવું. જેટલું રહેવાય તેટલું મૂર્તિ ભેળું રહેવાય તેમ વર્તવું. બહારદૃષ્ટિમાં જગત છે. અંતરદૃષ્ટિમાં મહારાજ છે. એટલે સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી કહેતા કે "મહારાજ જ." શ્રીજીમહારાજના મહામુક્તોનું સામર્થ્ય અપાર હતું. તેનું કારણ એ દિવ્યધામના આવેલ હતા. એવા જ મુક્ત વર્તમાન સમયે છે, મહારાજ પણ એના એ છે. આવું મનન કરતાં મહારાજ દયાના સમુદ્ર હોવાથી જેવા આપણને સુખ જોઈએ તેવા આપ્યા કરશે.

૧૭૭

શ્રીજીમહારાજની પ્રસન્નતા જેમ જેમ થતી જાય છે તેમ તેમ અંગ પણ વૃદ્ધિ પામે છે.

મોટાને મૂર્તિનું સુખ હોવાથી સદાય સમૈયા જેવું ગણાય. સમૈયા–ઉત્સવ નવા આદરવાળાને સમાસકર્તા છે. મોટાને તેમાં સમાસ એટલો કે દરેક સંત-હરિભક્તોનો પ્રત્યક્ષ મેળાપ થતાં શ્રીજીમહારાજની કૃપા સૌ ઉપર સહેજે થાય.

૧૭૮

તમો લખો છો કે આમ કરતાં કરતાં અનાદિની સ્થિતિએ પહોંચાશે. તેના કરતાં એમ સમજવું સારું છે કે અનાદિ ભગવાન શ્રીજીમહારાજ નયનગોચર થયા ત્યારથી એમનો એવો સંકલ્પ છે કે મારા દર્શનથી સૌને આવી મોટી સ્થિતિ પ્રાપ્ત થાઓ. આ, સાધનનું ફળ નથી પણ કૃપાનું ફળ છે. તેથી બાપાશ્રી લેખે છે કે 'તમને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે.' આજ શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે જેથી અનાદિ મુક્તની સ્થિતિમાં રહી અનાદિ ભગવાનનું અનુસંધાન અખંડ રાખવું : "રસબસ હોઈ રહી રસિયા સંગ" એ કૃપાની સ્થિતિ અને "મારે આજ પ્રિતમ ઘેર આવશે, મને હેતે કરીને બોલાવશે," એ ભક્તના પ્રેમની વાત; "આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી" એ સન્મુખ ભાવની ઉત્તમ સ્થિતિ. આ સ્થિતિ રસબસ ભાવથી ન્યૂન છે, એટલે ઉત્કૃષ્ટ ભાવ જેમાં છે એવી અનાદિની સ્થિતિનું મનન કરવું. આ સ્થિતિ થવાની છે એમ નહિ, પણ થઈ ગયેલ છે. અનાદિનો અંર્થ જ એ.

૧૭૯

લોકમાં કહે છે કે ભણવું ને ગણવું. ગણવું શું? તો, મહારાજમાં કેટલું હેત થયું? મહારાજના વચન પળાય છે કે કેમ? ભગવાનના ભક્તને જોઈ હેત આવે છે કે કેમ? કોઈનો મન, કર્મ, વચને દ્રોહ ન થઈ જાય તથા દરેક ક્રિયામાં મહારાજની સ્મૃતિ રહે એવો ખટકો રાખવો. આ બધું ગણતાં

રહેવું. આપણે શ્રીજીમહારાજના છીએ, જગતના સાધારણ જીવ જેવા નથી એવી સમજણ દૃઢ કરવી.

૧૮૦

રાજા બી દુખિયા, રંક બી દુખિયા,
ધનપતિ દુખિત વિકારમેં;
બિના વિવેક ભેખ સબ દુખિયા,
જૂઠા તન અહંકારમેં.

એવું અવરભાવમાં છે. પરભાવમાં તો

'અખંડ અલૌકિક સુખ તારું,
જોઈ જોઈ મન મોહ્યું મારું,
ધરાધન તમ ઉપર વારું.'

એવું સુખ જ છે. વ્યવહારમાં રહ્યા એટલે વ્યવહાર તો કરવો જ પડે, પણ બધી ક્રિયામાં કર્તા મહારાજ છે, એમ જાણી બધું એમના હાથમાં છે, એવું અનુસંધાન રાખવું.

૧૮૧

વૃક્ષમાં ફૂલફળ આવે છે ને ટાણે ખરી જાય છે. સૃષ્ટિમાંની બધી વસ્તુઓ પર કાળ, કર્મ ને માયા છે, અને આપણો ચૈતન્ય તો અક્ષરધામ રૂપ તખ્તમાં મહારાજ બિરાજે છે એ મૂર્તિમાં છે. ધામની મૂર્તિ, મનુષ્યરૂપ તથા પ્રતિમા ત્રણે એક જ છે, આવો અનુભવ આપણને શ્રીહરિ તથા મોટા મુક્તોએ કરાવ્યો છે. એ વાતોમાં અદ્‌ભુત આનંદ વર્તે છે. બાકી સર્વત્ર જુદી દૃષ્ટિમાં તો અશાંતિ ને દુઃખ જ જણાય છે, પરંતુ આપણે એ દૃષ્ટિ બદલાવીએ તો દુઃખ ન થાય :

રવિમંડળમાં રાત તણું દુઃખ નવ રહે,
પારસ પામે ધન દુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો.

આવી અલૌકિક વાત પરભાવની છે.

૧૮૨

ભાવના ચંદનને નાગ વીંટાઈ રહે છે, પણ મોઢું અધ્ધર રાખે તેથી ઝેર ઉતરતું નથી, નહિ તો ભાવના ચંદનમાં એવો ગુણ છે કે એ ચંદનથી ઝેર ઉતરી જાય. તે તો દૃષ્ટાંત. તેના સિદ્ધાંતમાં મૂર્તિરૂપે વર્તાય તેને મૂર્તિ વિના બીજું કાંઈ રહે જ નહિ. જેટલી વૃત્તિ અધ્ધર પધ્ધર રહે તેટલી ખામી ગણાય.

૧૮૩

મનને કહ્યો ચાલવું નહીં. આપણે કોણ છીએ? તો શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના છીએ. જેમ રાજાના કુંવરને એમ રહે જે હું રાજનો કુંવર છું તેમ આપણને સદ્‌ગુરુએ અનાદિ મુક્ત કહી બોલાવ્યા છે તે ભૂલવું ન જોઈએ.

૧૮૪

જીવના મોક્ષ સાધનથી ન થાય. સાધન તો સાંસા ગોટીલા કહેવાય. બાપાશ્રી કહે છે કે સાધન પ્રસન્નતાના કરવા પણ તેનો ભાર ન રાખવો. કલ્યાણ તો કૃપાથી જ થાય, જીવને એમ ને એમ કલ્યાણ થાય તેમાં પૂરો વિચાર ન આવે, જેથી તેમની પાસે થોડુંક કરાવવા બનતા સાધનો બનાવ્યા, પણ સાધન તો કેવાં છે? તો જેમ કોસ જોડીને વાડી કરે તો એક વાડી પલળે અને કૃપા તો વરસાદ વરસે તેવી. વરસાદ તો ચારે બાજુના જીવને સુખિયા કરે.

૧૮૫

સુખ ભોગવાય તેમ કરવું તે શું? તો બાહ્યવૃત્તિમાંથી અંતરદૃષ્ટિ કરવી. અંતરદૃષ્ટિ શું? તો બહાર અથવા માંહીં શ્રી ઘનશ્યામ સ્વરૂપ તેજના સમૂહમાં રહ્યા થકા આવી દેખાય છે એવા ભાવથી પ્રગટ મૂર્તિનું અનુસંધાન રાખવું. એ કર્યા છે એમ કહીએ તે કર્યાપણું આપણું લાવીએ એવી ભૂલ ન થવા દેવી.

૧૮૬

દૂધ, દહીં, છાશ, માખણ થયા પછી ઘી થાય એટલે દૂધનો વિધિ પૂરો થયો, તેમ કથાવાર્તા, ધ્યાનભજન, ભક્તિ, જપ-તપ, તીર્થ, વ્રત, દાન-પુણ્ય, વગેરેનું ફળ મૂર્તિ. જો એ મૂર્તિમાં વૃત્તિ રહેવા માંડે અને એ મૂર્તિમાં મારો ચૈતન્ય છે એમ થાય તો કાંઈ અધૂરું ન રહે. વિધિ બધા પૂરા :

'સાત ધામ ને ચાર પુરી,
ભગવાન મળે પૂરી, નહિ તો અધૂરી !'
'પીધા વિના પ્યાસ ન બૂઝે,
પંડ ઉપર ઢોળે ભલે પાણી રે;
મુક્તાનંદ મોહન સંગ મળતા,
મોજ અમૂલખ માણી રે.'

મોજ મૂર્તિથી મળે છે.

૧૮૭

પોતાને વિષે દેહભાવ રહે છે તેથી મૂર્તિમાં ચોંટાતું નથી. દેહભાવ તો દરેક ક્રિયામાં ખબર પડે છે, જેમાં 'હું' 'હું' થયા કરે તે દેહભાવ. ભક્ત હોય તે તો અખંડ ભજન કરે, ભગવાનને ભૂલે નહિ, દાસપણું દૃઢ રાખે, અને અનાદિ મુક્તને તો એક મૂર્તિ જ હોય, જેથી એ જ્યાં હોય ત્યાં મૂર્તિ જ મુખ્ય હોય.

૧૮૮

આપણે વ્યવહાર સિદ્ધ કરવાનો ઠરાવ નથી, પણ મૂર્તિ સિદ્ધ કરવી છે.

દયા રાખવાનો દસ્તાવેજ કરાવવા વિષે લખ્યું તો તમારા વિના બીજા કોઈ કરાવતા નથી. એ તો વરસાદની પેઠે વરસ્યા જ કરે છે.

'દયાનિધિ! તમે દાસને નિત્ય આપો છો એ દાન.'

'દયાના ભરેલા એના દિલડાં રે લોલ,
આંખડી ભરેલ અમી રેલ રે, શ્રીજીના સ્નેહ મુને સાંભરે.'

'અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો.'

દયાના સાગર શ્રીજીમહારાજે આપણને પોતાના કર્યા છે. ન્યાલકરણ, સુખના સિંધુ, શરણાગત પ્રતિપાળ, દીનબંધુ મહાપ્રભુએ જે દિવસથી આપણો હાથ ઝાલ્યો છે ને પોતાના કર્યા છે, મૂર્તિમાં રાખ્યા છે, તે દિવસથી જ પાકો રજિસ્ટર્ડ દસ્તાવેજ કરી દીધો છે. ઠેઠ હજૂરનો જ ખુલાસો છે. તેથી હવે માગણી કરવાની કયાં રહે છે?

૧૮૯

મૂર્તિનો આનંદ કેટલો વર્તે છે એનો નામામેળ કરવો.

નાના-મોટા, ઠીક-અઠીક એ બધા આ લોકના શબ્દ છે – તેનો નિવાસ આકાશમાં છે -- આપણે તો ચિદાકાશમાં એકરસ ચિદ્‌ઘન તેજ તેમાં દિવ્ય સિંહાસન, તેમાં શ્રીહરિની દિવ્યમૂર્તિ તેમાં રહ્યા છીએ – એમ માની આનંદમાં રહેવાનું છે.

૧૯૦

સદાય ભેગા છીએ એમ માનવું. જેમ ધણી રાખે તેમ રહેવું અને સદાય આનંદ વર્તે તેમ કરવું. આ લોકનો ફેર ન ચડી જાય એવું ખાસ જાળવવું. સ્વભાવ પણ અનાદિ (મુક્ત)ને ઘટિત રાખવા. પ્રસન્ન પ્રસન્ન રહેવું.

૧૯૧

નાની ઉંમરમાં ભણવા-રમવામાં સુખ માનો પણ એ ખરું સુખ નથી. આ લોકનું ભણવા સાથે શ્રીજીમહારાજ રાજી થાય તેવું દિવ્ય ભણતર ભણવું જોઈએ, એ જરૂરનું છે. આ

લોકની વિદ્યા આ લોકમાં કામ આવે છે જેથી એનો પણ ખટકો જોઈએ.

૧૯૨

શ્રી હરિ પાસે કીર્તનો ગાઈને તેના કર્તાએ શીરપાવ લીધા છે, વરદાન લીધા છે. આ કીર્તનો આપણે ગાઈએ એ પણ એવો જ લાભ ગણાય, પણ મૂર્તિ આકારે થઈને ગાવાં જોઈએ.

૧૯૩

મહારાજ કહે છે કે "જે સાધુ એમ સમજતો હોય કે જેમ દેહને વિષે જીવ રહ્યો છે તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે એવા સાધુથી ભગવાન ને ભગવાનના ધામ અણુમાત્ર છેટાં નથી." આપણને રહસ્યાર્થમાં બાપાશ્રીએ એવું સમજાવ્યું કે 'શ્રીજીમહારાજે મારા ચૈતન્યને સાકાર કરી મૂર્તિરૂપ કરી મૂર્તિમાં રાખ્યો છે, એ અનાદિ મુક્તની સ્થિતિ, તે છેલ્લી દાસ પદવી.' આમાં તો

"રસબસ હોઈ રહી રસિયા સંગ,
જયૂં મિસરી પય માંહી ભળી."

એવું છે. પ્રથમ સાધન બહુ કરવાં પડતાં. હવે જ્ઞાને કરીને મૂર્તિનો સંબંધ સમજાય છે. આ લોકમાં યંત્રો વધ્યાં તે બધું નજરે દેખાય છે. તમારે ત્યાંથી ચાર કલાકમાં અવાય, ટેલીફોનથી વાતો થાય, પ્રથમ એ ન હતું. શ્રીજીમહારાજનો પત્ર મયારામ ભટ્ટે લોજથી ભૂજ સાત દિવસે પહોંચાડ્યો હતો, અત્યારે યંત્રથી બધું સુગમ છે, તેમ શ્રીહરિનો દિવ્યભાવ, મોટા મુક્તનો અલૌકિક ભાવ જ્ઞાને કરીને મોટા મોટાએ સમજાવી દીધો. એવા એવા જ્ઞાનગ્રંથ પ્રવર્તાવ્યા કે બધું સમજાઈ જાય, અનુભવી શકાય. ફેર કેટલો કે સાધન અંગમાં ન દેખાતાં, શોભામાં ન આવે. "આંખ્યો વિંચીને બેઠા ને

મૂર્તિમાં પેઠા ” એ વચનથી જાણે જુદું જ ભાન થાય છે. મૂંગાને ગોળ ખવરાવે એવું આ નથી, આ તો :

“મનમાં આવે તેમ મુખથી બોલું રે, જાણે બેઠી છું રાનમાં રે,
મન મોહ્યું નયણની સાનમાં.
મુક્તાનંદ કહે થઈ મતવાલી રે, ગિરધરજીના ગાનમાં.”

એવું છે.

૧૯૪

તમારો સૌનો આગ્રહ છે કે મારે દિવાળી પર ત્યાં આવી શ્રીહરિના તથા ત્યાંના મુક્તોનાં દર્શન કરવાં. મારે ત્યાં આવવામાં તમો સર્વેને સમાસ થાય તેમ મને પણ આપ સૌના દર્શનમાં ઘણો લાભ મળે છે. છતાં શ્રીહરિ કર્તા-નિયંતા છે, તેમની મરજી એ આપણું પ્રારબ્ધ છે. એ રાખે ત્યાં રહેવાય છે, તો તેમની મરજીથી ત્યાં અવાય તો ય એટલો આનંદ છે. “ત્યાં” ને “અહીં” આ દૃષ્ટિથી જણાય છે. શ્રીજીમહારાજના વચનમાં એમ છે કે આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ નથી. તમે સર્વે ત્યાં જ – (અક્ષરધામમાં જ) બેઠા છો. પરમકૃપાળુ બાપાશ્રી એમ સમજાવે છે કે તમને અમે મહારાજની મૂર્તિમાં અનાદિ મુક્ત ભેળા રાખ્યા છે. આ સમજણે આપણે બધાં સાથે જ છીએ. દિવ્યભાવ સમજાયો હોય તો દિવ્ય છીએ. મહારાજ અને દિવ્યસભા સાથે હોય તે દિવ્ય જ ગણાય.

૧૯૫

આપણે દિવાળી પ્રસંગ નવીન નથી, કેમકે સદ્‌ગુરુ અ. મુ. બ્રહ્માનંદ સ્વામી સમજાવે છે કે :

“બ્રહ્માનંદનો નાથ મળતાં મારે દાડી દાડી દિવાળી!’

એ રીતે આપણી દિવાળી સદાય છે. જ્યારે ભેળા થઈએ ત્યારે એવું પર્વ સમજવું. દિવ્યભાવમાં તો અ. મુ. અબજીબાપા

સમજાવે છે કે તમને મૂર્તિમાં રાખ્યા છે. સ. ગુ. શ્રી સ્વરૂપાનંદ સ્વામી કહે છે કે એક લીંબડેકે નીચે મનુષ્ય દેખા, એટલે જ્યાં જાય ત્યાં તેમને સભાએ સહિત મૂર્તિ જ દેખાતી. અ. મુ. સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે કે અમને તો મહારાજ વિના કાંઈ દેખાતું જ નથી. સ.ગુ.શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમને મૂર્તિ ભૂલાય તો તાળવું ફાટી જાય. આવી સ્થિતિ એ ખરી દિવાળી છે. આ પ્રાપ્તિ સાધનથી થતી નથી, મહારાજ અથવા મહારાજના અનાદિ મુક્તાથી થાય છે. અનાદિ મુક્તામાં પણ કર્તા મહારાજ જ છે, આપણે આવી સમજણ, આવું જ્ઞાન, આવી સ્થિતિ પ્રાપ્ત કરવા શ્રીહરિનાં દિવ્ય મૂર્તિનો અખંડ સંબંધ રાખવો. મહારાજ તથા મોટાની કૃપાએ અગમ્ય નથી :

"માયાનો જન તો જ મટે, જો હરિજન શરણે જાય,
બ્રહ્માનંદ કહે વાર ન લાગે, તરત જીવ શિવ થાય."

"મહાપદ પામે રે પાછો કે' દિ' ન વળે,
હરિજન સંગે રે શ્રીહરિ તરત મળે."

આમાં કેવળ કૃપા જ છે, સાધન તો ઉપકરણ છે. તે જોઈએ ખરા પણ બધું કામ સાધનથી ન થાય. સાધનથી કૃપા થાય અને કૃપા થતાં પ્રાપ્તિ થાય. આ બધું આપણને સદ્‌ગુરુઓના પ્રતાપે, બાપાશ્રીના પ્રતાપે બની ગયું છે. પણ એવો જોગ કાયમ રહેતો નથી, તેમ એવું મનન થતું નથી એટલે કૃતાર્થપણું, પૂર્ણકામપણું અને અહો! અહો! થતું નથી.

૧૯૬

મહારાજ પોતાના આશ્રિત પર અમૃત નજરે જોઈ રહ્યા છે. નિજાશ્રિત માટે જ પ્રગટ્યા છે. પોતે કહે છે કે 'હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ.' આ રીતે ભગવાન શરણાગત વત્સલ છે; ગરીબનિવાજ છે.

દિવ્યમૂર્તિ મહારાજ ને દિવ્યરૂપ મુક્તો બધાં પોતાના દાસ પર અઢળક ઢળ્યા છે. નવાં નવાં સુખ આપે છે, એ કેવળ કૃપા.

૧૯૭

પરદેશમાં ખૂબ ફર્યા છો તો હવે સ્વદેશમાં ફરવું. સ્વદેશ કયો? તો અક્ષર અમૃત ધામમાં બિરાજમાન અવિનાશી અલબેલ, પુરુષોત્તમ શ્રીજીમહારાજ તથા મૂર્તિરૂપ અનાદિ મહામુક્તો તથા દિવ્યધામ – આ ત્રણેનું દિવ્યભાવે મનન થાય, ચિંતવન કરાય, એ દૃષ્ટિએ જોવાય – સેવાય, એ સ્વદેશમાં ફર્યા કહેવાય.

મોટા મુક્તોને મતે મૂર્તિ જ હોય છે. સદ્‌ગુરુ વૃંદાવન-દાસજી સ્વામીની વાતોથી આ બધું સમજાય તેવું છે. બાપાશ્રી ટૂંકમાં કહે છે કે આંખો વિંચીને બેઠા ને મૂર્તિમાં પેઠા. એમ મહારાજની દિવ્યમૂર્તિનો આલોચ રાખવો.

૧૯૮

બાપાશ્રી કહે છે કે સુખના સમુદ્રમાં ઝીલવું, તે ઝીલાય છે? એક મૂર્તિ રાખો, તે રખાય છે? તમારે કપિલા છઠ્ઠ આવી છે, તે મનાય છે? તમારે વાદળી છૂટી પડી છે, તે વાદળી ચૈતન્યને પલાળે છે? તમને ન્યાલકરણ મળ્યા છે, તે ન્યાલ થવાયું છે? તમારે જીતનો ડંકો વાગી ગયો છે, તે નાદ સાંભળાય છે? તમને મૂર્તિમાં રાખ્યા છે, તે સ્મરણ ચાલુ રહે છે? અક્ષરધામની જાનમાં પુરુષોત્તમપતિ આવ્યા છે, તે પતિનુ અનુસંધાન રહે છે? – આ બધી પરભાવની વાતો છે.

૧૯૯

"શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, શ્રીજીમહારાજ છે." આ મંત્રમાં દિવ્ય આનંદ છે. મૂર્તિ આકારે વૃત્તિ થયા પછી 'સ્વામિનારાયણ' એ

મહામંત્રથી પણ એ દિવ્ય મૂર્તિ સાથે જ ભાસે. સત્સંગમાં સત્સંગ તે આ છે. મહાન કૃપાળુ અબજીબાપાએ આ મંત્રને વિસ્તાર્યો. નંદ પદવીના મહાન સદ્‌ગુરુઓમાં પરસ્પર આ સ્થિતિનું ભાન રહેવા જ્ઞાનગોષ્ટિ થતી હશે કારણ તેમને પ્રગટ શ્રીહરિ દૃષ્ટિગોચર હોવાથી આ સ્થિતિમાં સહેજે વર્તાય. એમના ગ્રંથોમાં આ રહસ્ય વધારે પ્રમાણમાં કેમ નહિ હોય એવી શંકા થાય, પણ એ શંકા ન્યૂન સ્થિતિવાળાને મતે છે. પણ

'જ્યાં દેખું ત્યાં રામજી, બીજું કાંઈ ન ભાસે રે.'

એ સ્થિતિમાં તો કર્તા મહારાજ હોય, એટલે એ તો શરણાગતને જેમ સમાસ થાય તેમ સમજાવે કેમકે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ સર્વજ્ઞ છે. એમના ચરિત્રમાં બધું જોવામાં આવે છે. બાળલીલા, તપશ્ચર્યા અને ગાદીભિષેક પછીના ચરિત્રોમાં ઘણું નવું નવું જણાય છે. જ્ઞાનભાગમાં પણ એક જ રીત નથી. તેનું કારણ જોવા સામે પાત્ર. મહારાજ તથા મુક્તોએ એ પ્રમાણે બધાં કાર્યો બતાવ્યાં છે. બાળકને ઉછેરવામાં અનુક્રમથી જ બધું થાય. ભણવામાં પણ એ જ રીત. સત્સંગમાં આવનાર અને સ્થિતપ્રજ્ઞ એમાં દરેક વખતે ક્રિયાનો તફાવત જ હોય. અવસ્થામાં પણ બાળકથી વૃદ્ધ સુધીની દરેક ક્રિયામાં જુદું જુદું જ હોય છે, તે રીતે મહારાજ તથા મોટા મુક્તો જેમ જેમ પાત્રપણું વધતું જાય તેમ તેમ સમજાવવાની રીત ફેરવતા જાય. શિક્ષણના વર્ગ પણ જુદા હોય છે તેમ મહારાજ તથા મોટા મુક્તા પાત્ર પ્રમાણે સૌને સમજાવે છે. અ.મુ. બાપાશ્રીએ અધ્યાત્મ રહસ્યજ્ઞાનનો વિસ્તાર વધુ સમજાવ્યો પણ વાતો તથા વચનામૃત રહસ્યાર્થમાં જ્યાં જેમ ઘટે તેમ બરાબર વાતો કરી છે. તેનું હાર્દ એ જ કે આવા મહાન સ્વરૂપમાં "કર્તા મહારાજ" એટલે એ તો બરાબર જ સમજાવે. શ્રીહરિની દિવ્ય મૂર્તિ સાથે એકતા

થયા પછી આ બધું જેમ છે તેમ સમજાય. આપણે તો દરેક પ્રસંગે શ્રીજીમહારાજ સાથે જ છે, એ વાત દૃઢ કરવી. ઘરમાં પણ આ ઉત્તમ સ્થિતિની વાતો કરવી. બીજાં બધાં જ્ઞાનનો તથા ઘણા પ્રકારની ન્યૂનાધિક સ્થિતિનો અનાદિની દૃઢતામાં સમાવેશ થઈ જાય છે.

૨૦૦

મૂર્તિ એ જ સુખ. સુખનું સ્થાન મૂર્તિ છે. સાકર આવે એટલે ગળપણ જુદું નહિ, તેમ મહારાજની મૂર્તિ એ જ સુખ. ચિંતામણિ આવી તો બધું ય આવ્યું. તેથી જ મહારાજે પ્રથમના પહેલા વચનામૃતમાં પોતાની મૂર્તિમાં વૃત્તિ રાખતાં કાંઈ જાણવા – પામવાનું કે જોવાનું બાકી રહેતું નથી, એમ સમજાવ્યું છે. અવરભાવમાં વૃત્તિ છે એટલે એમ જ સમજાવાય, પણ મૂર્તિ આકારે રહેવાય તેમાં તો કાંઈ બાકી જ નહિ. આવી સ્થિતિ સમજાવવા – પમાડવાની બાપાશ્રીએ દયા કરી, એમ કહીએ છીએ તેમાં પણ મહારાજે જ દયા કરી. એટલું સમજવાનું છે, કેમ કે મહારાજ એક જ એવા છે કે તેમાં બીજાં બધાં સ્વરૂપોની લીનતા થાય છે, એટલે બીજાં બધાં સ્વરૂપો, એ એક જ ધણીના ગીત ગાય છે.

૨૦૧

સૌને શ્રીહરિને રાજી કરવાનું તાન છે, પણ મોટા મુક્તોની કૃપામાં જે જે આવી જાય છે તેને બહુ લાભ મળે છે. આવું આપણા દરેક શાસ્ત્રોમાં વર્ણન આવે છે. આપણે તો કારણમૂર્તિ શ્રીજીમહારાજ સામી નજર રાખવી. મહારાજ આપણા આધાર છે, આપણા આત્માને દિવ્ય સાકાર કરી આપણને મૂર્તિ ભેળા જ રાખ્યા છે. અનેક મહામુક્તો એ રીતે મૂર્તિના સુખે સુખિયા રહે છે. એમને એક મૂર્તિ જ હોય છે. આ સમયે શ્રીજી-મહારાજ પોતાના આશ્રિત પર અઢળક ઢળ્યા છે. એટલે સૌને દિવ્ય સાકાર કરી મૂર્તિનું સુખ આપે છે. આપણે તો શેરડી

વાંસે એરંડી પણ પાણી પીવે એવું છે. પ્રથમના મુક્તોના ચરિત્ર-પ્રતાપ વિચારીએ છીએ ત્યારે આપણે તેમની આગળ કાંઈ લેખામાં જ નથી. એમના ચરિત્રો તથા સત્તા-સામર્થ્યનો નિર્ણય કોઈથી થાય નહીં. એવા શ્રીહરિના લાડીલા મુક્તો મળ્યા, જેથી શ્રીજીમહારાજનો દિવ્યભાવ આપણને સમજાણો. સત્સંગમાં ઘણા જૂના સંત-હરિભક્તો છે, પણ મોટાના જોગ વિના જેવો છે તેવો શ્રીહરિનો મહિમા જાણી શકતા નથી. મહિમા શું ? તો શ્રીજીમહારાજ એક જ સર્વ અવતારના અવતારી ને કારણના કારણ છે. એમના મહિમાનો કોઈ પાર પામી શકતા નથી. એવા સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાને આપણો હાથ ઝાલ્યો છે, ખોટના ખાતાં વાળી નાખ્યા છે. આ બ્રહ્માંડમાં શ્રીહરિએ ભક્તિમાતાને સુખ દેવા દર્શન આપ્યા, તેમાં અસંખ્ય જીવનો આત્યંતિક મોક્ષ થયો. આપણને પણ છેલ્લી પ્રાપ્તિ ને છેલ્લો મોક્ષ મળ્યો છે. બાપાશ્રી કહે છે કે " કોઈ મૂર્તિ લ્યો ! કોઈ મૂર્તિ લ્યો ! અમારે ઘેર મૂર્તિનો વેપાર છે. " આવા મૂર્તિના આપનારા આવ્યા. એવા જોગમાં આપણું કામ થઈ ગયું. અનંત કોટિ બ્રહ્માંડના કારણ શ્રીજીમહારાજ તેમની પાસે અલ્પ જેવા જીવ શું લેખામાં ! તો ય કૃપા કરી જીવો પર અમૃત નજર કરે છે, એટલે જીવો કૃતાર્થ ને પૂર્ણકામ બને છે. અનંતને પરચા-ચમત્કારથી સુખિયા કર્યા. અનેકને દેહને અંતે અનંત દિવ્ય સામગ્રી ને દિવ્ય સભા લઈ તેડવા પધાર્યા. અનેક જ્ઞાનવાર્તાઓ કરી પોતાના દિવ્ય સ્વરૂપનું ભાન કરાવી પૂર્ણકામ કર્યા, તાર્યા, ઉદ્ધાર્યા, એમ ન્યાલ કર્યા. અનેક દિવ્ય શાસ્ત્રો રચ્યા. અનેક મંદિરો કરી પોતાના સ્વરૂપો પધરાવ્યા. વળી, એ મૂર્તિનો સાક્ષાત્કાર કરાવવા, ધામની મૂર્તિ તથા પોતાની મનુષ્યરૂપ મૂર્તિ તથા પોતાની પ્રતિમા એ ત્રણેમાં એક રોમનો ફેર નથી એવી એકતા સમજાવી. મૂર્તિનો સાક્ષાત્કાર થવા તથા

દિવ્યભાવે મહિમા સમજાવવા મહામુક્તો પાસે કીર્તનો કરાવ્યાં. આ બધું કરવામાં સર્વોપરી શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન એક જ કર્તા છે. એ જ કારણ ને સૌના સુખદાતા છે તેથી એમના જેવા બીજા કોઈ ન કહેવાય એટલે મોટામુક્ત મહારાજને અજોડ કહે છે. મોટા મુક્તના જોગ સમાગમથી આવો મહિમા સમજાય છે કેમ કે એ અનુભવથી કહે છે. મહારાજે કહ્યું છે કે અમારા ધામમાં જેવી દિવ્યસભા છે તે તુલ્ય કોઈ ધામમાં સભા નથી, આ તો પુરુષોત્તમ ભગવાનની સભા છે. આ સભા અલૌકિક દિવ્ય છે આવું જ્ઞાન સમજાય તો સદાય આનંદ વર્તે. બાપાશ્રી કહે છે કે આપણે તો મહારાજ, મુક્ત, સંત-હરિભક્તો સર્વેને દિવ્ય જાણવા તો દિવ્ય થવાય :

"મારી મૂર્તિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત."

શ્રીહરિ સદાય દિવ્ય તેજોમય ધામમાં અનંત મુક્તમંડળની સભામાં દર્શન દે છે. એ જ મહાપ્રભુ અહીં મૂર્તિરૂપે (પ્રતિમા સ્વરૂપે) દેખાય છે. શ્રીજીમહારાજમાં ત્યાગ-ભાગ નથી. અનંત મહામુક્તો એ મૂર્તિના દિવ્યસુખનું પાન કરે છે. બાપાશ્રી કહે છે કે આપણે પણ એ દિવ્યસુખનાં પારણાં કરવા. એ દિવ્ય અમૃતનું પાન કરવું, અને આનંદના સમુદ્રમાં ઝીલવું. આવા વચનોનો વિચાર કરતાંય સુખ, સુખ ને શાંતિ થઈ જાય તો મૂર્તિ આકારે રહેવામાં કેટલું સુખ થતું હશે? મોટા મુક્તોના અભિપ્રાયમાં તો મૂર્તિ વિના કોઈની સારપ જણાતી નથી એમને તો એ કારણ મૂર્તિનો જ આધાર હોય તેવું તેમના લખાણ પરથી સમજાય છે. આવું વિચારી શ્રીહરિની અલૌકિક દિવ્ય મૂર્તિનું જ પ્રધાનપણું રાખવાની તાણ રાખવી. ક્યાં ભગવાન! ને ક્યાં જીવ! એ ન બનવાની વાત બની ગઈ છે, તેથી આપણા ધન્ય ભાગ્ય છે. શ્રીજી-મહારાજે આપણો હાથ ઝાલ્યો ને અનેક જન્મના કર્મ બાળ્યા,

પોતાની દિવ્યમૂર્તિ આપી, નિર્ભય કર્યા :

"જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર;
આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વા'લો તરત ઉતારે ભવપાર."

આવું એમનું બિરદ છે. જેથી આપણે કહીએ છીએ કે હે શ્રીજીમહારાજ ! હે ન્યાલકરણ ! આપને પ્રતાપે અમોને આનંદ આનંદ વર્તે છે. વધું શું કહીએ !



આપણું બેસતું વર્ષ

આપણું દિવાળી પર્વ

શું ?

અંક ૩

આપણું બેસતું વર્ષ

તા. ૨૩-૧૦-૫૨ : નવું વર્ષ, સંવત ૨૦૦૯.

શ્રીજીમહારાજે આપણને મૂર્તિમાં રાખ્યા છે, તેથી એ દિવ્ય મનોહર મૂર્તિમાં ચૈતન્યને રસબસ કરી સળંગ-તદ્રૂપ-તલ્લીન-ઓતપ્રોત રહેવું. એ ભાવ ભૂલાય નહીં તો આપણે મહારાજના ખરેખરા કૃપાપાત્ર છીએ એમ મનાય. સત્સંગ દિવ્ય છે, મુક્તો તેજોમય દિવ્ય છે એમ કહીએ છીએ પણ બધાં મૂર્તિના આધારે છે. આપણો ચૈતન્ય અનાદિ મુક્તના ભાવે સળંગ મૂર્તિ આકારે થઈ મૂર્તિને જુવે એટલે સત્સંગનો ખરો દિવ્યભાવ સમજાયો કહેવાય. બાપાશ્રીની પ્રસન્નતાનું ફળ એ છે. શ્રીજીમહારાજે અનાદિ મુક્તની સ્થિતિ કરાવવા અનાદિની સ્થિતિ પોતે બતાવી તેથી આ અગમ વાત સુગમ બની છે. આપણને તો કારણમૂર્તિ મળી છે. મહારાજ પોતે જ એવા દર્શન દઈ અનુભવ કરાવે છે. અનાદિ તો મૂર્તિમાં જ છે. બાપાશ્રીના તથા સદ્‌ગુરુઓના જોગ-સમાગમથી આ વાત બરાબર સમજાણી. અ.મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી આદિ સંતો તથા અ.મુ. પર્વતભાઈ જેવા મહામુક્તોને પણ મૂર્તિમાં જ જોવા. આપણા ચૈતન્યને એક મૂર્તિ જ છે, ત્યારે એમને તો હોય જ.

આ જ આપણું બેસતું વર્ષ :— 'મૂર્તિ'!

શ્રીજીમહારાજનું અખંડ દર્શન
ચૈતન્યમાં રહે,
અખંડ અનાદિની સ્થિતિ
અનુભવાય એ જ પ્રાર્થના.

શ્રીજીમહારાજ તથા અનાદિ મહામુક્તોની અનહદ કૃપાથી
ઉપર મુજબનું અનુસંધાન અખંડ રહો.

તા. ૨૯-૧૦-૫૪ : શુક્રવાર, સંવત ૨૦૧૧

મંગળ પ્રભાત

મંગળ રૂપ મહારાજનું, મંગળ મુક્તા સદાય;
શ્રીહરિ સહજાનંદ પ્રભુ, મંગળ અમૃત પાય. ૧
મંગળ સંબંધ જેહને, મંગળ નૂતન વર્ષ;
મંગળ એક જ પ્રાપ્તિ, મંગળ એ જ સુહર્ષ. ૨
મંગળ નિશદિન એહને, મંગળ પ્રભાત ઝળહળે;
મંગળ સર્વે શ્રીહરિ જોતાં, અમંગળતા સહુ ટળે. ૩
સ્વામિનારાયણ સર્વોપરી, મંગળમૂર્તિ એક છે;
અચળ એનો આશરો, તે એક મંગળ ટેક છે. ૪
ધન્ય ધન્ય મંગળમૂર્તિ, ધન્ય ધન્ય દિવસ આજ;
ધન્ય ધન્ય ધર્મકુંવર પ્રભુ, ધન્ય મંગળ મહારાજ. ૫

: જય શ્રી સ્વામિનારાયણ :

તા. ૧૫-૧૧-૧૯૫૫ : સંવત ૨૦૧૨

મંગળ ધ્યાન

મંગળમય પ્રભુ શ્રીહરિ, દિવ્ય મનોહર રૂપ;
મંગળકારક મુક્તવૃંદ, અક્ષરધામ અનુપ. ૧
મંગળ જ્યોતિ ઝળહળે, તે મધ્યે પ્રભુ સાકાર;
મંગળ નૌતમ મહાપ્રભુ, કિશોર નર આકાર. ૨
મંગળ સત્સંગમાં રહ્યા, મંગળ કરવા કાજ;
મંગળ કારણ મૂર્તિ જે, સહજાનંદ મહારાજ. ૩
મંગળ કરવા કારણે, મંગળ ભૂમિ પર શ્યામ;
મંગળ યશ વિસ્તારીયા, નામ ધરી ઘનશ્યામ. ૪
મંગળ અનુપમ મૂર્તિનું, રૂપ હૃદયમાં ધારવું;
મંગળ કરણ મનહરણ, રૂપ સદા સંભારવું. ૫

મંગળ પ્રભાતે શ્રીહરિ આપ સર્વેનું દિવ્ય મંગળ કરો એ પ્રાર્થના.

તા. ૨-૧૧-૧૯૫૬ : સંવત ૨૦૧૩

નૂતન વર્ષની મંગળ પ્રભાતે
શ્રીહરિ પ્રાર્થના

તેજ તેજ અંબારમાં, તેજોમય મહારાજ,
આવ્યા અવની ઉપરે, કરવા જનના કાજ. ૧
જયકારી જય જય પ્રભુ, નામ ધર્યું ઘનશ્યામ,
પ્રગટ પ્રતાપ જણાવિયો, પોતે પૂરણ કામ. ૨
અવતારી અવતારના, સ્વામી સહજાનંદ,
નામ અનંત બહુનામીના, લેતાં થાય આનંદ. ૩
દિવ્ય અલૌકિક મૂરતિ, મહિમા અપરંપાર,
મુક્તવૃંદ સાથે ઘણાં, દિવ્ય સદા સાકાર. ૪
મંગળ એવા મહાપ્રભુ, મંગળ વર્ષ દિન માસ,
કરો મંગળ સૌ દાસનું, સદાય રહીને પાસ. ૫

આજના મંગળ પ્રભાતે શ્રીહરિનું ધ્યાન કરી આપણે પ્રાર્થના કરીએ કે હે મહાપ્રભુ! આપના શરણાગત એવા જે અમો તેમને પોતાના બાળ જાણી અમૃત નજરે સેવજો.

તા. ૨૦-૧૦-૫૭ : સંવત ૨૦૧૪, ગુરુવાર

મંગળ વર્ષ

અક્ષર પર આનંદઘન, અવિનાશી અલબેલ,
ભક્તિધર્મ સુત શ્રીહરિ, સુંદરવર રંગ છેલ;
સહજાનંદ આનંદ કંદ, હરિકૃષ્ણ ઘનશ્યામ,
દિવ્ય મનોહર મૂર્તિ, સર્વોપરી સુખધામ.

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાન પાતાના દિવ્યધામને વિષે અનંત કોટિ મુક્તોએ સેવ્યા થકા બિરાજમાન છે, એવા શ્રીહરિની નૂતન વર્ષે આપ સર્વે પર અમૃત નજર રહો, અને નવા વર્ષના મંગળ પ્રભાતે આપ સર્વેનું હરેક પ્રકારે મંગળ થાઓ, એ જ અભ્યર્થના.

તા. ૧૨-૧૧-૧૯૫૮ : સંવત ૨૦૧૫, કારતક શુદ ૧

મંગળ પ્રભાત

મંગલમય ઘનશ્યામ શ્યામ સૌના દિવ્યાકૃતિ છે સદા,
મુક્તા અનાદિ દિવ્ય નાથ સાથે મૂર્તિરૂપે સર્વદા;
તદ્રૂપ રસબસભાવ તલ્લીન રહે સાકાર જેમ શ્રીહરિ,
અવતારી અવતાર રીત ન્યારી મૂર્તિ રહ્યા છે ધરી. (૧)
અક્ષરધામ અખંડ તેજ જ્યોતિ અંબાર છે તેજનું,
મધ્યે મનોહર મોક્ષરૂપ મૂર્તિ નરરૂપ દિવ્યતનુ;
સહજાનંદ આનંદ કંદ સહુનાં સર્વોપરી રાજતા,
સુખના સાગર પ્રાણરૂપપ્રભુ ત્યાં અખંડ બિરાજતા. (૨)
શોભેમુક્તા સદાય શ્યામ સન્મુખ અગણિત તેજેભર્યા,
પરમએકાંતિક નામ ધામમાંહી સુખસુખમાં જે ઠર્યા;
એવા દાસ અખંડ દિવ્યરૂપે ધામે સભા એહની,
સર્વાંગે જ્યાં તેજ તેજ ઝળકે અદ્‌ભુત શોભા બની. (૩)
એકાંતિક પણ ધામરૂપ થઈને સત્સંગમાં સૌ રહ્યા,
ભક્તિ ધર્મ ને જ્ઞાન સિદ્ધ કરનાં વૈરાગ્યવંત જે થયા;
આવો દિવ્ય સમૂહ ધામ કેરો સત્સંગમાં જાણવો,
અંતર આનંદકંદરૂપ રાખી આનંદ પરમાણવો. (૪)
આજે મંગળવર્ષ માસમંગળ, મંગળ દિવસ આવિયો,
મંગળમય મહારાજ રાજ રાજે, ઉમંગ ઉલટાવિયો;
મંગળ કરવા કાજ આજ આવ્યા હરિકૃષ્ણ કરુણાનિધિ,
દિવ્યરૂપ ઘનશ્યામ શ્યામ પોતે સંભાળ સૌની લીધી. (૫)

આજના મંગળપ્રભાતથી શ્રીજીમહારાજની તમો સહકુટુંબ પર અમૃત નજર રહો.

તા. ૧૧-૧૧-૧૯૫૯ : સં. ૨૦૧૬ના
કારતક સુદ ૧૧, બુધવાર

દેવદિવાળીના સમૈયાની મંગળ પ્રભાતે

શ્રી ઘનશ્યામ પૂરણ કામ, અક્ષરધામ જે હરિ રાજતા;
નરદેહ રૂપ નવીનધારી, પુર છપૈયે બિરાજતા.
પિતા ધર્મ નેં માત ભક્તિ, ભ્રાત રામપ્રતાપ છે;
ભાઈ નાના શ્યામ હરિના, નામ ઈચ્છારામ છે.
એ ધર્મકુળ પરિવારમાં, ભૂતળ ધર્મને સ્થાપવા;
પ્રગટયા પ્રભુ સર્વોપરી, સુખ દિવ્ય અલૌકિક આપવા.
ભુવન વર્ષ અગિયાર રહીને, બાળ લીલા બહુ કરી;
વન વિકટ સાત વર્ષ ફર્યા, નીલકંઠ મૂર્તિ માધુરી.
જીવ અનંતને ઉદ્ધારવા, હરિ મોક્ષ કરવા કારણે;
ધર્યું નામ સહજાનંદ સ્વામી, પામર પતિત જન તારણે.
શ્રી સ્વામિનારાયણ સ્વયં, પ્રભુ સર્વ કારણ શ્રીહરિ;
એ જ્ઞાન સૌને આપવા, રીત નવીન અદ્‌ભુત આદરી.
સંપ્રદાય ઉજ્જવળ સ્થાપિયો, સંત અનંત સંગે બતાવિયા;
પ્રથમ વ્રત કરડાં ચલાવી, એ મુક્તને પણ તાવિયા.
દિવ્ય સુખ અલૌકિક આપવા, પછી સર્વ પર કરુણા કરી;
દેશવિદેશમાં વિચરણ કર્યું, ન્યાલકરણ પ્રભુ એ શ્રીહરિ.
એ મૂર્તિ આનંદ કંદની, અખંડ દિવ્ય ધામે રહે;
પુર છપૈયે પ્રગટ થયા તે, મૂર્તિ રૂપે સૌ કહે.
એ સ્વરૂપ ત્રણે એક છે, ફેર રોમનો જેમાં નહિ;
શ્રીમુખ વચનામૃત વિષે, એ વાત સૌ જનને કહી.

: જય શ્રી સ્વામિનારાયણ :

તા. ૨૦-૧૦-૬૦ : સંવત ૨૦૧૭, કારતક સુદ ૧, શુક્રવાર

મંગળ પ્રભાત

અક્ષરધામ સમાન આ ભૂમિ વિષે, રાજે સ્વયં શ્રી હરિ;
જેણે રૂપ અનુપ દિવ્ય ધરીયું, કરુણા અતિશય કરી.
છપૈયાપુર સર્વ શ્રેષ્ઠ જાણો, જ્યાં દૃષ્ટિ સૌની ઠરે;
પિતા ધર્મ ભક્તિ માત ભુવને, પ્રભુ બાળલીલા કરે.
કરતા નૌતમ ખેલ છેલ રસિયો, ઘનશ્યામ નામે હરિ;
જેણે રૂપ અનુપ એહ જોયું, મૂર્તિ નવીન માધુરી.
અમૃત ઘન નવનીત રંગ રસના, સર્વત્ર વરસાવિયા;
આજે મંગળ વર્ષ માસ દિન મંગળ, મંગળ પ્રભુ આવિયા.
નિરખી નૌતમ નાથ મુક્તા સાથે, ઉમંગ અંતર ભર્યો;
સુખના સાગર દિવ્ય મોજ દેતા, ધન્ય ન્યાલ મુજને કર્યો.

*

અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.

– શ્રીજીમહારાજ

આવા અક્ષરાતીત અવિનાશી શ્રી સહજાનંદ સ્વામી ભગવાનની આજે બેસતા વર્ષના મંગળ પ્રભાતથી આપ સહકુટુંબ પર અમૃત નજર રહો.

અભયવરદાતા અવિનાશી મહાપ્રભુ શ્રી સ્વામિ-નારાયણ ભગવાનની સ્મૃતિએ સહિત.....

તા. ૬-૧૧-૧૯૬૧ : સં. ૨૦૧૮ના
કારતક સુદ ૧, ગુરુવાર
(ભુજ-કચ્છથી)

નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષે નવનિધિ, દિવ્ય ચિંતામણિ જેહ;
અક્ષરધામના અધિપતિ, પુરુષોત્તમ પ્રભુ તેહ.
સ્વામિનારાયણ નામ જે, સ્વામી સહજાનંદ;
મનોહર સુંદર મૂરતિ, સદાય આનંદકંદ.
અવતારી સર્વોપરી, સર્વ નિયંતા રાજ;
મંગળ દિન પ્રભુ આજનો, મહેર કરો મહારાજ.
વંદન કરી સ્તવન કરું, ધરું અંતરમાં ધ્યાન;
દર્શન દેજો દાસને, ભક્તવત્સલ ભગવાન.
જન્મ ધરે કરોડો કદિ, તપ કરે યુગ અપાર;
અવિનાશી પ્રભુ ન મળે, એવા ધર્મકુમાર.
ભક્તિધર્મના ભુવનમાં, ખેલ કરે ઘનશ્યામ;
અખંડ તેજોમય શ્રીહરિ, સુંદર સુખના ધામ.
ઉત્તમ દિન પ્રભુ જાગીને, આવો શ્રી પરમેશ;
અનંત મુક્તના મધ્યમાં, શોભો નટવર વેશ.
કૃપા કરો કરુણાનિધિ, મહેર કરો મુનિભૂપ;
પ્રૌઢ પ્રતાપ જણાવતાં, સુંદરવર સુખરૂપ.

: જય શ્રી સ્વામિનારાયણ :

* * *

તા. ૨૯-૧૦-૧૯૬૨ : સં. ૨૦૧૯ના
કારતક સુદ ૧, સોમવાર

નૂતન વર્ષાભિનંદન

દિવ્ય સિંહાસને રાજતા, દિવ્ય તેજોમય અંગ;
વસ્ત્ર આભૂષણ દિવ્ય જે, દિવ્ય મુક્તવૃંદ સંગ.
અક્ષરધામ સ્વતેજમાં, દિવ્ય રૂપ સાકાર;
પુરુષોત્તમ પ્રગટ પ્રભુ, શ્રીહરિ સર્વાધાર.
અનંત ધામના અધિપતિ, નિર્ગુણ રૂપ સદાય;
દિવ્ય મનોહર મૂરતિ, નિગમ નેતી કહી ગાય.
કર્તા નિયંતા મહાપ્રભુ, સૌના કારણ શ્યામ;
અક્ષરાતીત અગમ અતિ, સ્વામિનારાયણ નામ.
અનાદિમુક્ત અદશ્ય રહે, પરમ એકાંતિક પાસ;
સૌના કારણ શ્રીહરિ, મુક્તવૃંદ સહુ દાસ.

આજના મંગળ પ્રભાતથી આપ સહકુટુંબ તથા સ્નેહીવર્ગને શ્રીજીમહારાજ સદાય સુખી રાખે એ જ પ્રાર્થના.

"અવતારી સર્વોપરી, સર્વ નિયંતા રાજ;
મંગળદિન પ્રભુ આજનો, મહેર કરો મહારાજ."

* * *

તા. ૧૫–૧૦–૧૯૬૩ : સંવત ૨૦૨૦

મંગલ પ્રભાત

નવીન વર્ષ દિન આજનો, ઉત્તમ પર્વ ગણાય;
અવસર ઉત્તમ જાણીને, સૌ જન આવે જાય. ૧
ચંદન છાંટયા ચોકમાં ભભકે ઘર ને દ્વાર;
ધજા પતાકા તોરણે, શોભે ભુવન અપાર. ૨
અવિનાશી આવ્યા આંગણે, ધર્મકુંવર હરિરાય;
હર્ષભર્યા હરિજન જુવે, જય જય મુખથી ગાય. ૩
પાઘ સોનેરી શિર પરે, છોગું મુગટ અનુસાર;
ચંદન ચર્ચ્યા ભાલમાં, કુમકુમ ચંદ્ર ઉદાર. ૪
તોરા બાજુ કપૂરના, અર્પ્યા હેત સહિત;
મૂર્તિ ઉતારે મીટથી, નિરખે થઈ પુલકિત. ૫
જોતા સૌ નયણા ભરી, કોટિ ભુવન શિરતાજ;
દિવ્યરૂપ મૂર્તિ સદા, તેજોમય મહારાજ. ૬
વિધ વિધ વાજાં વાગતાં, ઢોલ ત્રાંસા શરણાઈ;
મૂર્તિ મનોહર જોઈને, સૌ બોલે હર્ષ વધાઈ. ૭
પ્રીતમ પધાર્યા આંગણે, મંગળ વર્ષ શુભ દિન;
મંગળકારી મહાપ્રભુ, ધન્ય ધન્ય વર્ષ નવીન. ૮

મંગળવર્ષના ઉત્તમ દિવસે શ્રીહરિની સ્મૃતિએ સહિત આપ મુક્તમંડળ સહકુટુંબ સર્વેને સ્નેહપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

અનાદિ મુક્ત પ. પૂ. શ્રી સોમચંદભાઈ

સંકલિત

શ્રીમુખ પરાવાણી વચનામૃત સારાંશ

(૨૭૩)

ખંડ : ૪

વચનામૃત ગ્રંથની સર્વોત્કૃષ્ટતા

શ્રીસ્વામિનારાયણ ભગવાને સ્થાપિત આ ઉદ્ધવીય સંપ્રદાયમાં સર્વોત્તમગ્રંથ વચનામૃત તુલ્ય જ્ઞાનશાસ્ત્ર આ બ્રહ્માંડમાં કોઈ નથી, કેમ જે વેદ, વેદાંત, ઉપનિષદ, સાંખ્ય, યોગ, ગીતાભાષ્ય, વ્યાસસૂત્ર આદિ આધ્યાત્મિક ગ્રંથોના સારરૂપ આ વચનામૃત અદ્વિતીય ગ્રંથ છે. શ્રીજીમહારાજે કહ્યું છે : "આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદશાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દ માત્ર છે તે સર્વેનું અમે સાર કાઢીને આ વાર્તા કરી છે તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરી રૂપ છે." (મ૦ ૨૮)

વચનામૃત સારાંશ : ગઢડા પ્રથમ પ્રકરણ

૧

ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તે કઠણમાં કઠણ સાધન ને સર્વથી શ્રેષ્ઠ પ્રાપ્તિ છે. અમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખનારો ગોલોકાદિક ધામ, જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ તેને જોવાને ઇચ્છે તો દેખે છે. અમારું ધ્યાન કરતાં આવરણ કરે તે માયા જાણવી. અમારા આશ્રિત દેહ મૂકીને બ્રહ્મમય દેહને પામે છે. સ્વભાવ ઉપર વાત કરનારા સંતનો અવગુણ લે તેને સત્સંગમાં પ્રીતિ થતી નથી ને પાપ લાગે છે, તે પાપ સંતના અનુગ્રહથી ટળે છે ને સંતને તીર્થ કહ્યા છે.

૨

ગૃહસ્થના ઉત્તમ, મધ્યમ ને કનિષ્ટ વૈરાગ્યનાં લક્ષણ કહ્યાં છે.

૩

અમારી મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય, તેણે પણ અમારી તથા અમારા અવતારોની લીલા સંભારી રાખવી અને સાધુ, બ્રહ્મચારી તથા સત્સંગી સાથે હેત રાખવું.

૪

નમ્રતાની થઈને ગુણવાન પાસેથી તેના ગુણ શીખવા, પણ તેનો દ્રોહ થાય તેવી ઈર્ષા ન કરવી.

૫

મુક્તોએ સહિત પોતાનું ધ્યાન કરવાનું કહ્યું છે.

૬

પોતાના ગુણના માનનો ત્યાગ કરીને અમારો ને સંતનો વિશ્વાસ રાખે તે મોટપ પામે છે. અવિવેકીને એના

દોષ ટાળવાની અમે તથા સંત વાર્તા કરીએ તેને માને કરીને અવળી લે ને અમારો ને સંતનો અવગુણ લે તે પ્રતિષ્ઠાહીન થઈ જાય છે.

૭

જીવકોટી, ઈશ્વરકોટી અને અક્ષરકોટીનું તથા પોતાનું વાચ્યાર્થ એટલે અન્વયપણું અને લક્ષ્યાર્થ એટલે વ્યતિરેકપણું કહ્યું છે. પોતાને રહેવાનું પોતાની કિરણોના મધ્યને વિષે બ્રહ્મજ્યોતિ રૂપ ધામ છે તેને જીવકોટી, ઈશ્વરકોટી તથા અક્ષરકોટીથી પર કહ્યું છે. પાંચ ભેદ અનાદિ કહ્યા છે.

૮

ઈન્દ્રિયોની ક્રિયાને અમારી તથા અમારા ભક્તની સેવામાં રાખવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને સ્ત્રી આદિકના વિષયમાં પ્રવર્તાવે તો ભ્રષ્ટ થઈને કલ્યાણના માર્ગમાંથી પડી જાય છે. શાસ્ત્રના નિયમ પ્રમાણે વર્તીને એકાંતિક સાધુનો સંગ કરવાથી અમારી મૂર્તિ વિના માયિક વૈભવમાં તથા મૂળઅક્ષરાદિકના ઐશ્વર્યમાં તથા અમારા તેજરૂપ અક્ષરધામમાં ક્યાંય પ્રીતિ રહેતી નથી. પદાર્થ વડે કરીને તથા માને કરીને મોટપ માને નહિ, એક અમારી સદા સાકાર મૂર્તિની ઉપાસના વડે કરીને તથા પોતાના આત્માને અમારા તેજરૂપ માનવે કરીને જ મોટપ માને, ને તે મોટપ કોઈની મુકાવી મૂકે નહિ, ને અમારી મૂર્તિને સદાય દેખે, ને અક્ષરાદિકના ઐશ્વર્યમાં બંધાય નહિ, ને માયિક સુખ કોઈને આપવું તે રુચે નહિ, કેવળ જીવોને અમારા ધામમાં લઈ જવા એ જ રુચે, એ અમારા મુક્તનું અંગ છે. એવું અંગ સર્વેને કરવું.

૯

અમારી મનુષ્યરૂપ મૂર્તિને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ ન માને તેના મુખની વાત ન સાંભળવી.અમારી

આ મનુષ્યરૂપ મૂર્તિને વિષે દૃઢ નિષ્ઠા રાખીને, આ પ્રત્યક્ષ મૂર્તિના દર્શને કરીને જ જે ભક્ત પોતાને પરિપૂર્ણ માને તેને અમે અમારા ધામને વિષે જે અમારા ઐશ્વર્ય ને મૂર્તિઓ છે તેને દેખાડીએ છીએ.

૧૦

માંદાની તથા નિરાધારની સેવા કરવી, એમ દયાનું અધિકપણું જણાવ્યું છે. અને કૃતઘ્નીનું લક્ષણ કહ્યું છે અને પ્રાયશ્ચિત્ત કર્યું હોય તેને પાપે યુક્ત કહે તેને તેના જેવો જ પાપી કહ્યો છે.

૧૧

અંતઃકરણમાં વિષયની ઇચ્છા વર્તે તેને વાસના કહી છે. નિર્વાસનિક થઈને બ્રહ્મ જે અમારું તેજ તે રૂપ પોતાને માનીને અમારી ભક્તિ કરે તે એકાંતિક ભક્ત છે.

૧૨

જગતના કારણ જે પુરુષ, પ્રકૃતિ આદિક તેમના સ્વરૂપને જાણે ત્યારે અવિદ્યા થકી મુકાય છે. પુરુષ, પ્રકૃતિ આદિક સર્વના લક્ષણ તથા ઉત્પત્તિ કહી છે. પોતાના તેજરૂપ અક્ષરધામનું રૂપ કર્યું છે.

૧૩

પુરુષ ને પ્રકૃતિ એ બે જે અમારી શક્તિઓ તેણે સહિત જીવ જીવ પ્રત્યે અંતર્યામીરૂપે રહ્યા થકા જે જીવને જેના દેહ થકી ઉપજયાનો કર્મ સંબંધ પ્રાપ્ત થયો હોય તે જીવને તે દ્વારે ઉપજાવીએ છીએ. પણ જીવ અનેકરૂપે થતો નથી.

૧૪

વાસનાવાળા ત્યાગી કરતાં સંસારથી ઉદાસ રહે એવા ગૃહસ્થને શ્રેષ્ઠ કહ્યો છે, અમારી સાક્ષાત્ પ્રાપ્તિ થઈ હોય તેને અંતકાળે અમારી સ્મૃતિ ન રહે અથવા અકાળ મૃત્યુ થાય તોપણ તેનું કલ્યાણ થાય ને વિમુખ નરકે જાય અને

પોતાના આત્માને સત્ય જાણે ને અમારે ભોગવવાનાં પદાર્થ તેને ભોગવવા ઈચ્છે નહિ અને સર્વના સ્વામી જે અમે અમારા ગમતા પ્રમાણે વર્તે તે અમારો દાસ કહેવાય.

૧૫

અમે તથા સંત જેમ કહીએ તેમ કરે ને અમારી મૂર્તિ ધારવામાં નિત્ય નવી નવી શ્રદ્ધા રાખે તે એકાંતિક છે.

૧૬

જે પોતાના અવગુણનો ત્યાગ કરીને, અમારો તથા અમારા ભક્તનો ગુણ ગ્રહણ કરે ને અમારા તથા અમારા સંતના વચનમાં વર્તે ને આત્મા રૂપે વર્તે ને બંધનકારી પદાર્થ તથા કુસંગથી છેટે રહે ને સવળા વિચારને ગ્રહણ કરે તે વિવેકી છે.

૧૭

જે હિંમત વિનાની વાત કરીને અમારી પ્રસન્નતાના સાધનમાંથી બીજાને મોળા પાડે તે કુસંગી તથા નપુંસક છે.

૧૮

ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય ને અંતઃકરણ શુદ્ધ થાય તો અખંડ અમારી સ્મૃતિ રહે; અને સત્પુરુષનો સંગ કરવો. કુપાત્રને સત્સંગ બહાર કાઢી મૂકવો. અમારો વાદ લેશે તેનું જરૂર ભૂંડું થાશે.

૧૯

ધર્મ, આત્મનિષ્ઠા, પ્રીતિ ને વૈરાગ્ય એ ચાર અંગની દૃઢતા કરવાનું કહ્યું છે.

૨૦

અંતરવૃત્તિએ કરીને પોતે પોતાને ન જાણે ને ન જુએ તેને અતિશય અજ્ઞાની કહ્યો છે. અમારો પ્રતાપ વિચારીને અંતર્દૃષ્ટિ કરે તે પોતાના સ્વરૂપને પ્રકાશમાન દેખે અને

તેને મધ્યે અમને પ્રત્યક્ષ દેખે છે અને નારદ સનકાદિક જેવો એટલે અમારા સિદ્ધ મુક્ત જેવો સુખિયો થાય છે.

૨૧

સ્વધર્માદિક ચાર સાધન દૃઢ કરે તેના ઉપર અમે પ્રસન્ન થઈએ છીએ. એ ચાર સાધન તે એકાંતિક ધર્મ છે. સર્વ ક્રિયામાં અમારી મૂર્તિનું ચિંતવન કરવું અને દેહ-ગેહાદિકને અસત્ય જાણીને તેથી પોતાનું સ્વરૂપ જુદું માનીને, ધર્મે સહિત અમારી નિષ્કામ ભક્તિ કરવી. અમારો મહિમા સમજવા માટે સાધુનો સંગ રાખવો. અમારા પ્રતાપે પશુનું પણ કલ્યાણ થાય છે. અને અમારો એકાંતિક ભક્ત અર્ચિમાર્ગે કરીને અક્ષરધામને પામે છે, ને અમારી સેવામાં રહે છે. અને તે અક્ષરધામનાં બે સ્વરૂપ છે. મુક્ત સર્વે અમારા દાસ છે ને અમે સર્વેના સ્વામી છીએ. અમારા વિના બીજી વાસના રહી ગઈ હોય, તેને સિદ્ધિઓ દેખાય તેમાં મોહ પામે તો મોટું વિઘ્ન થાય.

૨૨

કથા-કીર્તનાદિક સર્વે ક્રિયામાં અમારી મૂર્તિને વિષે વૃત્તિ રાખે તો અમારી મૂર્તિમાં વૃત્તિ સ્થિર થાય છે.

૨૩

ત્રણ દેહથી પર જે પોતાનો જીવાત્મા તેને ચૈતન્યરૂપ જે અમારું તેજ તે રૂપ માનીને, તેમાં અમારી આ પ્રગટ મનુષ્યરૂપ મૂર્તિને ધારે તો પોતાના સ્વરૂપને તથા તે સ્વરૂપને વિષે આ અમારી મૂર્તિને અતિશય પ્રકાશમાન દેખે અને તેને અમારા ચરિત્રને વિષે સંશય થાય નહિ. અને અમારી આ મૂર્તિમાં એક વૃત્તિ પ્રેમે યુક્ત ને બીજી વૃત્તિ વિચારે યુક્ત અખંડ રાખવે કરીને એવી સ્થિતિ થાય છે.

૨૪

જ્ઞાને કરીને સ્થિતિ થાય ત્યારે એકરસ ચૈતન્ય ભાસે છે ને એ ચૈતન્યને વિષે અમારી મૂર્તિ ભાસે છે. એવી સ્થિતિ અમારી મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવાથી થાય છે. અમારો મહિમા જણાય તેના હૃદયમાં પ્રકાશ થાય છે ને પ્રણવ ને નાદ સંભળાય છે, ને ભૂંડા ઘાટ ટળી જાય છે. અમારે વિષે જે જે દોષ કલ્પે તે એને દુઃખ દે છે. અમને નિર્દોષ જાણે તે નિર્દોષ થઈ જાય છે. જેનું મન સ્થિર થયું હોય ને અમારો નિશ્ચય પણ દ્રઢ હોય તો પણ તેના હૈયામાં આનંદ આવતો નથી તે મોટી ખોટ છે. કોઈ હરિભક્તનો દોષ દેખવામાં આવે ત્યારે એનો પૂર્વ જન્મનો અથવા આ જન્મનો ભારે સંસ્કાર છે તો એને સત્સંગ મળ્યો છે એમ ગુણ લેવો.

૨૫

અમારો નિશ્ચય, મહિમા ને આત્મનિષ્ઠા એ ત્રણ ન હોય તેને એકલા સાધનથી કૃતાર્થપણું મનાતું નથી ને એ ત્રણનું બળ હોય તેને પૂર્ણકામ ને કૃતાર્થપણું મનાય છે. સમાધિના બે પ્રકાર કહ્યા છે.

૨૬

અમારા સંબંધી પંચવિષયમાં પ્રીતિવાન હોય, ને જગત સંબંધી પંચવિષયમાં અભાવ રહે, તે સ્થૂળ દેહને જાગ્રત અવસ્થાનો વિવેક છે. સ્વપ્નમાં અમારા સ્વરૂપ વિના એટલે મૂર્તિ વિના બીજા વિષયમાં ન લોભાય તે સૂક્ષ્મ દેહને સ્વપ્ન અવસ્થાનો વિવેક છે. અને કારણ દેહમાંથી પંચ વિષયની સારપ ટાળીને કેવળ અમારી મૂર્તિનું ચિંતવન કરે, તે ચિંતવન કરતાં કરતાં દેહાદિકની વિસ્મૃતિ થાય એ કારણ દેહને સુષુપ્તિ અવસ્થાનો વિવેક છે. અને શૂન્યભાવ એટલે આકાશવત્ નિર્લેપ કહેતાં માયાથી રહિત નિર્ગુણ થઈને પોતાને વિષે અમારી મૂર્તિને જોતાં જોતાં પ્રકાશ થઈ આવે

ને તે પ્રકાશમાં અમારી મૂર્તિ દેખાય છે તે જીવાત્માનો વિવેક છે. અમારે વિષે પ્રીતિમાં કોઈ વિઘ્ન આડો ન આવે તે વિચાર બળવાન છે.

૨૭

અમને સર્વે કર્તા હર્તા જાણે અને માન અપમાન તથા સર્વ પદાર્થને વિષે સમભાવ થાય એના હૃદયમાં અમે નિવાસ કરીએ છીએ. પછી તે ભક્ત અમારે પ્રતાપે કરીને અનંત ઐશ્વર્યને પામે છે ને અનંત જીવોના ઉદ્ધારને કરે એવો સમર્થ થાય છે. ગરીબને બીવરાવે તથા સિદ્ધાઈ દેખાડીને લોકોને બીવરાવે તે માયાના જીવ છે, ને યમપુરીના અધિકારી છે. રૂપવાન સ્ત્રી, સારી મેડી, સારું વસ્ત્ર તેમાં મોહ પામે એવા ગૃહસ્થ તથા સારી તુંબડી, સારું પાત્ર તેમાં મોહ પામે એવા ત્યાગી તે તુચ્છ બુદ્ધિવાળા છે.

૨૮

જે સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્‌-વાસના વૃદ્ધિ પામે ને સત્સંગીમાત્રનો અવગુણ આવે ને પાછો પડી જાય. સત્સંગમાં વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે, ને સત્સંગીનો ગુણ આવે, ને સત્સંગમાં મોટપ પામે.

૨૯

દેશકાળાદિક સારા સેવે, પંચવર્તમાને યુક્ત એવા બ્રહ્મ-વેત્તા સાધુનો સંગ કરે તો અમારી ભક્તિનું બળ અતિશય વૃદ્ધિ પામે છે. પૂર્વનું પ્રારબ્ધ તથા અમારી ને અમારા મુક્તની કૃપા તથા પુરુષ પ્રયત્ન એ ત્રણ પ્રકારે અંતર શુદ્ધ થાય છે.

૩૦

રજોગુણમાં ઘાટનો ડંસ બેસે છે ને નિષ્કપટપણે સત્સંગ કરે તો ઘાટની નિવૃત્તિ થઈ જાય.

૩૧

અમારી ને અમારા સંતની સેવા કરતો હોય તેનાથી વચને કરીને કોઈકને દુઃખવાય તો પણ તે નિવૃત્તિવાળા ભક્ત કરતાં શ્રેષ્ઠ છે. તેમાં અલ્પ સરખો દોષ દેખીને અવગુણ લે તેને અમારે વિષે પણ દોષ દેખાય તેને આસુરી બુદ્ધિવાળો જાણવો. અક્ષરાતીત પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જે અમે તે અમારો નિશ્ચય હોય ને અમારી આજ્ઞામાં વર્તે તે મોટો છે.

૩૨

અમારી કથા કીર્તનાદિકના વિષયી થવું. અમારી મૂર્તિરૂપી માળે તથા ખીલે રહેવું. સત્ત્વગુણ વર્તે ત્યારે અંતરવૃત્તિએ અમારું ધ્યાન કરવું, પણ રજતમ વર્તતા હોય ત્યારે ન કરવું, ને રજોગુણ વર્તે ત્યારે અંતઃકરણથી પોતાના આત્માને જુદો માનીને અમારું ભજન કરવું ને ઘાટથી કચવાવું નહિ.

૩૩

મૂઢપણું, પ્રીતિ ને સમજણ એ ત્રણ પ્રકારે આશરો કરવાથી પોતાની પ્રસન્નતા કહી છે ને તે આશરાનાં ત્રણ પ્રકારનાં લક્ષણ કહ્યાં છે. સમજણનું અંગ શ્રેષ્ઠ કહ્યું છે.

૩૪

સ્ત્રી પુરુષને તથા સ્ત્રીથી ઉપજેલી પ્રજાને પરસ્પર હેત થાય છે હેતરૂપીજ ભગવાનની માયા છે. જે અમારા સ્વરૂપથી એટલે અમારી મૂર્તિમાંથી જુદા પડે તે માયિક પદાર્થમાં તણાઈ જાય છે. ત્યાગીને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો અને ગૃહસ્થને પરસ્ત્રીનો ત્યાગ રાખવો તેમાં ફેર પડે તો કલેશ થાય છે અને અમારી આજ્ઞા પાળે તો સુખ થાય છે. વિમુખને કર્મ પ્રમાણે સુખ દુઃખ આવે છે.

૩૫

જેની બુદ્ધિમાં અમારો તથા અમારા મુક્તનો અવગુણ-

રૂપ દોષ હોય તે તથા તેની વાત સાંભળનારો એ બે કલ્યાણના માર્ગથી પડી જાય છે. જેની બુદ્ધિ એવી દૂષિત ન હોય ને તે થોડી હોય તો પણ તે કલ્યાણને માગે ચાલે છે. દૂષિત બુદ્ધિવાળો અમારા સન્મુખ થાય જ નહિ. ક્રોધ, માન, ઈર્ષ્યા ને કપટ એ ચાર વાનાં ન રાખે તેની બુદ્ધિ આસુરી ન થાય.

૩૬

વસ્ત્રાદિક પદાર્થને ભેળા કરી રાખે ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાં પ્રીતિ ન હોય એવા ત્યાગીને પાપી કહ્યો છે. ને કચરો ને કંચન સરખા થઈ જાય ને એક અમારે વિષે જ પ્રીતિ હોય તે સાચો ત્યાગી છે.

૩૭

આત્મારૂપ માને તો જન્મભૂમિ તથા દેહના સંબંધીમાંથી હેત ટળી જાય છે. અમારી ભક્તિ ન હોય ને તેમાં બીજા ગુણ ઘણા હોય તો પણ તેની સાથે હેત ન કરવું. અમને ને અમારા મુક્તોને સદા દિવ્ય સાકાર મૂર્તિ સમજે અને અમને એકને જ કર્તા જાણે તેને માથે કાળ, કર્મ ને માયાનો હુકમ નથી. એવી નિષ્ઠા ન હોય તે જડમતિવાળા ને મૂર્ખ છે. અમારા સ્વરૂપના જ્ઞાનવાળા છે તેમનો ચૈતન્ય મૂર્તિમાન થઈને અક્ષરધામને વિષે અમારી હજૂરમાં રહે છે.

૩૮

પોતાના મનનો નિરંતર તપાસ કરવો તથા અમારી મૂર્તિમાં નિમગ્ન રહી ન શકે તેને અમારાં લીલાચરિત્ર સંભારવાં તથા અમારી મૂર્તિનું ચિંતવન કરવું તથા બીજાના ઘાટને ટાળી નાખે એવા અમારા સમર્થ મુક્તનો સંગ કરવો, ને પોતપોતાના ધર્મમાં રહેવું. અમારો મહિમા સમજીને નિર્વાસનિક થાવું. અમારા વિના બીજો સંકલ્પ જ ન થાય ને આત્મારૂપે વર્તે ને અમારી ઉપાસના કરે તે સાચો ત્યાગી છે. અમારા વિના બીજું કાંઈ પોતાનું મનાય જ

નહિ તે ખરો હરિભક્ત છે. જે સમજાવી શકે ને સમજી શકે તે જીવનું સ્વરૂપ કહ્યું છે.

૩૯

સવિકલ્પ સમાધિવાળા જીવનમુક્ત જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ એ સર્વેને જુદા જુદા દેખે છે માટે સર્વેને સત્ય કહે છે અને નિર્વિકલ્પ સમાધિવાળા વિદેહ મુક્ત તે જીવ, માયા, ઈશ્વર, તેમને બ્રહ્મરૂપે દેખે છે અર્થાત જીવ, માયા, ઈશ્વર, તેમને દેખતા જ નથી. એક બ્રહ્મને જ એટલે અમને જ દેખે છે. જેમ લોકાલોક ઉપર ચડેલા પુરુષને પૃથ્વી ઉપર ઝાડ, મનુષ્ય તથા બીજા પર્વત તે કાંઈ દેખાતાં નથી એક પૃથ્વી જ દેખાય છે, તે માટે તે જીવ, માયા, ઈશ્વરને અસત્ય કહે છે અને આવી સ્થિતિ ન થઈ હોય ને તે શાસ્ત્રમાંથી શિખીને જીવ, માયા, ઈશ્વર, ગુરુ, શિષ્ય, વેદ, પુરાણ, શાસ્ત્ર તેમને મિથ્યા કહે તે નારકી થાય છે.

૪૦

અમારા તેજરૂપ અક્ષરધામના સાધર્મ્યપણાને પામીને અમારી મૂર્તિમાં સ્નેહે કરીને જોડાઈ જાય તે નિર્વિકલ્પ સમાધિવાળો છે જેને અમારી મૂર્તિમાં સ્થિતિ થઈ હોય એટલે અમારી મૂર્તિને દેખાતો હોય પણ બદ્રિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જઈને એમના મુક્ત જેવો થાઉં; એવો વિકલ્પ રહે તે સવિકલ્પ સમાધિવાળો છે. નવ પ્રકારે અમને ભજે તે ભક્તિ છે. અમને સદા સાકાર જાણીને અમારે વિષે સ્વામી સેવકભાવ રાખવો તે ઉપાસના છે.

૪૧

મૂળમાયા સુધી ક્ષર અને મૂળઅક્ષર સુધી અક્ષર તે સર્વથી પર અને સદા મૂર્તિમાન પ્રત્યક્ષ પુરુષોત્તમ જે અમે તે મૂળઅક્ષરથી લઈને બ્રહ્મા, ઈશ્વર, માયા, જીવ એ સર્વેને વિષે પાત્રની તારતમ્યતાએ અંતર્યામીરૂપે એટલે અન્વયસ્વ-

રૂપ જે અમારું તેજ તે દ્વારે કરીને રહ્યા છીએ પણ અમે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને અક્ષર તે રૂપે થયા નથી. અમે તો સર્વેથી પર છીએ અને એ સર્વેને અગમ્ય છીએ.

૪૨

બ્રહ્મસ્વરૂપને વિષે નિર્વિકલ્પ સ્થિતિ થયા વિના જીવ, માયા, ઈશ્વરાદિકને મિથ્યા કહે તથા વિધિનિષેધને ખોટા કહે તેને અધમ ને નાસ્તિક કહ્યા છે. કુસંગને યોગે ભૂંડું થાય છે. જેમ શ્રીકૃષ્ણને પ્રસંગે ગોપીઓ અભયપદ પામી તેમ અમારા પ્રસંગ થકી અભયપદને પામે છે. નાસ્તિકને નરકની પ્રાપ્તિ થાય છે.

૪૩

ચાર પ્રકારની મુક્તિને ઈચ્છે તે સકામ ને અર્થાર્થી છે અને તે ન ઈચ્છે ને એક સેવાને જ ઈચ્છે તે નિષ્કામ ને જ્ઞાની છે. અમારા એકાંતિક ભક્તનો સમાગમ કરીને તે કાચપ ટાળવી.

૪૪

અમારી મૂર્તિની અખંડસ્મૃતિ રહે તે સ્નેહનું રૂપ છે. સત્પુરુષને પ્રસંગે કરીને અમારે વિષે દૃઢ પ્રીતિ થાય છે. જગતનો પ્રસંગ કરે તો અમારે વિષે એવી પ્રીતિ થાય નહિ. દેહમાંથી ને સંબંધીમાંથી અહંમમત્વ ટાળીને, પોતાના આત્માને અમારા તેજરૂપ જે અક્ષરબ્રહ્મ તે રૂપ માનીને, વાસના ટાળીને, સ્વધર્મમાં રહીને અમને ભજે ત્યારે સાધુ થવાય.

૪૫

અમે મહાતેજોમય ને સદા સાકાર મૂર્તિ છીએ. સર્વત્ર પૂર્ણ ને સર્વત્ર વ્યાપક એવું સચ્ચિદાનંદ બ્રહ્મ તે અમારું તેજ છે તે તેજ દ્વારા અમે સર્વત્ર વ્યાપક છીએ ને તે તેજ

વસ્તુતાએ નિરાકાર હોવા છતાં પણ નિર્મળ અંત:કરણવાળાને સાકાર જેવું ભાસે છે.

૪૬

પોતાના પ્રકાશરૂપ ચિદાકાશને સર્વનો આધાર ને નિર્વિકારી કહ્યો છે ને એની લીનતા નથી એમ કહ્યું છે.

૪૭

ભક્તિનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા આત્મનિષ્ઠાને ત્યાગનિષ્ઠા એ ચારનાં રૂપ કર્યાં છે. એ ચાર નિષ્ઠાવાળાના ગુણદોષ કહ્યા છે. એ ચારે નિષ્ઠાઓને સરખી કહી છે ને એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે તેને પરમ ભાગવત સંત કહ્યા છે.

૪૮

પોતાની ચિત્ર મૂર્તિ પ્રમાણ કરી છે ને પ્રાત:કાળે એ મૂર્તિ પૂજવાની આજ્ઞા કરી છે. ચાર પ્રકારના કુસંગથી તથા કામાદિક શત્રુથી રક્ષા કરજો એમ ચિત્રમૂર્તિની સ્તુતિ કરવાનું કહ્યું છે. એ ચિત્રમૂર્તિ અમે ખંડે જ છીએ માટે અપૂજ્ય રહેવા દેવી નહિ. પંચવર્તમાનમાં રહીને પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિમાં અમે રહેશું.

૪૯

અમારી મૂર્તિમાં વૃત્તિ ન રહે તે અમારો ભક્ત નહિ. અમારી મૂર્તિ સામું જોઈ રહેવું તે અંતરદૃષ્ટિ છે અને મૂર્તિ વિના બીજે વૃત્તિ રહે તે બાહ્યદૃષ્ટિ છે.

૫૦

કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે તેને ઝીણી બુદ્ધિવાળો કહ્યો છે. એને બ્રહ્મની એટલે અમારી પ્રાપ્તિ થાય છે.

૫૧

પૃથ્વીથી લઈને મૂળઅક્ષરાદિક સર્વેના કર્તા ને સર્વેના કારણ ને એ સર્વેમાં અમારી અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક ને મૂળઅક્ષરાદિક સર્વથી પર એવા જે અમે તે જીવોના

કલ્યાણને અર્થે સર્વ મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપીએ છીએ ત્યારે જે જીવ અમારા મુક્તનો સમાગમ કરીને અમારો મહિમા સમજે ત્યારે તે જીવના ઇંદ્રિયો, અંત:કરણ સર્વે અમારા રૂપ થઈ જાય છે ત્યારે અમારું દર્શન અને અમારો નિશ્ચય થાય છે.

૫૨

સાંખ્ય, યોગ, વેદાંત ને પંચરાત્ર એ ચાર શાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે તેને પૂરો જ્ઞાની કહ્યો છે. શાસ્ત્રને મૂકીને મનમતે વર્તે તેને દંભી જ્ઞાની ને દંભી ભક્ત કહ્યો છે.

૫૩

પંચવર્તમાને યુક્ત એવા જે અમારા મોટા સાધુ તેની સ્વાભાવિક પ્રકૃતિ દેખીને તેનો અવગુણ લે તો તેના ભક્તિ, જ્ઞાનાદિક શુભગુણ ઘટી જાય છે અને એવા સાધુનો ગુણ લે તો તેના શુભગુણ વૃદ્ધિ પામે છે. પંચવર્તમાનમાં ફેર હોય તો અવગુણ લેવો.

૫૪

જીવને જેવો દેહના સંબંધીને વિષે દઢ પ્રસંગ છે તેવો અમારા ભક્તને વિષે થાય તે ભાગવત ધર્મ છે. અમારાં નાનાં મોટાં વચન યથાર્થ પાળે તેનો જ ધર્મ ને સત્સંગ દઢ રહે છે.

૫૫

દેશકાળાદિક અતિ ભૂંડા થાય તો અમારા ભજન સ્મરણની તથા વર્તમાનની ઉત્તમ દઢતાને પણ ટાળી નાખે. જેને પૂર્વનું ભારે બીજબળ ને ભારે પુણ્ય હોય તેની દઢતા ટળે નહિ. જેણે પૂર્વજન્મે તથા આ જન્મે મોટું પાપ કર્યું હોય અથવા અમારા મોટા ભક્તનો દ્રોહ કર્યો હોય તેને દેશ, કાળ, સંગાદિક અતિ પવિત્ર હોય તો પણ તેનું અંતર ભૂંડું થઈ જાય છે. તે જો ખબરદાર થઈને એવા મોટા પુરુષની

સેવા કરે તેા એ પાપ બળીને ભસ્મ થઈ જાય છે. માટે સારા દેશાદિક સેવવા.

૫૬

ત્રણ પ્રકારના ભક્તાથી જ્ઞાનીને અધિક કહ્યો છે. જ્ઞાન, ભક્તિ આદિક ગુણનું માન આવે તેમાં મોટા ગુણ નથી આવતા અને એ ગુણનું માન રાખે નહિ તેના હૃદયમાં અમે નિવાસ કરીને રહીએ છીએ. ભક્તાનું માહાત્મ્ય જાણીને સેવા કરે ને વિચારનું બળ રાખે તેા એ રૂડાગુણનું માન ટળી જાય છે. અમે સર્વે ધામેાના પતિ છીએ. ભક્તાના સુખને અર્થે મનુષ્ય જેવા દેખાઈએ છીએ પણ અમે ધામને વિષે એક એક નખમાં કેાટિ કેાટિ સૂર્યના પ્રકાશે યુક્ત છીએ ને આંહી તેા દીવેા કરે ત્યારે અમારું દર્શન થાય છે પણ એ સર્વેને પ્રકાશના દાતા છીએ. મહાપ્રલય થાય છે ત્યારે પણ અમે એક જ ભગવાન રહીએ છીએ. પ્રકૃતિપુરુષ દ્વારાએ અનંત કેાટિ બ્રહ્માંડને અમે જ ઉપજાવીએ છીએ. ગમે તેવેા પાપી જીવ હેાય તે અંત સમે અમારું સ્વામિનારાયણ એવું નામ ઉચ્ચારણ કરે તેા અમારા ધામને વિષે નિવાસ કરે એવેા અમારેા પ્રતાપ છે, એવેા અમારેા મહિમા જાણે તેા શુદ્ધ આત્મારૂપ એટલે અમારા તેજરૂપ થઈને પરમપદ એટલે અમારા સાધર્મ્યપણાને પામે છે.

૫૭

અમારા સ્વરૂપનું જ્ઞાન ને અમારું માહાત્મ્ય એ બે મેાક્ષના અસાધારણ હેતુ છે. દેહના સંબંધીમાં હેત છે તેવું અમારે વિષે હેત થાય તે હેત મૂઢપણાનું છે. અમારેા મહિમા જાણીને હેત કરે તે વિશેષ છે. સત્સંગમાં હેત રાખે તેા અયેાગ્ય સ્વભાવ ટળી જાય છે.

૫૮

દેહ, કુસંગ ને પૂર્વ સંસ્કાર એ ત્રણ ગુણની પ્રવૃત્તિના

હેતુ કહ્યાં છે. દેહને યોગે પ્રવર્ત્યા હોય તે ગુણ આત્મવિચારે કરીને ટળે છે. કુસંગને યોગે પ્રવર્ત્યા હોય તે ગુણ સંતને સંગે કરીને ટળે છે. મોટા પુરુષના રાજીપાથી મલિન સંસ્કાર ટળે છે. મોટા પુરુષની આગળ નિષ્કપટપણે વર્તે ને કામાદિક શત્રુનો ત્યાગ કરે ને તેનો ગુલામ થઈને રહે ને માન ટળે ભાવે એટલે માન હોય તો ખરું પણ ઉપરથી દેખાવા દે નહિ એ રીતે રહે તો મોટા પુરુષ રાજી થાય. મોટા પુરુષને નિર્દોષ જાણે તો સર્વે વિકારથી રહિત થઈને અમારો પાકો ભક્ત થાય. અમારા દાસનો ગુલામ થઈને રહે ને સર્વે ભક્તથી પોતાને ન્યૂન માને એ પાકા ભક્તનું લક્ષણ છે અને તેના શુભ ગુણ વૃદ્ધિ પામે છે.

૫૯

અમારો નિશ્ચય, વિશ્વાસ ને આસ્તિકપણું હોય ને અમને સર્વ કર્તા જાણે તો અમારે વિષે અસાધારણ સ્નેહ થાય છે. અમારો મહિમા જાણે છે તેને અમારે વિષે પ્રીતિ છે. સત્સંગ ને સત્‌શાસ્ત્રનું શ્રવણ કરવું તે પ્રીતિ જણાયાનું કારણ છે. શુભ-અશુભ દેશકાળાદિકના હેતુ શુભ ને અશુભ બે પ્રકારના પુરુષ છે.

૬૦

વાસના ટાળે તેને એકાંતિક ભક્ત કહ્યો છે. આત્મ-નિષ્ઠા, વૈરાગ્ય ને માહાત્મ્ય એ ત્રણ વાસના ટાળવાના ઉપાય કહ્યા છે. એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિક ધર્મ પમાય છે.

૬૧

આત્મનિષ્ઠા દૃઢ થાય તો ધીરજ ડગે નહિ. અંત સમે તો અમારી ઉપાસના જ કામ આવે છે. પાકા ભક્તને જ સિદ્ધિઓ આવે છે તેમાં ન લોભાય. અમે કસણી દઈએ તો રાજી થાય તેને અમે વશ થઈએ છીએ.

૬૨

અમને સર્વેથી જુદા અને સર્વેના નિયંતા ને સર્વેના કર્તા થકા નિર્લેપ જાણીને કોઈ રીતે ન ડગે એવો અમારો નિશ્ચય થાય તેને વિષે અમારા કલ્યાણકારી ગુણ આવે છે પછી તે ભક્ત અમારા જેવો સમર્થ ને નિર્બંધ થાય છે. આસુરી ને અતિ કુપાત્ર જીવ હોય તે સ્વભાવને મૂકે નહિ ને અમારો ને અમારા ભક્તનો દ્રોહ કરે ને અમારા ગરીબ ભક્તનું અપમાન કરે તેથી અમે દુઃખાઈએ ને એનું ભૂંડું થાય. સાધુને લેશમાત્ર માન રાખવું નાહ.

૬૩

અમારા નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે અમારું સામર્થ્ય ન દેખાય ત્યારે અંતર ઝાંખુ થઈ જાય અને પોતાને ભૂંડા ઘાટ થાતા હોય તે ટળે નહિ ત્યારે અમારે વિષે દોષ પરઠે જે મારા ઘાટ કેમ ટાળતા નથી. અમારો પરિપકવ નિશ્ચય હોય તે એમ જાણે જે આ મહારાજ છે ત્યાં જ અક્ષરધામ ને મુક્ત છે. પોતાને યથાર્થપણે જાણવાની રીત કહી છે. જે પૃથ્વીથી લઈને મૂર્તિમાન મૂળઅક્ષર પર્યંત એકબીજાથી મોટા ને એકબીજાના કારણ ને એકબીજાથી સૂક્ષ્મ ને મૂર્તિમાન કહ્યા છે. એ મૂળઅક્ષરને ધામ નામે કહ્યા છે ને અતિ મોટા કહ્યા છે ને એના એકેકા રોમમાં એટલે તેની કિરણોમાં અસંખ્યાત બ્રહ્માંડ ઉડતાં ફરે છે. એ મૂળઅક્ષરને વિષે અમે સદા વિરાજમાન છીએ એમ કહ્યું છે તે કાંતિએ કરીને રહ્યા છે. અમે અમારી કાંતિએ કરીને એટલે અમારા તેજરૂપ અક્ષરધામ તે દ્વારે કરીને કહી ગયા તે અક્ષરધામ જે મૂળ અક્ષર તથા અનંતકોટિ બ્રહ્માંડ અને તે બ્રહ્માંડોના ઈશ્વરો તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છીએ એવી રીતે મૂળઅક્ષરથી લઈને વાસુદેવ, બ્રહ્મા, શિવાદિકને વિષે અન્વયપણે રહ્યા છીએ અને તે અમારી કાન્તિરૂપ જે

અક્ષરધામ તેમાં કોટાનકોટિ સૂર્યના જેવા પ્રકાશમાન એવા અમારા મુક્તોએ સેવ્યા થકા વિરાજમાન છીએ એવા અતિ સમર્થ ને અતિ પ્રકાશે યુક્ત જે અમે તે જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થયા છીએ, આવો અમારો મહિમા સમજે તેને અમારો અડગ નિશ્ચય થાય ને તે કાળ, કર્મ, માયાના બંધનથી મુકાય છે ને તેને કાંઇ કરવું રહેતું નથી. અમે અનુક્રમે તથા અનુક્રમ વિના પણ મનુષ્યાકૃતિ ધારીએ છીએ. અતિ દૃઢ નિશ્ચયવાળા ભક્તનાં લક્ષણ કહ્યાં છે. અને એવો નિશ્ચય ન હોય તેના કલ્યાણમાં ફેર કહ્યો છે.

૬૪

દૃષ્ટા જે અમારું તેજ તે જેમાં વ્યાપક છે એવું દૃશ્ય જે મૂર્તિમાન અક્ષર એ બેયના અમે આત્મા છીએ અને એ બેયથી ન્યારા ને સદા મૂર્તિમાન છીએ. જીવોના કલ્યાણને અર્થે કૃપાએ કરીને મનુષ્યરૂપે દેખાઈએ છીએ. જે અમને આવી રીતે દિવ્યમૂર્તિમાન જાણીને અમારી ઉપાસના ભક્તિ કરે તે અમારા સાધર્મ્યપણાને પામે છે ને અનંત ઐશ્વર્યને પામે છે. જે અમને નિરાકાર જાણીને ભજે તે બ્રહ્મસુષુપ્તિમાં લીન થાય છે તે કોઈ દિવસ નિસરતો નથી. અમારી મૂર્તિમાં સ્થિતિ થઈ હોય તે થકી જ આ વાત પમાય છે.

૬૫

તમોગુણનું કાર્ય જે આકાશ તેની ઉત્પત્તિ ને લય કહ્યો છે પણ સર્વાધાર આકાશનો લય નથી કહ્યો. પિંડની ને બ્રહ્માંડની એકતા કહી છે ને સુષુમ્ણા નાડીનું અંત બ્રહ્મરંધ્ર કહ્યું છે તે બ્રહ્મરંધ્રને પામે ત્યારે મૂળપુરુષના તેજને દેખે છે, સ્નેહે કરીને અમારી મૂર્તિમાં લક્ષ થાય ત્યારે પ્રથમ જાગ્રતનો લય થાય છે. મને કરીને ચિંતવન કરતાં કરતાં સ્વપ્નને વિષે અમારી મૂર્તિમાં લક્ષ થાય ત્યારે પ્રથમ સ્વપ્નનો લય થાય છે. ઉપશમપણે કરીને અમારી મૂર્તિનું ચિંતવન

કરતાં કરતાં સુષુપ્તિને વિષે અમારી મૂર્તિમાં લક્ષ થાય ત્યારે પ્રથમ સુષુપ્તિનો લય થાય છે. જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ અવસ્થાનું ફળ તેને જીવ પોતાની ઈચ્છાથી અથવા કર્મે કરીને ભોગવી શકતો નથી; અમે ભોગવાવીએ તે અવસ્થાના ફળને ભોગવી શકે છે.

૬૬

ભાગવતમાં નિર્ગુણ કરીને કહ્યા હોય, ત્યારે શ્રી કૃષ્ણ ભગવાનને કહ્યા હોય અને સગુણ કરીને કહ્યા હોય ત્યારે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણને કહ્યા હોય એમ જાણવું. પણ તેજ પુંજ કહ્યા હોય ત્યારે તે તેજ સૂર્ય અને અગ્નિના પ્રકાશની પેઠે મૂર્તિનું સમજવું. તેમજ બ્રહ્મસત્તારૂપ એટલે અક્ષર બ્રહ્મરૂપ પ્રકાશ છે તે અમારી મૂર્તિનો છે અને અમે સદા સાકાર દિવ્યમૂર્તિ ને અનંત કલ્યાણ ગુણે યુક્ત છીએ. એકાંતિક સંત અમને દિવ્ય સાકાર, અક્ષરાતીત અનંત કોટિ મુક્તના તથા અક્ષરધામના આત્મા જાણે છે. અમે સદા સાકાર ને સર્વેના કારણ ને સર્વેના અવતારી છીએ.

૬૭

સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવવાની સમજણ કહી છે. સત્પુરુષના ગુણ ન આવે તેનાં લક્ષણ કહ્યાં છે.

૬૮

અમારી પ્રતિમા તે અમે સાક્ષાત્ છીએ. માટે જે અમારી પ્રતિમાને સાક્ષાત્ ભગવાન જાણીને ન પૂજે ને અમારી પ્રતિમાનાં તથા સંતની મર્યાદા ન રાખે તેને અમારો નિશ્ચય નથી. પ્રતિમાની તથા સંતની મર્યાદા ન રાખે તેનું કલ્યાણ નહિ થાય. જેને અમારી પ્રતિમાને વિષે ને મુક્તને વિષે નાસ્તિકપણું આવે તેને પ્રત્યક્ષ એવા જે અમે તે અમારે વિષે ને અમારા ધામને વિષે પણ નાસ્તિકપણું આવશે. ને અમને કર્તા નહિ માને એવો પાકો નાસ્તિક

થાશે. નાસ્તિકના ગ્રંથ સાંભળવાથી તથા તે ગ્રંથમાં પ્રતીતિ આવવાથી અથવા નાસ્તિકના સંગથી નાસ્તિક થાય છે. ભગવાનના સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરનારા ગ્રંથ સાંભળે તો નાસ્તિકપણું જાય ને આસ્તિકપણું આવે.

૬૯

અહિંસા ધર્મે કરીને કલ્યાણ થાય છે. ક્રોધેયુક્ત પ્રકૃતિ હોય તે દુષ્ટનો ધર્મ છે ને શાંત સ્વભાવે વર્તવું તે સાધુનો ધર્મ છે.

૭૦

કુસંગીના તથા સંતનાં શબ્દરૂપી લશ્કર આ જીવની બુદ્ધિમાં રહ્યાં છે તે બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે તેમાં કુસંગીના શબ્દનું બળ થાય ત્યારે જીવને વિષય ભોગવવાની ઇચ્છા થઈ આવે છે અને સંતના શબ્દનું બળ થાય ત્યારે જીવને વિષય ભોગવવાની ઇચ્છા થાતી નથી. બહારના કુસંગીનો સંગ ન રાખે ને બહારના સંતનો સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય છે. સંકલ્પનો હઠાવ્યો હઠે નહિ ને સાધુનો સંગ રાખે તેનું અમે પૂરું કરશું. બીજી સર્વ ઇચ્છાનો ત્યાગ કરીને પોતાના કલ્યાણને જ અર્થે સત્સંગ કરે તો અમારો અડગ નિશ્ચય થાય છે.

૭૧

અમારા ભક્તનો દ્રોહ કરે તે અપરાધને અમે માફ કરતા નથી. કોઈનું રૂડું દેખી ખમાય નહિ તે ઈર્ષ્યાનું રૂપ છે. જીવોના કલ્યાણને અર્થે અમે મર્ત્ય લોકને વિષે દર્શન આપીએ છીએ ત્યારે અમારી દિવ્યમૂર્તિને મનુષ્યના જેવી દેખાડીએ છીએ. પણ મનુષ્યભાવ નથી, માટે મનુષ્યના જેવાં દેખાતાં એવાં ઇંદ્રિયાદિક તત્ત્વ તે દિવ્ય છે પણ ત્યાગભાગ નથી. માટે સર્વં ખલ્વિદ બ્રહ્મ ॥ એ જે શ્રુતિએ કહ્યું છે તે મનુષ્યરૂપે દેખાતું એવું જે અમારું સ્વરૂપ બ્રહ્મ છે એટલે

દિવ્ય છે, એવો એ શ્રુતિનો અર્થ છે પણ સમગ્ર જગત બ્રહ્મ છે, એમ એ શ્રુતિનો અર્થ ન સમજવો ને અમારી મૂર્તિ વિના જે માયિક નામરૂપ છે તે નાશવંત છે, એમ ।। घटवत् सर्गादि विनश्यति ।। એ શ્રુતિનો અર્થ છે. અમને સદા સાકાર જાણીને ભક્તિ કરે તો કલ્યાણ થાય છે. જીવના કલ્યાણને અર્થે અમે મૂર્તિ ધારીએ છીએ ત્યારે અમારું અક્ષર-ધામ ને દિવ્યમૂર્તિ એવા મુક્ત અને અમારાં સર્વે ઐશ્વર્ય તે સર્વે અમારી આ મૂર્તિના ભેળાં જ હોય છે, એમ સમજવું. આંહી જે ભક્તજન માયિક પદાર્થે કરીને અમારી તથા અમારા સંતની એટલે મુક્તની સેવા કરે છે તેને અમારી મૂર્તિનું દિવ્ય સુખ આપીએ છીએ.

૭૨

અમારો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય અને અમારા સંતનું ને સત્સંગનું માહાત્મ્ય ઘણું જાણતો હોય તે ભક્તનું કાળ, કર્મ ભૂંડું કરી શકતાં નથી. એવી નિષ્ઠામાં ફેર હોય તેનું રૂડું થતું નથી. ગરીબને કલ્પાવે, કોઈને માથે જૂઠું કલંક દે તથા પાંચ પ્રકારની સ્ત્રીઓનો ધર્મભંગ કરાવે તેને બ્રહ્મહત્યા જેટલું પાપ લાગે છે. અમારા મનુષ્ય ચરિત્રને અમારા ભક્ત દિવ્ય જાણે અને વિમુખ તથા કાચો હરિભક્ત દોષ ધરે છે અને અમે ક્ષર, અક્ષરથી ન્યારા ને તેના આધાર છીએ. અમારા એક એક રોમના છિદ્રમાં અનંતકોટિ મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડ પરમાણુવત્ રહ્યાં છે એવા જે અમે તે મનુષ્ય જેવી મૂર્તિ ધારીને મનુષ્ય જેવા ચરિત્ર કરીએ તેને કલ્યાણકારી સમજે એજ અમારો પૂરો ભક્ત છે. જેને અમારો માહાત્મ્ય વિનાનો નિશ્ચય હોય તેને કલ્યાણમાં સંશય રહે છે. જેને અમારો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને કલ્યાણમાં સંશય નથી રહેતો. ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારનાં ભક્તનાં લક્ષણ કહ્યાં છે.

૭૩

વીર્ય કામનું રૂપ છે. વીર્ય સૂક્ષ્મ દેહ ભેળું રહે છે. સ્ત્રીના સંકલ્પથી વીર્યપાત થાય તે કાચો બ્રહ્મચારી છે અને સ્ત્રીનો સંકલ્પ ન થાય એવું યત્ન કરવું. દેહ ઇંદ્રિયોથી પોતાને જૂદો સમજીને શાસ્ત્રની મર્યાદા પ્રમાણે ક્રિયા કરે તેમાં પોતાને અકર્ત્તા સમજે ને હર્ષ, શોક પામે નહિ એ સાંખ્યવાળાનું લક્ષણ છે. સ્ત્રીનો સંગ કરે તો પણ ઉર્ધ્વરેતા રહે તે તથા અમારે વિષે પોતાના આત્માની એકતા કરીને પોતાને મુખે અમને જમાડી દે તે યોગવાળાનું લક્ષણ છે. અમારી ઉપાસનાથી તથા નિર્વાસનીકપણાથી દઢ નિષ્કામી થવાય છે. આત્મનિષ્ઠા, અમારું ધ્યાન ને યથાર્થ જ્ઞાને સહિત વૈરાગ્ય એ વાસના જીત્યાનો ઉપાય છે. મોટા પુરુષને વિષે નિર્દોષ બુદ્ધિ રાખે તે દોષે રહિત થાય છે ને દોષ પરઠે તે ભ્રષ્ટ થાય છે. આત્મનિષ્ઠા ને અમારી મૂર્તિનો મહિમા સમજે તેને વાસના રહેતી નથી. વાસના સમાધિમાંથી પાછો ખેંચી લાવે એવી બળવાન છે. સમાધિમાં બ્રહ્મના પ્રકાશમાં અધિકપણું માને તો અમારી ઉપાસનાનો ભંગ થાય છે માટે આ મૂર્તિનો દઢ નિશ્ચય કરવો. અમારે વિષે અધિક પ્રીતિ થવાનું કારણ તે અમારી વાર્તા તથા દર્શન વિના રહેવાય નહિ તે છે. મન અર્પ્યું હોય ને ન અર્પ્યું હોય તેનાં લક્ષણ કહ્યાં છે.

૭૪

સંપત મળવાથી વૈરાગ્ય કળાય છે. આપત્કાળથી સમજણ કળાય છે. અમારી ઈચ્છાથી સત્સંગનું ઉત્કૃષ્ટપણું થાય અથવા ગૌણપણું જણાય અથવા પોતાને માન, અપમાન થાય તેમાં રાજી રહેવું. અમારી મૂર્તિ વિના બીજે કયાંઈ પ્રીતિ રાખવી નહિ. **અમારે તપની રુચિ છે અને તમે અમારા દાસ છો** માટે તમારે પણ તપની રુચિ વિશેષ રાખવી. અમે કાંઈક અંગીકાર કરીએ છીએ તે ભક્તની ભક્તિ જાણીને કરીએ

છીએ. બીજા અવતાર કરતાં અમે અત્યંત ત્યાગી છીએ ને જીવોના કલ્યાણને અર્થે અમે તપ કરીએ છીએ માટે અમારા આશ્રિતો સર્વેને ત્યાગ વિશેષ રાખવો. અમારે આધિન રહીને અમારું ભજન કરવું.

૭૫

અમારા ભક્ત ઉપર હેત રાખે તેનું કલ્યાણ થાય ને દ્વેષ કરે તે નરકે જાય. જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને સ્વધર્મ સંપૂર્ણ હોય તેને અમારો માહાત્મ્યે સહિત નિશ્ચય થાય છે.

૭૬

ક્રોધ, માન, ઈર્ષ્યા ને કપટ રાખે તે અમને ગમતો નથી. કામી તો વિમુખ છે અને અમારા ગમતા પ્રમાણે વર્તવામાં મુંઝાય નહિ તે પાકો સત્સંગી છે.

૭૭


અમારો આશરો ને નિશ્ચય હોય તેમાં અમારા કલ્યાણકારી ગુણ ને સાધુનાં બત્રીસ લક્ષણ આવે છે. જે પંચવર્તમાનને મૂકીને જ્ઞાન, ભક્તિનું બળ લે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી ને અસુર છે તેની વાત ન માનવી. કાળે કરીને અવસ્થાએ કરીને અંતસમે સારું નરસું જણાય છે. બ્રહ્મરૂપ થઈને ને સામર્થ્ય જણાવીને તો અમારો ભક્ત જ દેહ મૂકે. વિમુખ સારી રીતે દેહ મૂકે તોય નરકે જાય ને અમારો ભક્ત સૂનમૂન રહીને દેહ મૂકે તો પણ કલ્યાણ જ થાય.

૭૮

કર્મનું બળ રાખવું નહિ ને રૂડા દેશાદિક સેવવા. અમારા પ્રાકૃત ચરિત્રને કલ્યાણકારી જાણે તેને પરિપકવ નિશ્ચય છે. એવા નિશ્ચયવાળાને અમારે વિષે ને અમારા મુક્તને વિષે દોષ બુદ્ધિ ન આવે. પૂર્વનો બળિષ્ટ સંસ્કાર અથવા ભય, કામ ને સ્નેહ અખંડ હોય તેને અમારી મૂર્તિ ત્રણે અવસ્થામાં દેખાય છે. સત્સંગનો પક્ષ હોય તેનો અચળ

પાયેા છે. એવા પક્ષવાળાના કામાદિક શત્રુ નાશ પામે છે. જેને સત્સંગીને વિષે ને કુસંગીને વિષે સમભાવ હેાય ને વિમુખ છે. જેને સત્સંગનેા પક્ષ હેાય તેનેા અમને ને સંતને ભરૂસેા આવે છે ને તેના ઉપર હેત રહે છે. ઈન્દ્રિયેા, અંતઃકરણને અગેાચર અને અક્ષરધામથી પર એવા અમેાએ દયા કરીને દર્શન આપ્યાં છે. પેાતાના રાજીપાનેા ઉપાય બતાવ્યેા છે. અમે ને અમારા મુક્ત જેવા અક્ષરવામમાં દિવ્ય છીએ તેવા જ દિવ્ય જાણે અને જ્યાં અમે ને અમારા મુક્ત વિરાજતા હેાઈએ તે સ્થાનને અક્ષરધામ જાણે તેા આઠે પહેાર આશ્ચર્ય ને આનંદ રહે છે. અમારા મુક્તને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન, કર્મ, વચને સમાગમ કરે તેા એમાં સંતનાં લક્ષણ આવે છે. નિર્વિકલ્પ સમાધિ ન થતી હેાય તેણે કથા-કીર્તન કરવાં. પંચવર્તમાન સંપૂર્ણ રાખે તેના ઉપર અમે ને અમારા મુક્ત પ્રસન્ન થઈએ. કામાદિક શત્રુનું બળ ઘટવાનેા અને કલ્યાણને માર્ગે ચાલ્યાની સામર્થ્ય વધવાનેા ઉપાય બતાવ્યેા છે. અમને અક્ષરધામથી પર સર્વના કર્તા, નિયંતા ને મૂળ અક્ષરાદિક સર્વેને અમારી શક્તિએ કરીને ધરી રહ્યા છીએ એવેા અમારેા મહિમા જાણે અને અમને આણુ આણુ પ્રત્યે સર્વત્ર જાણે તેા અમારી મર્યાદા રહે છે. અમારાં પ્રાકૃત ચરિત્રમાં સંશય કરવેા નહિ. અમે રામકૃષ્ણાદિક અવતારેામાં અમારું ઐશ્વર્ય મૂકીને અનંત જીવેાનેા ઉદ્ધાર કર્યેા છે, એવા જે અમે તે અમારા આ સંત છે એમ જાણે તેા અમારા સંતનેા મહિમા અતિશય જણાય છે. જીવનું અન્વય ને વ્યતિરેકપણું કહ્યું છે. અસદ્વાસના થવાનેા ને વિમુખ થવાનેા હેતુ કહ્યેા છે. મેાક્ષનેા ઉપાય બતાવ્યેા છે. મારકૂટ થાતી હેાય, નિરાકારવાદી ને કર્મવાદી, શક્તિપંથી, કુંડાપંથી તેમનેા યેાગ થતેા હેાય ત્યાંથી ભાગી

છૂટવું. અમારું માહાત્મ્ય યથાર્થ જાણે નહિ તેને અસદ્ભાસના રહે છે. યથાર્થ માહાત્મ્ય જાણે તો અમારે વિષે ને મુક્તને વિષે ને અમારાં કથા કીર્તનને વિષે અચળ હેત થાય છે. અમને સર્વ અવતારોના કારણ જાણે તો અમારી નવધા ભક્તિ અચળ રહે છે. કામ, ક્રોધ, લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે. અને આત્માનંદ સ્વામી આદિક ચાર સદ્‌ગુરુઓ મોટેરા છે.



વચનામૃત સારાંશ : સારંગપુર પ્રકરણ

૧

પંચવિષયનો અતિશય ત્યાગ થાય તો જ મન જીત્યું જાણવું. ત્રણ દેહથી પોતાના આત્માને વિલક્ષણ સમજે અને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે તે અમને વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુરાદિક ધામોના તથા અનંતકોટિ બ્રહ્માંડના પતિઓના સ્વામી જાણે અને અમને પોતાના આત્માને વિષે અખંડ વિરાજમાન જાણે અને અમારા એક રોમના સુખ આગળ અનંત જીવ, પુરુષ, બ્રહ્મ, અક્ષર તેમની કોટિઓનાં જે સુખ તેને અતિશય તુચ્છ જાણે, આવું અમારા સ્વરૂપનું જ્ઞાન થાય તેને જ સર્વે વિષય સુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય. આવી સમજણ વિનાનું ઝાઝું હેત જણાતું હોય તો પણ સારા વિષયની પ્રાપ્તિ થાય અથવા વિષયનું સુખ મટી જાય ત્યારે હેત રહે નહિ અને વિકળ જેવો થઈ જાય. (૭૯)

૨

રૂપ, કામ, લોભ ને સ્વાર્થે કરીને અમારે વિષે હેત કરે તે અંતે નાશ પામે છે. વચને, દેહે ને મને કરીને જે ગુણ તેણે કરીને અમારે વિષે હેત થયું હોય તે નાશ નથી પામતું. તે ગુણે કરીને અમારે ને ભક્તને પરસ્પર હેત થાય છે. તે પ્રમાણે વર્તવાની વિક્તિ કહી છે. મનુષ્ય આગળ વાત કરવી પણ અમારાં દર્શન કરતી વખતે બીજાં દર્શન કરવાં નહિ અને નેત્રને ને શ્રોત્રને વિશેષે નિયમમાં રાખવાં. (૮૦)

૩

પ્રત્યક્ષ પૂજા અને માનસી પૂજાનું સરખું ગૌરવ કહ્યું છે તે બે પ્રકારની પૂજા આત્મામાં મૂર્તિનો સાક્ષાત્કાર થાય તો

પણ દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી કરવી. પ્રત્યક્ષ પૂજા ને માનસી પૂજા કરતા હોય તેમને અમારી પૂજા, સેવા, કથા, કીર્તનને વિષે શ્રદ્ધા ને અમારું અતિશય માહાત્મ્ય હોય તે પરમ ભાગવત છે. શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કારનાં લક્ષણ કહ્યાં છે. (૮૧)

૪

પોતાના ચૈતન્યને ત્રણ દેહથી પૃથક્ માનીને અમારી મૂર્તિનું ચિંતવન કરે તે દઢ વિવેકી છે. દેહરૂપ માનીને એક ક્ષણવાર સ્ત્રીનું ચિંતવન કરે તે ગોબરો છે. અત્યંત નિર્વાસનિક થાય ત્યારે જ અમારા ધામને પામે; નહિ તો ઇંદ્રથી લઈને પ્રધાનપુરુષ સુધી જે દેવતા તેના લોકને પામે. (૮૨)

૫

શ્રદ્ધા તથા અમારા ને સંતના વચનમાં વિશ્વાસ ને અમારે વિષે પ્રીતિ ને માહાત્મ્ય એ ચાર હોય તેની વાસના ટળી જાય છે. તેમાં એક માહાત્મ્ય અતિશય દઢ હોય તોપણ વાસના ટળી જાય છે ને કલ્યાણકારી ગુણ આવે છે. જીવ, ઈશ્વર, અક્ષરને પોતાનું અન્વય વ્યતિરેકપણું કહ્યું છે. અમે જેમ બદ્ધ ને મુક્ત જીવોને વિષે અંતર્યામીપણે રહ્યા છીએ તેમજ ઈશ્વર ને અક્ષરને વિષે રહ્યા છીએ. અમારું માહાત્મ્ય જાણીને મને સહિત જ્ઞાનેંદ્રિયોએ કરીને દર્શન, સ્પર્શ, શ્રવણાદિક કરે તેને જ દર્શનાદિકનું સંપૂર્ણ ફળ થાય છે અને બીજાને બીજબળ થાય છે. (૮૩)

૬

સ્થૂળ દેહે વિવેકે સહિત પૂર્વ કર્માનુસારે બાહ્ય પંચવિષયના ભોગને ભોગવે તે સત્ત્વગુણ પ્રધાન જાગ્રત અવસ્થા કહી છે ને તેમાં ભ્રાંતિએ કરીને અયથાર્થપણે ભોગ ભોગવાય તે જાગ્રતમાં સ્વપ્ન અવસ્થા કહી છે, ને જાગ્રતમાં વિવેક રહિત ભોગ ભોગવાય તે જાગ્રતમાં સુષુપ્તિ કહી છે, આ સ્થૂળ

દેહની વિક્રિતા છે. સૂક્ષ્મ દેહમાં પૂર્વ કર્માનુસારે વાસનામય ભોગ ભોગવે તે રજોગુણ પ્રધાન સ્વપ્ન અવસ્થા છે ને સ્વપ્નમાં વિવેકે સહિત વાસનામય ભોગ ભોગવે તે સ્વપ્નમાં જાગ્રત અવસ્થા છે ને સ્વપ્નના ભોગને ભોગવતો થકો જાણે નહિ તે સ્વપ્નમાં સુષુપ્તિ અવસ્થા છે. ઇન્દ્રિયો, અંત:કરણની વૃત્તિઓ તથા વાસના તથા જ્ઞાતાપણું ને કર્ત્તાપણું એ સર્વ કારણ દેહમાં લીન થઈ જાય તે તમોગુણ પ્રધાન સુષુપ્તિ અવસ્થા છે અને એ સુષુપ્તિને વિષે કર્તાવૃત્તિ ઉત્પન્ન થાય તે સુષુપ્તિમાં સ્વપ્ન છે અને જાગ્રત ને સ્વપ્નની પીડાના તાપની વૃત્તિ સુષુપ્તિના સુખમાં પ્રવેશ કરે તેના પ્રતિલોમપણાનું જ્ઞાન થાય તે સુષુપ્તિમાં જાગ્રત અવસ્થા છે. આ કારણ દેહની વિક્રિતા છે. આ અવસ્થાઓના ભેદનું જ્ઞાન આપનારા અને આ અવસ્થાઓને વિષે જીવોને કર્મફળને આપનારા મૂળ-પુરુષદ્વારાએ અમે છીએ. વૈરાજપુરુષની ચાર વાણીનું રૂપ કર્યું છે, જીવની ચાર વાણીનાં રૂપ કર્યાં છે. (૮૪)

૭

મનોમયચક્ર તે મન છે. અને દસ ઇંદ્રિયો તે એની ધારા છે. તે ધારા એકાંતિક સંતના સમાગમથી બૂંઠી થાય છે. એવા સંત જ્યાં રહેતા હોય તે નૈમિશારણ્ય ક્ષેત્ર છે. ત્યાં કલ્યાણને ઈચ્છવું ને ત્યાં જ દૃઢ મન કરીને રહેવું. (૮૫)

૮

ઈર્ષ્યા, ક્રોધ, મત્સર ને અસૂયાની પ્રવૃત્તિનો હેતુ કહ્યો છે અને ઈર્ષ્યાનું રૂપ કર્યું છે. (૮૬)

૯

ગુણે કરીને યુગની પ્રવૃત્તિ છે. કર્મે કરીને ગુણની પ્રવૃત્તિ છે. ધ્યાન કરવા ન દે એવા ગુણ જેને વર્તતા હોય તેણે પોતાને ગુણાતીત માનવું અમારો મહિમા સમજવો જે જેમનું નામ લીધાથી સર્વે પાપ બળી જાય એવા આ ભગવાન

શ્રી સ્વામિનારાયણ તે મને પ્રત્યક્ષ મળ્યા છે, એવો અમારો મહિમા સમજીને અમારી આજ્ઞામાં રહીને પોતાને પૂર્ણકામ માનવું. અમારા સંતનો સમાગમ કરે તો દેહ છતાં બ્રહ્મરૂપ થઈ જાય. ગૃહસ્થની પેઠે ત્યાગીએ વસ્ત્ર, અલંકારે કરીને અમારી પૂજા કરવી નહિ. પત્ર, પુષ્પ, ફળ ને જળે કરીને જ કરવી પણ પોતાના સ્થાન એટલે ધર્મથી ચળવું નહિ. (૮૭)

૧૦

ધર્મી ને અધર્મી એ બે પ્રકારના માણસનાં લક્ષણ કહ્યાં છે. ધર્મવાળાને માર્ગે ચાલીને સાચા સંતનો સમાગમ કરવાનું કહ્યું છે. બાહ્યદૃષ્ટિવાળાની સમજણ મિથ્યા છે. આત્મદૃષ્ટિવાળાની સમજણ સત્ય છે ને એ મુક્ત છે ને એનું દર્શન તે સાક્ષાત્ ભગવાન જે અમે તે અમારા જેવું જ છે. ને જે એવા સંતનું અપમાન સહન કરીને એના સમાગમમાં પડ્યો રહે તેને પણ એ સંતના જેવો જાણવો અને તે સંતના જેવી જ એને પ્રાપ્તિ થાય છે. (૮૮)

૧૧

વૈરાગ્ય, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, અહિંસા ને આત્મનિષ્ઠા એ પાંચ સાધન તે પુરુષ પ્રયત્ન છે તેણે યુક્ત થાય તે જન્મ-મરણથી રહિત થઈને આત્મસત્તાને પામે છે એટલે અમારા તેજરૂપ થાય છે. તે ઉપર જ અમારી કૃપા થાય છે ત્યારે અમારા તુલ્યપણાને પામે છે ને અમારા જેવો જ સમર્થ થાય છે. એ અંગમાં ન્યૂનતા હોય તો અમારા અક્ષરધામ વિના બીજા ધામોને પામે છે ને વધુ સવાસનિક હોય તો દેવલોકને પામે છે. ખબરદાર થઈને મૂંડે તો આ દેહે જ સર્વે કસર મટી જાય. (૮૯)

૧૨

બીજા ગુણ તો આવ્યા ગયા રહે પણ આત્મનિષ્ઠા, સ્વધર્મ ને અમારો નિશ્ચય એ ત્રણ ગુણ જેમાં અખંડ રહે

તે જ સાધુ છે. પરિપકવ જ્ઞાનીને આત્માનું અભિમાન દૃઢ રહે છે. તે બ્રહ્મરૂપ આત્માને વિષે અમે અખંડ રહ્યા છીએ એવો અમારો નિશ્ચય પણ અખંડ રહે છે. સંકલ્પનું બળ હોય ત્યારે આત્મા, અનાત્માનો વિચાર કરવો ને ધાટ શમી જાય ત્યારે અમારું ધ્યાન કરવું. (૯૦)

૧૩

શાસ્ત્રે કરીને નિશ્ચય થાય તે અચળ રહે છે. મને કરીને નિશ્ચય કર્યો હોય તે ટળી જાય છે. જેને શાસ્ત્રના વચનની પ્રતીતિ ન હોય તે મનમુખી ને નાસ્તિક છે. શાસ્ત્રે કરીને જેને નિશ્ચય થયો હોય તેનું જ કલ્યાણ થાય છે ને ધર્મ પણ એનો જ અડગ રહે છે. (૯૧)

૧૪

વૈરાગ્ય, આત્મનિષ્ઠા, પ્રેમલક્ષણા ભક્તિ ને બ્રહ્મચર્યાદિક ધર્મ એ ચાર સાધન સિદ્ધ કરે તે અમારા ધામમાંથી કોઈ કાળે પડે નહિ અને અમારી ઇચ્છાથી જીવોનાં કલ્યાણ કરવા સ્વતંત્રપણે આવે ને જાય. પ્રમાદ ને મોહ એ બે શત્રુને અમારો ભક્ત ખટકો રાખીને ટાળે તો જ ટળે. સ્થૂળ, સૂક્ષ્મ એ બે દેહની જાગ્રત ને સ્વપ્ન અવસ્થાને વિષે એકતા છે. સ્થૂળ, સૂક્ષ્મ બે દેહનું કર્મ સરખું છે પણ જીવને હિમત દેવા સારુ સૂક્ષ્મ દેહનું પ્રાયશ્ચિત અલ્પ કહ્યું છે પણ જો અલ્પ પ્રાયશ્ચિત ન કરે તો સ્થૂળ દેહના જેટલું કર્મ લાગે. જેને સ્થૂળ તથા સૂક્ષ્મ દેહનું અભિમાન નથી એટલે તેને દેહની વિસ્મૃતિ છે ને કેવળ આત્મસત્તારૂપ એટલે પોતાના આત્માને જ આકારે વૃત્તિ રહેતી હોય ને જગતની કોરે ઉપશમ રહેતું હોય તેને સ્થૂળ, સૂક્ષ્મ દેહનું કર્મ લાગતું નથી. દેહાભિમાનીને કર્મ લાગે છે. અજ્ઞાની જીવ યમપુરીમાં જાય છે. અમારો જ્ઞાની ભક્ત ભાગવતીતનુએ કરીને અમારા ધામમાં રહે છે. (૯૨)

૧૫

એકલા પ્રેમવાળા ભક્તને કુસંગનો યોગ થાય તો તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે માટે ન્યૂન કહ્યો છે. આત્મનિષ્ઠા ને વૈરાગ્યવાળા ભક્તને અમારું પ્રત્યક્ષપણું રહે છે તેથી એને કુસંગનો યોગ લાગે જ નહિ માટે તે શ્રેષ્ઠ છે. (૯૩)

૧૬

જેમ સૂર્ય સર્વને પ્રકાશ કરી આપવા ઉદય થાય છે પણ સૂર્યથી વિપરીત બુદ્ધિવાળા જે ઘુડ તથા અંધને કામ નથી આવતો તેમ નરનારાયણ ભગવાન સર્વ જીવના કલ્યાણ સારુ તપ કરે છે, પણ ભગવાનથી વિમુખ ઘુડ તુલ્ય જીવોને તથા અંધવત અજ્ઞાની જીવોને ઉપયોગમાં નથી આવતું, ભક્તને જ ઉપયોગમાં આવે છે. જેમ સૂર્ય તથા મશાલના પ્રકાશમાં પાપી પાપને માર્ગે ચાલે છે અને પુણ્યવાળા પુણ્યને માર્ગે ચાલે છે તેને સૂર્ય તથા મશાલ સમદૃષ્ટિએ પ્રકાશ કરી આપે છે, તેમ નરનારાયણ ભગવાન સમદૃષ્ટિએ મશાલવત તપ રૂપી પ્રકાશ કરી આપે છે પણ પ્રેરણા કરતા નથી, તેમાં જે જીવ જેવાં કર્મ કરે છે તેને તેવા ફળને પમાડે છે. (૯૪)

૧૭

અમારો ભક્ત પોતાને દેહરૂપ માને ત્યારે અમને સાક્ષી જેવા એટલે પ્રધાનના પતિ પુરુષ જેવા જાણે અને પોતાને સાક્ષીરૂપ માને ત્યારે અમને સાક્ષીથી પર જે મૂળપુરુષ તેવા જાણે, ત્યાર પછી સૂક્ષ્મદૃષ્ટિ થાવા માંડે તે જેમ જેમ સૂક્ષ્મદૃષ્ટિ થાતી જાય તેમ તેમ અમને પોતાનાથી પર જાણતો જાય અને અમારો મહિમા વધુ વધુ સમજતો જાય અને અમારી ઉપાસના દૃઢ થાતી જાય અને અમારી અતિ અપાર મોટપ જાણાતી જાય અને અમારે વિષે દાસપણું અતિ દૃઢ થાતું જાય. ભજનનો કરનારો જીવરૂપે હતો ત્યારે એમાં ખદ્યોત

જેટલો પ્રકાશ હતો પછી દીવા જેવો થાય છે પછી મશાલ જેવો થાય છે પછી જવાળા જેવો થાય છે પછી દાવાનળ જેવો થાય છે પછી વીજળી જેવો થાય છે પછી ચંદ્ર જેવો થાય છે પછી સૂર્ય જેવો થાય છે પછી પ્રલયકાળના અગ્નિ જેવો થાય છે પછી મહાતેજ જેવો થાય છે, એવી રીતે સુખ, સામર્થ્ય ને પ્રકાશ તે વૃદ્ધિ પામે છે ત્યારે એ ભક્તને અમારે વિષે દાસપણું અતિ દઢ થાતું જાય છે. (૯૫)

૧૮

સાચા સંતના યોગથી સ્વધર્માદિક કલ્યાણકારી ગુણ પ્રગટ થાય છે ને કામાદિક વિકાર બળી જાય છે. કુસંગના યોગથી વૈરાગ્ય વિવેકાદિક ગુણ નાશ પામે છે માટે કુસંગ ન કરવો. અયોગ્ય સ્વભાવ સંતના સમાગમથી જ ટળે છે, સત્સંગ કરે ને તપાસ કરે તો સર્વે સ્વભાવ નાશ પામે છે. યુવાની અવસ્થામાં કામાદિક શત્રુએ રહિત એવા સંતનો સમાગમ રાખે તો તે અવસ્થાને તરી જાય. મોટા પુરુષને વિષે દોષ પરઠે તે દોષ તેને વિષે આવે છે ને મોટા પુરુષના સ્વભાવને કલ્યાણકારી જાણીને પોતાના અપરાધને ક્ષમા કરાવે તો મલિનતા મટી જાય છે. સર્વે સ્વભાવ ટાળ્યા ટળે છે. દોષને વિષે ગુણ માન્યો હોય તો તે ટળે નહિ અને દોષરૂપ જાણે તો ટળે છે. (૯૬)



વચનામૃત સારાંશ : કારિયાણી પ્રકરણ

૧

જીવ, બુદ્ધિએ સહિત હોય ત્યારે અંતઃકરણ, ઇંદ્રિયો, વિષય ને દેવતા તેમને એકકાળાવછિન્ન જાણે છે અને બુદ્ધિએ રહિત હોય ત્યારે ઇન્દ્રિયાદિકનો પ્રકાશક ને વ્યાપક છે અને અમારો નિશ્ચય પ્રથમ ઇન્દ્રિયોમાં પછી અહંકાર, ચિત્ત, મન, બુદ્ધિ ને પછી જીવમાં થાય છે. ઇંદ્રિયો, અંતઃકરણ ને જીવમાં નિશ્ચયનાં રૂપ કર્યાં છે. મન, વાણીને અગોચર એવા અમે કૃપા કરીને મનુષ્યરૂપે દર્શન આપીએ છીએ ત્યારે જે અમારા મુક્તાનો સમાગમ કરે તેના જાણ્યામાં આવીએ છીએ. અભક્તાનાં મન, વાણી અમને પામતાં નથી. અમારા ભક્તાનાં દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ તે અમારે જ્ઞાને કરીને અમારે આકારે થઈ જાય છે. અને કૈવલ્યાર્થી કેવળ બ્રહ્મસત્તાને પામે છે. (૯૭)

૨

સંત, ગરીબ ને માબાપ તેને દુઃખાવે તેની બુદ્ધિ શાપિત થાય છે તેથી અમારો ને સંતનો અવગુણ આવે છે, તે વિશેષે નિયમ પાળે તો શાપિત બુદ્ધિ ટળે છે. કર્મ અમૂર્ત છે ને એનું ફળ મૂર્તિમાન છે. (૯૮)

૩

ગુણે કરીને હેત થાય છે ને દોષે કરીને અવગુણ આવે છે, તે દોષ ભેળું રહેવાથી જાણ્યામાં આવે છે. ખટકો રાખે તે વધે ને પ્રમાદી વધે નહિ. શરીરના ને મનના દોષ ઓળખાવ્યા છે. દમન ને વિચાર હોય તેને મોટા સાધુ કહ્યા છે. મોટા સંતને સમાગમે કરીને દમનને વિચાર આવે છે અને એવા સમાગમે કરીને દમન ને વિચાર ન આવે તે મહા પાપી છે. ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય

ભોગની ઇચ્છા રાખે તે ખડ ખાનારો ને મૂર્ખ છે. ત્યાગી થઈને અયોગ્ય સ્વભાવ રાખે તેને ત્યાગીના ધર્મની વાત સમજ્યામાં આવી નથી. (૯૯)

૪

દેહને વિષે બુદ્ધિ વ્યાપી રહી છે ને બુદ્ધિને વિષે જીવ વ્યાપીને રહ્યો છે તે બુદ્ધિના જાણપણાને કહેવે જીવનું જાણપણું કહેવાય છે અને જીવને વિષે સાક્ષાનું જાણપણું રહ્યું છે, માટે જીવના જાણપણાને કહેવાથી સાક્ષીનું જાણપણું કહેવાય છે. જેનો જીવ અતિ નિર્મળ એટલે સર્વ વાસના ટાળીને અમારા તેજરૂપ થાય તે પોતાને વિષે અમને દેખે છે અને અમારે વિષે એટલે સર્વાધાર એવું અમારા તેજરૂપ અન્વય સ્વરૂપ તેને વિષે વિશ્વ રહ્યું છે તેને પણ દેખે છે (૧૦૦)

૫

અમારા પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે અમે પ્રગટ થઈએ છીએ તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ તથા ધર્મનું સ્થાપન કરીએ છીએ. (૧૦૧)

૬

દીવબંદરના પ્રેમીભક્તાની પૂજા સામા જઈને અંગીકાર કરીને એ ભક્તા ઉપર બહુ રાજીપો જણાવ્યો છે. કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા ને મત્સરે રહિત થઈને અમારી ભક્તિ કરે તેના ઉપર અમે રાજી થઈએ છીએ. અને સર્વે વિકારથી મત્સર ઝીણો વિકાર છે ને ટળવો કઠણ છે. સંતને માર્ગે ચાલે તેનો મત્સર ટળે છે. સ્ત્રી, દ્રવ્ય, સારું ભોજન ને માન એ ચાર મત્સર ઊપજ્યાના હેતુ છે. અમારો દેહ અમારા ભક્તાના સુખને અર્થે રાખ્યો છે. જે રમણીક પદાર્થથી ઉદાસ રહે તે અમારો પરિપૂર્ણ ભક્તા છે. (૧૦૨)

૭

દેહના સંબંધીની મમતા ન રાખે અને અમારે વિષે

દઢ પ્રીતિ કરે અને અમારા સંતનો સમાગમ રાખે તો ગૃહસ્થને અમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રહે. જે નિર્બળ ભક્ત હોય તેમણે સાક્ષાત્ ભગવાન જે અમે તે અમારા આશરાનું બળ રાખવું. ચટકીનો વૈરાગ્ય ટળી જાય તો ખુવાર થાય છે અને એ વૈરાગ્ય દઢ રહે તો પરમપદને પામે છે. આત્યંતિક પ્રલયને વિષે અમે અમારા ચિદ્‌ઘન તેજમાં સદા દિવ્ય મૂર્તિમાન વિરાજમાન છીએ. જીવોના કલ્યાણને અર્થે અમે રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરીએ છીએ. તે અવતારોને મૂર્ખ જીવ માયિક ગુણે યુક્ત કહે છે અને અમે આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે મનુષ્યરૂપે વિચરીએ છીએ તે અમને પણ મૂર્ખ જીવ માયિક ગુણે યુક્ત સમજે છે પણ અમે ગુણાતીત દિવ્ય મૂર્તિ જ છીએ એમ કહીને પછી વેદાંતના દૃષ્ટાંતપૂર્વક પોતાનું દિવ્ય નિર્ગુણપણું ને સાકારપણું કહ્યું છે જે અમે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય સર્વ કાળને વિષે એકરૂપે સદા વિરાજમાન છીએ, એવી રીતે પ્રત્યક્ષ જે અમે તે અમારે વિષે દઢ નિષ્ઠા એટલે સાક્ષાત્કાર સ્થિતિ એ જ આત્યંતિક કલ્યાણ છે. એવી નિષ્ઠાને પામીને સ્થાવર જંગમમાં જ્યાં જ્યાં જુએ ત્યાં અમારી મૂર્તિને જ દેખે તે સિદ્ધદશાનું લક્ષણ છે. (૧૦૩)

૮

અમારું તેજ અક્ષરાદિક સર્વેમાં વ્યાપક છે અને અક્ષરાદિક સર્વેનું આત્મા છે અને અક્ષરાદિક સર્વેથી અતિશય વિલક્ષણ છે અને એ વ્યાપક તેજ તે નિર્ગુણ એટલે સૂક્ષ્મ છે. એનું એ તેજ અક્ષરાદિક સર્વેનું આધાર થઈને બહાર રહ્યું છે તે સગુણ એટલે અતિશય અપાર છે અને એ બેય સ્વરૂપ છે તે અમારાં અલૌકિક ઐશ્વર્ય છે. જે ભક્ત આવી રીતે અમારું નિર્ગુણ સ્વરૂપ સમજે તેને કાળ, કર્મ, માયા બંધન કરવા સમર્થ થતાં નથી. જે ભક્ત

આવી રીતે અમારું સગુણસ્વરૂપ સમજે તેને આઠે પહોર આશ્ચર્ય રહે છે. (૧૦૪)

૯

રીસની આંટી મૂકે નહિ તે સાધુ ન કહેવાય. પ્રત્યક્ષ ભગવાન એવા જે અમે તે અમારો ને અમારા ભક્તનો મહિમા સમજે તો અમારા ભક્ત સાથે વૈર બંધાય નહિ. (૧૦૫)

૧૦

તપે કરીને પોતાની પ્રસન્નતા કહી છે. અમારી ઇચ્છાએ કષ્ટ આવે તેને ટાળવા ઇચ્છવું નહિ. અમને એકને જ કર્તા જાણવા તે કલ્યાણનું પરમ કારણ છે. અમને સર્વ કર્તા હર્તા ન જાણે અને બીજા કાળકર્માદિકને કર્તા જાણે તે પંચમહા-પાપીથી વધુ પાપી, નાસ્તિક ને ચંડાળ છે એની પાસે ઊભું ન રહેવું ને તેનું વચન પણ સાંભળવું નહિ. અમારા ભક્ત અમારે પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ જેવા થાય અને પ્રકૃતિપુરુષ, બ્રહ્મ તથા મૂળઅક્ષર જેવા પણ થાય પણ અમારા જેવો થાવાને કોઈ સમર્થ નથી. એ સર્વે અમારા સેવક છે ને અમે એ સર્વેના સ્વામી છીએ. એવો ભાવ ટળી જાય અને અમને ને બીજા મૂળઅક્ષરાદિક અવતારોને સરખા મનાય એવા સંગનો તથા એવાં શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. અમને સર્વ કર્તા હર્તા જાણવા. તપ કરવું અને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને અમને ભજવા એ અમારો સિદ્ધાંત છે. એ સિદ્ધાંત આ લોક તથા પર-લોકને વિષે પરમ સુખનો હેતુ છે. જેને તપ, ત્યાગનો સાચો ઇશક હોય તે કોઈ અંતરાયનો રોકચો રોકાય નહિ. અમારા ભક્તને અમારા કરતાં વિશેષ ત્યાગ રાખવો. (૧૦૬)

૧૧

અમારી મરજી એટલે આજ્ઞા લોપે નહિ એ પ્રીતિનું

લક્ષણ છે. જગત સંબધી પંચવિષયને હરામ કરીને પાંચે પ્રકારે અમારી મૂર્તિમાં જોડાણો હોય તે ભક્તના હૃદયમાં અમે સદાય મૂર્તિમાન રહીએ છીએ. (૧૦૭)

૧૨

પ્રધાન સુષુપ્તિને સ્થૂળ, સૂક્ષ્મ, ને કારણ ત્રણ દેહનું કારણ કહી છે. એ પ્રધાન સુષુપ્તિને ને ત્રણ દેહને જીવની માયા કહી છે. વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ઈશ્વરની માયા કહી છે. જીવની કારણ શરીર રૂપ માયાને વજ્રસાર જેવી કહી છે. તે સંતના સમાગમથી અમને ઓળખીને અમારું ધ્યાન ને અમારા વચનમાં વર્તે તો કારણદેહ બળી જાય છે. સૂક્ષ્મ દેહને ને ક્ષેત્રજ્ઞને સમીપપણું છે માટે જાગ્રતમાં સાંભળેલી વાર્તાનું સૂક્ષ્મ દેહમાં મનન કરે તેનું ક્ષેત્રજ્ઞ પ્રમાણ કરે છે ત્યારે દઢ થાય છે. અમારો વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત અમારી વાત સાંભળવાથી મન સ્થિર ને નિર્વિષયી થાય છે તેવું કોઈ સાધને કરીને થતું નથી. (૧૦૮)



વચનામૃત સારાંશ : લોયા પ્રકરણ

૧

શાંત મૂર્તિ એવા જે અમે તે અમારા ઉપાસકોએ રજોગુણી, તમોગુણી દેવમાં હેત ન કરવું. ક્રોધી મનુષ્ય તથા દેવતા તે અમને ગમતા નથી. થોડોક ક્રોધ પણ દુઃખદાયી છે. આત્મનિષ્ઠા, બ્રહ્મચર્યાદિક પંચવર્તમાન અને અમારો મહિમા એ ત્રણ અતિશય દૃઢ થાય તો કામનું મૂળ ઉખડી જાય અને અતિશય કામનું મૂળ ઊખડવાનો ઉપાય તો અમારો સારી પેઠે મહિમા સમજવો તે જ છે. ત્યાગીના ત્રણ પ્રકારના વૈરાગ્યનાં લક્ષણ કહ્યાં છે. ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ જ્ઞાનનાં લક્ષણ કહ્યાં છે. અમારો નિશ્ચય હોય પણ કામાદિક વિકાર ન ટળ્યા હોય તો કૃતાર્થપણું મનાય નહિ. ઈન્દ્રિયોને તપે કરીને દમે અને અંતઃકરણને વિચારે કરીને દમે તો વિકાર નાશ પામે ને કૃતાર્થપણું મનાય. આત્મનિષ્ઠા અતિ દૃઢ હોય અને પંચવર્તમાન પાળે અને અમારી સ્વામીસેવકપણે દૃઢ ઉપાસના કરે અને પ્રત્યક્ષ ભગવાન જે અમે તે અમને અતિશય અસંગી ને અતિશય નિર્વિકારી ને સર્વેના સ્વામી ને સર્વના કર્તાહર્તા સમજે અને અમારી નવધા ભક્તિ કરે તથા અમારા ભક્તની સેવા કરે તેનો સંપૂર્ણ સત્સંગ કહેવાય. દેહાભિમાનીથી સંતની શિખામણ ગ્રહણ ન થાય ને સામો અવગુણ લે ને વિમુખ થાય. અતિ દીન થઈને તે સંતને પ્રસન્ન કરે તો અવગુણ આવ્યો હોય તે ટળી જાય છે. (૧૦૯)

૨

વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર ને પ્રીતિવાળો એ ચાર પ્રકારના ભક્તને મૃત્યુનો ભય નથી રહેતો. જેમ મૂળપ્રકૃતિ સ્ત્રી આકારે

છે તેનું કાર્ય મોટું છે. જેમ ચાર ભૂતનો મોટો વિસ્તાર છે ને તેના કારણ ગંધાદિક સૂક્ષ્મ છે. જેમ સૂર્યાદિકની મૂર્તિઓ મનુષ્યના જેવડી છે ને તેનું કાર્ય જે પ્રકાશાદિક તે અતિ વિસ્તારવાન છે તેમ અમે મનુષ્ય જેવડા દેખાઈએ છીએ તોપણ સર્વના કારણ છીએ. એવા પ્રત્યક્ષ ભગવાન જે અમે તે અમે મનુષ્યના જેવડા છીએ પણ અનંત કોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરવા ને અમારે વિષે લીન કરવા સમર્થ છીએ. અમારા એક એક રોમમાં એટલે કિરણોમાં અનંતકોટિ બ્રહ્માંડ અણુની પેઠે રહ્યાં છે, એવું અમારે વિષે અલૌકિકપણું ને મોટાઈપણું છે. (૧૧૦)

૩

અમારો તથા અમારા સંતનો એટલે મુક્તાનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તે કુટુંબનો તથા લોકલાજનો, રાજ્યનો, સુખનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે, અમારા વચનમાં ફેર પડવા દે નહિ અને દૈહિક સુખદુઃખમાં હર્ષ શોક પામે નહિ. એવો જે અમારો ભક્ત તેનો દેહ અપમૃત્યુએ કરીને પડે તોપણ એ ભક્ત અમારા ધામને જ પામે અને વિમુખ યમપુરીમાં જાય એમ સમજનારાને અમારો માહાત્મ્ય સહિત નિશ્ચય છે અને એવા નિશ્ચયવાળો અમારા ધામને જ પામે. (૧૧૧)

૪

અમે અમારા ધામને વિષે રહ્યા થકા અમારી ઇચ્છાએ કરીને અનંત કોટિ બ્રહ્માંડને વિષે અનંતરૂપે દર્શન આપીએ છીએ. અમારી મૂર્તિ સદાય એક સરખી છે. પણ જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી અમારી ઇચ્છાએ કરીને દેખાડીએ છીએ અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરીએ છીએ. સદાય દ્વિભુજ છીએ તોપણ અમારી ઇચ્છાએ કરીને કયાંક ચતુર્ભુજ, અષ્ટભુજ, અનંત ભુજને દેખાડીએ

છીએ તથા મચ્છ, કચ્છાદિક રૂપે દેખાઈએ છીએ. અનંતકોટિ બ્રહ્માંડને વિષે અમે અંતર્યામીરૂપે વ્યાપીને રહ્યા છીએ. અમને નિર્દોષ સમજે તે માયાને તર્યા કહેવાય. કલ્યાણની રીત એક સરખી છે પણ ભજનારા પુરુષના ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ ભેદ છે ને તેમની શ્રદ્ધા અનંત પ્રકારની છે તેને યોગે કરીને કલ્યાણના માર્ગમાં પણ અનંત ભેદ થાય છે. અમારા જેવો થવાને અક્ષર પર્યંત કોઈ સમર્થ નથી. અમારી પાસે તથા અમારા સંતની પાસે પોતાનું ધાર્યું ન કરાવવું. ભૂંડા દેશકાળાદિકમાં મૂંઝાવું નહિ. (૧૧૨)

૫

કપટી, નિષ્કપટીનું લક્ષણ કહ્યું છે. કપટીને ઓળખવાનો ઉપાય કહ્યો છે. દંભીની પ્રતિષ્ઠાનો ભંગ થાય ત્યારે એનો દંભ કળાય છે. અયોગ્ય ઘાટ ફેર ન થાય તો ધર્મમાંથી ને નિશ્ચયમાંથી પાડી શકે નહિ. સંતનો ગુણ ગ્રહણ કરવાનો સ્વભાવ હોય તેનો સત્સંગમાં દૃઢ પાયો કહ્યો છે. ઈન્દ્રિયો, અંત:કરણને જીત્યાની ત્રણ પ્રકારની યુક્તિ બતાવી છે. ઈન્દ્રિયો જીતે અંત:કરણ જીતાય છે. ઈન્દ્રિયો અંત:કરણને જીત્યાના પૃથક્ પૃથક્ ઉપાય બતાવ્યા છે. (૧૧૩)

૬

એકાંતિકપણું આવે તે દુર્લભમાં દુર્લભ સાધન છે. નિષ્કામપણું હોય તો સર્વે ધર્મ રહે છે અને નિશ્ચય રહે તો ભક્તિ આદિ સર્વે સાધન રહે છે. અમારા નિશ્ચયરૂપી મતિ ફરવા દે નહિ તો રૂડું થાય. તુચ્છ સ્વભાવની આંટી સંતને વચને કરીને મૂકી દેવી. અમારો નિશ્ચય ને ધર્મ હોય પણ વ્યવહારમાં આસક્તિ ને દેહાભિમાન તથા માન હોય તેનો સંબંધ રાખે તો ભૂંડું થાય છે. ધર્મ ને નિશ્ચય બેય

હોય પણ હિંમત રહિત વાત કરતો હોય તેનો ત્યાગ કરવો અને કામાદિક દોષને નાશ કરવાના ઉપાયમાં તત્પર થઈને મંડ્યો હોય તેનો સંગ કરવો. અમારું બળ ન રાખે ને પોતાના પુરુષાર્થનું જ બળ રાખે તેનો ત્યાગ કરવો. નિશ્ચય ને વર્તમાન હોય પણ ટોકે નહિ તો તેનો સંગ ન કરવો ને જે ટોકે તે લોકવ્યવહારે મોટો ન હોય તોપણ તેનો સંગ કરવો. ભક્તિ, જ્ઞાનાદિક ગુણ હોય પણ તે આળસુ હોય તો તેનો સંગ ન કરવો. અહંકારે કરીને પોતાની સરસાઈ દેખાડે ને બીજા સંતના ભક્તિ, જ્ઞાનાદિક ગુણની ન્યૂનતા દેખાડે તેની વાત ન સાંભળવી. જે સંત પોતાના સંબંધીની નિંદા કરતો હોય તેની વાણી સાંભળવી. અમારા ગરીબ ભક્ત આગળ માન ન રાખવું ને સત્સંગમાંથી પાછો પડી ગયો હોય તેની આગળ રાખવું. અમે જ્યાં મૂકીએ ત્યાં જવું પણ અમારા દર્શનાદિકનું હેત ન રાખવું. વિમુખ અમારો કે સંતનો અવગુણ કહે તેના આગળ અમારું ને સંતનું હેત જણાવવું પણ અમારો અવગુણ લેવો નહિ. અધર્મ જેવું ને નિયમ ભંગ જેવું અમારું વચન ન માનવું. અમારું ધ્યાન કરતાં ઘાટ થાય તો અમારી ને મુક્તની પ્રાર્થના કરવી તો ઘાટ ટળી જાય. સર્વથી સરસ વર્તવારૂપ ગુણનો ત્યાગ કરીને બરોબર વર્તવું. દેહાભિમાનમાં સર્વે દોષ રહ્યા છે અને આત્મનિષ્ઠામાં સર્વે ગુણ રહ્યા છે. અમારા સંબંધી પંચ-વિષયને સેવે તો બુદ્ધિમાં પ્રકાશ થાય ને જગત સંબંધી પંચવિષયને સેવે તો અંધકાર થાય છે. દેહના સંબંધીનો યોગ તથા અમારા ભેળાં સ્ત્રીઓનાં દર્શન થતાં હોય એવો સંગ તથા ક્રિયા હોય ને મારકૂટ થાતી હોય ત્યાં અમારી આજ્ઞાએ પણ ન રહેવું. અમારું સાકારપણું પ્રતિપાદન કરતાં હોય તે શાસ્ત્ર વાંચવાં ને સાંભળવા પણ નિરાકારનું પ્રતિપાદન કરતાં હોય તે વાંચવાં-સાંભળવાં નહિ. (૧૧૪)

૭

અમને ભગવાન જાણ્યા વિના પ્રત્યક્ષ દેખે તેનું ને શાસ્ત્રે કરીને જાણે તે બેયનું કલ્યાણ સરખું છે. અમે અનિરુદ્ધરૂપે ઉત્પત્તિ કરીએ છીએ તે અનિરુદ્ધને વિષે સ્થાવર ને જંગમ વિશ્વ સાવકાશે કરીને રહ્યું છે, સંકર્ષણરૂપે સંહાર કરીએ છીએ અને પ્રદ્યુમ્નરૂપે સ્થિતિ કરીએ છીએ. મચ્છાદિક અવતારોનું ધારણ કરીએ છીએ. ઇંદ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણ પ્રકારે કરીને જાણ્યામાં આવે એવાં ત્રણ પ્રકારનાં કાર્ય છે. તે તે કાર્યને અર્થે તેવા તેવા રૂપનું ધારણ કરીએ છીએ. એવા અમે પ્રત્યક્ષ ભગવાન તે અમને ઈન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે કરીને જાણે ત્યારે તે પૂરો જ્ઞાની કહેવાય. એમાંથી એકેય ઓછું હોય તો તે જ્ઞાની ન કહેવાય ને તે જન્મ મૃત્યુને ન તરે. કૈવલ્યાર્થીનું આત્યંતિક કલ્યાણ ન થાય પણ તે અમારી ભક્તિનો અધિકારી થયો કહેવાય. પ્રત્યક્ષ ભગવાન જે અમે તે અમે વ્યાપ્ય ને વ્યાપક બેય પ્રકૃતિના આધાર છીએ. વ્યાપ્ય અને વ્યાપક બેય પ્રકૃતિની સંકોચ ને વિકાસ અવસ્થા ભેળી અમારી એટલે અમારી અન્વય સ્વરૂપની સંકોચ વિકાસ અવસ્થા છે. એ બે પ્રકૃત્તિની સંકોચ વિકાસ અવસ્થા તે અમારું અન્વય સ્વરૂપ જે તેજ તેને વિષે છે. પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન જે અમે તે અમે સર્વના આત્મા ને કારણ ને આધાર ને શરીરી છીએ. જડ ચૈતન્ય પ્રકૃતિ તે પોતાના કાર્ય સોતી અમારે વિષે એટલે અમારા તેજને વિષે રહી છે. એ સર્વને વિષે અમે અંતર્યામી રૂપે કારણપણે રહ્યા છીએ એમ જાણે ને દેખે તે પરિપૂર્ણ જ્ઞાની છે ને તેનું કલ્યાણ દેહ છતાં જ છે. એવી રીતે જાણે પણ દેખે નહિ તે પરિપૂર્ણ જ્ઞાની નથી. જો નિઃસંદેહ આંટી રાખીને કૃતાર્થ માને તો તે પણ પરિપૂર્ણ જ્ઞાની છે ને તેનો દેહાંતે મોક્ષ થાય છે. બ્રહ્મકુદાળ આધુનિક વેદાંતી તે અતિ

દુષ્ટ ને મહા પાપી છે તેનો નરકમાંથી છૂટકો થતો નથી. (૧૧૫)

૮

જેને પોતાના અયોગ્ય સ્વભાવ ઉપર અભાવ હોય ને તે સ્વભાવ બીજા સંતને વિષે દેખીને તે સ્વભાવનો અભાવ આવે તે ડાહ્યો છે. જે પોતાના સ્વભાવને ટાળે નહિ ને બીજા સંતના સ્વભાવને દેખીને અવગુણ લે તે મૂર્ખ છે. યૌવન અવસ્થામાં આહાર ઓછો કરે તથા મોટા સાધુનો સમાગમ રાખે તો કામાદિક મંદ પડી જાય છે. વ્યસન કર્યાં થાય છે ને શ્રદ્ધાવાનથી ટળે છે. સારી નરસી પ્રકૃતિ સંગે કરીને તથા પૂર્વ કર્માનુસારે થાય છે. જે સ્વભાવ સંતને સંગે થોડા ઉપાયે ટળી જાય તે હમણાંનો જાણવો અને ઘણે દાખડે ટળે તે પૂર્વનો જાણવો. ઇંદ્રિયોની ચંચળતા ટાળ્યાના પૃથક્ પૃથક્ ઉપાય બતાવ્યા છે. જીહ્વા, ઇંદ્રિયોને જીતે સર્વે ઇન્દ્રિયો જીતાય છે. સર્વે ઇન્દ્રિયો ચંચળ થાય ત્યારે કામ વ્યાપ્યો જણાય. ચંચળને શાંત ને શાંતને ચંચળ થવાનો ઉપાય બતાવ્યો છે. પરોક્ષ આઠ શાસ્ત્રમાંથી જે પ્રકરણ પોતાના અંગમાં મળતું આવતું હોય તો તેનું જ ગ્રહણ કરવું. શ્રદ્ધાવળો વૃદ્ધિ પામે છે. (૧૧૬)

૯

વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ ને ધર્મ એ ચારને ઊપજવાના હેતુ બતાવ્યા છે. આમાં પરોક્ષના દૃષ્ટાંતે કરીને વાત કરી છે માટે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણના ઉપાસકને વચનામૃત, સત્સંગી જીવન, સત્સંગી ભૂષણ, હરિલીલા કલ્પતરૂ આદિક પોતાના સાંપ્રદાયિક ગ્રંથોનું શ્રવણ કરવાથી એ ચારે ઊપજે છે માટે પ્રત્યક્ષના ગ્રંથનું શ્રવણ કરવું. (૧૧૭)

૧૦

અસાધારણ ને સાધારણ હેત થયાના ભેદ કર્મે કરી ને કહ્યા છે. ત્રણ પ્રકારના વેગમાં જેવે વેગે વૃત્તિ પદાર્થમાં ચોટે તેવું કર્મ લાગે છે અને કર્મે કરીને સ્નેહમાં ત્રણ પ્રકાર કહ્યા

છે. ઇંદ્રિયો, મન ને જીવ ભળવાથી મંદ, મધ્યમ ને તીવ્ર વેગ થાય છે. તે તીવ્ર વેગ ત્રણે ગુણવાળાને લાગે છે. તીવ્ર વેગ-વાળાને રૂડા દેશાદિક પ્રાપ્ત થાય તો અમારે વિષે સ્નેહ થાય છે અને ભૂંડા દેશાદિકનો યોગ થાય તો અમારા વિના બીજા પદાર્થમાં પ્રીતિ થાય છે. વિષમ દેશકાળમાં ન રહેવું. હૃદયમાં કળિ વર્તતો હોય ત્યારે અમારી મૂર્તિને બહાર ધારવી. મંદ, મધ્યમ ને તીવ્ર વેગ જાણવાના ઉપાય બતાવ્યા છે. સ્ત્રીને કલ્યાણના માર્ગમાં વિરોધી ને દુઃખદાયી જાણે તેને વિકાર ન થાય અને બીજું પોતાને આત્મારૂપ માને અને સર્વાત્મા એવા જે બ્રહ્મ તથા અક્ષર તથા મુક્તો એ સર્વેના આત્મા એવા પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારો મહિમા જાણે તેને સર્વ પદાર્થ તુચ્છ થઈ જાય, તે તથા વિશ્વાસી તે સુખિયા છે. તે વિના સર્વે દુઃખિયા છે. અમારા ખરા ભક્તને માયા પરમ સુખદાયી છે. અમારો અતિશય દૃઢ આશરો હોય તેને અંતઃકરણ રૂપ માયા દુઃખ દેવા સમર્થ નથી ને એવા આશરામાં ફેર હોય તેને દુઃખ દે છે. (૧૧૮)

૧૧

સત્‌શાસ્ત્ર થકી અવળું સમજે તે અસત્પુરુષ છે ને અતિ દુષ્ટ છે ને એનું ફળ ઘોરતમ નરક ને સંસૃતિ છે. જે જે સ્થાનોમાં જે જે અવતારોની મૂર્તિઓ મનુષ્યરૂપે રહી હોય તે તે સ્થાનોને ને તે અવતારોનાં ધામ જાણવાં એટલે વૈકુંઠનાથની મૂર્તિ જે સ્થાનમાં મનુષ્યરૂપે વિરાજતી હોય તે સ્થાનને વૈકુંઠ તુલ્ય જાણવું. તેના પાર્ષદોને વૈકુંઠના પાર્ષદા તુલ્ય જાણવા. તે મૂર્તિને જેવી વૈકુંઠમાં છે તેવી જાણવી. ગોલોકવાસીની મૂર્તિ જે સ્થાનમાં મનુષ્યરૂપે દેખાતી હોય તે સ્થાનને ગોલોક તુલ્ય જાણવું અને તે મૂર્તિને ગોલોકમાં છે તેવી જાણવી. તેના પાર્ષદોને ગોલોકના પાર્ષદો તુલ્ય જાણવા તેમજ અક્ષરધામવાસી અમે છુપૈયા ધામને વિષે પ્રગટ થઈને

મનુષ્યરૂપે દેખાયા છીએ માટે અમે જેવા અક્ષરધામમાં છીએ તેવા જાણવા પણ કાંઈ ફેર જાણવો નહિ. પ્રથમ આવિર્ભાવસ્થાન એવું જે છુપૈયાપુર તે તો અક્ષરધામ જ છે તેમાં તો શું કહેવું? પણ બીજા જે જે સ્થાનોમાં અમે વિચર્યા તે તે સ્થાનોને પણ અક્ષરધામ તુલ્ય જાણવાં. અમારા ભક્તોને અક્ષરધામમાં મુક્તો છે તેવા જાણવા. અમારા અવતારની મૂર્તિઓ દ્વિભુજ છે અને જે ચતુર્ભુજ, અષ્ટ-ભુજની ભાવના કહી છે તે તો મનુષ્યરૂપ મૂર્તિને વિષે અને અન્ય આકારોને વિષે અવિવેકી મનુષ્યોને સમભાવ ન થાય માટે કહી છે. તમને મળ્યા જે અમે તે તમારે અમારી મૂર્તિનું ધ્યાન કરવું પણ બીજા અમારા અવતારો થઈ ગયા તેમનું ધ્યાન કરવું નહિ. સત્‌શાસ્ત્રનું શ્રવણ સત્‌પુરુષ થકી જ કરવું પણ અસત્‌ પુરુષ થકી ન કરવું. (૧૧૯)

૧૨

સવિકલ્પ ને નિર્વિકલ્પ નિશ્ચયના ઉત્તમ, મધ્યમ ને કનિષ્ટ ભેદનાં લક્ષણ કહ્યાં છે. વક્તાને વિષે દેશાદિકનું શુભ-અશુભપણું અને શ્રોતાને વિષે આસ્તાનું મંદ-તીક્ષ્ણપણું તેણે કરીને નિશ્ચયના ભેદ પડે છે. ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા તથા રૂડા દેશાદિક હોય તથા શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા હોય તો સર્વોત્કૃષ્ટ નિશ્ચય થાય. (૧૨૦)

૧૩

અમારે વિષે નિમગ્ન રહે તેને દેશકાળાદિક પરાભવ પમાડી શકે નહિ ને દેહમાં વર્તે એવા મુમુક્ષુને દેશકાળાદિક પરાભવ પમાડે. જેમ આકાશમાં તારા ને ચંદ્ર રહ્યા છે તેમ અમારા તેજરૂપ અક્ષરધામને વિષે અમે ચંદ્રને ઠેકાણે છીએ અને તારાને ઠેકાણે અમારા મુક્ત છે એવી રીતે અમારે વિષે ને અમારા મુક્તને વિષે ભેદ છે. જેમ રાજા ને રાજાના ચાકરોમાં ભેદ છે તેમ અમારે વિષે ને અક્ષરાદિક અવતારોને

વિષે ભેદ છે. અમારા તેજરૂપ અક્ષરધામને વિષે અમારા સમીપમાં મુક્ત રહ્યા છે તેમને એ અક્ષરધામરૂપ જે અમારું તેજ તેને વિષે લીન કરીએ, અર્થાત્ એ મુક્ત એકબીજાને દેખે નહિ એવી વિસ્મૃતિ કરાવીએ તે અમારું કર્તાપણું છે. એ અમારા તેજરૂપ ધામને વિષે મુક્તની સેવાને અંગીકાર કરીએ અર્થાત્ સેવકને આધીનપણાનો ભાવ જણાવીએ તે અમારું અકર્તાપણું છે. એ અમારા તેજને પણ અમારે વિષે લીન કરીને સ્વરાટ્ થકા રહીએ અને એ અમારા તેજમાં રહેલા મુક્તોને અમારા ઐશ્વર્ય વડે ધારણ કરીએ અર્થાત્ અમારી મૂર્તિમાં રાખીએ તે અમારું અન્યથાકર્તાપણું છે. અમને ને અમારા અક્ષરાદિક અવતારોને તથા અમારા સાધર્મ્યપણાને પામેલા અમારા મુક્તોને પણ સરખા કહે તે દુષ્ટ મતવાળા ને અતિ પાપી છે ને તેનાં દર્શન પણ કરવાં નહિ. અમારી સત્તાના પ્રભાવ વડે કરીને મૂળઅક્ષરાદિકથી લઈને વિષ્ણુ પર્યંત સર્વેને ભગવાન કહેવાય છે. અમને લઈને આ મુક્તાનંદ સ્વામીને તો ભગવાન જેવા એટલે જેવા અમે છીએ તેવાજ કહેતાં અમારા તુલ્ય કહેવાય. અક્ષર પર્યંત કોઈ અમારા જેવો થવા સમર્થ નથી. અમે એકજ ભગવાન છીએ. (૧૨૧)

૧૪

અમને ત્યાગ ગમે છે પણ વૈભવ ભોગવવા ગમતા નથી. અમારા ઘણા અવતાર થયા છે તેમાં દત્ત, કપિલથી ઋષભદેવ અધિક છે અને તેથી શ્રી કૃષ્ણ કોટિગણા અધિક છે અને આ અવતાર એટલે અમે બહુ સમર્થ છીએ ને અમારે વિષે અવતાર અવતારી ભેદ નથી, સર્વેના ઉપરી છીએ અને સર્વેથી પર પરિમાણે રહિત ને અનંત એવો તેજનો સમૂહ છે તેના મધ્ય ભાગને વિષે દિવ્ય સિંહાસન ઉપર અમે દિવ્ય મૂર્તિ વિરાજમાન છીએ અને ચારેકોરે

અનંત કોટિ મુક્તા અમારાં દર્શન કરે છે. તે મુકતે સહિત અમારાં દર્શન થાય ત્યારે જ સુખ માનવું. અમારું તેજ એકલું દેખાય તો કષ્ટ પામવું, એવી રીતે અમારી ઉપાસના ને ભક્તિ કરવી. કામાદિક દોષ ન હોય ને ધર્મશાસ્ત્ર જે સત્સંગીજીવન તેમાં કહ્યા તે પ્રમાણે ધર્મ પાળતો હોય ને અમારી ભક્તિએ યુક્ત હોય તેનો સંગ રાખવો ને એવો ન હોય તેની ઉપેક્ષા રાખવી. કામી કરતાં ક્રોધ, માન, ઈર્ષ્યા હોય તેના ઉપર અમારે બહુ અભાવ રહે છે. શંકરસ્વામી અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન કરે છે તે મૂળપુરુષનું તેજ છે ને તેથી પર વાસુદેવ બ્રહ્મનું તેજ છે ને તેથી પર મૂળઅક્ષરનું તેજ છે, ને તેથી પર ને સર્વેનું આધાર, સર્વેનું કારણ ને અદ્વૈત એવું જે અમારા તેજરૂપ બ્રહ્મ તેને પોતાનું સ્વરૂપ માનવું. ક્ષર અક્ષરથી પર પુરુષોત્તમ ભગવાન જે અમે તે અમારી સાકારપણે ઉપાસના ને ભક્તિ કરવી ને અમારા વિના બીજેથી વૈરાગ્ય ને આત્મનિષ્ઠા રાખવી. (૧૨૨)

૧૫

દેવતાને ઇંદ્રિયોદ્વારે કરીને જીવનું ભોક્તાપણું કહ્યું છે. ઇંદ્રિયો કરતાં અંતઃકરણ સ્વચ્છ છે તેથી તેમાં અધિક પ્રકાશ જણાય છે. જેને ઇંન્દ્રિયો દ્વારે લક્ષ થાય તેને સમગ્ર આત્મા નથી દેખાતો, જ્યારે નિરાવરણ દૃષ્ટિ થાય ત્યારે યથાર્થ આત્માને દેખે છે. શ્રીકૃષ્ણ ને ગોપિઓના દૃષ્ટાંતે કહ્યું છે કે એવા ભક્તને વિષે અમે મૂર્તિમાન રહ્યા છીએ પણ એની ચિત્તવૃત્તિના નિરોધ માટે દેખાતા નથી. જીવ, પુરુષ, અક્ષર ને અમારું તેજ સજાતિ છે ને જે જીવને અમે કૃપા કરીને મૂર્તિમાન કરીએ ત્યારે તે મુક્તા પોતાને તથા પુરુષને તથા અક્ષરને તથા અમને મૂર્તિમાન દેખે છે અને એ સર્વના પ્રકાશને પણ પૃથક્ પૃથક્ દેખે છે જીવને વિષે સુઝે એ રૂપે કરીને એટલે મૂળપુરુષદ્વારે રહ્યા છીએ. પણ મૂળઅક્ષરાદિકથી લઈને સર્વેને

વિષે અમારી શક્તિ રહી છે. માટે અમે રહ્યા છીએ એમ જાણવું. ઉપનિષદ, યોગ ને સાંખ્ય તેના મતને કહેવા પૂર્વક પોતાના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે (૧૨૩)

૧૬

અકુંઠિત, કુંઠિત ને નિર્મૂળ વાસનનાં લક્ષણ કહ્યાં છે. આત્મનિષ્ઠા, વૈરાગ્ય, બ્રહ્મચર્ય અને માહાત્મ્યે સહિત અમારી ભક્તિ એ ચાર વાનાં સંપૂર્ણ હોય તો વાસના નિર્મૂળ થઈ જાય છે. અમારી માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો દોષ માત્ર ટળી જાય અને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ તે આવે. કપટીનું કપટ જાણવાનો ઉપાય કહ્યો છે. અમને મૂર્તિમાન ન સમજે તેના સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે. માને કરીને સંતનો અભાવ આવે છે તે માન ડાહ્યાથી ભોળામાં ઝાઝું હોય છે. અમારું ને સંતનું માહાત્મ્ય સમજે ત્યારે માન જાય એમ કહ્યું છે. (૧૨૪)

૧૭

માયાને વિપરીતપણામાં હેતુ કહી છે. દેહનો અનાદર, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત અમારો નિશ્ચય હોય તો દેશકાળના અતિ વિષમપણામાં પણ મતિ અવળી થાય નહિ. દેશાભિમાનીને અમારો નિશ્ચય યથાર્થ હોય તો પણ પંચ વિષયનો અભાવ ન થયો હોય તેનું અમે કે સંત ખંડન કરીએ તો અભાવ લે ને શસ્ત્રે કરીને માથું મુકાવી દે એવો દ્રોહ કરે, વિષયની આસક્તિવાળાના વિષયનું ખંડન કરીએ નહિ ત્યાં સુધી સત્સંગમાં રહે અને ખંડન કરીએ ત્યારે અભાવ લઈને વિમુખ થાય. જે પોતાને આત્મસત્તારૂપ માને તેના વિષયનું ખંડન કરીએ તોય તેને અમારો ને સંતનો અભાવ ન આવે. જેવી તેવી વસ્તુમાં આનંદ હોય તેવો સારીમાં ન રહે ને મન મૂંઝાય તેને વિષયનો અભાવ છે. આત્મનિષ્ઠા ને વૈરાગ્ય હોય તથા સર્વના સુખથી અમારા

સુખને અધિક જાણીને અમારે વિષે જોડાય તે અમારો પાડ્યો પણ પડે નહિ ને અમારા સંતનું પણ માહાત્મ્ય બહુ સમજે અને તેને માન પણ રહે નહિ. જેને આવો મહિમા જાણ્યામાં ન આવ્યો હોય તેને સંતની આગળ માન આવે છે. જેને અમારું ને સંતનું માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહિ. (૧૨૫)

૧૮

નિશ્ચયની વાત સમજતાં ન આવડે તો અમારે વિષે મનુષ્યભાવ રહી જાય. અમને બીજા અવતારના જેવા જાણે તો દૂષણ આવે. મચ્છ, કચ્છાદિકના દૃષ્ટાંતપૂર્વક પોતાનો દિવ્યભાવ કહ્યો છે જે અમે મનુષ્ય જેવા દેખાઈએ છીએ પણ અમારા ધામને વિષે સચ્ચિદાનંદ પ્રકાશમય મૂર્તિ છીએ અને અનંત કોટિ બ્રહ્માંડના પતિ, રાજાધિરાજ, સર્વનિયંતા, સર્વાંતર્યામી, અતિશય સુખરૂપ ને સદા દ્વિભુજ છીએ ને અમારી ઈચ્છાએ કયારેક ચતુર્ભુજાદિક તથા રામકૃષ્ણાદિક રૂપ ધારણ કરીએ છીએ અને કાર્ય થઈ રહ્યા પછી અદૃશ્ય કરીએ છીએ. શ્રી કૃષ્ણ ભગવાન ચતુર્ભુજ છે અને મચ્છાદિક સર્વ ચતુર્ભુજ અવતારોના નિયંતા છે. શ્રી કૃષ્ણને દૃષ્ટાંતે પોતાનું દિવ્યપણું કહ્યું છે જે અમે મનુષ્ય જેવા જણાઈ છીએ પણ અમારે વિષે અતિ પ્રકાશ ને સર્વ સુખ રહ્યાં છે. ધ્યાન, ધારણા ને સમાધિવાન અમને પ્રકાશેયુક્ત દેખે છે અથવા અમારી ઈચ્છાથી પણ અમે તેજોમય દેખાઈએ છીએ. શ્રી કૃષ્ણ ભગવાનને દૃષ્ટાંતે કહ્યું છે કે મૂઢ જીવ અમને મનુષ્ય જેવા જાણે છે તેમને અમારો નિશ્ચય નથી અને તે જરૂર સત્સંગમાંથી પડશે. અમારે વિષેથી મનુષ્યભાવ ટાળીને દિવ્યભાવ કરે તો જ પૂરો નિશ્ચય કહેવાય. અમને દિવ્ય જાણીને દર્શન કરે તેને જ અમારો નિશ્ચય જાણવો અને

ત્યારે જ એને ધોખો ન થાય ને ગુણ અવગુણ ન આવે ને વિમુખ ન થાય માટે અમને ને પંચવર્તમાને યુક્ત અમારા ભક્તને દિવ્ય જાણવા. એવી રીતે પોતાનું દિવ્ય ને સર્વોપરીપણું પ્રતિપાદન કર્યું છે. દિવસમાં એકવાર એ વાત કરવાની આજ્ઞા કરી છે. (૧૨૬)



વચનામૃત સારાંશ : પંચાળા પ્રકરણ

૧

અમારે વિષે હેત ને ધર્મમાં નિષ્ઠા હોય તો પણ અમારા મહિમા રૂપી વિચારને ન પામ્યો હોય તો સારા ને ભૂંડા વિષય સરખા ન થાય. સારા વિષય ભૂંડાથી પણ ભૂંડા ન થાય. અમારા અંગનો એટલે અમારો પ્રકાશ તે જ અક્ષર-બ્રહ્મ છે તથા અમારે રહ્યાનું ધામ છે. અમને સર્વકર્તા, સદા સાકાર, દિવ્ય મૂર્તિમાન જાણે ને સર્વના સુખથી અમારા સુખને અતિશય અધિક જાણે ને સર્વને સુખના દાતા જાણે તો અમારા સુખ વિના બીજા સર્વ સુખ અતિશય તુચ્છ થઈ જાય. આવો મહિમા ન જાણે તો રમણીક વિષયમાંથી વૃત્તિ માંડ માંડ ઉખડે અને આવો માહમા સમજે તો વિષયની તુચ્છતા થઈ જાય. (૧૨૭)

૨

યોગવાળા જીવ, ઈશ્વરને સમ કહે છે. અક્ષરધામને વિષે રહ્યું એવું જે ભગવાનનું સ્વરૂપ તથા પ્રકૃતિ પુરુષાદિક તથા મચ્છ, કચ્છાદિક અવતાર તે સર્વેને ધ્યાન કરવા યોગ્ય કહે છે ને એમાં અંશ અંશી ભાવ કલ્પે છે એ દોષ છે; અને પ્રત્યક્ષ ભગવાનના આશ્રયે કરીને મોક્ષ થાય એમ કહે છે, તેમણે જીવથી ઈશ્વરને ભિન્ન ને સર્વજ્ઞ સમજવા ને પ્રકૃતિ પુરુષથી લઈને બ્રહ્મા, વિષ્ણુ, શિવાદિક સર્વેને ભગવાનના ભક્ત સમજવા ને અંશ અંશી ભાવ ટાળવો. આત્યંતિક પ્રલયને વિષે અક્ષરધામમાં પુરુષોત્તમ ભગવાન રહે છે તે પૃથ્વીને વિષે પ્રગટ થાય તેમનું જ ધ્યાન કરવું. સાંખ્યવાળા પરમાત્માને પામનારા જીવ, ઈશ્વરને તત્ત્વથી ભિન્ન કહેતા નથી ને જીવને જ ધ્યાન કરવા યોગ્ય માને છે

તે દોષ છે, તેમણે તત્ત્વથી જીવ, ઈશ્વરને ભિન્ન સમજવા ને પ્રકૃતિ પુરુષથી થયું તેને મિથ્યા કહેવું ને ભગવાનના અવતારને સત્ય જાણવા. આ યોગ તથા સાંખ્યવાળાએ જેને અક્ષરધામ શબ્દથી કહ્યું છે તેને મૂળપુરુષનું તેજ જાણવું અને જેને પુરુષોત્તમ શબ્દથી વર્ણન કર્યા છે તેને મૂળપુરુષ જાણવા અને નિર્ગુણ વાસુદેવ પણ એના તેજને જ કહે છે. પ્રધાનપુરુષને પ્રકૃતિપુરુષ શબ્દથી કહ્યા છે. તે યોગવાળા જેમ પ્રત્યક્ષને આશ્રયે કરીને મોક્ષ કહે છે તેમ અમારા ભક્તોએ પ્રત્યક્ષ ભગવાન જે અમે તે અમને બ્રહ્માદિકથી લઈને મૂળઅક્ષર પર્યંત સર્વેથી પર જાણવા ને એ સર્વેને અમારા ભક્ત જાણવા. અમે અનિરુદ્ધ જે મૂળઅક્ષર અને પ્રદ્યુમ્ન જે વાસુદેવ બ્રહ્મ અને સંકર્ષણ જે મહાકાળ તેમને વિષે નિર્ગુણ વાસુદેવ જે અમારું તેજ તે દ્વારે પ્રવેશ કરીને તે તે રૂપે થઈએ છીએ તથા રામકૃષ્ણાદિક અવતારનું ગ્રહણ કરીએ છીએ તે સર્વેને સત્ય જાણવા અને પ્રકૃતિ પુરુષથી થયું તેને મિથ્યા માનવું. એ સર્વેથી પર નિર્ગુણ વાસુદેવ જે અમારા તેજરૂપ અક્ષરધામ તે રૂપ પોતાના આત્માને માનીને યોગ માર્ગે કરીને અમારી ઉપાસના, ધ્યાન, ભક્તિ કરવાં પણ અમારા વિના બીજા કોઈનું કરવું નહિ. (૧૨૮)

૩

જે ભક્ત પોતાના અવગુણ ઓળખીને ટાળવાનો ઉપાય કરે ને બીજાના અવગુણ લે નહિ તે બુદ્ધિવાળો છે અને માને કરીને પોતાથી મોટાને ન્યૂન માને તે મૂર્ખ છે. નિર્ગુણ સત્તા જે અમારું તેજ તે રૂપ થઈને અમારે વિષે હેત કરવું ને સેવા કરવી પણ વિષયના સુખ સંબંધે કરીને અમારે વિષે હેત કરવું નહિ. ઈન્દ્રિયો, અંતઃકરણને પંચ વર્તમાનના નિયમમાં રાખવાં. ત્રણ દેહ ને ત્રણ અવસ્થાથી પોતાના ચૈતન્યને પૃથક્ માનવો. (૧૨૯)

૪

વેદાદિકને દષ્ટાંતે પોતાનું સનાતન અનાદિ દિવ્ય સ્વરૂપ અક્ષરધામમાં રહ્યું છે તેનું અવર્ણનીયપણું તથા અગોચરપણું કહ્યું છે જે માયિક આકાર માત્રમાં અમારા તુલ્ય કોઈમાં રૂપ આદિક નથી અને અમારા ધામ જેવું કોઈનું સ્થાનક નથી અને અમારા ધામને વિષે અમારા ભક્તોને જેવું સુખ છે તેવું કોઈને સુખ નથી અને અમારા જેવો કોઈનો આકાર નથી. પ્રકૃતિ થકી થયા જે આકાર તે માયિક છે અને અમે ને અમારા મુક્ત દિવ્ય છીએ. જેમ મનુષ્યને ભેંશ આદિકની ઉપમા દેવી તે અઘટિત છે તેવી રીતે અમને પ્રકૃતિના કાર્યની ઉપમા દેવી તે અતિશય અઘટિત છે. જેમ મનુષ્યો સજાતિ છે તેમાં પણ સાદશ્યપણું નથી, તેમ માયાથી પર ઈશ્વર કોટિ, બ્રહ્મકોટિ ને અક્ષરકોટિ તે દિવ્ય, સજાતિ ને ચૈતન્ય છે તો પણ તેમાં ને અમારામાં કાંઈ સાદશ્યપણું નથી. જેમ ભગો મુળો સરખા છે તેમ અમારા ધામમાં અમારા મુક્ત અમારા સરખા છે તેમાં પણ અત્યંત સાદશ્યપણું નથી તો ઉપર કહ્યા જે ઐશ્વર્યાર્થીઓ તેમાં સાદશ્યપણું ન હોય તેમાં શું કહેવું ? અને માયિક આકારમાં તો સાદશ્યપણું હોય જ કયાંથી ? એવા દિવ્ય ને સર્વને અગોચર અમે અક્ષરધામમાં રહ્યા છીએ અને રાજાધિરાજ ને અસંખ્ય સમૃદ્ધિ તથા પાર્ષદો તેમણે યુક્ત ને અનંત કોટિ બ્રહ્માંડના પતિ છીએ અને તે બ્રહ્માંડોના પતિઓ તે અમને ભજે છે ને અમારી આજ્ઞામાં વર્તે છે ને પ્રાર્થના કરે છે. ત્યારે અમે જ્યાં જેમ જેમ ઘટે ત્યાં તેમ અમારી ઈચ્છાથી દર્શન આપીએ છીએ અને યુગાનુરૂપ આચરણ કરીએ છીએ, આવો અમારો દિવ્યભાવ ને મનુષ્યભાવ યથાર્થ જાણ્યો હોય તેને અમારા નિશ્ચયમાં સંશય થાય નહિ. દિવ્યરૂપ એવા અમે તે મનુષ્યરૂપ ધારીએ છીએ ત્યારે મનુષ્યના જેવા સ્વભાવે યુક્ત વર્તીએ તે અમારો

મનુષ્યભાવ ને દિવ્યભાવ તે બુદ્ધિવાનના જાણ્યામાં આવે છે ને તેને જ અમારો નિશ્ચય થાય છે. અમે દિવ્યભાવે સહિત દર્શન આપીએ તો મનુષ્યને દર્શન, સ્પર્શાદિકનું સુખ ન આવે ને કલ્યાણનો નિશ્ચય ન થાય, જેમ સૂર્યને અગ્નિને દર્શને સુખ નથી થતું તેમ. માટે અમે તમારા કલ્યાણને અર્થે દિવ્યભાવ છુપાવીને મનુષ્ય જેવા દેખાઈએ છીએ, અને કોઈક સ્થળમાં દિવ્યભાવ જણાવીએ છીએ, જેમ શ્રી કૃષ્ણ ભગવાને ભીષ્મને જણાવ્યો તેમ. માટે અમારો દિવ્યભાવ ને મનુષ્યભાવ જાણ્યો હોય તેને અમારા ચરિત્રમાં સંશય થાય નહિ ને નિશ્ચય ટળે નહિ, નહિ તો ટળી જાય. (૧૩૦)

૫

અમારા તથા અમારા ભક્તની આગળ નિર્માની રહેવું. વિમુખ જે સત્સંગનો દ્રોહી હોય અને અમારું તથા અમારી મૂર્તિમાં નિમગ્ન એવા સંતનું ધસાતું બોલતો હોય તેના આગળ માન રાખવું. (૧૩૧)

૬

વૈકુંઠનાથ જે રામચંદ્રજી તથા સહસ્રશીર્ષા જે અનિરુદ્ધ તથા શેષશાયી જે વૈરાજનારાયણ તથા ભૂમાપુરુષ તેમના કારણ, અવતારી ને પુરુષોત્તમ તે શ્રી કૃષ્ણને કહ્યા છે અને તે શ્રીકૃષ્ણને ગોલોકવાસી કહ્યા છે અને શ્વેતદ્વીપપતિ વાસુદેવ બ્રહ્મના અવતાર કહ્યા છે ને વાસુદેવ બ્રહ્મને શ્રી કૃષ્ણના અવતારી કહ્યા છે અને મહાભારતમાં ને ભાગવતમાં શ્રી કૃષ્ણને નરનારાયણ નામે કહ્યા છે. આ અવતાર એટલે અમે વાસુદેવાદિક સર્વે અવતારોના કારણ છીએ એવા સર્વોપરી અમને જાણીને, અમારી દૃઢ ઉપાસના કરવી ને આવા રીતની અમારે વિષે ઉપાસનાની દૃઢતા હોય તેનાથી કાંઈક અવળું વર્તાઈ ગયું હોય તો પણ અંતે તેનું કલ્યાણ થાય. (૧૩૨)

૭

ધામ જે પોતાનું સ્વરૂપ કહેતાં પોતાને ધામ શબ્દથી કહ્યા છે. તે સત્ય સ્વરૂપ જેવું અક્ષર ધામને વિષે છે તેવું જ મનુષ્યરૂપે દેખાય છે એમ સમજે તેનું માયારૂપી કપટ રહેતું નથી. અજ્ઞાની જીવ અમને મનુષ્ય જેવા દેખે છે ને પોતાની પેઠે જ અમારે વિષે જન્મ મરણભાવ કલ્પે છે તે જ્યારે એની માયિક દૃષ્ટિ મટે ત્યારે અમને પરમ ચૈતન્ય સત્-ચિત્-આનંદમય જાણે છે. અમે મનુષ્યભાવ દેખાડીએ છીએ તે તો નટની પેઠે અમારી યોગમાયા છે. જેમ શ્રી કૃષ્ણ ભગવાનનો દેહત્યાગાદિક જોઈને જ્ઞાની ભક્તને મોહ ન થયો, તેમ અમને યથાર્થપણે સમજનારા ભક્તો અમે જેવા અક્ષર-ધામમાં છીએ તેવા જ સમજે છે ને મૂર્ખ અમને સાકાર સમજે તો મનુષ્ય જેવા જ સમજે અને નિરાકાર સમજે તો તે દેહ દેહીભાવ સમજે. જેમ દેહમાં જીવ રહ્યો છે તેમ ભગવાન માયિક દેહમાં રહ્યા છે પણ સ્વરૂપે નિરાકાર છે એમ સમજે પણ અમે તો સદા દિવ્ય સાકાર છીએ તે સાકારપણું શ્રુતિ સ્મૃતિએ પણ પ્રતિપાદન કર્યું છે. જેમ અગ્નિ જવાળારૂપે લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો ગુણ દાબીને પોતાના ગુણને પ્રકાશ કરે છે, તેમ અમે પુરુષમાં અમારા પ્રકાશદ્વારે પ્રવેશ કરીએ છીએ ત્યારે જેમ સૂર્યના પ્રકાશમાં તારા-ચંદ્રનાં તેજ લીન થઈ જાય છે, તેમ પુરુષનો પ્રકાશ, ઐશ્વર્ય, સામર્થ્ય તે અમારા પ્રકાશમાં લીન થઈ જાય છે. પ્રકાશદ્વારે પુરુષમાં રહીને અમે ઉત્પત્તિ કરીએ છીએ અને તેમ જ માયામાં પ્રકાશદ્વારે પ્રવેશ કરીએ છીએ ત્યારે માયાના જડપણાદિક ગુણને દાબી દઈએ છીએ ત્યારે તે માયા થકી અનંત કોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરે એવા પ્રધાન પુરુષાદિક ઉત્પન્ન થાય છે તે માયાપણું ઢંકાઈ ગયું જાણવું. એવી જ રીતે ચોવીસ તત્ત્વ તથા વૈરાજાદિકને વિષે પણ

ઉત્પત્યાદિક કાર્ય અમારા પ્રકાશદ્વારે કરીને કરીએ છીએ. નારદ સનકાદિક રૂપે એટલે મુક્તને વિષે અમે પ્રગટ વિરાજીને મોક્ષરૂપી કાર્ય કરીએ છીએ. જેમ લોઢામાં અગ્નિ રહ્યો જ છે પણ વિશેષ પ્રવેશ કર્યો હોય તે નીકળી જાય છે ત્યારે તે લોઢું હતું તેવું રહે છે તેમ અમે ઉત્પત્યાદિક કાર્ય કરી રહ્યા પછી વિશેષ પ્રવેશ કરેલો તે પ્રકાશ એમાંથી નીકળી જાય છે, ત્યારે તો તે સર્વે જેવા છે તેવા જ રહે છે અને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે અમારું હતું. અમે અમારા અક્ષરધામ ને વિષે સદા સાકાર મૂર્તિ છીએ. અમારી આ મૂર્તિમાં ત્યાગ ભાગ નથી માટે આ મૂર્તિનું જ ધ્યાન ઉપાસના ભક્તિ કરવી પણ ધામમાં બીજું સ્વરૂપ હશે અને આ બીજું સ્વરૂપ છે એમ ન સમજવું. આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ અમે ને અમારા ભક્ત દિવ્ય સાકાર રૂપે અતિશય પ્રકાશે યુક્ત અક્ષરધામમાં રહીએ છીએ. અમે ને અમારા ભક્ત અતિશય પ્રકાશે યુક્ત છીએ ને તમારા કલ્યાણને અર્થે કૃપા કરીને સર્વ શક્તિ પાર્ષદોએ સહિત મનુષ્ય જેવા દેખાઈએ છીએ. આવી રીતે સમજે તેણે જ અમને યથાર્થ જાણ્યા કહેવાય ને તેની જ માયા નિવૃત્ત થાય છે ને તે જ જ્ઞાની ને એકાંતિક ભક્ત છે. આવી અમારી દૃઢ ઉપાસના વાળાને કુસંગને યોગે અથવા પ્રારબ્ધે કરીને અવળું વર્તાઈ જાય તો પણ તેનું કલ્યાણ થાય પણ તે વિના ઉર્ધ્વરેતા ને મહાત્યાગીનું પણ ન થાય. આવી સમજણ-વાળાને નિરાકાર પ્રતિપાદન કરનારાં શાસ્ત્ર સાંભળીને પણ સાકારપણામાં સંશય થાય જ નહિ તેની જ પરિપક્વ નિષ્ઠા જાણવી. (૧૩૩)



વચનામૃત સારાંશ : ગઢડા મધ્ય પ્રકરણ

૧

વિષયની આસક્તિએ ને દયાએ કરીને સમાધિમાંથી પાછું અવાય છે. રમણીક વિષયમાં આસક્તિ એ મોહ થવાનો હેતુ છે, તેને સંત, ગુરુ તથા ઈષ્ટદેવ પાછો વાળે તો દ્રોહ કરે પણ વળે નહિ. આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને અમારું માહાત્મ્ય જાણવાથી મોહ ટળે ત્યારે સિદ્ધદશા આવી જાણવી ને કૃતાર્થ માનવું. (૧૩૪)

૨

જેને આત્યંતિક કલ્યાણ પામવું હોય ને મુક્ત થવું હોય તેને ઈન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો ને આત્મસુખવતે પૂર્ણ રહેવું ને પોતાને બ્રહ્મ જે અમારું તેજ તે રૂપ માનીને તે ચૈતન્યને વિષે અમારી મૂર્તિ ધારવી તો ઈન્દ્રિયો દ્વારે થઈને અંત:કરણમાં આવેલા વિષય નિવૃત્ત થાય છે ને તેનું કલ્યાણ થાય છે. આમાં નારદ સનકાદિક નામે પોતાના મુક્તોને કહ્યા છે. (૧૩૫)

૩

રસિકમાર્ગવાળો ભક્ત બાઈઓને વિષે મા, બેન, દિકરીનો ભાવ રાખે તો વિકાર ન થાય અને અમને ભજીને મોક્ષ પામે અને અવળું સમજે તો મોક્ષના માર્ગથકી પડી જાય છે. પ્રકૃતિ પુરુષાદિક સર્વેનું કારણ ને અધાર, નિર્વિકાર ને નિરંશ વ્યાપક એવું જે બ્રહ્મ તે અમારું તેજ છે એમ સમજે અને એ બ્રહ્મના પણ કારણ ને આધાર, મૂર્તિમાન અમને સમજે અને એ બ્રહ્મરૂપ થઈને અમારી સ્વામી સેવકભાવે ઉપાસના કરે તો નિર્વિઘ્ન થકો પરમપદ જે અમારી હજૂર સેવા તેને પામે. (૧૩૬)

૪

અમે પ્રત્યક્ષ હોઈએ ત્યારે અમે ભક્તિ રાખ્યે રાજી હોઈએ તો ભક્તિ રાખવી અને ધર્મ રાખ્યે રાજી હોઈએ તો ધર્મ રાખવો. અમે મનુષ્યરૂપે વિચરતા ન હોઈએ ને આપત-કાળ પડે ત્યારે અમારું અખંડ ચિંતવન કરવું. તો મોક્ષના માર્ગમાંથી પડાય નહિ. અમારું સ્વામિનારાણ એવું નામ એકવાર લીધું હોય તો સર્વ પાપ બળીને ભષ્મ થઈ જાય એવું અતિશય માહાત્મ્ય જાણતો હોય તે એમ વિચારે જે હું કામાદિકમાં પ્રવૃર્તીશ તો મારે શ્રીજીમહાજના ચિંતવનમાં વિક્ષેપ થશે અને તેથી એકાંતિક નહિ થવાય એમ ડરતો રહે તો તે ધર્મમાંથી પડે નહિ અને મોક્ષને પામે. અમારું માહાત્મ્ય ને શ્રદ્ધા એ બે હોય તો અમારું અખંડ ચિંતવન થાય ને વિષયમાં લેવાય નહિ ને જેટલો અમારો મહિમા જણાય તેટલો જ નિશ્ચય થાય છે. (૧૩૭)

૫

અમારે વિષે પતિવ્રતાપણું ને શૂરવીરપણું રાખવું ને તમારા પતિ એવા જે અમે તે અમારું કોઈ ઘસાતું બોલે એવા પાજીપલાવની છાયામાં દબાવું નહિ. અમારો ને અમારા ભક્તનો પક્ષ રાખવો ને વિમુખનો પક્ષ રાખે તે વિમુખ થાય (૧૩૮)

૬

વિધિ નિષેધ સત્ય છે. મોટા પુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે. મોટા પુરુષના વચનનો વિશ્વાસ ન હોય ને વિધિ નિષેધને ખોટા કહે તે પાપીષ્ટ, નાસ્તીક ને ચંડાળ છે ને એનો સંગ રાખવો નહિ. ઘાટ સંકલ્પમાં ચિત્તથી પોતાના જીવાત્માને જુદો માનીને અમારું ભજન કરવું એમ નવા આદરવાળાને હિંમત આપા છે. (૧૩૯)

૭

વૈરાગ્ય ન હોય તો અયોગ્ય સ્વભાવ ટળે નહિ. અમારી આજ્ઞામાં વર્તનારા અને અમારી મૂર્તિમાં નિમગ્ન એવા સંતની સેવા કરે ને અમારી આજ્ઞામાં વર્તે તો અમારી કૃપા થાય ને તત્કાળ વિકાર ટળી જાય પણ સાધને કરીને તો બહુ કાળે ટળે. (૧૪૦)

૮

એકાદશીનું વ્રત કરવાની વિક્તિ કહી છે. ઇન્દ્રિયોને પાછાં વાળીને આત્માને વિષે રાખે તે યોગયજ્ઞ છે. આત્મામાં મૂર્તિ દેખાય એ યોગયજ્ઞનું ફળ છે. બ્રહ્મરૂપ જે પોતાનો આત્મા તેને વિષે પરબ્રહ્મ એવા જે અમે તે અમારો સાક્ષાત્કાર થાય તે જ્ઞાનયજ્ઞનું ફળ છે. પોતાના આત્માને વિષે અમારું દર્શન થાય ત્યારે જ જ્ઞાનયજ્ઞના વિધિનો અવધિ પૂરો જાણવો (૧૪૧)

૯

સર્વેથી પર એવા જે અમે તે તમને મળ્યા છીએ માટે અમારી મૂર્તિનું બળ અતિશય રાખવું. અમારું સર્વોપરીપણાનું બળ હોય તો તેથી સત્સંથી બહાર જવાણું હોય તો પણ અમારે વિષેથી હેત ટળે નહિ ને તે અંતે અક્ષરધામને વિષ અમારે સમીપે રહેશે. હમણાં સત્સંગમાં રહેતો હોય ને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હોય તો પણ અમારા સ્વરૂપની પાકી નિષ્ઠા ન હોય તો તે અમારા ધામ વિના બીજા લોકમાં જાય. જેને અમારા સ્વરૂપનું બળ હોય તે જ એકાંતિક ને પાકો સત્સંગી છે. એ અશુભ દેશકાળાદિકને યોગે કદાપિ ધર્મમાંથી ચળી જાય તો પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થાય પણ કલ્યાણના માર્ગથી પડે નહિ. અમારા સ્વરૂપની નિષ્ઠામાં કાચપ હોય ને ધર્મથી ચળી જાય તો નરકમાં પડી ચૂકયો એમ જાણીને કલ્યાણને માર્ગે ચાલી શકે નહિ. જેને

અમારે વિષે અતિશય પ્રીતિ હોય તેને કાંઈ કરવું રહ્યું નથી. જેને અમારે વિષે અતિશય પ્રીતિ ન હોય તેને તો અમારો મહિમા સમજવો. (૧૪૨)

૧૦

બ્રહ્મરૂપ જે અમારી શક્તિ તેણે કરીને અમે મૂળઅક્ષરાદિક સર્વેને વિષે વ્યાપક છીએ તે બ્રહ્મ અમારી કિરણ છે. મૂર્તિમાન સર્વેથી જુદા છીએ એવા અમને જાણીને અમારો આશ્રય કરે તે આત્યંતિક કલ્યાણને પામે છે. અમારા સુખને સર્વેથી અધિક જાણે તે વૈરાગ્યનું સ્વરૂપ છે. અમને સર્વ ક્રિયાને કર્તા થકા અકર્તા ને નિર્લેપ જાણે તે સાંખ્ય સંબંધી જ્ઞાન છે. વૃત્તિયો સ્થિર કરીને અમારે વિષે જોડે તે યોગ સંબંધી જ્ઞાન છે. અમારાં મનુષ્ય ચરિત્રને દિવ્ય ને કલ્યાણકારી જાણીને દૃઢ આશ્રય કરે તે ભક્તિનું સ્વરૂપ છે. જ્ઞાન, વૈરાગ્યથી અમારે વિષે પ્રીતિ થવાનું દૈવત ભક્તિને વિષે અધિક છે. (૧૪૩)

૧૧

ધર્મ, અર્થ, કામને વિષે પ્રીતિ રાખીને સુકૃત કરે તેનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળમાં ભોગવીને નરક ચોરાસીમાં જાય છે. તેનાં તે કર્મ અમારી પ્રસન્નતાને અર્થે કરે તો ભક્તિરૂપ થઈને મોક્ષને અર્થે થાય છે. અમારા ભક્તના દેહનો વ્યવહાર અજ્ઞાની જીવના જેવો જોઈને અવગુણ લેનારો નારકી થાય છે. અમારા ભક્તની ક્રિયા અમારી તથા અમારા મુક્તની સેવાને અર્થે છે માટે તે નૈષ્કર્મ્યરૂપ ને ભક્તિરૂપ છે એમ જાણે તે જ્ઞાની છે. અમારા ભક્તની સેવારૂપ ક્રિયામાં અવગુણ લે તેને વિષે અધર્મ નિવાસ કરે છે. (૧૪૪)

૧૨

ઈન્દ્રિયો, અંત:કરણને દાબીને વર્તવું પણ તેથી દબાવું નહિ. અમારું માહાત્મ્ય જાણીને ધ્યાન કરે અને ઈન્દ્રિયોને

નિયમમાં રાખીને વશ કરે તેનું આત્યંતિક કલ્યાણ થાય છે. (૧૪મ)

૧૩

પોતાને મિષે પોતાના મુક્તની સ્થિતિ કહી છે. જે અમારા મુક્તને સારા નરસા વિષય, માન, અપમાન, કચરો, કંચન, સમ વર્તે છે અને વૈરાગ્યાદિક સાધનનો ભાર નથી રહેતો અને બળાત્કારે વૃત્તિને વિષય સન્મુખ જોડે તો માંડ-માંડ જોડાઈને પાછી વળી આવે છે. તેનું કારણ એ છે જે અમારા તેજમાં દિવ્ય તેજોમય દ્વિભુજ મૂર્તિ, સૌમ્ય ને કિશોર એવા અમને સદાય દેખે છે, એવી રીતે અમને જાણે ને દેખે તેને પણ કયાંય આસક્તિ રહે નહિ. એ અમારા પ્રકાશનાં આત્મા, બ્રહ્મ ને અક્ષરધામ એ ત્રણ નામ છે અને અમારાં પરમાત્મા, પરબ્રહ્મ ને પુરુષોત્તમ એ ત્રણ નામ છે. અમે જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ. કયારેક તત્ત્વને ગ્રહણ કરીને પ્રગટ થઈએ છીએ અને કયારેક કૈવલ્યપણે પ્રગટ થઈએ છીએ. આ લોકને વિષે મનુષ્ય જેવા દેખાઈએ છીએ પણ અક્ષરધામના પતિ છીએ. શ્રીકૃષ્ણને દૃષ્ટાંતે કહ્યું છે કે અમે અક્ષરાતીત કહેતાં અમારા તેજરૂપ અક્ષરધામ તેથી અતીત એટલે પર છીએ ને કૈવલ્ય મૂર્તિ છીએ ને અમારું ધ્યાન કરનારાને કૈવલ્યરૂપે દર્શન આપીએ છીએ. તે પરમપદને પામે છે. અમારા સંબંધને પામે તે જગ્યા, પદાર્થ ને સેવક તે સર્વે નિર્ગુણ થાય છે. અમને આવા જાણે છે તે સ્વતંત્ર થાય છે. અમે સર્વ અવતારના કારણ છીએ ને સર્વ અવતાર અમારામાંથી પ્રગટ ને અમારામાં લીન થાય છે. અમારી પ્રગટ થવાની તથા અંતર્ધાન થવાની રીત અલૌકિક છે. ત્યાં શ્રી કૃષ્ણ ભગવાનના દેહ ત્યાગ કર્યાનું દૃષ્ટાંત આપ્યું છે અને આવા અમને સમજે તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય નહિ. આ

વાર્તા સદ્‌ગ્રંથોમાં હોય પણ અમારા ધામમાંથી આવેલા મુક્તના મુખ થકી જ સમજાય છે. આવું અમારું સ્વરૂપ સમજ્યામાં આવે તેને ત્રિકાળદૃષ્ટિનો ગર્વ કે હર્ષ શોક હોય નહિ. આવો નિર્વિઘ્ન માર્ગ બીજો નથી, માટે આ વાર્તા દૃઢ કરીને રાખજો. તેજમાં મૂર્તિ કહી તે અમે પોતે જ છીએ એમ જાણજો ને આ વાતનું બીજ લાવજો, એટલે જે જે વાત કરો તેમાં અમે સર્વેથી પર ને સર્વેના કારણ છીએ અને અમારા તેજરૂપ અક્ષરધામમાં સદાય વિરાજમાન છીએ એ વાત લાવજો. (૧૪૬)

૧૪

નિરુત્થાનપણે અમારો નિશ્ચય હોય તે જ તદાત્મકપણું છે ને એ જ નિર્વિકલ્પ સમાધિ છે. એ સંતનું સ્વરૂપ પણ નિર્ગુણ બ્રહ્મ જ છે. એવા અડગ નિશ્ચયવાળા નિવૃત્તિ માર્ગને વિષે અથવા પ્રવૃતિ માર્ગને વિષે વર્તે તો પણ તે નિર્ગુણ જ છે. જેને આવો નિશ્ચય ન હોય ને તે નિવૃત્તિ માર્ગમાં પ્રવર્ત્યા હોય તો પણ તે સગુણ ને અજ્ઞાની છે ને નરકમાં જાશે. (૧૪૭)

૧૫

સ્વભાવ ઉપર શત્રુપણું રાખે અને સ્વભાવને ખોદે તેનો ગુણ લે તો સર્વે શત્રુ નાશ પામે. કોઈની છાયામાં દૃબાય નહિ એવો હોય તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાંથી પડે નહિ. (૧૪૮)

૧૬

અમારા સ્વરૂપની દૃઢ નિષ્ઠા હોય તો તે ભેળી ધર્મનિષ્ઠા રહે. નિયમે કરીને વિષય જીતાય છે. અતિશય શ્રદ્ધાવાન હોય તેને વહેલી સાધનની સમાપ્તિ થાય છે. મંદ શ્રદ્ધાવાળો અનેક જન્મે મોક્ષને પામે. તીવ્ર શ્રદ્ધાવાન પુરુષનાં લક્ષણ કહ્યાં છે. ઇન્દ્રિયોને વશ કરીને અમે કહેલા નિયમમાં રાખે

તો વિષય જીતાય છે. અમારું માહાત્મ્ય જાણે તો શ્રદ્ધા વૃદ્ધિ પામે. (૧૪૯)

૧૭

સાંખ્યમત કહેવા પૂર્વક પોતાનો સિદ્ધાંત કહ્યો છે જે અમે સર્વેને વિષે અંતર્યામીપણે રહ્યા છીએ પણ આકાશની પેઠે નિર્લેપ છીએ. અમને તત્ત્વે સહિત અને રહિત સમજનાર પાપી છે. અમારે વિષે ભાગ ત્યાગ નથી. અનંત બ્રહ્માંડના આત્મા છીએ અને અમારા સ્વરૂપને વિષે ઉત્થાને રહિત ભક્ત નિર્વિકલ્પ સમાધિવાળો ને સ્થિતપ્રજ્ઞ છે. એને અમે સર્વ પાપ થકી મુકાવીએ છીએ. જેમ શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને મુકાવ્યા તેમ. જેમ સાંસારીક સ્વાર્થવાળા સંબંધીનો અવગુણ લેતા નથી તેમ અમારા થકી અભયપદ રૂપી સ્વાર્થ જાણ્યો હોય તેને અમારો અવગુણ આવે નહિ, જેમ શુકજી આદિકને ન આવ્યો તેમ. જેને અમારો અચળ આશ્રય હોય તેની મતિ ભ્રમે નહિ ને અમારા દૃઢ ભક્તને ઓળખે ને પરસ્પર માહાત્મ્ય જાણે, જેમ ઉદ્ધવજી તથા ગોપીઓએ જાણ્યું તેમ. મૂળ અક્ષરાદિક સર્વે ક્ષેત્રજ્ઞના ક્ષેત્રજ્ઞ છીએ તો પણ નિર્વિકાર છીએ. આત્મનિષ્ઠને વિકાર નથી અડતો તો પુરુષોત્તમ એવા જે અમે તે અમને તો અડે જ કેમ? એમ સમજનાર ભક્તને સ્થિતપ્રજ્ઞ જાણવો. આત્માને વિષે સ્થિતિવાળો સ્થિતપ્રજ્ઞ કહેવાય તેમ અમારા યોગ્ય અયોગ્ય ચરિત્રમાં સંશય ન કરે તેને અમારે વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો. (૧૫૦)

૧૮

નાસ્તિક ને શુષ્ક વેદાંતી એ બે મતને અતિશય દુષ્ટ ને મહાપાપી કહ્યા છે. તેમનો કોઈ કાળે નરકમાંથી છુટકો નહિ થાય ને એના સંગ કરનારાને પણ અતિ પાપી કહ્યા છે. (૧૫૧)

૧૯

વેદાંતશાસ્ત્રના શ્રવણથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે ને પોતાને ભગવાન મનાય છે ને અમારી ઉપાસનાનું ખંડન થઈ જાય છે માટે તેનું શ્રવણ ન કરવું. અમારા એકાંતિક ભક્તને દર્શન દેવા ને તેમની રક્ષા કરવા ને અધર્મનો નાશ કરવા મનુષ્યરૂપે થયા છીએ, એવી અમારે વિષે નિષ્ઠા રાખીને માનસીપૂજા તથા ભક્તિ કરવી. જ્યારે અમે આ મનુષ્ય સ્વરૂપ અદૃશ્ય કરીએ ત્યારે અમારી પ્રતિમાની પૂજા, ભક્તિ, ઉપાસના તથા ધ્યાન કરવું પણ બીજા કોઈ દેવનું ધ્યાન કરવું નહિ ને સાધને કરીને સિદ્ધ ગતિને પામ્યા હોય એવા સાધુનું પણ ધ્યાન કરવું નહિ, તો અમારે વિષે દૃઢ ભક્તિ થશે. આ અમારા વચનથી બીજી રીતે વર્તશે તેની ભક્તિ વેશ્યાના જેવી થશે. (૧૫૨)

૨૦

સાક્ષી જે બ્રહ્મ કહેતાં અમે, લોઢાને વિષે અગ્નિની પેઠે, બ્રહ્માંડને વિષે પ્રવેશ કરીને સર્વને સર્વ ક્રિયા કરવાનું સામર્થ્ય આપીએ છીએ. અને સમાધિએ કરીને અમારી સાથે તુલ્ય ભાવને પામે ત્યારે તે જીવ બ્રહ્મરૂપ કહેવાય છે ને તેને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. તપ, નિવૃત્તિધર્મ ને વૈરાગ્ય તેણે યુક્ત હોય તેને શુકજીના જેવી સિદ્ધદશા આવે છે ને સર્વત્ર ગતિ થાય છે. દેહાભિમાની જીવ હોય તે એમ જાણે છે જે સમાધિવાનને જ્ઞાન ઓછું થઈ જાય છે પણ સમાધિવાન ઇન્દ્રિયો, અંતઃકરણથી જુદો પડીને વર્તે છે તોપણ જ્ઞાન વૃદ્ધિ પામે છે અને પાછો તેમાં મળીને વર્તે તોપણ સમાધિમાં થયેલું જ્ઞાન નાશ થતું નથી અને એ સમાધિવાન પ્રવૃત્તિમાર્ગનો ત્યાગ કરીને તપાદિકે યુક્ત થાય તો અમારા મુક્તના જેવી સિદ્ધ દશા પામે, જેમ પૂર્વે નારદ, સનકાદિક, શુકજી પામ્યા છે તેમ. (૧૫૩)

૨૧

કેવળ વર્ણાશ્રમ ધર્મે કરીને સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે. અમને સર્વ કર્તા હર્તા જાણે તો જ કલ્યાણ થાય. જેમ રામ, કૃષ્ણાદિક પરોક્ષ અવતાર થયા છે તેમને વૈકુંઠ, ગોલોકના પતિ જાણે છે અને તેમના ભક્તોને તે તે ધામના પાર્ષદો જાણે છે તેમ અમને અક્ષરધામના ધામી સમજે અને અમારા ભક્તોને અમારા ધામના પાર્ષદો જાણે અને અમને સર્વ કર્તા હર્તા જાણે તો કોઈ કાળે કલ્યાણના માર્ગથી પડે જ નહિ. જીવ, વૈરાજપુરુષ ને પ્રધાન-પુરુષ એ સર્વેને સ્વપ્ન સૃષ્ટિ તથા સ્વપ્ન સૃષ્ટિના ભોગ તે મૂળપુરુષ દ્વારે અમે સજી આપીએ છીએ અને દેશકાળા-દિકનું અમે ચાલવા દઈએ તેટલું જ ચાલે. જેને ગામ, ગરાસ, ધન, દોલત હોય તે દુઃખિયો છે અને ન હોય તે સુખિયો છે. દેવને શ્રદ્ધાએ કરીને ધરતી, વાડી, ગામ, ગરાસ કોઈ આપે તો ભલે પણ આગ્રહ પૂર્વક બળાત્કારે પ્રેરણા ન કરવી. જે પોતાને બ્રહ્મરૂપ માનીને પરબ્રહ્મ એવા જે અમે તે અમારી સ્વધર્માદિક અંગે યુક્ત ભક્તિ તથા ધ્યાન, સ્મરણ ને ઉપાસના કરે અને જેટલાં વર્તમાન અમે કહ્યાં છે તેમાં ફેર પડવા દે નહિ તે અમારો એકાંતિક ભક્ત છે. જ્યારે અમે પ્રગટ થઈએ ત્યારે એકાંતિક ભક્તિ પ્રવર્તાવીએ છીએ. બીજા મતોમાં તો એકાંતિક ભક્તિ નથી. (૧૫૪)

૨૨

શૂરવીર ને કાયર ભક્તનાં લક્ષણ કહ્યાં છે. પોતાને મિષે કરીને પોતાના ભક્તને પ્રવૃત્તિ ટાળવાનો ઉપાય બતાવ્યો છે. અક્ષરાદિક કોઈ ઐશ્વર્યમાં લોભાવું નહિ. પોતાના એકાંતિક ભક્તનાં લક્ષણ કહ્યાં છે. રાજા ને રાણીના દ્રષ્ટાંતે પોતાના મુક્તોનો મહિમા પોતાના જેવો જ કહ્યો છે. (૧૫૫)

૨૩

જેનું મન દુઃખદાયી વિષયમાં તપે નહિ અને સુખદાયી વિષયમાં ટાઢું ન થાય, એક અમારે વિષે જ આસક્ત થાય તે જ પરમ ભાગવત સંત છે. (૧૫૬)

૨૪

સાંખ્ય નિષ્ઠાવાળા ભક્ત સર્વના સુખ દુઃખનું પ્રમાણ કરી રાખે ને તેમાંથી વૈરાગ્ય પામીને અમારે વિષે પ્રીતિ રાખે એવું સમજણનું બળ હોય અને યોગ નિષ્ઠાવાળાને વિષમ દેશકાળે કરીને અમારી મૂર્તિમાંથી બીજે વૃત્તિ ચોટી જાય અને એ બે નિષ્ઠા ભેળી હોય તો અમારા વિના બીજે લોભાય નહિ કેમ જે અમે તથા અમારા મુક્ત ને અમારું અક્ષરધામ તે વિના બીજા દેવોના વૈભવ તે સર્વને તે નાશવંત જાણે ને અમારે વિષે જ પ્રીતિ રાખે માટે તેને વિક્ષેપ આવે જ નહિ. (૧૫૭)

૨૫

વાસના રહિત ગૃહસ્થ દેહ મૂકીને અક્ષરધામને પામે અને વાસનાવાળા ત્યાગીને દેહ ધરવો પડે. સંતની સેવા કરવાનું વ્યસન હોય તેની વાસના નાશ પામી જાય. ગૃહસ્થને ચક્રવર્તી રાજ્ય મળે કે બ્રહ્માદિકની પદવી મળે તો પણ સંતની આગળ દીન આધીન રહે અને ત્યાગીને અમારા જેવા ઐશ્વર્ય આવે તો પણ દીન આધીન રહે તેના ઉપર અમારી અતિશય પ્રસન્નતા થાય છે. (૧૫૮)

૨૬

અમને ભજતાં અંતરાય કરે એવા સંબંધીનો તથા અમને તથા અમારા ભક્તને ન ગમે એવા સ્વભાવનો ત્યાગ કરવો. પોતામાં ગુણ જુએ ને બીજામાં અવગુણ પરઠે તે સત્સંગી છે તો પણ અર્ધો વિમુખ છે અને અમારી ભક્તિમાં આત્મજ્ઞાન, વૈરાગ્ય ને ધર્મ તે અંતરાય કરે તો

તેને પાછા પાડીને અમારી ભક્તિ મુખ્ય રાખે તે અમારો પૂરો ભક્ત છે. અમારા ભક્તને સર્વે સત્સંગીના ગુણ લેવા અને પોતાનો અવગુણ લેવો તો સત્સંગ વૃદ્ધિ પામે પણ ભક્તના અવગુણ લે તે વિમુખ થાય. શિખામણની વાત સાંભળી લે તેના ઉપર અમારે હેત થાય છે અને અવગુ લે તેના ઉપર નથી થતું. (૧૫૯)

૨૭

અમારું માહાત્મ્ય વિચારે તથા સંતનો માર્ગ વિચારે તો કામ, ક્રોધાદિકને હઠાવી દે, અને એ વિચાર ગુણથી પર છે અને એવો વિચાર પૂર્વના સંસ્કારે કરીને આવે છે તે વિચાર માયિક પદાર્થનું બંધન રહેવા દે નહિ. ભૂંડા દેશ-કાળાદિકને યોગે કરીને પ્રથમ આવરણ થઈ જાય એવી કાચપ રહે છે ને મોટા પુરુષને રાજી કરે તો નડી શકે નહિ. કોઈ ઉપર મલિન ઘાટ ન કરે તો મોટા પુરુષ રાજી થાય. અમારા ભક્તને દુઃખવ્યા હોય તો રાજી કરવા. ત્યાગનો પક્ષ મોળો પાડીને પોત પોતાના ધર્મમાં રહીને અમારી ભક્તિ, ઉપાસના કરવી એ અમારો સિદ્ધાંત છે. (૧૬૦)

૨૮

અમે દયાળુ છીએ પણ અમારા ભક્તનો દ્રોહ કરે તેનો અભાવ આવે છે. રાજી થયાનો ને કુરાજી થયાનો તપાસ કરીને રાજી કુરાજી થઈએ છીએ. અમારા ભક્તની ભક્તિ એટલે સેવા કરવી એ ગુણ જેમાં ન હોય તેની મોટપ શોભે નહિ. અમારા ભક્તની સેવાથી સુખ થાય છે ને દ્રોહથી ભૂંડું થાય છે. અમારા ભક્તની સેવા કરે તેના ઉપર અમે રાજી થઈએ છીએ અને દ્રોહ કરે તે ઉપર કુરાજી થઈએ છીએ. જેના ઉપર અમારો રાજીપો હોય તે મર્ત્યલોકમાં છે તો પણ અમારા ધામમાં જ છે અને જેના ઉપર અમારો રાજીપો નથી તે અમારા ધામમાંથી પણ પડશે. (૧૬૧)

૨૯

જે થાકી રહ્યો હોય, પીડા પામ્યો હોય, અપમાન થયું હોય તથા સમૃદ્ધિમાં અવરાઈ ગયો હોય, તો પણ અમારી વાત સાંભળવામાં સાવધાન થઈ જાય, તે ભક્તને અમારે વિષે દઢ આસક્તિ જાણવી. પૂર્વનો બળિયો સંસ્કાર હોય અથવા એવી આસક્તિવાળા સંતની સેવાથી દઢ આસક્તિ થાય છે. (૧૬૨)

૩૦

શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ જે અમારું તેજ તે રૂપ થઈને પરબ્રહ્મ જે અમે તે અમારું ભજન કરે અને અમારા વિના બીજેથી વૈરાગ્ય પામે, તેને સોનું ને સ્ત્રી બંધન કરે નહિ. (૧૬૩)

૩૧

અમે સર્વે કારણના કારણ, અક્ષરાતીત ને પુરુષોત્તમ વાસુદેવ છીએ અને પુરુષદ્વારાએ માયાને વિષે વીર્ય ધારણ કરીએ છીએ તે પુરુષ થકી વૈરાજપુરુષ થાય છે. વૈરાજપુરુષ તથા વ્યષ્ટિ જીવોના પ્રકાશક પુરુષરૂપે કરીને અમે છીએ. એ વૈરાજપુરુષ આવ્યષ્ટિ જીવની પેઠે બધ્ધ છે. વૈરાજપુરુષ તથા જીવ તે જ્યારે અમારી ઉપાસના કરે ત્યારે માયાનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થાય ને મોક્ષને પામે. અમારું ઐશ્વર્ય પુરુષ દ્વારે વૈરાજમાં આવ્યું હોય ત્યારે એ વૈરાજ પુરુષ થકી અવતાર કહ્યા છે. જીવમાં ને વૈરાજમાં ભેદ છે અને વૈરાજમાં ને પુરુષમાં ભેદ છે તેમ પુરુષને વિષે ને અમારે વિષે તો એવો ઘણો ભેદ છે. પુરુષ ઘણા છે અને એ ચાર ભેદ અનાદિ છે. (૧૬૪)

૩૨

ત્રણ દેહથી નોખો પોતાના જીવાત્માને જાણીને તેને વિષે વાસુદેવ જે અમે તે અમારી મૂર્તિને ધારીને અમારું સ્મરણ કરે તો કુટુંબીનો સંબંધ ટળી જાય. પ્રત્યક્ષ કહેતાં

તમારી દૃષ્ટિને આગળ દેખાતા એવા પરબ્રહ્મ જે અમે તે અમારા સ્વરૂપનું એટલે અમારું ધ્યાન, સ્મરણ, કીર્તન ને ને કથા કરે તો માયાને તરીને અમારા અક્ષરધામને પામે. આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ એ ત્રણ ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે. કલ્યાણ તો અમારી ભક્તિએ કરીને જ છે. અમારો ભક્ત દેહ મેલે છે ત્યારે અમારા વિના બીજે પ્રીતિ ન રહે તે સારુ આત્મનિષ્ઠા ને વૈરાગ્ય તે ભક્તને વિષે પ્રેરીએ છીએ. રૂડાં દેશાદિક સેવવા ને ભૂંડા ન સેવવા. (૧૬૫)

૩૩

અમારા ભક્તોએ અમારા વિના બીજે હેત ને સ્મૃતિ ન રાખવા. અમારા ભક્તનો અભાવ આવવા દેવો નહિ. વિષયનો ત્યાગ કરવો. નિષ્કામી વર્તમાન દૃઢ હોય તે જ અમને વહાલો છે ને અમે તેના જ ભેળા છીએ ને તેની જ સેવા ગમે છે. વર્તમાન દૃઢ ન હોય તેના ઉપર કુરાજી છીએ ને તેની સેવા ગમતી નથી. સત્સંગમાં કોઈ સ્ત્રી વા પુરુષને નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો નહિ અર્થાત્ અમને સંભળાવ્યા વિના જ તેને સત્સંગ બહાર કાઢી મૂકજો એમ સૂચવ્યું છે. તે પ્ર. ૧૮ મા કુપાત્રને સત્સંગ બહાર કાઢી મૂકવો એમ આજ્ઞા આપી છે. નિષ્કામી વર્તમાન દૃઢ કરવાના ઉપાય બતાવ્યા છે જે અમારી કથા–કીર્તનાદિક ભક્તિએ કરીને મનને વશ કરવું. આહાર નિયમમાં કરીને પ્રાણને નિયમમાં કરવો અને નિયમમાં વર્તીને દેહને નિયમમાં કરવો. એ ત્રણ ઉપાયે નિષ્કામ વર્તમાન દૃઢ થાય છે. સ્વભાવ ટાળવાનો અભ્યાસ રાખે તો તે નાશ થઈ જાય છે. (૧૬૬)

૩૪

માયાનાં કાર્યને જડ તત્ત્વ કહ્યાં છે. માયાના પ્રકાશક મૂળપુરુષને ચૈતન્ય તત્ત્વ કહ્યાં છે. અમે માયાથી ને પુરુષથી ન્યારા છીએ. જે જીવ અમારો આશરો કરે તે માયાને તરીને

અમારું તેજ જે બ્રહ્મ તે રૂપ થઈને અમારા ધામને પામે છે. (૧૬૭)

૩૫

શ્રીકૃષ્ણ જે અમે તે અમારી મૂર્તિના ધ્યાન વિના આત્માને વિચારે કરીને આત્મા દેખાતો નથી. અમારી ઉપાસના ને અમારાં ચરિત્ર કહેવાં ને સાંભળવાં ને અમારું નામ સ્મરણ કરવું ને પોતપોતાના ધર્મમાં રહેવું તેણે કરીને કલ્યાણ થાય છે ને આત્મદર્શને કરીને તો અમારી ભક્તિમાં વિઘ્ન ન થાય એ પ્રયોજન છે. સ્ત્રી-પુરુષ તે ગમે તેવાં ધર્મવાળાં ને સમાધિનિષ્ઠ હોય તો પણ સહવાસ રાખે તો તેમનો ધર્મ રહે જ નહિ માટે અમે નિયમ કહ્યા છે તે પ્રમાણે રહેવું. અમારી ઉપાસના, ચરિત્ર ને નામ સ્મરણ એ ત્રણ વિના એકલા બ્રહ્મચર્યાદિક ધર્મે કરીને કલ્યાણ થાતું નથી. જો એ ત્રણે હોય પણ ધર્મ ન હોય તો પણ કલ્યાણ ન થાય. અમારા ચરિત્રનાં કાવ્ય સાંભળવાં પણ કબીર ને અખા આદિનાં કાવ્ય કીર્તન કહેવાં, સાંભળવાં નહિ. (૧૬૮)

૩૬

જેના ચિત્તનો ચોટવાનો સ્વભાવ, શૂરવીરપણું, ભય ને વૈરાગ્ય હોય તેઓને તથા જેના ઉપર અમે કૃપા કરીએ તથા પૂર્વનો સંસ્કારી હોય તે સર્વને અમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રહે છે. અમારા વિના બીજે હેત રહે તે માયા છે ને બીજેથી હેત તૂટીને અમારે વિષે હેત થાય તે માયાને તરી રહ્યો છે. (૧૬૯)

૩૭

અમે ને અમારા સંત તિરસ્કાર કરીએ તો પણ ગુણ લે અને દુઃખાય નહિ તો ન ટળે એવી પ્રકૃતિ હોય તે પણ ટળી જાય. (૧૭૦)

૩૮

જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી અર્ધો વિમુખ છે. આત્મનિષ્ઠા, વૈરાગ્ય, ધર્મ ને અમારે વિષે અત્યંત ભક્તિ એ ચાર વાનાં હોય તે અમારો એકાંતિક ભક્ત છે અને તે ભક્ત દેહ મૂકે ત્યારે તેનો અમારે વિષે પ્રવેશ થાય છે. એકાંતિક ન હોય તેનો બ્રહ્મા અથવા સંકર્ષણાદિકને વિષે પ્રવેશ થાય છે. એવા એકાંતિક ભક્તને દેહમાં હોય ત્યાં સુધી લોભી, કામી ને વાંઝિયાની પેઠે અમારી જ રટના રહે છે. (૧૭૧)

૩૯

અમારા એકાંતિક ભક્તને અમારા વિના બીજા પદાર્થનો ઘાટ ઘાતો નથી ને સ્વપ્નમાં પણ આવતાં નથી ને પ્રવૃત્તિમાં રહ્યા હોય પણ અંતર્દૃષ્ટિ કરે ત્યારે આત્મસ્વરૂપને પામીને પરમ સુખરૂપે વર્તાય ને અમને સદા સાકાર જાણે. જે દંભે કરીને અમારી ભક્તિ કરતો હોય તેના ઉપર રાજી ન થાય ને સાચા ભક્તને દેખીને જ રાજી થાય એવા સ્વભાવિક ગુણ અમારા એકાંતિક ભક્તને વિષે રહ્યા છે. મોટેરા હોય તેને નિષ્કામ વ્રતની અતિશય દૃઢતા કરવી. પરોક્ષ શ્રી કૃષ્ણને દૃષ્ટાંતે કરીને પોતાનો મહિમા કહ્યો છે જે જેમ દશમસ્કંધમાં અનેક નામે કરીને વસુદેવના પુત્ર શ્રી કૃષ્ણને જ કહ્યા છે અને સર્વકર્તા કહ્યા છે તેમ વચનામૃત, સત્સંગીજીવન, સત્સંગીભૂષણ, હરિલીલા કલ્પતરુ, હરિદિગ્વીજય આદિક સાંપ્રદાયિક ગ્રંથોમાં નારાયણ, વિષ્ણુ, પરમાત્મા, પુરુષોત્તમ, વાસુદેવ, નરનારાયણ, નીલકંઠ, હરિ, હરિકૃષ્ણ શ્રીકૃષ્ણ, ઘનશ્યામ, સહજાનંદ, નારાયણ મુનિ, બ્રહ્મ, પરબ્રહ્મ, પૂર્ણબ્રહ્મ, ઇત્યાદિક વિશેષણોએ કરીને સાક્ષાત્ દિવ્યવિગ્રહ સદા સાકાર મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે તે અમને જ કહ્યા છે એમ જાણવું. પંચમ-સ્કંધમાં જેમ એ શ્રી કૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે તેમ

અમારા સાંપ્રદાયિક સર્વે ગ્રંથોમાંથી અમને સર્વ કર્તા સમજવા. સર્વેને આત્યંતિક મોક્ષરૂપી સુખ દેવાને અર્થે અનેક પ્રકારે અનંત બ્રહ્માંડમાં મૂર્તિઓ ધારણ કરીને ધર્મ મર્યાદા બાંધીએ છીએ. તેમાં જે રહે તે અતિ મોટપ પામે ને તે મર્યાદા લોપે તો અતિ મોટા હોય તે પોતાની સ્થિતિમાંથી પડી જાય છે ને સાધારણ હોય તે અધોગતિને પામે છે. અમારા જન્મ, કર્મ દિવ્ય છે તે અમારા ચરિત્રનું ગાન, શ્રવણ કરે તે સર્વ પાપથી મુકાઈને પરમપદ જે અમારું અક્ષરધામ તેને પામે છે. સર્વ નામના નામી, સર્વ અવતારોના કારણ અવતારી અને મૂળપુરુષ જે ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ, મૂળઅક્ષરકોટિ ને તેથી પર જે અમારા મુક્ત ને સર્વથી પર ને તે સર્વના નિયંતા પ્રત્યક્ષ અમે જ ભગવાન છીએ. આવી રીતે અમારો મહિમા જાણીને નિષ્ઠા રાખે તે અંતે અક્ષરધામને પામે છે. (૧૭૨)

૪૦

જાણે અજાણે અમારા ભક્તનો દ્રોહ થઈ ગયો હોય તેના નિવારણ સારુ અમારી પૂજા કરતી વખતે અમને એક પ્રણામ અધિક કરવો. અમારા ભક્તના દ્રોહે કરીને ભૂંડું થાય છે અને સેવાએ કરીને રૂડું થાય છે. લોભ, માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ચાર વડે કરીને અમારા ભક્તનો દ્રોહ થાય છે. (૧૭૩)

૪૧

અમારા ભક્તની સેવા મળે તો મોટું ભાગ્ય માનીને કલ્યાણ તથા પ્રસન્નતાને અર્થે ભક્તિએ કરીને કરવી પણ માને કરીને કરવી નહિ. (૧૭૪)

૪૨

મૂળઅક્ષરકોટિ આદિકને વિષે વ્યાપકપણું તે અમારા

તેજરૂપ અક્ષરધામનું નિર્ગુણપણું છે અને એ અક્ષરકોટિ આદિકને ધારવાપણું તે અક્ષરધામનું સગુણપણું છે. સૂર્યને ઠેકાણે અમારી મૂર્તિ છે અને સૂર્યના તેજના ગોળાને ઠેકાણે અમારા તેજરૂપ અક્ષરધામ છે અને એ અક્ષરધામને અડખે પડખે, હેઠે ઉપર સર્વે દિશામાં બ્રહ્માંડની કોટિઓ રહી છે, અને એ અક્ષરધામને વિષે અમે સદાય રહ્યા થકા જ્યાં જેવું રૂપ દેખાડવું જોઈએ ત્યાં તેવા રૂપને દેખાડીએ છીએ. જ્યાં અમારી મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે, એટલે અમારા તેજરૂપ અક્ષરધામને મધ્યે અમે રહ્યા છીએ. (૧૭૫)

૪૩

નિર્ગુણ ભક્તને અમારે વિષે પ્રીતિ હોય. આચાર્યોને દૃષ્ટાંતે એ પ્રીતિને બ્રહ્મરૂપ કહી છે. (૧૭૬)

૪૪

જેને ભૂંડા દેશાદિકને યોગે કરીને બુદ્ધિ દૂષિત થાય છે તેણે કરીને અવગુણ વધુ સૂઝે છે. પૂર્વે મોટા પુરુષનો યોગ થયો હોય અથવા અમારું દર્શન થયું હોય તેને પોતાના જ અવગુણ સૂઝે પણ બીજા હરિભક્તના અવગુણ દેખે જ નહિ. આસુરી હોય તેને પોતામાં અવગુણ ન ભાસે ને બીજા હરિભક્તમાં કેવળ અવગુણ ભાસે. (૧૭૭)

૪૫

તમે સર્વે અમારા કહેવાઓ છો માટે તમારે વિષે કાંઈ કસર રહેવા દેવી નથી. તમે પણ અમારી આજ્ઞામાં તત્પર રહેજો ને જો ગાફલાઈ રાખશો એટલે દેહરૂપે વર્તશો તો અમારી આજ્ઞા પાળી શકાશે નહિ તથા અમારા સંત હરિભક્તના સમુદાયમાં રહી શકાશે નહિ. અમારે તો આત્મા-રૂપ થઈને અમારી ભક્તિ કરો એવા સર્વેને કરવા છે ને જો તેમાં કસર રહેશે તો બદ્રિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જવું પડશે માટે સાવધાન એટલે આત્મસત્તારૂપે રહેજો. રાજસ, તામસ

ને સાત્ત્વિક કર્મે કરીને સ્વર્ગ, મર્ત્ય ને પાતાળને પામે છે. દેશકાળાદિકને યોગે કરીને રાજસ કર્મના અનંત પ્રકારના ભેદ થાય છે. અમે તથા અમારા સંત કુરાજી થાઈએ એવું કર્મ કરે તો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કરેલું હોય તે નાશ પામે અને મર્ત્ય લોકમાં દેહે કરીને યમપુરીના જેવું દુઃખ ભોગવે અને અમે તથા સંત રાજી થાઈએ એવું કર્મ કરે તો આ દેહે પણ અમારા ધામના જેવું સુખ ભોગવે ને નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તે નાશ પામે ને અમારા અક્ષરધામને પામે. સૂર્યચંદ્રાદિક જે જે સુખિયા છે તે અમને ને અમારા સંતને રાજી કર્યા હશે તે પ્રતાપે સુખિયા છે. (૧૭૮)

૪૬

જેને કોઈક જીવને લૌકિક પદાર્થની હાણ્ય વૃદ્ધિ થતી દેખીને હર્ષ–શોક ન થાય અને મોક્ષના માર્ગમાંથી પાછો પડે ત્યારે ખરખરો થાય તેને સત્પુરુષ કહ્યા છે. અમે એકાંતિક ભક્તના ધર્મ પ્રવર્તાવવાને અર્થે પૃથ્વીને વિષે પ્રગટ થઈએ છીએ. અમારો કે અમારા સંત એટલે સિદ્ધ મુક્તનો અભાવ આવે તે એકાંતિકના ધર્મમાંથી પડ્યો જાણવો, ને એ જ એનું મરણ છે. તે જો અમારે વિષે ને અમારા મુક્તને વિષે ક્રોધ પરઠીને અભાવ લે, તો તેને સર્પ જાણવો; અને જો અમારે કે અમારા મુક્તને વિષે કામ પરઠીને અભાવ લે તો તેને યક્ષ રાક્ષસ જાણવો. અને તે ધર્મવાળો કે તપસ્વી હોય તો દેવલોકને પામે પણ અમારા ધામને તો ન જ પામે. પંચ મહાપાપીને પણ જો અમારો કે અમારા બત્રીસ લક્ષણે યુક્ત સંતનો અવગુણ ન આવ્યો હોય તો એનાં પાપ નાશ થાય ને અમારા અક્ષરધામને પામે. (૧૭૯)

૪૭

મોટેરા સંતોએ સાધુને મન દઈને રાખવા. મુમુક્ષોએ

સત્પુરુષ દુઃખવે ને વિષયનું ખંડન કરે તેમાં રાજી થાવું ને કોઈ પદાર્થની લાલચ રાખવી નહિ. આ સંતની સભાને દિવ્ય જાણીને તેનો સંગ કરીને અશુભ વાસના ટાળીને અમારા ધામમાં જવાની વાસના રાખવી. અશુભ વાસના રહી જાય ને ઈન્દ્ર કે બ્રહ્માના લોકમાં જવું પડે તો તે લોકને નરક જેવા જાણીને એમાંથી નીકળીને અમારા ધામમાં જવાનો નિશ્ચય રાખવો. ગૃહસ્થોએ અન્ન, વસ્ત્રો કરીને ત્યાગીની સેવા કરવી ને ત્યાગીએ ગૃહસ્થની વાતે ચીતે કરીને સેવા કરવી. (૧૮૦)

૪૮

જેને અંતઃકરણમાં અમારું ચિંતવન રહે, તેને ફરીને ગર્ભવાસમાં જવું પડે નહિ. દેહમાં રહ્યો થકો પણ મુક્ત થઈ રહ્યો છે ને તેને કાંઈ પણ બાકી રહ્યું નથી. જેને બીજા પદાર્થનું ચિંતવન કરતાં દેહ પડે તેને દુઃખનો અંત આવતો નથી. જેને અમારું ચિંતવન થઈ ન શકે તેને ધર્મ, જ્ઞાનાદિક સાધને યુક્ત એવા અમારા સાધુના સંગમાં એટલે મન, કર્મ, વચને અનુવૃત્તિમાં રહેવું એમ સંતમાં પડી રહેવું, તેણે કરીને એ સંતના જેવા ગુણ આવે ને મોક્ષ થાય. અમારે ફેર જન્મ ધરવાનું નિમિત્ત નથી તો પણ કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવા ઇચ્છીએ છીએ. જેને અમારું ચિંતવન થાય તેના માબાપ પણ કૃતાર્થ છે. જે અમારા વિના બીજું ચિંતવન કરે છે તે તો અતિશય ભૂલ્યો છે. અમારા બ્રહ્મવેતા સાધુનો સંગ ને અમારું સાક્ષાત્ દર્શન તે તો મહાદુર્લભ છે, માટે અમારા વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહિ, એ અમારો એકાંતિક ભક્ત છે. (૧૮૧)

૪૯

અમારી આ પ્રત્યક્ષ મૂર્તિમાં ને બીજા માયિક આકારમાં ઘણો ફેર છે પણ જે અજ્ઞાની ને અતિશય મૂર્ખ છે તે અમને

ને માયિક આકારને સરખા જાણે છે. માયિક આકારનું ચિંતવન કરનારા નરક ચોરાશીમાં ભમે છે. જે અમારા સ્વરૂપનું દર્શન ને ચિંવતન કરનારા છે તે અમારા મુક્ત થાય છે. (૧૮૨)

૫૦

સર્વથી પર એકરસ પરિપૂર્ણ એવું જે અમારા તેજરૂપ અક્ષરબ્રહ્મ તેને વિષે તમારા આત્માને લીન કરીને તેમાં અમે તથા અમારા મુક્ત સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છીએ તેમાં અખંડ પ્રીતિ જોડી રાખો. મોટા મોટા પરમહંસ તથા મોટી મોટી સાંખ્યયોગી બાઈઓ તેને વિષે પણ જગતની કોરનો લોચો જણાય છે. જીવને અમારી પ્રાપ્તિ નહોતી થઈ ત્યારે પણ કાળ, કર્મ નાશ કરી શકયા નથી ને માયા લીન કરી શકી નથી તો હવે તો અમે મળ્યા છીએ માટે કાળ, કર્મ, માયાનો ભાર રાખવો નહિ. જગત સુખની વાસનાવાળા સાથે અમારે હેત થાતું નથી ને નિર્વાસનિક ભક્ત વહાલા છે. (૧૮૩)

૫૧

ગુણનો સંગ ટાળીને આત્મારૂપે થાય ત્યારે જ સુખી થાય. અમારી બાંધેલી મર્યાદા પાળે તે આત્મસત્તારૂપે વર્તે છે ને ન પાળે તે ભૂંડાદેશકાળમાં રહ્યો છે. (૧૮૪)

૫૨

ગૃહસ્થની શોભા ત્યાગીને દોષરૂપ કહી છે ને ત્યાગીની શોભા ગૃહસ્થને દોષરૂપ કહી છે. હેતની વાત વઢીને કહે ત્યારે સમજુ ગુણ લે ને મૂર્ખ મૂંઝાય. શ્રદ્ધાએ સહિત ને ઈર્ષ્યાએ રહિત અમારી ભક્તિ કરવી. (૧૮૫)

૫૩

જેને પોતાના અવગુણ ન સૂઝે તે મોહનું રૂપ કહ્યું છે. મૂર્ખ જીવને પોતાની ખબર ન હોય જે હું કેવો છું તો પણ મોટા પુરુષને વિષે તથા અમારે વિષે ખોટ કાઢે પણ

અમે સર્વેના અંતર્યામી ને સર્વેના આધાર ને સર્વેના કર્તા છીએ એવો અમારો મહિમા સમજે નહિ. અમારા ને અમારા ભક્તનાં ચરિત્રમાં દોષ દેખે છે તેણે કરીને વિમુખ થઈ જાય છે. (૧૮૬)

૫૪

જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તથા સ્ત્રી પુત્રાદિકને વિષે પોતાપણાની બુદ્ધિ છે અને દેવની જે મૂર્તિઓ તેને વિષે જેવી પૂજ્યબુદ્ધિ છેકહેતાં દેવને ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, આરતી, થાળ, અનેક પ્રકારની પૂજા સેવા કરવામાં કોઈ પ્રકારે સંશય થતો નથી તેવી જ અભિજ્ઞજન કહેતાં ભગવાનની મૂર્તિના સાક્ષાત્કારવાળા સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ તથા પોતાપણાની બુદ્ધિ તથા દેવતાબુદ્ધિ હોય અને તીર્થના જળને વિષે જેમ પવિત્ર કરવાપણાની બુદ્ધિ છે તેવી જ સત્પુરુષના પ્રસાદી જળને વિષે પવિત્ર કરવાપણાની બુદ્ધિ છે તેણે સર્વ સાધનથી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે અને એવી રીને સત્પુરુષને વિષે બુધ્ધિ નથી તે ગો કહેતાં બળદ અને ખર કહેતાં ગર્ધભ તુલ્ય છે. (૧૮૭)

૫૫

પોતાના ઉદ્દેશે કરીને દેવ, દર્શન, કથા, વાર્તા, સાધુ-સમાગમ, તીર્થ, ત્યાગ, વૈરાગ્યની રુચિ રાખવી એમ પોતાના આશ્રિતોને શીખવ્યું છે. પોતાના એકાંતિક ભક્તનાં લક્ષણ કહ્યાં છે. પોતાના ભક્તને આત્મવિચાર કરવાનું કહ્યું છે. (૧૮૮)

૫૬

પ્રીતિને વખાણી છે અને અનાદિ મુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી આદિક સિદ્ધમુક્તને મિષે કરીને સાધનિકની પ્રીતિમાં ભૂંડા દેશકાળાદિકે કરીને ફેર પડી જાય. પોતાને મિષે કરીને પોતાના સિદ્ધ મુક્તોને પોતાને વિષે પ્રીતિ છે. તેમાં ભૂંડા દેશકાળાદિકને યોગે પણ ફેર પડતો નથી. અમે

પરમ સુખદાયી છીએ. અમારા વિના બીજા પદાર્થો અતિશય તુચ્છ ને અસાર છે, માટે અમારા ભક્તોએ પંચ વિષયનો ત્યાગ કરવો. (૧૮૯)

૫૭

સત્તારૂપ એવો જે આત્મા તેને માયાનું આવરણ નથી તો પરમાત્મા નારાયણ વાસુદેવ જે અમે તે અમારે વિષે તો કોઈ જાતનું આવરણ હોય જ કેમ ? એવો અમારો મહિમા જાણીને અમારે વિષે પ્રીતિ કરવી. જે પદાર્થ અમારાથી અધિક જણાય અને અમારા ભજનમાં આડું આવે તેનો ત્યાગ કરવો. અમારા કરતાં બીજું પદાર્થ વહાલું રાખે તે મીનડિયો ભક્ત છે. અમારા સ્વરૂપનું જ્ઞાન કહેવામાં ઉપાધિ રહે તો પણ અમારી વાત કરવામાં કાયરપણું રાખવું નહિ. અમારે વિષે પ્રીતિ કરવામાં અધૂરું રહે ને દેહ પડે તો પણ ઈન્દ્ર કે બ્રહ્માના જેવો તો દેહ આવશે જ એમ નિર્ભય રહીને અમારું ભજન કરવું. (૧૯૦)

૫૮

જે સંપ્રદાયમાં જે ઈષ્ટદેવ હોય તે જે હેતુ માટે પૃથ્વી ઉપર પ્રગટ થયા હોય તેના ચરિત્રના શાસ્ત્રથી જ તેના સંપ્રદાયની પુષ્ટિ થાય છે પણ બીજા ગ્રંથે કરીને થતી નથી માટે અમારા સંપ્રદાયની પુષ્ટિને અર્થે અમારા ચરિત્રનાં શાસ્ત્ર કરવાં એમ મુક્તાનંદ સ્વામી આદિક સંતોને આજ્ઞા કરી છે. (૧૯૧)

૫૯

અમે તથા અમારા સંત કલ્યાણકારી છીએ. અમારા સાધુ ભવબ્રહ્માદિક દેવથી અધિક છે. અમારી કે અમારા સંતની પ્રાપ્તિ થાય એ જ પરમકલ્યાણ છે ને અમારા સંતની સેવા ને તેમાં હેત કરવાથી જીવ કૃતાર્થ થાય છે. અમારા સંત કોઈકને કઠણ વચન કહે તેની આંટી મૂકે નહિ તેને

અમારા ભક્ત ઉપર હેત છે જ નહિ. જેને પૂર્વજન્મમાં અમારી કે અમારા સંતની પ્રાપ્તિ થઈ હશે અને તેમની સેવા કરી હશે તેને આ જન્મમાં અમારે ને અમારા સંતને વિષેથી હેત મટે જ નહિ. અમારા નિશ્ચયમાં પણ ડગમગાટ થાય જ નહિ. ત્યાં દૃઢતાવાળા ભક્તોનાં નામ આપ્યાં છે. (૧૯૨)

૬૦

વિક્ષેપ સ્વપ્નમાં આવે તો જ તે વિક્ષેપ ચૈતન્યમાં પેઠો છે એમ જાણવું. જે અમારા ભક્તને દુઃખે દુઃખી ન થાય તે ચંડાળ ને વિમુખ છે. જે અમારો ભક્ત હોય તે તો અમારા ભક્તને દુઃખે જરૂર દુઃખી થાય. અમારા ભક્તને કોઈક મારતો હોય તેને આડો પડીને મરે કે ઘાયલ થાય તો તેનાં સર્વ પાપ નાશ પામી જાય. જેને અમારા ભક્તનું વચન વસમું લાગે ને વેર બંધાય તે ધર્મ, ત્યાગ, તપ તેણે યુક્ત હોય, તો પણ તેનું કલ્યાણ થાય નહિ. જે બધાય સાધુને સરખા જાણે તથા અમારું ને અમારા ભક્તનું કોઈક ઘસાતું બોલે તેને સાંભળી રહે તે વિમુખ છે. જે અમારા ભક્તનો પક્ષ રાખે ને તેમની સાથે વિક્ષેપ ન રાખે તે અમારો યથાર્થ ભક્ત છે. અમે દયાળુ છીએ પણ અમારા ભક્તોને દુઃખવે તે ઉપર દયા નથી રાખતા અને જેને અમારો ને અમારા સંતનો પક્ષ હોય તે જ અમારો પૂરો ભક્ત છે. (૧૯૩)

૬૧

અમારા કહેલા નિયમ તથા અમારો નિશ્ચય તથા અમારા ભક્તનો પક્ષ એ ત્રણ વાનાં જેને હોય તે પાકો સત્સંગી છે. અમારે ને અમારા સંતને અર્થે પોતાનું સર્વસ્વ કરી નાખે ને સત્સંગને અર્થે માથું દે અને અમે આજ્ઞા કરીએ તો પરમહંસ થાય તે સર્વે હરિભક્તમાં મોટો

છે. ત્યાગી કનક, કામિનીમાં લેવાય નહિ, ને નિયમ દૃઢ રાખે તે ત્યાગીઓમાં મોટો છે. જ્ઞાની કે ત્યાગી હોય તેને પણ મોટા મનુષ્યનું સન્માન કરવું. (૧૯૪)

૬૨

ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ એકાગ્ર થઈને અમારા ભજનમાં જોડાય તો સંસારની વિટમણામાં થયેલાં યોગ્ય અયોગ્ય સર્વ પાપ ભસ્મ થઈ જાય ને એકાગ્ર ન થાય તો પાપ ન બળે ને મોક્ષ તો અમારા પ્રતાપે કરીએ. દેહાદિક સર્વેને અમારી સેવામાં જોડી દે ને જે અમારા ઉપયોગમાં ન આવે તેનો ત્યાગ કરે તો ગૃહસ્થાશ્રમી અમારા અક્ષર-ધામમાં મુક્તની પંક્તિમા ભળે અને પરમ મોક્ષને પામે. શુકજી આદિકને દૃષ્ટાંતે કહ્યું છે કે દેહાદિક માયાના ટોળાથી પોતાને જુદો માને ને જ્ઞાનરૂપી વિચારે કરીને વૃત્તિ પાછી વાળે તે વૃત્તિ આત્માને વિષે લીન થાય ત્યારે વાસના લીંગ દેહ નાશ પામે, તેના હૃદયમાં પ્રકાશ ને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય ને તેમાં અમારું દર્શન થાય, એવી આત્મનિષ્ઠા દૃઢ કરવી. ગોપીઓને દૃષ્ટાંતે અમને દેખીને જ રાજી થવું પણ અમારા વિના બીજા કોઈને દેખીને રાજી ન થવું ને તેમાંથી વૃત્તિ પાછી ખેંચી લેવી એવું પતિવ્રતા-પણું અમારે વષે દૃઢ કરવું. હનુમાન, ઉદ્ધવને દૃષ્ટાંતે અમારું જ દર્શન ને અમારી જ વાત ને અમારો જ સ્વભાવ ને અમારી પાસે જ રહેવું ગમે અને અમારો જ રાજીપો ને સેવા ઈચ્છવી ને અમારી આજ્ઞામાં પરમ આનંદ પામવો એવું દાસપણું દૃઢ કરવું તો જ સુખી થવાય. એમ કહીને શ્રી ગોપાળાનંદ સ્વામી તથા શ્રી મુક્તાનંદ સ્વામીની દાસત્વ ભક્તિના અંગની પ્રશંસા કરી છે. આ ત્રણ અંગવાળા ભક્તમાં ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ હોય. આમાનું એકેય અંગ ન હોય તે પામર છે. આ અંગ દૃઢ કરીને જ મરવું ને અવળા

સ્વભાવનો ત્યાગ કરીને અમને ભજવા. આત્મનિષ્ઠા ને પ્રીતિ ન હોય તેણે સત્સંગના નિયમમાં રહેવું અને ન રહે તો સત્સંગથી બહાર પડી જવાય અને દુઃખ આવે તો અમારી ઇચ્છા જાણવી પણ કાળ આદિકને દુઃખ આપનારા ન જાણવા. આ ત્રણ અંગવાળાનો દાસ થઈને તેમની આજ્ઞામાં રહે તે છતી દેહે જ અમારો પાર્ષદ થઈ રહ્યો છે. પામર કે પતિત જીવ અમારે કે અમારા સંતને આશરે આવે તો કૃતાર્થ થઈ જાય એવો અમારો ને અમારા ભક્તનો મહિમા છે. (૧૯૫)

૬૩

જીવ અતિશય બળને પામ્યો હોય તો ઈન્દ્રિયો, અંતઃકરણને જ્યાં ઘટિત હોય ત્યાં ચાલવા દે એટલે અમારી આજ્ઞા વિરુદ્ધ ચાલવા દે નહિ અને તેને ભૂંડું સ્વપ્ન પણ આવે જ નહિ. આત્મસત્તારૂપે રહેવાથી એવું બળ આવે છે. અમારે ને અમારા સંતને વિષે પ્રીતિ ને સેવામાં અતિશય શ્રદ્ધા ને અમારી નવધા ભક્તિ તેણે કરીને જીવને તત્કાળ અતિશય બળ આવે છે. ઐશ્વર્યમાંથી રાગ ટાળીને કેવળ સત્તારૂપે રહેવું તે શ્રેષ્ઠ છે. તેથી પણ અમારી ને અમારા ભક્તની દેહે કરીને સેવા કરવી તે શ્રેષ્ઠ છે. જીવને અંતસમે અનંત પ્રકારની આધિ-વ્યાધિ થઈ આવે છે તે દુઃખ અમારું અથવા અમારા સંતનું દર્શન થાય ત્યારે નાશ પામે છે એવો અમારા ભક્તનો એટલે મુક્તનો મહિમા મોટો છે. પંચ વર્તમાને યુક્ત અમારા ભક્ત તેમને કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ સમજવા. અમારી ને અમારા ભક્તની સાથે આંટી પાડે તે તો પંચમહાપાપીથી પણ વધુ પાપી છે. અમારા ભક્તની એટલે મુક્તની સેવા જેવું કોઈ પુણ્ય નથી અને તેના દ્રોહ જેવું કોઈ પાપ નથી. (૧૯૬)

૬૪

મચ્છ, કચ્છાદિક અવતારોના અવતારી શ્રી કૃષ્ણ માટે

એ મચ્છ, કચ્છાદિક અવતારોના ગ્રંથથી શ્રી કૃષ્ણના ગ્રંથને અધિક માનવા તેમ જ અમે સર્વ અવતારના અવતારી સર્વોપરી સાક્ષાત્ ભગવાન છીએ માટે અમારા ગ્રંથને વિશેષ માનવા એમ જણાવ્યું છે. પરોક્ષ શ્રી કૃષ્ણના દૃષ્ટાંતે કરીને પોતાનું સર્વોપરીપણું કહ્યું છે જે અમે રાજાધિરાજ અખંડ મૂર્તિ, અક્ષરધામને વિષે વિરાજમાન છીએ અને અમારા અક્ષરધામને આશરીને અનંતકોટિ બ્રહ્માંડ રહ્યા છે તે બ્રહ્માંડોનો એક સામટો પ્રલય થાતો નથી અને શ્રી કૃષ્ણના દૃષ્ટાંતે કરીને પોતાને અજન્મા કહ્યા છે. અક્ષરધામ જે પોતાનું તેજ તેનું અન્વય-વ્યતિરેકપણું કહ્યું છે ને એ અક્ષરધામમાં રહ્યા થકા યોગકળાએ કરીને અનેક ઠેકાણે દર્શન આપીએ છીએ. (૧૯૭)

૬૫

અમે જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થઈએ છીએ ત્યારે અમારા ભક્તની ભક્તિને અંગીકાર કરવાને અર્થે પંચ-વિષયને ભોગવીએ છીએ તે જોઈને અખતર ડાહ્યા મનુષ્યો અમારે વિષે દોષ પરઠે છે પણ બ્રહ્મસ્થિતિને પામેલા એવા જે આત્મદર્શી સાધુ તેમને પણ મોહ થતો નથી તો અમને તો મોહ હોય જ કેમ? અમે તો સદા નિર્લેપ છીએ. અને કેવળ આત્મનિષ્ઠા ને વૈરાગ્યવાળાને કોઈ જાતનું બંધન તો ન થાય પણ અમારી ભક્તિ ન હોય તો મોક્ષોપયોગી નથી થતાં. અમારે વિષે ભક્તિ હોય પણ જો એ બે ન હોય તો અમારા વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય માટે એ ત્રણે હોય તે અમારા અનન્ય ભક્ત કહેવાય. (૧૯૮)

૬૬

આ જન્મે તથા જન્માંતરે અમારા મોટા ભક્તનો અપરાધ કર્યો હોય તેને હરિભક્તના દોષ સૂઝે ને પોતાના ન સૂઝે. અમારે આશ્રયે કરીને કલ્યાણ થાય છે ને ચાર

સાધને કરીને અમારી પ્રસન્નતા થાય છે. જીવને નિરાકાર કહ્યો છે. જીવ જ્યારે અમારા ધામમાં જાય છે ત્યારે સાકાર થાય છે. અમારી તથા અમારા મુક્તની કૃપાથી અષ્ટાંગયોગ ને આત્મદર્શનની સિદ્ધિ થાય છે. તે અષ્ટાંગ યોગને વિષે ને આત્મદર્શનને વિષે વધુ લગની થાય તો અમારો તથા અમારા સંતનો મહિમા સમજીને અમારી ને અમારા સંતની સેવા કરવી પણ અષ્ટાંગ યોગને વિષે ને આત્મદર્શનને વિષે અમારા જેવી તથા અમારા ભક્તના જેવી લગની થવા દેવી નહિ. અમારા વિના બીજો પરચા ચમત્કાર જણાવે તેમાં જેને પ્રતીતિ આવે તે યથાર્થ ભક્ત નથી. અમારી ને અમારા સંતની પ્રાપ્તિ થઈ હોય તેને અમારાં કથા કીર્તન કરતાં દિવસ ને રાત્રી વીતે. પોતાના જીવાત્માનું અમારા તેજરૂપ જે બ્રહ્મ તે રૂપે દર્શન થાય છે અને અમારા વિના બીજેથી વૈરાગ્ય થાય છે અને ધર્મમાં રહેવાય છે, અને દેહ મૂક્યા પછી અમારા જેવો જ સ્વતંત્ર થાય છે, ને અમારી અખંડ સેવામાં રહે છે. (૧૯૯)

૬૭

અમારા ભક્ત અમને જેવા જાણે તેવા થાય છે તો પણ અમારો મહિમા, સામર્થ્ય, પ્રતાપ, ઐશ્વર્ય તે અતિશય અપાર દેખાય છે તેણે કરીને અમારે વિષે સ્વામી સેવકપણું અતિ દઢ થાય છે. (૨૦૦)



વચનામૃત સારાંશ : વડતાલ પ્રકરણ

૧

જે ભક્તને અમારા આ પ્રત્યક્ષ મનુષ્યરૂપને વિષે દિવ્યભાવનો દઢ નિશ્ચય થાય તેના પ્રાણ લીન ન થયા હોય તો પણ સદા નિર્વિકલ્પ સમાધિ જ છે. એ ગુણથી પર એવો એકાંતિક ભક્ત છે. ધામને વિષે અમારું સ્વરૂપ કેવું હશે? અને એ સ્વરૂપનું ક્યારે દર્શન થશે? એવા વિકલ્પ રહે તેને સમાધિ હોય તો ય સવિકલ્પ છે. અમારી આ પ્રત્યક્ષ મૂર્તિને વિષેથી મનુષ્યભાવના વિકલ્પને જીતે અને પ્રતિમાને વિષેથી પ્રતિમાભાવના વિકલ્પને જીતે તો તેનું આ જન્મે જ કલ્યાણ થાય. વિકલ્પ ન જીતે તે યોગભ્રષ્ટ થાય, ને તેનું જન્માંતરે કલ્યાણ થાય છે. (૨૦૧)

૨

અમને અરૂપ ને અકર્તા કહે ને અમારા વિના બીજા કાળાદિકને કર્તા કહે તે અમારી ચંદન, પુષ્પાદિકે પૂજા કરે તો પણ તે અમારો દ્રોહી છે. અમને મૂર્તિમાન ને સર્વ કર્તા હર્તા સમજે તે સેવા માનીએ છીએ ને રાજી થઈએ છીએ. પરોક્ષ શાસ્ત્રને દૃષ્ટાંતે કરીને તે શાસ્ત્રના નામ પૂર્વક પોતાના સ્વરૂપને સમજવાની રીત કહી છે જે વેદમાં ભગવાનનું સ્વરૂપ નારાયણે કહ્યું પણ સમજાય એવું નથી અને સાંખ્યશાસ્ત્રે ચોવીશ તત્ત્વથી પર પરમાત્માને કહ્યા છે અને યોગશાસ્ત્રે તત્ત્વથી પર જીવ, ઈશ્વરને કહીને તેથી પર પરમાત્માને કહ્યા છે, પણ યથાર્થ જ્ઞાન થયું નથી, અને પંચરાત્રશાસ્ત્રે ભગવાનને સાકાર મૂર્તિમાન અક્ષરધામમાં પાર્ષદોએ સહિત છે. અને સર્વ અવતારનું ધારણ કરે છે એમ કહ્યું છે માટે અમારા ભક્તોએ અમને જીવ, ઈશ્વર,

બ્રહ્મ, અક્ષર, તે સર્વેથી પર સમજવા તે સાંખ્ય વિચાર જાણવો અને યોગશાસ્ત્ર જીવ, ઈશ્વરથી પર પરમાત્માને કહે છે તેમ પ્રધાનપુરુષ સુધી જીવ અને મૂળઅક્ષર સુધી ઈશ્વર ને તેથી પર અમારા તેજરૂપ બ્રહ્મ, તે બ્રહ્મથી પર અમને જાણીને અમારું ધ્યાન કરવું. વેદ કોઈક ભગવાન છે એમ કહે છે તે અમે આ પ્રત્યક્ષ છીએ એમ જાણવું. પંચરાત્ર-શાસ્ત્ર સદા સાકાર ને સર્વ કર્તા કહે છે તેવી રીતે અમને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વના કર્તા હર્તા ને સર્વ અવતારો માત્રના અવતારી સર્વને સુખદાતા, સર્વોપરી સમજવા. અમારી ભક્તિ કરવી અને અમારી પ્રતિમાની પૂજા, આરતી કરવી ને થાળ જમાડવા, પોઢાડવા એવી રીતે સેવા કરવી. આવી રીતે સમજે તે જ જ્ઞાની ભક્ત છે ને તે ઉપર અમે રાજી થઈએ છીએ. (૨૦૨)

૩

જેને અમારી માહાત્મ્યે સહિત ભક્તિ હોય ને આત્મ-નિષ્ઠા, ધર્મ ને વૈરાગ્ય એ ત્રણ સામાન્ય હોય તો પણ તે ધર્મમાંથી પડે નહિ, માટે આ ત્રણથી ભક્તિ શ્રેષ્ઠ છે, એવી અસાધારણ ભક્તિમાં જ્ઞાનાદિક ત્રણે આવી જાય છે. ચાર પ્રકારના મુક્ત છે તેમાં વિજળી તથા વડવાનળ જેવા મુક્તની સેવાથી અસાધારણ ભક્તિ આવે છે. (૨૦૩)

૪

બત્રીશ લક્ષણે યુક્ત એવા જે અમારા સંત તેમનો મન, કર્મ, વચને સંગ રાખે તો તેના સંગમાં સર્વે સાધન આવી જાય. વૃત્તિને બે પ્રકારે કરીને એક વૃત્તિએ હૃદયને વિષે અમારી મૂર્તિનું ચિંતવન કરવું ને બીજી વૃત્તિએ નેત્ર આગળ છેટે અમારી મૂર્તિને ધારીને ચિંતવન કરવું અને મૂર્તિને અડખે પડખે બીજું પદાર્થ દેખાય તો નાસિકાગ્ર મૂર્તિ ધારવી, એમ કરતાં અડખે પડખે પદાર્થ દેખાય તો

ભ્રકુટીના મધ્યે ધારવી અને આળસ, નિદ્રા આવે તો મૂર્તિ છેટે ધારવી ને ઢૂકડી લાવવી ને અડખે પડખે ધારવી પછી સચેત થવાય ત્યારે નાસિકાગ્ર લાવવી ને ભ્રકુટીમાં લાવીને હૃદયમાં ઉતારવી અને બે વૃત્તિયો હોય તે એક કરવી, એમ કરતાં આળસ, નિદ્રા આવે તો મૂર્તિ બહાર લાવવી એવી રીતે જ્ઞાન, ઈન્દ્રિયો દ્વારે અમારી મૂર્તિ ધારવી પછી ચૈતન્યમાં ધારવી તેમાં વ્યવહારિક વિક્ષેપ આવે તો મૂર્તિ ધારવી પડી મૂકવી નહિ, એ યોગકળાએ કરીને અમારી મૂર્તિ ધારવાનો ઉપાય છે. (૨૦૪)

૫

અમને માયાથી પર જાણે તો તે ભક્ત માયાથી પર થાય છે. મહાપ્રલય જેવું દુઃખ આવે કે દીર્ઘ રોગાદિક તથા રાજા સંબંધી, નાત સંબંધી એવા ઘણાક પ્રકારનાં દુઃખ ને ઉપદ્રવ આવે તો પણ અમારા વિના કોઈને રક્ષાનો કરનારો જાણે નહિ. અમારી મરજી પ્રમાણે વર્તે તે અમારો શરણાગત છે. જેને અમારો નિશ્ચય થોડો હોય તેનાથી સત્સંગના ભીડામાં રહેવાય નહિ. અમારી ને અમારા ઉત્તમ લક્ષણવાળા સંતની સરખી સેવા કરે તેના ઉપર સો ગણા રાજી થઈને સો જન્મની કસર આ જન્મે જ ટાળીએ છીએ. (૨૦૫)

૬

પ્રથમ કર્મ વિનાના જીવને કાળદ્વારે અમે સ્થૂળ દેહ આપીએ છીએ. પછી જેવાં કર્મ કરે તેવા દેહની પ્રાપ્તિ થાય છે. કર્મથી કાળનું બળ વિશેષ છે અને કાળથી અમારા એકાંતિક ભક્તનાં અમારી ભક્તિ સંબંધી કર્મનું બળ વિશેષ છે ને એકાંતિક ભક્તનાં ભક્તિ સંબંધી કર્મથી અમારું બળ અધિક છે. ૨૦૬

૭

આસુરી જીવ સત્સંગમાં આવે તો તે બ્રહ્મમાં અનંતવાર

લીન થાય ને નિકળે ત્યારે આસુરભાવ નાશ પામે. અમે માયા ને માયાના કાર્યમાં અન્વય થયા થકા આકાશની પેઠે વ્યતિરેક જ છીએ. (૨૦૭)

૮

અમારો ભક્ત પ્રથમ અમારી મૂર્તિમાં વૃત્તિ રાખે ત્યારે પંચભૂતના આકારે તે વૃત્તિ ભાસે છે પછી વૃત્તિ નિર્ગુણ થાય ત્યારે શ્વેત તેજોમય થાય છે ને પછી અમારી મૂર્તિને આકારે થાય છે, એવી રીતે અમારે વિષે વૃત્તિ રાખતાં રાખતાં અમારે વિષે લીન થઈ જાય એટલે એક મૂર્તિ જ દેખાય બીજું કાંઈ દેખાય નહિ તે યોગીની નિદ્રા છે. (૨૦૮)

૯

અમારા તેજરૂપ ચિદાકાશને મધ્યે અમે સદાય વિરાજમાન છીએ તે અમારે વિષે સમાધિએ કરીને ક્ષણમાત્ર સ્થિતિ થાય તો તે સમાધિવાળાને હજારો વર્ષ સુખ ભોગવ્યું એમ લાગે એવું અમારું નિર્ગુણ સુખ છે અને માયિક સુખ નાશવંત છે. (૨૦૯)

૧૦

રાજારૂપે ને સાધુરૂપે પોતાના અવતાર થાય છે તેનાં લક્ષણ કહ્યાં છે. અમે પૃથ્વીને વિષે મનુષ્યરૂપે પ્રગટ થયા છીએ, તે અમને ઓળખીને અમારો આશરો કરે તેનું કલ્યાણ થાય છે. અમે પૃથ્વી ઉપર મનુષ્ય રૂપે વિચરતા ન હોઈએ ત્યારે અમને મળેલા એટલે અમારા ધામમાંથી આવેલા મુક્ત મળે તેનો આશરો કરે તો કલ્યાણ થાય. એવા મુક્ત મનુષ્યરૂપે ન હોય ત્યારે અમારી પ્રતિમાને વિષે પ્રતીતિ રાખીને ભક્તિ કરે તો મોક્ષ થાય. (૨૧૦)

૧૧

અમારો, અમારા ભક્ત, બ્રાહ્મણ ને ગરીબ એમાંથી કોઈનો દ્રોહ કરે તેનો જીવ નાશ પામે. કોઈ કાળે કલ્યાણ

ન થાય એવો જડ દેહ આવે, તે જીવનો નાશ જાણવો. ક્રોધ, મત્સર ને ઈર્ષ્યાનું આધાર માન છે અને માનિની ભક્તિ આસુરી છે. અમારે વિષે ને ભક્તને વિષે દોષ પરઠે તે શાસ્ત્ર, પુરાણ વાંચે તો પણ અમારું માહાત્મ્ય સમજી શકે નહિ. સત્પુરુષને વિષે પ્રીતિ એ જ આત્મદર્શનનું ને મુક્તનો મહિમા જાણ્યાનું ને અમારું દર્શન થવાનું સાધન છે. (૨૧૧)

૧૨

અતિશય પ્રકાશમાન એવું જે અમારા તેજરૂપ અક્ષર-ધામ તેને વિષે અમે સદા દિવ્ય સાકાર મૂર્તિ વિરાજમાન છીએ. જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રગટ થયા છીએ, તે અમારા સંતના સમાગમે કરીને અમારો મહિમાએ સહિત નિશ્ચય થાય, તે જીવ પૂર્ણ માસીના ચંદ્ર જેવો એટલે સર્વ અંગે સંપન્ન થાય છે ને નિર્ભય થાય છે. તેને પણ જો અમારા ચરિત્રમાં અભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્ર જેવો એટલે એના ધર્મ, જ્ઞાનાદિક ગુણ નાશ પામીને નિસ્તેજ થઈ જાય છે. જેને અમારો નિશ્ચય યથાર્થ ન હોય તેને પોતાના કલ્યાણનો ભરૂંસો આવતો નથી. જેને અમારો યથાર્થ મહિમાએ સહિત નિશ્ચય હોય તેને છતી દેહે કલ્યાણ મનાઈ જાય છે અને પોતાનું દર્શન કરનારનું ને વાત સાંભળનારનું પણ કલ્યાણ થઈ ગયું એમ માને છે. અમારા સંબંધને પામે તે વૃક્ષ પણ પરમપદ જે અક્ષરધામ તેનું અધિકારી છે, એવો મહિમાએ સહિત અમારો નિશ્ચય જેને ન હોય તેના મુખ થકી કથા સાંભળનારાનું કલ્યાણ ન થાય ને મૂળગું ભૂંડું થાય છે. (૨૧૨)

૧૩

અમે જીવોના કલ્યાણ કરવા રાજારૂપે ને સાધુરૂપે પ્રગટ થઈએ છીએ, તે જ્યારે રાજારૂપે પ્રગટ થઈએ ત્યારે ૩૯

લક્ષણે યુક્ત હોઈએ અને સાધુરૂપે પ્રગટ થઈએ ત્યારે ૩૨ લક્ષણે યુક્ત હોઈએ. અમે મનુષ્યના જેવા દેખાઈએ છીએ પણ અલૌકિક મૂર્તિ છીએ. અમારું દર્શન શ્રદ્ધાએ સહિત કરે તેને સમાધિ થાય છે, જેમ શ્રી કૃષ્ણને દર્શને ગોકુળવાસીને થઈ તેમ, અને જેમ ચમકમાં સહજ ચમત્કાર રહ્યો છે તેમ મનુષ્યરૂપે દેખાતા એવા જે અમે તે અમારે વિષે સહજ જ ચમત્કાર છે ને અમારે સન્મુખ કરવા સારુ અભક્તને તથા પશુઓને પણ સમાધિ કરાવીએ છીએ. બ્રહ્મ કહેતાં સર્વથી મોટા સાક્ષાત્ શ્રીકૃષ્ણ અમે તે અમે અમારા અક્ષરધામરૂપ એક દેશમાં મૂર્તિમાન રહ્યા થકા સર્વ ઠેકાણે દર્શન આપીએ છીએ. જેમ સૂર્યના ઉપાસકને સૂર્ય પોતાના સરખી દૃષ્ટિ આપે છે તેમ અમે અમારા આશ્રિતને અમારા સરખી દૃષ્ટિ આપીએ છીએ. અનંત બ્રહ્માંડમાં મૂર્તિમાન દર્શન આપીએ છીએ એમ વ્યાપક છીએ પણ અરૂપ થકા વ્યાપક નથી. (૨૧૩)

૧૪

વર્ણાશ્રમના ધર્મથી બાહ્ય વર્તતો હોય એવા કુપાત્રને પણ અમારો કે અમારા સંતનો ગુણ આવે તો તેનું પાપ બળી જાય છે ને તે પવિત્ર થાય છે ને અમારે વિષે ચિત્ત ચોટે છે ને સમાધિ થાય છે. વર્ણાશ્રમના ધર્મ પાળતો હોય ને તે અમારો કે અમારા સંતનો દ્રોહ કરે તો તે પંચમહા-પાપીથી વધુ પાપી છે અને પંચમહાપાપી અમારો કે અમારા સંતનો આશરો કરે તો અતિ પવિત્ર થાય ને તેને સમાધિ થાય માટે વિમુખ પાપી જાણે તે પાપી નથી ને ધર્મી જાણે તે ધર્મી નથી. (૨૧૪)

૧૫

જીવ પ્રથમ માયાને વિષે સત્તામાત્ર એટલે કર્મ વિનાના હતા તે જેવાં જેવાં કર્મ કરે છે તેવા તેવા ભાવને પામે છે.

જેના ઉપર મોટા પુરુષનો કોપ થાય તે જીવ આસુરી થઈ જાય છે ને મોટા પુરુષ રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે, માટે જેને કલ્યાણ ઇચ્છવું તેને અમારા ભક્તનો દ્રોહ કરવો નહિ. (૨૧૫)

૧૬

અમારા ભજનના સુખ આગળ ચૌદ લોકનાં તથા બ્રહ્માંડોના સુખ તે નરક તુલ્ય ને દુઃખરૂપ છે. અમારા ભજનનો ને અમારા ભક્તનો સત્સંગ રખાવ્યાનો આગ્રહ રાખવો પણ અમારું ભજન ભૂલીને કોઈ પ્રકારનો આગ્રહ રાખવો નહિ એ અમારો રહસ્ય અભિપ્રાય છે. (૨૧૬)

૧૭

અમારે વિષે કલ્યાણકારી ગુણ રહ્યા છે તેને જાણીને અમારી નવધા ભક્તિએ પોતાનું જીવિતવ્ય પૂરું કરે અને પાંચ વિષયમાં આસક્ત થાય નહિ તે જિતેન્દ્રિય છે. કેવળ આત્મનિષ્ઠ ત્યાગી કરતાં કામાદિક વિકારનો ત્યાગ કરીને પોતાના નિયમમાં રહીને અમારી ને અમારા ભક્તની ભક્તિ એટલે સેવા કરે એ ત્યાગી કેવળ આત્મનિષ્ઠ ત્યાગી કરતાં શ્રેષ્ઠ છે ને અમારી કૃપાનું પાત્ર છે. (૨૧૭)

૧૮

અમારા સત્સંગીએ ઉધ્ધવ સંપ્રદાયની રીત જાણવી. ગુરુ પરંપરા જાણવી. ધર્મકુળના સ્થાપનની રીત જાણવી. પરોક્ષના દૃષ્ટાંતે કરીને કહ્યું છે કે સંપ્રદાય સંબંધી શાસ્ત્ર જાણવા. સત્સંગીના નિયમ જાણવા. ઈષ્ટદેવને જાણવા અને સ્થાનક, સેવક ને કાર્ય તેને ભેદે કરીને મૂર્તિઓનું બહુપણું જાણવું. અમારું પરોક્ષ ને પ્રત્યક્ષરૂપ જાણવું. અમારાં જન્મ, કર્મ દિવ્ય જાણવાં. અમારા સંબંધને પામે તે સર્વ નિર્ગુણ થાય છે. અમારે વિષે પરમેશ્વરપણાની પ્રતીતિ લવરાવવાને અર્થે અમે ચતુર્ભુજાદિક તથા મચ્છ, કચ્છાદિક અનંતરૂપ

દેખાડીએ છીએ તે રૂપને ભેદે કરીને ઉપાસનાના ભેદ કહેવા. સ્થાનકના ભેદે કરીને અનેક પ્રકારની લીલા કરી હોય તેણે કરીને દ્વિભુજ એવા જે અમે તે અમારા સ્વરૂપને વિષે ઉપાસનાના ભેદ કરવા નહિ. સાધુએ સાધુનાં લક્ષણ પ્રમાણે વર્તવું ને પોતપોતાના વર્ણાશ્રમના ધર્મમાં રહીને અમારી ભક્તિ કરવી. તમારા ઈષ્ટદેવ જે અમે તે અમારા આચરણ પ્રમાણે તમારે આચરણ ન કરવું. અમારી આજ્ઞા પ્રમાણે જ વર્તવું. (૨૧૮)

૧૯

અમે કાં અમારા સંત આ પૃથ્વી ઉપર જરૂર વિચરતા હોઈએ તે જેને અમારી ઓળખાણ પડે તે અમારો ભક્ત થાય તે પછી તેને અમારા સુખ વિના માયિક સુખ ન ઈચ્છવું. કેમ જે અમારા ધામના સુખ આગળ માયિક સુખ છે તે નરક જેવું ને કાકવિષ્ટા તુલ્ય છે. જેમ મનુષ્ય નરકને પરમ દુ:ખદાયી જાણે છે તેમ અમારા ભક્તોએ માયિક સુખ નરક જેવું જાણવું. અમારા સંતને વિષે પ્રીતિ રાખવી. અમારા ભક્ત સવાસનિક હોય તે પણ ઇંદ્ર, બ્રહ્માની પદવી પામે તો યથાર્થ અમારા ભક્તનો મહિમા ને સુખ તે તો વર્ણન થાય જ કેમ, એમ જાણીને અમારે વિષે પ્રીતિ કરવી. (૨૧૯)

૨૦

અમારી મૂર્તિ વિના બીજા માયિક આકારને અતિ તુચ્છ ને દુ:ખદાયી ને નરક રૂપ જાણીને પોતાને આત્મારૂપ માને તે ત્યાગી હોય કે ગૃહસ્થ હોય પણ તેના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામે છે, તે સર્વ ભક્તથી શ્રેષ્ઠ છે. આવી સમજણ ન હોય કાંતો ભૂંડા દેશકાળનો યોગ થાય તો ખોટ આવે માટે એવી સમજણ હોય તો પણ કુસંગ તો કરવો જ નહિ. (૨૨૦)

વચનામૃત સારાંશ : અમદાવાદ પ્રકરણ

૧

યોગ માર્ગના ધ્યાનની પ્રશંસા કરીને તેની રીત બનાવી છે જે સૂર્ય, ચંદ્રને નેત્રદ્વારે કરીને હૃદયમાં જોવાં ને પોતાના આત્માને જોવો ને તે આત્મામાં અમારું ધ્યાન કરવું તેણે કરીને સૂક્ષ્મ દેહ જુદું દેખાય ને બ્રહ્માંડની રચના દેખાય ને નાસ્તિક ભાવ ટળી જાય ને સિદ્ધિઓ પ્રાપ્ત થાય પણ અમારો ભક્ત તે સિદ્ધિયોને ગ્રહણ ન કરે ને કેવળ અમારું જ ધ્યાન કરે, તો જેમ સૂર્યને ધ્યાને કરીને સૂર્યના સરખી દૃષ્ટિ થાય છે તેમ અમારે ધ્યાને કરીને અમારા સિદ્ધ મુક્ત સરખી સિદ્ધ દશાને પામે છે. એટલે જેમ અમે અનંત કોટિ બ્રહ્માંડમાં વ્યાપવા સમર્થ છીએ તેમ તે પણ અમારા જેવો જ સમર્થ થાય છે. અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યા વિના પણ અમારા એકાંતિક ભક્ત અમારું ધ્યાન કરે તો તત્કાળ તે ધ્યાન સિદ્ધ થાય છે. (૨૨૧)

૨

નિત્ય, નિમિત્ત ને પ્રાકૃત પ્રલયમાં જીવ, ઈશ્વર ને પુરુષની ઉપાધિ લય પામે છે ને પાછી સૃષ્ટિ સમે વળગે છે પણ જ્ઞાન પ્રલયે કરીને માયિક ઉપાધિને તજીને બ્રહ્મરૂપ એટલે અમારા તેજરૂપ થઈને અમને ભજે તેને કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી અને તે જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે સ્વતંત્રપણે દેહ ધરે ને મૂકે એવો સમર્થ થાય. આ વાત અમારા એકાંતિક ભક્તને સમજાય છે. (૨૨૨)

૩

પંચ વિષયનું ચિંતવન તે જન્મ-મરણનો હેતુ છે તે માયામય શરીરની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે

રહીને અમારી મૂર્તિનું ચિંતવન કરે તે ચિંતવને કરીને જ્યારે ઉપશમ દશાને પામે ત્યારે પંચ વિષય જન્મ મરણના હેતુ ન થાય. અમારો અતિશય મહિમા સમજે અને અમારી તથા અમારા ભક્તની સેવા ચાકરી દર્શન કરવામાં અતિશય વેગવાન શ્રધ્ધા હોય તો ઉપશમ દશા આવે. માની સેવકની સેવા અમને નથી ગમતી ને નિર્માની સેવક ઉપર અમે બહુ રાજી છીએ ને તે સાચો ભક્ત છે. અયોધ્યાવાસીની પ્રશંસા કરીને પછી એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા એટલે સ્વધર્મનિષ્ઠ ને સત્સંગના ધોરણને જાણનારા ને સત્સંગના મમત્વવાળા પરમહંસ તથા એવા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું પણ કોઈક એક જણાને એટલે સત્સંગના ધોરણને ન જાણનાર ને ધર્મે રહિત એવાને કહેવેથી કોઈ કામ કરવા દેવું નહિ એમ સ્વધર્મિષ્ઠ મોટેરા ત્યાગી, ગૃહીને આજ્ઞા કરી છે. (૨૨૩)

૪

અમે અજન્મા, અજર, અમર ને માયાને આવરણે રહિત ને મૂર્તિમાન છીએ ને સર્વના અધાર ને સ્વામી છીએ. નટની પેઠે મનુષ્ય રૂપે દેખાઈએ છીએ. શ્રી નરનારાયણ જે અમે તે અમે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે પ્રગટ થઈને બદ્રિકાશ્રમમાં તપ કરીએ છીએ. મચ્છ, કચ્છ, રામકૃષ્ણાદિક રૂપને ગ્રહણ કરીને જીવોના દેહાભિમાનનો ત્યાગ કરાવીને ને બ્રહ્મ-અભિમાન ગ્રહણ કરાવીને અન્ય જીવોની પેઠે દેહનો ત્યાગ કરીએ છીએ જેમ નૃસિંહજી, ઋષભદેવ તથા શ્રી કૃષ્ણ ભગવાને દેહનો ત્યાગ કર્યો તેમ. એવાં અમારાં ચરિત્રને વિષે નાસ્તિક અને અભક્તની મતિ ભ્રમિ જાય છે. અમારા ભક્ત મોહ નથી પામત . શ્રી પુરુષોત્તમ નરનારાયણ જે અમે તે અમે સર્વના કારણ છીએ અને અનેકરૂપે દર્શન આપીને અદશ્ય થઈએ છીએ. અમારે વિષે મરણભાવ કલ્પે તેને

ચોરાશી ને યમપુરીના દુઃખનો અંત નથી આવતો. અમને અજર, અમર જાણે તે ચોરાશી ને કર્મથી મુકાય છે. માટે આગળ થયા જે અવતાર અને હમણાં આ પ્રગટ પ્રમાણ જે અમે ને આગળ થશે જે અવતાર તે સર્વેમાં મરણભાવ પરઠશો નહિ. (૨૨૪)

૫

જીવના નાડી પ્રાણનો સંકેલો કરવા તથા લાખો માણસોને વશ કરવાં તથા મૂર્તિમાન અક્ષરકોટિને નિયમમાં રાખવા તથા અમારા મુક્તને પણ નિયમમાં રાખવા તે અમારું અસાધારણ લક્ષણ છે. અમે સર્વના સ્વામી છીએ. અનંત બ્રહ્માંડમાં અસંખ્ય જીવોના કલ્યાણને અર્થે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દર્શન આપીને અસંખ્ય જીવોને અમારા ધામમાં લઈ જઈએ છીએ. ધનની તથા કામની વાસનાનો ત્યાગ કરવો. અમારા સુખની વાસના રાખવી. દેહ ને દેહના સંબંધીને વિષે પ્રીતિ ને અહંબુદ્ધિ ત્યાગ કરીને અમારે ને સંતને વિષે પ્રીતિ ને અમારે વિષે દાસપણું રાખવું. અમે તિરસ્કાર કરીએ તો પોતાની ભૂલ જાણવી. અમારો ને સંતનો ગુણ લેવો. ધર્મ, અર્થ, કામ ને મોક્ષનાં રૂપ કહ્યાં છે. (૨૨૫)

૬

અમે ભગવાન છીએ – સર્વે અવતારોના અવતારી, સર્વેના અંતર્યામી, અક્ષરધામને વિષે તેજોમય, સદા સાકાર, અનંત ઐશ્વર્યે યુક્ત ને અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છીએ. અક્ષરબ્રહ્મ જે અમારું તેજ તેના પણ કારણ છીએ. અમારી ક્રિયામાં સર્વે અવતારોના ચરિત્ર જોઈને અમને સર્વે અવતારોના અવતારી જાણીને અમારો નિશ્ચય કરવો તો તે નિશ્ચય ડગે નહિ. અ જ તમને અમે ભગવાન મળ્યા છીએ. અમે સર્વેના કારણ, અવતારી ને અક્ષરધામના ધામી છીએ. અમે નરનારાયણ રૂપે

એટલે નરનારાયણને મિષે કરીને ધર્મ ભક્તિ થકી પ્રગટ થયા છીએ તે અમારું રૂપ આ શ્રી અમદાવાદને વિષે પધરાવ્યું છે. અમારા તેજરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે ને એને જ અમે બ્રહ્મમહોલ, અક્ષરધામ તથા ગોલોક નામે કહી છીએ. તે બ્રહ્મધામ તે અપાર છે ને તેને વિષે શોભાનું અધિકપણું છે. એ અક્ષરધામમાં અક્ષરાતીત એવા અમારા મુક્ત રહ્યા છે તે સાકાર, તેજોમય, સર્વના અંતર્યામી છે ને અમારી સેવામાં નિરંતર તત્પર રહ્યા છે. અમે સર્વેના સ્વામી છીએ આવો અમારો નિશ્ચય હોય તે જ એ ધામને પામે છે. (૨૨૬)

૭

રામાનંદ સ્વામીને વિષે કેટલાકને ભગવાનપણાનો નિશ્ચય થયેલો તે ટળાવવા સારુ રામાનંદ સ્વામી શેષનારાયણમાં લીન થઈ ગયા એમ વાત કરીને પછી પોતાનો મહિમા કહ્યો છે : જે અમે નંદીશ્વર અને ગરુડની અસ્વારી કરીને ધામોમાં જતાં ગરુડ ઉડી શક્યો નહિ, તેને પડ્યો મૂકીને સર્વથી પર અમારા ધામમાં ગયા. ત્યાં પણ અમે જ પુરુષોત્તમ છીએ. અમારા વિના કોઈ મોટો દીઠો જ નહિ. સર્વે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્ત્તા અમે જ છીએ. અસંખ્યાત કૈલાસ, વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુર ને તેથી પર ભૂમિકાઓ આદિ સર્વ અમારે તેજે તેજાયમાન છે, આવો મહિમા સમજીને અમારો નિશ્ચય કર્યો હોય તેને ડગમગાટ ન થાય. અમારે શરણે જે આવ્યા છે ને આવશે ને અમને આવા સમજશે તે સર્વને ઉપર કહી ગયા જે કૈલાસથી આરંભીને ભૂમિકાઓ પર્યંત તે સર્વથી પર એવું અમારું અક્ષરધામ તેને પમાડીશું ને ઉત્પત્ત્યાદિક કરે એવા સમર્થ કરીશું. તે સામર્થ્ય અમારી કૃપાએ આવ્યું છે એમ જાણવું. (૨૨૭)

૮

ત્યાગી, ગૃહી, બાઈ-ભાઈને કોઈ ક્રિયામાં ક્રોધ ઉપજે તો દંડવત્ આદિકે કરીને જેના ઉપર ક્રોધ ઉપજે તેને પ્રસન્ન કરવાની રીત કહી છે. અમારા ભક્તને વિષે દેહભાવ ન રાખવો. કહ્યા પ્રમાણે પ્રાયશ્ચિત કરશે તેનું અંતઃકરણ શુદ્ધ થશે ને કામાદિક દોષ ટળી જશે. એ પ્રાયશ્ચિત નહિ કરે તેને સર્પ તુલ્ય જાણવો. (૨૨૮)



વચનામૃત સારાંશ : અષ્ટાલી પ્રકરણ

૧

અમને ભજતાં સમજણમાં ફેર રહે છે તેને ખોટ બહુ આવે છે. શ્રી પુરુષોત્તમ ભગવાન એવા અમે તે અમારું સુખ યથાર્થ આવતું નથી અને અમારા એકાંતિક ભક્ત થવાતું નથી એવી આ જગતના સ્રષ્ટાની સમજણમાં ભૂલ છે તથા તે અમારા ધામને પામતા નથી. એ સ્રષ્ટા ઉત્પત્ત્યાદિક પોતાની ક્રિયા તેનું બળ સમજે છે પણ અમારા આશરાનું બળ નથી સમજતા. અક્ષરધામરૂપ થઈને અમારા દાસપણાને નથી પામતા. રામકૃષ્ણાદિક અમારા અવતારોને અંશ જાણે છે અને બ્રહ્માંડની ઉત્પત્તિ જોવાનો પૂર્વે સંકલ્પ હતો તેથી અમે તેમને તે ક્રિયામાં જોડી દીધા છે તે એવી સમજણનો ત્યાગ કરશે ત્યારે અમારા સમીપપણાને પામશે, માટે અમારા વિના બીજું કાંઈ જાણવાને ઇચ્છવું નહિ. અમને ભજીને ઐશ્વર્યને ઇચ્છે તે કનિષ્ઠ છે ને કેવળ આત્મારૂપ થઈને અમને ભજે તે મધ્યમ છે અને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ અમે તે અમારી સેવાને ઇચ્છે તે ઉત્તમ છે. (૨૨૯)



વચનામૃત સારાંશ : જેતલપુર પ્રકરણ

૧

મુમુક્ષુ પોતાના મોક્ષને અર્થે શુભ કર્મ કરે તો પણ એણે સાંખ્યજ્ઞાન સિદ્ધ કર્યું નથી ને માયાને મિથ્યા જાણી નથી ત્યાં સુધી એની દેહાત્મ બુદ્ધિ ટળે નહિ ને ઉપાસ્ય મૂર્તિને પણ યથાર્થ દિવ્ય જાણી શકે નહિ તેથી તે શુભ કર્મે કરીને પ્રધાન માયા સુધી પહોંચે પણ તે પ્રધાન માયારૂપ સુષુપ્તિને ઓળંગી શકે નહિ. તો સામ્યાવસ્થારૂપ મૂળ માયા તે તો ઓળંગાય જ કેમ? એ તો સર્વ કર્મ ને માયા તેના નાશ કરનારા અને માયાથી પર સાક્ષાત્ શ્રી પુરુષોત્તમ ભગવાન જે અમે તે અમારી અથવા અમને મળેલા અમારા સંતની જ્યારે જીવને પ્રાપ્તિ થાય ત્યારે માયા ઓળંગાય છે. જીવને ઘણા માણસો માને અથવા કોઈ મોટપ પામે ત્યારે તેને અહંકાર આવે છે. સવળા વિચારવાળો એણે કરીને મોટપ ન માને એ તો આત્મા વડે ને અમારા સંતના સમાગમ વડે કરીને મોટપ માને. અમને મળેલા સંતને તો અમારી ઉપાસના ને આત્મનિષ્ઠા તેણે કરીને મોટપ છે. એવા અમને મળેલા સંતને વિષે આપોપું કરવું, તો ગાલવ રાજાની પેઠે આવરણ ભેદાવે. (૨૩૦)

૨

હનુમાનજી ને લક્ષ્મણજીને દૃષ્ટાંતે યતિનાં લક્ષણ કહ્યાં છે. બ્રહ્માનંદ સ્વામીની યતિપણાની પ્રશંસા કરી છે. જીવ હૃદયને વિષે રહ્યો થકો ઇન્દ્રિયો, અંતઃકરણ દ્વારે વિષયનું ગ્રહણ કરે છે ને શરીરમાં વ્યાપી રહ્યો છે તે જીવને પ્રગટ પ્રમાણ પુરુષોત્તમ શ્રીનરનારાયણ જે અમે તે અમારે પ્રતાપે

કરીને તમે સારી પેઠે એટલે જેવો જાણવો જોઈએ તેવો બ્રહ્મરૂપ જાણ્યો છે. (૨૩૧)

૩

દુષ્ટ વાસના રાખે તે સુખી ન થાય. વર્તમાન બહાર સંકલ્પ થાય તથા અમારા ભક્તને વિષે અભાવનો સંકલ્પ થાય ત્યારે અમારું નરનારાયણ સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ વારંવાર કરે ને માહાત્મ્યે ને ધર્મે સહિત અમારી નવધા ભક્તિ કરે તેના હૃદયમાં વાસ કરીને વિષયની આસક્તિનો નાશ કરી નાખીએ. પંચવર્તમાન પાળે, પોતાને આત્મારૂપ માને, અમારાં ચરિત્ર દિવ્ય જાણે, અમારો નિશ્ચય હોય, અમારા ગમતામાં વર્તે, માન, કામાદિકનો ત્યાગ કરીને અમારી ભક્તિ કરે ને અખંડ સ્મૃતિએ સહિત અમારું ભજન કરે તેને અમારા પ્રગટ દર્શન તુલ્ય સુખ આવે. જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે ને અમારા સ્વરૂપની દૃઢતા જ્ઞાને યુક્ત સાક્ષાત્કાર કરે તે સત્સંગમાં મોટો છે. (૨૩૨)

૪

પ્રત્યક્ષ ભગવાન અમે તે અમારું દર્શન ને અમારી અખંડ સ્મૃતિ તેણે કરીને કલ્યાણ થાય છે. અમારી અખંડ સ્મૃતિ એ જ ભક્તિ છે. વર્તમાનમાં કસરવાળો અમારી અખંડ સ્મૃતિ રાખે તો પણ તેનાથી કોઈનું કલ્યાણ થાય નહિ. તે એકાંતિક ન થાય, અમારા ધામને ન પામે ને એનાથી સત્સંગમાં ન બેસાય. અમારી અખંડ સ્મૃતિએ યુક્ત ને યથાર્થ ધર્મનિયમવાળા તમ જેવા સંતનાં દર્શન, સ્પર્શ, સેવા ઇત્યાદિક કરે તેનાં સર્વે પાપનો ક્ષય થાય છે. તમે જેને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે. તમ જેવા ધર્મ-નિયમવાળા સંતની સર્વે ક્રિયા કલ્યાણકારી છે કેમ જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણ ઋષિ જે અમે તે

નમારી સભામાં નિત્ય વિરાજીએ છીએ ને અમારો તમારે આશરો છે. તમારું ઐશ્વર્ય અમારું યથાર્થ સુખ આપવા સારુ અમે રોકી રાખ્યું છે. દ્રોહબુદ્ધિએ ભજે તે અસુર છે. ભક્તિએ ભજે તે મુક્ત થાય છે. (૨૩૩)

૫

સર્વ સાધન કરવાથી અમને ભજવા એ મોટી વાત છે. અમારું જ કર્યું સર્વે થાય છે. અમારે પ્રતાપે કરીને આ સભાનું કર્યું પણ થાય અમને ભજવામાં કસર રહે તેટલી બરકત થતી નથી. અમે તો અમારા સત્સંગીને સર્વ પીડાથી રહિત કરીએ છીએ. આંહી બેઠા થકા સર્વેને જાણીએ છીએ. અમે ભગવાન છીએ અને મહાપાપી જીવ અમારે આશરે આવીને ધર્મ, નિયમમાં રહે તેને અમારું અક્ષરધામ પમાડીએ છીએ. અમે પાખંડી મતનું ખંડન કરવા, અધર્મના વંશનો નાશ કરવાને, ધર્મના વંશને પુષ્ટ કરવાને, ધર્માદિક અંગે સહિત ભક્તિને પૃથ્વીને વિષે વિસ્તારવા, ધર્મ-ભક્તિ થકી પ્રગટ થઈને આ સભાને વિષે વિરાજીએ છીએ. અમને મેલીને બીજા દેવને ભજે તે જારને ભજે તેમ છે. અમે આ અમારા સંત સહિત જીવોનાં કલ્યાણ કરવાને અર્થે પ્રગટ થયા છીએ. અમારા વચનમાં રહેશો તો અમારા ધામમાં તેડી જઈશું અને તમે પણ તમારું કલ્યાણ થયું છે એમ જાણજો. અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને અમે કહીએ તેમ કરશો તો ઊગર્યાનો આરો નહિ હોય એવા કષ્ટમાં પણ રક્ષા કરશું. સત્સંગ નહિ રાખો ને નિયમ નહિ પાળો તો અમારે તમારે લેવાદેવા નથી. આ જેતલપુર ગામ, સરોવર તથા સીમ જેવું રમણ સ્થળ કર્યું છે તેવું કોઈ કર્યું નથી. આ દેવો નિત્યે અમારાં ને આ સભાનાં દર્શન કરવા આવે છે એવી રીતે સભાની પ્રશંસા કરી છે. (૨૩૪)



વચનામૃત સારાંશ : ગઢડા છેલ્લા પ્રકરણ

૧

વૈરાગ્ય ન હોય તો બીજા મન ગમતા પદાર્થમાં અમારા જેવી પ્રીતિ થઈ જાય. આત્મનિષ્ઠા ન હોય તો દૈહિક સુખ-દુ:ખમાં વૃત્તિ ચૂંથાઈ જાય. વૈરાગ્યે કરીને અમારી મૂર્તિ વિના બીજા માયિક આકાર ખોટા થઈ જાય છે. આત્મનિષ્ઠાએ કરીને માયિક સુખદુ:ખ ખોટાં થઈ જાય છે. આત્મનિષ્ઠા ન હોય તો સમાધિમાંથી બહાર આવે ત્યારે ચાળા ચૂંથવા માંડે. જ્ઞાનના અંગવાળાને અમારું અતિશય માહાત્મ્ય સમજાય ને અમને અંતર્યામી જાણે. હેતના અંગવાળાથી અમારા વિના રહેવાય નહિ ને અમારે અર્થે ન કરવાનું પણ કરે. એ બેમાંથી એકેય અંગ ન હોય તે ચાળા ચૂંથણો છે. શિક્ષા-પત્રી વાંચવી ને વાંચતા ન આવડે તેણે સાંભળવી અને સંભળાવનાર ન હોય તો પૂજા કરવી તેમાંથી ફેર પડે તેને એક ઉપવાસ કરવો. (૨૩૫)

૨

સત્સંગ થાતાં જેવું અંગ બંધાય છે તે અંગ સદા રહે છે. અયોગ્ય પદાર્થના સંકલ્પે કરીને દાઝ ન થાય તેને સત્સંગ પ્રધાન રહે નહિ. સત્પુરુષને યોગે કરીને સંસ્કાર થાય છે માટે સત્પુરુષને યોગે પણ જેમ છે તેમ ન સમજે તે અતિશય મંદ બુદ્ધિવાળો છે. સર્વે ધામોની સભાથી આ સત્સંગીની સભા અધિક છે ને આ સત્સંગ બ્રહ્માદિકને પણ દુર્લભ છે. જેવી પરોક્ષ એટલે અક્ષરધામમાં અમે દિવ્ય સ્વરૂપે વિરાજમાન છીએ તેમાં પ્રતીતિ એટલે દિવ્ય-ભાવનો દૃઢ વિશ્વાસ છે તેવો જ આ પ્રત્યક્ષ મનુષ્યરૂપે દેખાતા જે અમે તેમાં દિવ્યભાવ નથી આવતો ને આ

મૂર્તિ ને અક્ષરધામમાં મૂર્તિ તે એક જ છે એમ સમજાતું નથી, એ જ અમારા વિના બીજે હેત રહેવાનું કારણ છે. જો પરોક્ષના જેવી જ પ્રત્યક્ષને વિષે પ્રતીતિ આવે તો છતે દેહે જ મોક્ષને પામી રહ્યો છે. (૨૩૬)

૩

અમારા ભક્તને સાધનદશાને વિષે અમારો મહિમા તથા ઉપાસનાવાળા સત્પુરુષના સંગે કરીને અમારું જ્ઞાન પ્રાપ્ત થયું હોય ને અમારું ને અમારા ભક્તનું માહાત્મ્ય યથાર્થ સમજાણું હોય તેને માયિક ઉપાધિનો સંગ મટી જાય ને પોતાનો જીવાત્મા બ્રહ્મરૂપ થાય તો પણ અમારે વિષે ને અમારા ભક્તને વિષે દયા ને પ્રીતિ નિરંતર રહે છે. જે અમારો ભક્ત ન હોય ને કેવળ આત્મજ્ઞાન ને વૈરાગ્યે કરીને માયિક ઉપાધિ ટાળીને સત્તામાત્ર વર્ત્તતો હોય તેને સાધન-દશામાં અમારી ઉપાસનાએ રહિત કેવળ આત્મજ્ઞાની એવા કુસંગીનો પાશ લાગ્યો છે, તેને અમારે વિષે ને અમારા ભક્તને વિષે દયા ને સ્નેહ નથી રહેતાં. (૨૩૭)

૪

અંતરમાંથી અસત્ય કરેલાં પદાર્થની સ્મૃતિ થઈ આવે તે બાધિતાનુવૃત્તિ છે. તે જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે નાશ પામે છે ને કશી ખબર રહેતી નથી. જ્યારે બહાર નિસરે ને સવિકલ્પ સમાધિમાં વર્તે ત્યારે બાધિતાનુવૃત્તિ રહે ત્યારે બીજા પદાર્થની સ્મૃતિ થઈ આવે તે જોઈને બાધિતાનુવૃત્તિનો મર્મ ન જાણતો હોય, તે અવગુણ લે છે. પાપી મનુષ્ય બોલતાં ચાલતાં મરે તોપણ નરકે જાય અને અમારો ભક્ત બાધિતાનુવૃત્તિને યોગે બેશુદ્ધ થઈને દેહ મૂકે તોપણ અમને જ પામે. માંસના ચક્રને વિષે જીવ વિશેષ સત્તાએ કરીને વ્યાપીને રહ્યો છે ને સામાન્ય સત્તાએ કરીને બધા દેહમાં વ્યાપી રહ્યો છે, ને દેહને યોગે સુખદુઃખનો ભોક્તા છે પણ

દેહને મરવે કરીને જીવ મરતો નથી. જીવ અવિનાશી ને પ્રકાશ-મય છે, એને વિષે અમે સાક્ષી રૂપે રહ્યા છીએ. (૨૩૮)

૫

અમારી માહાત્મ્યે સહિત ભક્તિ હોય તેમાં કોઈ વિઘ્ન આવે નહિ ને પ્રાકૃત બુદ્ધિએ કરીને ભક્તિ કરે તેમાં વિઘ્ન આવે છે. અમારા મોટા સંતની સેવા ને પ્રસંગથી એવી ભક્તિ આવે છે. અમારો નિશ્ચય પરિપૂર્ણ હોય ને કામાદિકે કરીને વિક્ષેપ ન પામતો હોય ને અતિશય ત્યાગી, વૈરાગ્યવાન ને આત્મનિષ્ઠ હોય પણ જો પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાન જે અમે તે અમારા વિના બીજું કાંઈ આત્મદર્શનાદિક ઈચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. કામાદિકનો વિક્ષેપ આવે પણ તેની દાઝ થાય ને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જે અમે તે અમારા વિના બીજુ કાંઈ ન ઈચ્છે તો દેહ મૂકીને અમારા ધામમાં બહુ મોટા સુખને પામે છે. (૨૩૯)

૬

ઈર્ષાએ રહિત કેવળ પોતાના કલ્યાણને અર્થે અમારી ભક્તિ કરે તો અમે રાજી થઈએ. અમારી ભક્તિ કરતાં કાંઈક અપરાધ થઈ જાય તો તે દોષ પોતાને માથે લેવો પણ ઈન્દ્રિયો, અંત:કરણનો વાંક કાઢવો તે જીવની મૂર્ખાઈ છે. જીવને ન ગમતું હોય તેનો ઘાટ મન કરે તો તે જીવ નિર્મળ હોય તો મનનું કહ્યું ન માને અને મલિન ને પાપેયુક્ત હોય તો માને તો તે મન એ જીવને કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે માટે જીવનો વાંક સમજવો પણ એકલા મનનો વાંક સમજવો નહિ. એમ સમજે તેને કુસંગ અડી શકે નહિ ને નિર્વિઘ્ન થકો અમારું ભજન કરે. (૨૪૦)

૭

જેને કલ્યાણ ઈચ્છવું હોય તેણે અમને ને અમારા સંતને જ સુખદાયી જાણીને અમારા સંતને વિષે આત્મબુદ્ધિ

રાખવી, અમારા ભક્તનો પક્ષ રાખવો, તેમનો અભાવ આવવા દેવો નહિ ને તેમના જેવું બીજું કોઈ વહાલું રાખવું નહિ, તો અતિ બળવાન જે કામાદિક શત્રુ તે પરાભવ કરી શકે નહિ. બ્રહ્મપુર જે અમારું અક્ષરધામ તેને વિષે અમે સદા સાકાર મૂર્તિમાન વિરાજમાન છીએ. અમારા ભક્ત પણ ધામમાં મૂર્તિમાન છે ને અમારી સેવા કરે છે. એવા પ્રત્યક્ષ પ્રમાણ અમને જાણીને જેણે અમારો આશરો કર્યો હોય તે અમારા ધામને પામે. જે ભક્ત પોતાના મનને અમારા ચરણારવિંદને વિષે એટલે મૂર્તિને વિષે દૃઢ કરીને રાખે તે છતે દેહે જ અમારા ધામને પામી રહ્યો છે. (૨૪૧)

૮

વૈરાગ્ય ને સ્વધર્મ એ બે સાધને કરીને સર્વે ઇન્દ્રિયોને જીતીને વશ કર્યા હોય, અમારે ને અમારા ભક્તને વિષે પ્રીતિ ને મિત્રભાવ હોય, અમારા ને અમારા ભક્તના સંગે જ રાજી રહે ને વિમુખની સોબત ગમે જ નહિં તે આ લોક પરલોકને વિષે સદાય સુખિયો રહે છે. ઇન્દ્રિયો વશ ન કર્યા હોય તે દુઃખિયો રહે છે. જે પોતાના દોષને દેખે નહિ ને અમે ને અમારા ભક્તથી મન નોખું પડી જાય એટલે અમારે વિષે ને અમારા ભક્તને વિષે હેત ન રહે, ને બે-પરવાઈ એટલે અમારા ભક્તને મોક્ષના દાતા જાણીને તેની ગરજ ન રાખે તેને અમારી ભક્તિમાં મોટું વિઘ્ન છે. (૨૪૨)

૯

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર સાધને સંપન્ન એવા અંતર્દૃષ્ટિવાળા અમારા એકાંતિક સંત છે, તે હૃદયને વિષે જાણપણારૂપ અમારાં ધામનો દરવાજો ત્યાં રહે છે. એ જાણપણાની માહી જે અક્ષરધામ તેમાં અમારાં દર્શન કરે છે. અમારા ભેળું પોતાના હૃદયને વિષે બીજું માયિક પદાર્થ

પેસવા દેતા નથી એવી રીતે અંતર્વૃત્તિએ અમારી સેવા છે ને દેહની ક્રિયા પણ કરે છે; ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી એવી રીતે સર્વેને વર્તવું. (૨૪૩)

૧૦

ધ્રાંગધ્રા નિવાસી શાસ્ત્રી ભવાનીશંકર માધ્વી સંપ્રદા હતા, તેને પોતાનો સિદ્ધાંત સમજાવ્યો છે. જે અમારી ઈચ્છ કરીને પુરુષ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય ત્યારે માયામાં અનાદિકાળના જીવ રહ્યા છે તે ઉદય થઈ છે પણ નવા થતા નથી. જેમ ઈશ્વર અનાદિ છે તેમ તથા જીવ પણ અનાદિ છે. તે જીવ અમારા અંશ અનાદિ જીવ જ છે. તે જ્યારે અમારે શરણે થાય બ્રહ્મરૂપ થઈને અમારા ધામને પામે એ અમારો સિ છે. (૨૪૪)

૧૧

વૈરાગ્ય, સ્વધર્મ, તપ ને નિયમે કરીને ઈન્દ્રિયો દ છે. માહાત્મ્યે સહિત ભક્તિએ અંતઃકરણ જીતાય છે. અ વિષે ને અમારા સંતને વિષે આત્મબુદ્ધિ દઢ પ્રીતિ તેને નિર્વિકલ્પ સમાધિના જેવી શાંતિ રહે છે. એવી આત્મ હોય તેને દેશકાળાદિકનું વિઘ્ન ન લાગે ને અમારા અમારા સંતથી વિમુખ ન થાય. ધર્મ ને વૈરાગ્ય સા હોય પણ અમારો ને અમારા ભક્તનો અવગુણ ન લે સંગ કરવો. અવગુણ લેતો હોય ને ધર્મ ને વૈરાગ્ય હોય તો પણ તેનો સંગ કરવો નહિ. (૨૪૫)

૧૨

કલ્યાણ ઈચ્છવું હોય તેને માન રાખવું નહિ, થઈને રહેવું. અમારો કે અમારા ભક્તનો અવગુણ ને તેની વાત સાંભળનારો બેય વિમુખ થાય છે ને એ છૂટવાનો કોઈ ઉપાય નથી ને એના જીવનો પણ

જાય છે. સંબંધી હરિભક્ત હોય તો પણ તેના સાથે હેત કરનારનું કલ્યાણ થાય નહિ. અમારે વિષે જ પ્રીતિ રાખીને અમારું ભજન કરે તેને કલ્યાણમાં વિઘ્ન થાય જ નહિ. (૨૪૬)

૧૩

અમારી મોટપ જાણે, વૈરાગ્ય હોય, અમારું ધ્યાન કરવાની રૂચિ હોય તથા અમારે વિષે ને અમારા ભક્તને વિષે અતિશય પ્રીતિએ કરીને જીવ જોડ્યો હોય, એને કાળકર્માદિક પરાભવ કરી શકતા નથી અમારી ઈચ્છા એ જ અમારા ભક્તને પ્રારબ્ધ માનવું. (૨૪૭)

૧૪

જેને સ્ત્રી સંબંધી મલન વાસના હોય તેને અમારે વિષે પ્રીતિ ન થાય. અતિશય ભૂંડા દેશકાળાદિકને યોગે ભૂંડા કર્મનો પાશ લાગ્યો હોય તે સાર અસારને જાણે તો પણ અમારે વિષે પ્રીતિ ન થાય. અતિશય પવિત્ર દેશાદિક ને અતિશય સુકૃત કર્મ થાય તો એ પાપકર્મનો નાશ થઈ જાય. આસુરીને ઝાઝી બુદ્ધિ હોય તોપણ તે વિમુખ થાય ને દૈવીને થોડી બુદ્ધિ હોય તો પણ સત્સંગમાંથી વિમુખ થાય નહિ. દૈવીના દોષ સારા દેશાદિકને યોગે નાશ થાય ને આસુરીના ન થાય ને એનું ગમતું મરડીએ તો દ્રોહ કરે. આસુરી જીવનું ગમતું રાખીએ એવામાં દેહ પડી જાય તો પરમપદને પામે. નવધામાં જે ભક્તિએ અમારે વિષે સ્નેહ થાય તે ભક્તિ તેને શ્રેષ્ઠ છે. બાળ તથા યૌવન અવસ્થા-વાળાએ, વયોવૃદ્ધએ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને અમારે વિષે દઢ પ્રીતિવાન હોય, એવા પુરુષનો સંગ કરવો. હેતે કરીને અમારે વિષે મન જોડાણું હોય તે શ્રેષ્ઠ છે. પ્રથમ અમારે વિષે હેત થાય તો વૈરાગ્ય ને વિવેક આવે. વિશ્વાસી શ્રેષ્ઠ છે. મંદવાડમાં ચાકરી ન થઈ હોય ને વગર વાંકે અમે ને સંત અપમાન કરીએ તો પણ અવગુણ ન લે અને નિયમમાં

લેશમાત્ર ફેર પડે તો તત્કાળ પ્રાયશ્ચિત્ત કરે ને ખોટો ઘાટ થાય તો વર્તમાનમાં ફેર પડ્યા જેટલો ત્રાસ પામે ત્યારે તેનો અમને ને સંતને વિશ્વાસ આવે. દેહે કરીને સર્વને પગે લાગે ને માંદાની સેવા કરે ને વહાલી વસ્તુ સંતને આપીને પછી પોતાના કામમાં વાપરે તેના અંતરમાં અમારું ને સંતનું માહાત્મ્ય રહે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ અતિ તીવ્ર વર્તતાં હોય એવા અતિશય મોટાને વ્યવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો ઉપર દયાએ કરીને છે. (૨૪૮)

૧૫

ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને પંચવિષયના ઘા લાગ્યા હોય તે નવધા ભક્તિ માંહેલી જે ભક્તિએ કરીને પંચ-વિષયનું સ્મરણ ન થાય ને અંગમાં રહીને અમારી માનસી પૂજા, નામ સ્મરણ કરવું તો અતિશય સમાસ થાય. જે પોતાના અંગને ઓળખે નહિ તેને સુખ ન થાય. (૨૪૯)

૧૬

અમારે વિષે પતિવ્રતાપણે પ્રીતિ કરવી ને અમારા મુક્તામાં જીવોનો મોક્ષ કરે એવો મોટો ગુણ છે તો પણ તે સાથે અમારા જેવી પ્રીતિ ન કરવી ને બીજા અવતારને વિષે તો કરવી જ નહિ ને અમારી મરજી પ્રમાણે જ વર્તવું અને જેમ હનુમાનજીએ રામચંદ્રજીને વિષે નિષ્ઠા રાખી હતી તે પછી ઘણાક અવતાર થઈ ગયા તો પણ નિષ્ઠા મૂકી નહી તેમ તમારે અમારે વિષે નિષ્ઠા છે. તે અમારા પછી બીજા અવતારો થાય તો પણ અમારે વિષેથી નિષ્ઠા ફરવા દેવી નહિ તે પતિવ્રતા ભક્તિ છે. જેનું અંગ એવું ન હોય તેની ભક્તિ વ્યભિચારિણીના જેવી છે. (૨૫૦)

૧૭

અમારા ભક્તને અમારા વિના બીજે ઠેકાણે હેત રહે તે અતિ મોટું પાપ છે માટે બીજે ઠેકાણેથી હેત ટાળીને

અમારે વિષે અખંડવૃત્તિ રાખવી. (૨૫૧)

૧૮

જીવ જેવો જાગ્રત અવસ્થામાં રહે છે તેવો જ સ્વપ્ન અવસ્થાને વિષે રહે છે. ન દીઠાં હોય ને ન સાંભળ્યાં હોય એવાં પદાર્થ તે પૂર્વ જન્મના કર્મની વાસનાએ સ્ફૂરે છે. સત્પુરુષનો સમાગમ કરતાં કરતાં વાસના જીર્ણ થઈ જાય ને જન્મ મરણ ભોગવાવે એવી રહે નહિ અને તે વાસના જાણવાની વિક્તિ કહી છે. નિર્વાસનિક પુરુષ અમારી આજ્ઞા હોય એટલો જ વ્યવહારમાં જોડાય અને સવાસનિક અમારી આજ્ઞાયે કરીને પણ છૂટી શકે નહિ. (૨૫૨)

૧૯

કામનાવાળા તથા કુટુંબીને વિષે હેતવાળા ત્યાગી પશુ જેવા છે. તેમા પણ કુટુંબીને વિષે હેતવાળાનો અમને અવગુણ આવે છે માટે ત્યાગીને લેશ માત્ર પોતાના સંબંધી સાથે હેત ન રાખવું. પોતાની ચાકરી કરતો હોય તેના ઉપર પણ હેત ન રાખવું. આ વાત નિત્ય ન કહે ને ન સાંભળે તેણે ઉપવાસ કરવો. (૨૫૩)

૨૦

પરિપકવપણાને પામીને જીવ સાથે મળી રહ્યાં એવાં જે કર્મ તેને જ સ્વભાવ, વાસના ને પ્રકૃતિ કહી છે. આત્મ-નિષ્ઠાએ સહિત ભક્તિ કરવી એ વાસના ટાળ્યાનો ઉપાય કહ્યો છે. (૨૫૪)

૨૧

અમારા સંબંધે સહિત જે નિવૃત્તિ ને પ્રવૃત્તિ ધર્મ તે ભાગવત ધર્મ છે તે ધર્મ ને ભક્તિ એ બે એક જ છે. એ ધર્મ સ્થાપન કરવાને અર્થે અમે પ્રગટ થયા છીએ તે ભાગવત ધર્મે કરીને જીવ અમારા ધામને પામે છે. કેવળ વર્ણાશ્રમ ધર્મનું ફળ નાશવંત છે. અમને વન, પર્વત, જંગલમાં

રહેવું ગમે છે તો પણ અમારા ભક્તને અર્થે માણસના ભીંડામાં રહીએ છીએ ને અમારા ભક્તને અર્થે પ્રવૃત્તિ કરવી તે નિવૃત્તિ જાણીએ છીએ. અમારા ભક્તનો અલ્પ દોષ જોઈને અવગુણ ન લેવો અને મોટા વર્તમાન ચૂકે ત્યારે અવગુણ લેવો. અમારા ભક્તને વાદે કરીને જીતે તે પંચમહાપાપીથી વધુ પાપી છે. અમારા ભક્તનું ધસાતું બોલે તે અમને દીઠો ગમતો નથી. અમારા ભક્તનો અવગુણ લે તેના હાથનું અન્નજળ ભાવે નહિ. દેહના સંબંધી સાથે હેત ન રાખવું, સત્તારૂપ થઈને અમારી સાથે હેત કરવું જે સત્તારૂપ નહિ રહી શકે તેને કામાદિક શત્રુ પીડશે. અમારા દિવ્ય અક્ષરધામને વિષે અમારા પાર્ષદ છે તેથી અધિક આ સત્સંગી એટલે આ ગોપાળાનંદ સ્વામી છે. જેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ અતિ દઢ નહિ હોય તે અંતે, ઢીલો પડશે તો પણ અમે તેનો ત્યાગ કરતા નથી પણ એ જ એની મેળે સત્સંગમાંથી પાછો પડી જાય છે. અને જે દઢ સત્સંગી છે તેના ભેળું આંહીં તથા અક્ષરધામમાં રહેવું એવો નિશ્ચય રાખવો. (૨૫૫)

૨૨

જેને પ્રેમલક્ષણા ભક્તિનું અંગ આવે તેને પંચ વિષયને વિષેથી પ્રીતિ ટળી જાય છે ને આત્મનિષ્ઠા રાખ્યા વિનાની જ રહે છે. સખી ભાવે અથવા દાસ ભાવે અમને ભજે તે બેયની ભક્તિ એક જ છે. અમારો ભક્ત દેહ મૂકીને ધામમાં જાય છે ત્યારે અમારી કાં ભક્તની મરજી હોય તેવો આકાર બંધાય છે. સત્સંગી બાઈ ઉપર કુદૃષ્ટિએ જુએ તે અતિશય પાપી છે. અમારા ભક્તનો દ્રોહ કરે તે રાક્ષસ થઈ જાય છે. પરિપકવ દ્રોહી ન થયો હોય તેની દ્રોહબુદ્ધિ મોટા પુરુષને સંગે ટળે છે અને પરિપકવ દ્રોહીની કોઈ યોગે દ્રોહબુદ્ધિ ટળતી નથી. અમારા ભક્તના દ્રોહ કરનાર ઉપર અમારો અતિશય કુરાજીપો થાય છે ને તેણે અમને અતિશય વશ

કર્યા હોય ને અમારે વિષે અતિશય એકતા થઈ હોય ને જેમ હાથ સેવા કરે તેમ હાથની પેઠે સેવા કરતો હોય તો પણ તેનો ત્યાગ કરી દઈએ. જેનો દ્રોહ થયો હોય તે રાજી થાય તેમ કરવું. (૨૫૬)

૨૩

અમારા ભક્તોએ અમારી માનસીપૂજા ત્રણે ઋતુને વિષે ભિન્ન ભિન્ન પ્રકારે કરવી, તેણે કરીને અમારે વિષે હેતની વૃદ્ધિ થાય છે. અમે તથા અમારા ભક્ત વઢીએ ત્યારે રાજી થાવું પણ કચવાવું નહિ. (૨૫૭)

૨૪

અમારા મુક્તનો દઢ પ્રસંગ રાખે તો ભાગવત ધર્મથી પડે નહિ. અમારા વચન પ્રમાણે વર્તે તે આપત્કાળે પણ ધર્મ થકી પડે નહિ. જેને મોક્ષનો ખપ હોય તેની પ્રકૃતિ ટળે છે. મોટેરા પરહંસ તથા હરિભક્તનાં અંગ કહ્યાં છે. જ્ઞાને સહિત વૈરાગ્ય હોય તે વિષયમાં બંધાય નહિ. માયિક પદાર્થમાં અહંમમત્વવાળો અણસમજુ છે. શ્રવણ ભક્તિ હોય તેના કામાદિક નાશ પામે ને અમારે વિષે પ્રેમલક્ષણા ભક્તિ થાય છે. બાઈ ભાઈએ અરસપરસ માહાત્મ્ય સમપણે સમજવું. (૨૫૮)

૨૫

ભક્તિ આદિક ગુણે કરીને અમારી પ્રસન્નતારૂપ ફળને ઇચ્છવું અને શ્રદ્ધાએ કરીને થોડી સેવા કરે તો પણ અમે રાજી થઈએ છીએ. ગમે તેવું સુખદુઃખ આવી પડે તો પણ નિયમ ધર્મમાંથી મોળો પડે નહિ તે અમારો ખરો ભક્ત છે. રાજી, કુરાજી થવાના ગુણદોષ બતાવ્યા છે. માન, ક્રોધ તથા કોઈથી દબાઈને રહેવું એટલે જેને જેમ કહેવું ઘટે તેમ તેને કહેવામાં તેનાથી દબાઈને તેની મહોબતમાં લેવાવું તે તો

અતિશય ભૂંડું છે તથા માંહોમાંહી બરોબરિયાપણું રહે તે પણ અતિશય ભૂંડું છે. (૨૫૯)

૨૬

ઈન્દ્રિયો અંતઃકરણને દાબીને અમારા સંબંધી ક્રિયા કરે ને શુદ્ધ બ્રહ્મરૂપ પોતાને માનીને અમારી ઉપાસના કરે એવા એકાંતિક સંતની સેવા તે અમારી સેવા તુલ્ય છે અને એવા ગુણે યુક્ત બાઈ હોય તેની સેવા બાઈઓએ કરવી. ધર્મ, આસ્તિકપણું ને લાજ એ ત્રણ હોય તે સ્ત્રી આદિકમાં લેવાય નહિ. આત્મનિષ્ઠા હોય ને અમારું માહાત્મ્ય બહુ જાણતો હોય તે એમ જાણે જે હું નિષ્કામાદિક ધર્મ નહિ પાળું તો શ્રીજીમહારાજ કુરાજી થશે એમ સમજે તો ધર્મથી પડે નહિ. પોતાને જે અંગ ગમે ને ન ગમે તેની વિક્રિતા કહી છે. (૨૬૦)

૨૭

માયિક સુખ નાશવંત ને દુઃખદાયી જાણવું. અમારું સુખ દિવ્ય જાણીને અમારે વિષે જોડાવું. ગમે તેવો કઠણ સ્વભાવ હોય તો પણ સત્સંગના ખપવાળો ટાળી નાખે અને સંતને વચને કરીને સ્વભાવની આંટી મૂકી દે અને વર્તમાનની આંટી મૂકે નહિ. અમારી ને સંતની પ્રસન્નતાને અર્થે વર્તમાન પાળે ને ભક્તિ કરે તે બ્રહ્મર્ષિ છે. તુચ્છ સ્વભાવની આંટી સંતને વચને કરીને મૂકે નહિ તે વર્તમાન પાળતો હોય તો પણ રાજર્ષિ છે. માન, ઈર્ષ્યા ને ક્રોધ તે કામ કરતાં ભૂંડા છે અને અમારું માહાત્મ્ય સમજે તો માન ટળી જાય છે. નિષ્કામાદિક લક્ષણે યુક્ત જે સંત તેને અમારો સાક્ષાત્ સંબંધ હોય એવા સંતને વચને કરીને જ અમારો નિશ્ચય કરવો ને એવા સંતના વચનમાં જ દૃઢ વિશ્વાસ કરવો તેને જ નિશ્ચય કહેવાય. એવા સંત સાથે હેત હોય તેનું કલ્યાણ થાય છે. આત્માનું તથા અમારું યથાર્થ સુખ સમાધિએ

કરીને તથા દેહ મૂક્યા પછી આવે છે પણ કેવળ તેની વાતે કરીને આવતું નથી. (૨૬૧)

૨૮

ભગવાનના આકારને ખોટા કરે અને ભગવાનના ધામમાં માયિક પંચવિષય સુખનાં રછા રાખે એ બેય મોક્ષના માર્ગમાંથી પડી જાય છે. પોતાના અવગુણ ટાળીને અમારો નિશ્ચય કરે તે સત્સંગમાંથી પાછો પડે નહિ. અમારું માહાત્મ્ય જાણે તો માનાદિક દોષ ટળી જાય છે. નિષ્કામ ભક્ત ઉપર અમે રાજી થઈએ છીએ. માયિક પંચવિષયે કરીને જીવનપણું મનાણું હોય તે અમારા સુખને પામે નહિ ને માયિક પંચવિષયમાંથી પ્રીતિ ટળી ગઈ હોય તે જ અમારા સુખને પામે છે. (૨૬૨)

૨૯

તીવ્ર વૈરાગ્યવાળો ત્યાગી થાય તો વિઘ્ન થાય નહિ અને મંદ વૈરાગ્યવાળો ત્યાગી મોટા સંત સાથે હેતે કરીને પોતાના જીવને બાંધે તો એનો ત્યાગ પાર પડે. સત્સંગનો યોગ રાખે ને અમને અંતર્યામી જાણે ને પોતપોતાના નિયમ પ્રમાણે વર્તે તો ધર્મ રહે. (૨૬૩)

૩૦

સર્વથી એટલે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને મૂળઅક્ષર તેથી પર અમારા તેજરૂપ અક્ષરધામ છે તેને મધ્યે અમે સદા સાકાર મૂર્તિ વિરાજમાન છીએ એવો નિશ્ચય કરીને અમારી ઉપાસના ભક્તિ કરે તે ભક્ત અમને ગમે છે, પણ કેવળ તેજની ઉપાસના કરે તે ગમે નહિ. તપ, વૈરાગ્યાદિક સાધન અમારી પ્રસન્નતાને અર્થે કરે તે ગમે. પાંચ વાતોનું નિરંતર અનુસંધાન રાખવાનું કહ્યું છે. (૨૬૪)

૩૧

બ્રહ્મરૂપ તેજોમય એવું અમારા તેજરૂપ અક્ષરધામ છે

તેમાં અમારી આકૃતિ રહી છે એટલે અમે મૂર્તિમાન રહ્યા છીએ અને એ આકૃતિમાંથી અવતાર ધારણ કરીએ છીએ એટલે ત્યાં રહ્યા થકા જ સર્વ બ્રહ્માંડમાં દેખાઈએ છીએ. ક્ષર અક્ષરથી પર ને સર્વનું કારણ જે અમારું તેજ તેના પણ કારણ છીએ અને અમારા ધામને વિષે અનંત કોટિ મુક્તોએ સેવ્યા એવા અમે તે દયા કરીને જીવોના પરમકલ્યાણ કરવાને અર્થે પ્રગટ પ્રમાણ તમારી સર્વની દૃષ્ટિગોચર સાક્ષાત્‌પણે વર્તિએ છીએ. અમારી આ મનુષ્યરૂપ મૂર્તિ ને ધામમાં મૂર્તિ છે તે એક જ છે પણ જુદી નથી. અમારુ ધ્યાન નેત્રને આગળ બહાર કરે તેને ધામમાં જે મૂર્તિ છે તે અને આ અમારી મનુષ્યરૂપ મૂર્તિ તે એક જ જણાય. અમારી આ મનુષ્યરૂપ મૂર્તિને નેત્રમાં જુએ તો નેત્રની કીકીમાં જેવડી મૂર્તિ છે તેવડી જણાય અને કંઠથી હેઠે સુધી માંહેલી કોરે જુએ તો બહુ જ મોટી દેખે અને બુદ્ધિમાં તથા બુદ્ધિએ યુક્ત એવો જીવ તેમાં જુએ તો અંગુષ્ટ માત્ર દેખે અને અમારા તેજરૂપ ધામ તે ધામરૂપ થઈને જુએ તો પ્રથમના જેવી દેખે. અમે અક્ષરધામમાં જેવા ગુણથી પર છીએ તેવા જ મનુષ્યરૂપે દેખાઈએ છીએ તો પણ તેવા જ ગુણથી પર છીએ પણ મનુષ્યરૂપ મૂર્તિમાં ને ધામમાં મૂર્તિ છે તેમાં કિંચિત પણ ફેર નથી. (૨૬૫)

૩૨

આહાર વિહાર યુક્ત કરે તો ઈન્દ્રિયો જીતાય ને એવો થકો નવ પ્રકારની ભક્તિમાં પ્રીતિએ સહિત રુચી રાખે તો સત્સંગમાં પાર પડે. સર્વેથી પર અમારા તેજરૂપ અક્ષરધામમાં અમે સદા સાકાર મૂર્તિ વિરાજમાન છીએ ને સર્વના કારણ ને સર્વના નિયંતા ને સર્વના અંતર્યામી ને દિવ્ય સુખમય મૂર્તિ છીએ, આવો અમારો મહિમા સમજીને અમારે વિષે પ્રીતિ કરે ને નવધા ભક્તિ કરે ને અમારી આજ્ઞામાં વર્તે

તે અમારો સાચો ભક્ત છે. અમારા મહિમાનો ઓથ લઈને અમારી બાંધેલી મર્યાદાનો ભંગ કરે તે પાપી ને દુષ્ટ છે. (૨૬૬)

૩૩

પોતાના આત્માને પ્રકાશરૂપ ને સત્તારૂપ માને ને તેને વિષે અમારી આ પ્રત્યક્ષ મૂર્તિ વિરાજમાન છે એમ સમજે ને આ અમારી મૂર્તિ વિના બીજા પ્રાકૃત આકારને અસત્ય ને દોષેયુક્ત સમજે તેની બુદ્ધિમાં કોઈ જાતનો ભ્રમ થાય નહિ. એવાને પણ માન, દ્રવ્ય તથા રૂપવાન સ્ત્રીઓનો યોગ થાય તો ઠેકાણું રહે નહિ માટે એનો યોગ થાવા દેવો નહિ. સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે યુક્ત એવી અમારી અનન્ય ભક્તિ હોય તે અમારો એકાંતિક ભક્ત છે ને એનો અમારે વિષે પ્રવેશ થાય છે અને અમારી સેવાને વિષે બહારથી પણ રહે છે. દેહ છતાં પણ જે ભક્તને અમારી દસ પ્રકારની ભક્તિ તથા અમારું માહાત્મ્ય તથા સ્વધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા તથા અમારા સંતનો સમાગમ તે વિના ચાલે જ નહિ એવું બંધાણ હોય તેનો પણ અમારે વિષે પ્રવેશ જાણવો ને તે એકાંતિક છે. જે કુસંગને યોગે અમારી ભક્તિને ભૂલી જઈને ચાળે ચડી જાય તે પ્રાકૃત દેહાભિમાની છે. સ્ત્રી, ધન, દેહાભિમાન ને સ્વભાવ એ ચારમાં કાચપ હોય તેની ભક્તિ રહે નહિ, એ કાચપનો ત્યાગ કરે તો અમારી નિશ્ચળ ભક્તિ થાય. (૨૬૭)

૩૪

અમારા વિના બીજથી વાસના ટાળીને એક અમારે વિષે વાસના થયાનાં સાધન તો અમારે વિષે પ્રીતિ ને જ્ઞાને સહિત વૈરાગ્ય છે. અમારો નિશ્ચય ને વિશ્વાસ હોય ને પંચવિષયના ત્યાગ સંબંધી નિયમ તથા અમારી નવ પ્રકારની ભક્તિ સંબંધી નિયમમાં સાવધાન થકો વર્તે તો અમારા સંબંધી વાસના વૃદ્ધિ પામતી જાય. જીવને અમારા સન્મુખ

કરવા ને તેમને અમારી આજ્ઞા પળાવવા માટે તેના ઉપર ક્રોધ કરવો તે ઠીક છે અને મોટા સાધુ સાથે હેત હોય ને પોતાના કલ્યાણનો સ્વાર્થ માન્યો હોય તો ક્રોધ જાય છે. તુચ્છ પદાર્થ સારુ સાધુ સાથે ક્રોધ કરે તેને સાધુનું માહાત્મ્ય સમજાણું નથી અને બુદ્ધિમાન તુચ્છ પદાર્થ સારુ સાધુ સાથે ક્રોધ કરે તો તેની બુદ્ધિ સાધુપણાની નથી. (૨૬૮)

ઉપ

અમારા વિના બીજા સર્વેને તુચ્છ જાણે ને પોતાની પ્રકૃતિ મૂકીને અમે ને અમારા સાધુ કહીએ તેમ વર્તે તેને આપત્કાળે પણ અમારો આશ્રય ટળે નહિ. અમે તથા અમારા સાધુ પ્રકૃતિ મરોડીએ ત્યારે અમારો ને સાધુનો અવગુણ ન લે તો સારો ને અમારો ને સાધુનો અવગુણ લે તેના આશ્રયનો ઠા નહિ. જે વિષયનો બળવાન ઘાટ થાતો હોય ત્યારે એમ વિચારે જે આ પદાર્થનો મારે બળવાન ઘાટ છે ને તેમાં હું પ્રવર્તું છું તેમાંથી મને સાધુ મરોડશે ત્યારે મારે ઠીક નહિ રહે એમ પોતાનો નિશ્ચય થાય અને એની પ્રકૃતિને અમે કે સાધુ ન મરોડીએ તો તો એ પાર પડી જાય ને મરોડીએ તો મૂંઝાઈને વિમુખ થઈ જાય. સાધુને વિષે અમે સાક્ષાત્ રહ્યા છીએ માટે સાધુના દ્રોહથી અમારો દ્રોહ થાય છે તેથી સંતના દ્રોહનું અધિક પાપ છે. અમારા ઉપર વૈરભાવ રાખીને અમારો દ્રોહ કરે તે દૈત્યનો પક્ષ છે. અમારા ગમતા પ્રમાણે વર્તીને અમારી ભક્તિ કરવી એ ભક્તનો પક્ષ છે. અમને સદા દિવ્ય સાકાર સમજે, અમારી એકાંતિક ભક્તિ કરે, અમારું નામ સ્મરણાદિક કરતા હોય તેને દેખીને રાજી થાય, સ્વભાવનો ત્યાગ કરે પણ અમારા ભક્તના સમૂહથી છેટે ન રહે, સારું પદાર્થ અમારા ભક્તને આપીને રાજી થાય, સરલ સ્વભાવ હોય, વિમુખના સંગની અરુચિ વર્તે, આ છ લક્ષણે યુક્ત હોય તેને વિષે અમે

સાક્ષાત્ વિરાજમાન છીએ માટે એવા સાધુનો દ્રોહ તે અમારા દ્રોહ તુલ્ય છે ને એવા સાધુની સેવા તે અમારી સેવા તુલ્ય છે. (૨૬૯)

૩૬

અમને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ ને સર્વેના અવતારી સમજીને આશ્રય કરે, ધર્મે સહિત અમારી ભક્તિ કરે, એવી ભક્તિએ યુક્ત સાધુનો સંગ કરે, તે કલ્યાણનું અસાધારણ સાધન છે તેમાં બીજાં કોઈ વિઘ્ન પ્રતિબંધ કરતાં નથી. મહાદુષ્ટ એવા જે શુષ્કવેદાંતી તેનો સંગ કરવો એ મોટું વિઘ્ન છે. અમારી ઉપાસના ને ધ્યાન એ બે હોય તો આત્મા તથા બ્રહ્મ દેખાય પણ તે વિના તો દેખાય જ નહિ. (૨૭૦)

૩૭

અમારા જેવો બીજા કોઈનો આકાર નથી, અમારા વિના બીજા સર્વેને કાળ ભક્ષણ કરે છે ને અમારા જેવો બીજો કોઈ નથી. અમારા ધામમાં અમારા ભક્ત છે તેનો આકાર અમારા જેવો જ છે, તો પણ તે પુરુષ છે અને અમે પુરુષોત્તમ છીએ, એ મુક્તોથી શ્રેષ્ઠ છીએ ને એ મુક્તોને ઉપાસ્ય ને સ્વામી છીએ. એ મુક્તો અમારા મહિમાના પારને પામતા નથી એવા દિવ્ય મૂર્તિ નિર્ગુણ ને ધ્યેય છીએ. અમારું ધ્યાન કરનારા નિર્ગુણ થઈ જાય છે. અમારા ધામને વિષે એક દેશને વિષે રહ્યા થકા અનેક બ્રહ્માંડમાં કર્મફળપ્રદાતાપણે અંતર્યામીરૂપે રહ્યા છીએ. જેવા અક્ષરધામમાં છીએ તેવા અહીં દેખાઈએ છીએ ને સર્વે જીવોના જીવન છીએ, સિધ્ધેશ્વર છીએ. અમારું સ્વરૂપ બીજી રીતનું એટલે અક્ષરાદિક સર્વેથી અતિ વિલક્ષણ છે અને જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા દેખાઈએ છીએ આવું અમારું જ્ઞાન થયું હોય ને અમારી ભક્તિ કરી હોય તો તે

કયારેય વિસરી જાય નહિ ને તેના જીવનું સારું થાય. (૨૭૧)

૩૮

માયામાંથી થયા તે આકાર મિથ્યા ને નાશવંત છે. અમારા અક્ષરધામને વિષે અમારો ને અમારા મુક્તનો આકાર સત્ય, દિવ્ય ને અતિશય પ્રકાશે યુક્ત સચ્ચિદાનંદરૂપ અને દ્વિભુજ છે. મુક્ત પુરુષોએ સેવ્યા થકા સર્વ મુક્તોને આનંદ ઉપજાવીએ છીએ અને સર્વોપરી છીએ. દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા છીએ. તમારા સર્વના ઈષ્ટદેવ છીએ ને તમારી સેવાને અંગીકાર કરીએ છીએ. અમારા આ મનુષ્ય સ્વરૂપમાં ને ધામમાં રહ્યું જે સ્વરૂપ તેમાં કાંઈ પણ ભેદ નથી, એક જ છે. અમે અક્ષરાદિક સર્વના નિયંતા, ઈશ્વરના ઈશ્વર, સર્વ કારણના પણ કારણ, સર્વ અવતારના અવતારી છીએ ને તમારે એકાંતિક ભાવે ઉપાસના કરવા યોગ્ય છીએ. લોભાદિક છ વાનાં હોય તેને સુખ કયારે પણ થાય નહિ માટે અમારા મોટા સાધુ સંગાથે જીવ જડી દેવો ને એમના વચનમાં વર્તવું. વિષયનો સંબંધ કરે તેનો ઠા રહે નહિ. (૨૭૨)

૩૯

દેહમાં અહંબુદ્ધિ ને પદાર્થમાં મમત્વબુદ્ધિ એ જ માયા છે. તે માયાને ટાળીને અમારે વિષે પ્રીતિ કરવી. માયા થકી રક્ષા કરજો, તમારા સાધુનો યોગ થજો, તે સાધુને વિષે હેત ને મમત્વ થજો, એમ અમારી પાસે માગવું. સાધુ સાથે કોઈક નિમિત્તે બોલાચાલી થાય તો પોતાને આત્મા જાણતા હોઈએ તો સાધુનો અવગુણ ન આવે માટે પોતાને દેહથી પૃથક્ આત્મા જાણવો તે આત્મા તેજસ્વી છે, જાણપણે યુક્ત છે ને અજર, અમર છે. અમે અનંત બ્રહ્માંડના રાજા છીએ, અતિશય સુખમય છીએ, સર્વને સુખના દાતા છીએ, સર્વના કર્તા છીએ, અતિશય સમર્થ છીએ, આવું અમારું

માહાત્મ્ય જાણે તેા અમારા વિના બીજેથી વૈરાગ્ય થાય ને અમારે વિષે પ્રીતિ થાય. આત્મા પરમાત્માના જ્ઞાનનેા વેગ લગાડી દે તેા આ જ્ઞાન સિદ્ધ થાય. ઇન્દ્રિયેાની વૃત્તિ વિષયમાંથી નીકળીને અમારે વિષે વળગે, તેને જ સત્સંગી કહીએ. આ વાત દૈવી જીવને રગરગમાં પ્રવર્તી જાય ને આસુરી જીવને બહાર નીકળી જાય. અમે એક જ ભગવાન છીએ પણ અમારા જેવેા કેાઈ થતેા નથી. આ વાત સમજાય તેને કાંઇ કરવું બાકી રહ્યું નથી ને આવી દૃઢતાવાળાનેા સંગ રાખવેા. આત્મા તથા અમારા માહાત્મ્ય સામી દૃષ્ટિ રાખે તેા કેાઈ ઠેકાણે બંધાય નહિ. (૨૭૩)



વચનામૃતનું માહાત્મ્ય

આ વચનામૃત ગ્રંથનું જે સ્ત્રીપુરુષ શ્રદ્ધા-માહાત્મ્યથી વાચન, શ્રવણ, મનન આદિનો આગ્રહ રાખે છે તે ભક્તને શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં કારણ જે એકાંતિક ધર્મ, સર્વોપરી શ્રીહરિની ઉપાસના, માહાત્મ્યે સહિત ભક્તિ અને સ્વરૂપનિષ્ઠા આદિ સર્વ સાધન સિદ્ધ થાય છે અને વચનામૃતના અભ્યાસને વિષે પ્રીતિવાળા જે ભક્ત થાય છે તે વ્યવહારમાં રહ્યા થકા જળમાં કમળ રહે તેમ નિર્લેપ રહે છે અને શ્રીજીમહારાજની મૂર્તિની સ્મૃતિ તેઓને અખંડ રહે છે. અને જે સ્ત્રીપુરુષ વચનામૃતનું જ્ઞાન લક્ષ્યાર્થ કરે છે તેઓનાં દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવમાં રહેલા પંચ વિષયના રાગ તથા કામ, ક્રોધ, લોભ, માન, મત્સર આદિ દોષ માત્ર નિવૃત્તિ પામે છે.

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે—

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ–બહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો – ઔષધાલયો સ્થાપવાં – ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતા મંદિરો, સત્પુરુષોના સ્મારક કેન્દ્રો, વગેરેના નિર્માણ – નિભાવ – વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસ-કાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં – ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વ સમન્વય સધાય એવા સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાન વિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં, અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું.

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમા સદાચાર અને નીતિના ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદયભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ જનસમુદાય ઊર્ધ્વગામી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

